નં ૫૯

મંત્ર વિજ્ઞાન અને સાધનારહસ્ય

આત્મ જ્યોતિ પ્રકાશ

વિશ્વશાંતિ ચાહક

વિ. અ. આ. ગ્રં. પુષ્પ ૧૧

સોઽહમ્

સોઽહમ્ ॐ સોઽહમ્

સોઽહમ્

મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય

(વિચાર રહસ્ય)

ભાગ—૪

લેખક તથા સંકલનકાર :

વિશ્વશાંતિ ચાહક

બાંધેલા પાપ જનનાં ભવ સર્વ જેહ,
પ્રભુ તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ,
આલોક વ્યાપ્ત નિશિનું ભમરા સમાન અંધારું,
સૂર્ય કિરણોથી હણાય જેમ. ૧.
જે રક્ત નેત્ર, પિક-કંઠ સમાન કાળા,
ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો,
તેને નિઃશંક જન તે ઉલંઘી ચાલે,
પ્રભુ 'ત્વનામ' નાગદમની જે દિલધારે. ૨.

મૂલ્ય રૂા. ૧૨ જ્ઞાન ખાતે

સોઽહમ્ સોઽહમ્

૧. પ્રકાશક તથા પ્રાપ્તિસ્થાન

વિશ્વ અભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળા વતી
હરસુખરાય વી. મહેતા
પુષ્પકુંજ, ફ્લેટ નં. ૧
૧/૭૯–એ, દિક્ષિત રોડ,
વિલેપાર્લે (ઈસ્ટ)
મુંબઈ–૪૦૦ ૦૫૭

૨. કુમારી રંજનદેવી સૌ. શ્રોફ
સુશીલકુમાર એન. પારેખ
માનવમંદિર–સ્ટેટ બેન્ક કોલોની
રવાપર રોડ–મોરબી–૩૬૩૬૪૧

● દ્વિતીયાવૃત્તિ : પ્રત ૧૦૦૦—સન ૧૯૮૩

● મુદ્રક :

શ્રી શક્તિ પ્રિન્ટરી
પોપટલાલ ગોકળદાસ ઠક્કર
૬, સુરેન્દ્ર હાઉસ, ઘીકાંટા રોડ,
અમદાવાદ.

અનુક્રમણિકા

પ્રકરણ	વિષય	પૃષ્ઠાંક
૧.	નમસ્કાર મહામંત્ર વિજ્ઞાન	૧
૨.	ૐકાર વિજ્ઞાન	૪૭
૩.	સોઽહમ્ વિજ્ઞાન	૬૮
૪.	ૐ હ્રીઁ નમઃ-મંત્ર વિજ્ઞાન	૮૮
૫.	શબ્દશક્તિનું સામર્થ્ય	૧૦૧
૬.	મંત્રોપાસના	૧૧૪
૭.	સાધના વિધિ-વિધાન	૧૪૯
૮.	મંત્ર વિદ્યાનો પ્રભાવ (પ્રાચીન દૃષ્ટાંતો)	૧૭૬
૯.	મંત્ર વિદ્યાનો પ્રભાવ (અર્વાચીન દૃષ્ટાંતો)	૨૦૨

પ્રથમાવૃત્તિની પ્રસ્તાવના

"મંત્ર વિજ્ઞાન અને સાધના રહસ્ય" આ પુસ્તક વિચાર રહસ્યના ચોથા ભાગ રૂપે પ્રકાશિત થાય છે. પહેલા ભાગમાં વિચારનું રહસ્ય બતાવીને એ સમજાવ્યું છે કે જીવ પામરમાંથી પ્રભુતા ભણી કેમ પગલાં માંડે છે. પોતાના વિચારથી જ માનવ ઉન્નત બને છે અને પોતાના વિચારથી જ પતન પામે છે. બીજા ભાગમાં એ બતાવ્યું છે કે અનેક પ્રકારના અશુભ વિચારોથી માનવને કેવા રોગો થાય છે અને કેવા વિચારોથી તે રોગમુક્ત બને છે. ત્રીજા ભાગમાં આધ્યાત્મિક ઉત્ક્રાન્તિ કરવાના વિચારોનું નિરુપણ કરેલ છે. આમ છતાં ઘણા માનવોનું મન મૂઢ હોય છે તેઓ પોતાના વિચારોની ગતિને જાણી શકતા નથી, તો તેઓ તેને રચનાત્મક કાર્યમાં પરિણત તો કેવી રીતે કરી શકે? એવા સામાન્ય માનવો માટે જ્ઞાનીજનોએ એ માર્ગ બતાવ્યો છે કે તેઓ પ્રભુના નામનું સ્મરણ કરીને મનને વિશુદ્ધ કરે તો તેના વિચારની ગતિને પ્રગતિ કરવા તે સમર્થ બને છે અને પ્રભુના નામનું સ્મરણ કરવાથી માનવીની અંતરશુદ્ધિ સત્વર થાય છે. તેનું વર્ણન ચોથા ભાગમાં કરેલ છે.

અને પાંચમા ભાગમાં જેઓ ચાર ભાગમાં બતાવેલ સાધનો કરીને પ્રબુદ્ધ થયેલ છે તેના માટે પરમજ્યોતિર્મય, પરમાત્મામય બનીને મોક્ષપદ પ્રાપ્તિ કરવાનો રસ્તો બતાવેલ છે. આ પ્રમાણે આ પાંચ ભાગમાં પોતાના વિચારોની, ભાવોની શુદ્ધિ કરીને સામાન્ય માનવમાંથી ક્રમિક અભ્યાસ દ્વારા પામરમાંથી પ્રભુતાભણી પ્રયાણ કરનાર માનવ એક દિવસે પોતાની આત્મશુદ્ધિ દ્વારા પરમાત્મપદને પામે છે, તેનું સચોટ વર્ણન કરવામાં આવેલ છે. માનવમાં જે સુષુપ્ત શક્તિ અપ્રગટપણે રહેલ છે તેને પ્રગટ કરવી તે જ માનવ માત્રનું પરમ કર્તવ્ય છે. આ કર્તવ્યનું વિવેચન પાંચ ભાગમાં બતાવેલ છે. જે ભવ્યાત્મા તેનો અભ્યાસ દઢતાપૂર્વક ખંતથી કરશે તે અવશ્ય સિદ્ધિના સુખનો ભોક્તા બનશે.

પ્રભુનું સ્મરણ કરવાથી શું શું લાભ થાય છે? અને તે શા માટે કરવું જોઈએ? વગેરે વિવેચન

મનુષ્યોએ રાત્રિના છેલ્લા પહોરે નિદ્રાનો ત્યાગ કરવો જોઈએ. એટલું વહેલું ન ઉઠાય તો પાછલી ચાર ઘડી રાત રહે ત્યારે તો જરૂર જાગવું જોઈએ. વધારે સૂવું તે તો અજ્ઞાનને વધારનાર છે. આળસ-પ્રમાદ વધવાથી દારિદ્રયતા પણ વધે છે. ખોરાક અને નિદ્રા જેટલા પ્રમાણમાં વધારીએ તેટલા પ્રમાણમાં વધે છે, અને ઓછા કરીએ તેટલાં ઓછાં થાય છે.

આંખોમાં નિદ્રા ઊડી જતાં તરત જ પથારીમાં ને પથારીમાં જ નમસ્કારમંત્રનો જાપ કરવો શરૂ કરી દેવો. આ વખતે શરીર કે વસ્ત્રો શુદ્ધ ન હોય તો પણ મનમાં જ હોઠ ન ચાલે તેવી રીતે નમસ્કાર-મંત્રનું સ્મરણ કરવું. જરા પણ પ્રમાદ ન કરવો, કેમ કે નિદ્રા પૂરી થાય કે તરત જ નવકારમંત્ર ગણવામાં ન આવે તો બીજા વ્યર્થના વિચારો મનમાં પ્રવેશ કરી જાય.

તમને એ વાતની ખબર જ હશે કે કોરા વાસણોમાં જે વસ્તુ ભરવામાં આવે છે તેની વાસ તે વાસણમાં બેસી જાય છે. જો લસણ, ડુંગળી, હિંગ કે તેવી જ વસ્તુ કોરા વાસણમાં ભરી હોય તો પછી તે વસ્તુ કાઢી લીધા પછી પણ તે વાસણમાંથી તેની વાસ જતી નથી. એજ પ્રમાણે જો તે વાસણમાં કેશર, બરાસ, કસ્તુરી કે તેવી જ વસ્તુ કોઈ સારી વસ્તુ ભરી મૂકી હોય તો તે વસ્તુ કાઢી લીધા પછી પણ તેવી જ વાસ આવશે. એ જ ન્યાયે આપણે જ્યારે નિદ્રિત થયા હોઈએ ત્યારે આપણું મન નિદ્રા આવવાથી શાંત થઈ ગયું હોય છે. તે વખતે બીજા વિચારો સ્થિર થઈ ગયા કે દબાઈ ગયા હોય છે. એટલે મન કોરું થયા જેવું થઈ જાય છે. પાછા જ્યારે આપણે જાગૃત થઈએ છીએ ત્યારે તે ભૂલાઈ ગયેલા કે શાંત થયેલા વિચારો પાછા સ્મૃતિપટ પર તરી આવે છે,

પરંતુ તે વિચારો સ્મૃતિપટ પર આપણે યાદ કરીએ તો જ આવે છે. પોતાની મેળે તે વિચાર આવે છે તેમ લાગે છે પણ ખરી રીતે તો આપણને વિચાર કરવાની ઘણી ટેવ પડી ગયેલી હોવાથી એમ લાગે છે કે વિચાર કર્યા વિના તેની મેળે જ યાદ આવે છે, પણ તેમ નથી. આપણે યાદ ન કરીએ તો કંઈ જ યાદ ન આવે.

આપણને આપણા જીવનવ્યવહારના અને વિશેષ કરીને જે આપણને વધારે પ્રિય હોય તેના વિચારો વધારે આવે છે. તેનું કારણ એ છે કે આપણે વારંવાર તેવી વાતોને યાદ કરીએ છીએ, કોઈ પણ ધર્મના વિચારો કે તેવા જ બીજા સારા વિચારો તરત આવતા નથી. અરે! નવકારમંત્રનું સ્મરણ કરવાનું પણ જાગૃત થયા પછી ભૂલી જઈએ છીએ. તેનું કારણ એ જ છે કે તેને આપણે જો વારંવાર યાદ કરીએ તો પછી તેની ટેવ પડી જાય છે. તો પછી તે પણ જરા, જરા વારમાં અને આપણે ધારીએ તે વખતે પણ યાદ આવે છે.

અહીં તમને એમ વિચાર થાય કે ઉઠતાં વેંત બીજા વિચાર થાય તો આપણને શું નુકશાન થાય? આનો ઉત્તર એ છે કે આપણા વ્યવહારમાં તમે ઘણીવાર કેટલાક માણસોને બોલતાં સાંભળો છો કે ભાઈ! આજ અમુક માણસનું મોઢું જોયું હતું કે નામ લીધું હતું તેથી આખો દિવસ આનંદમાં ગયો હતો. અને અમુક લાભ પણ થયો હતો.

આ વાત તદ્દન કાઢી નાખવા જેવી નથી. ઉઠતાં વેંત આપણે સારા-નઠારા માણસોનું મોઢું જોયું હોય કે નામ લીધું હોય તો આપણી તેવી સારી કે નઠારી ભાવના બંધાય છે. અને તે ભાવનાના પ્રમાણમાં આપણું મન મજબૂત કે નબળું થાય છે. અથવા પવિત્ર

કે અપવિત્ર, મજબૂત કે નબળી થયેલી ભાવનાના પ્રમાણમાં આપણું વર્તન થાય છે.

સત્તામાં રહેલાં સારાં કે નઠારાં કર્મો તે આપણી ભાવનાના પ્રમાણમાં બહાર આવી આપણને સુખ કે દુઃખ આપે છે.

આ ઉપરથી આપણે સમજવાનું છે કે ઊંઘમાંથી જાગતા વેંત પરમાત્માનું નામ લેવા મંડી જવું અને મનરૂપી કોરા વાસણમાં ખરાબ વિચારો રૂપી હલકા પદાર્થ ન ભરાવા પામે તે પહેલાં સારા વિચારરૂપી ઉત્તમ પદાર્થ ભરી દેવા. તેથી આપણો આખો દિવસ આનંદમાં જાય અને નુકશાન ન થાય.

પરમાત્માનું નામ લેવાથી પુણ્ય બંધાય છે અને તેથી આપણે સુખી થઈએ છીએ.

આ પરમાત્માનું નામ કેટલી વાર લેવું તેનો કોઈ નિયમ નથી. લેવાય તેટલી વાર લેવું. જેમ વધારે વાર લઈએ તેમ વધારે ફાયદો થાય છે. કોઈ પાઠ વધારે વાર ધ્યાનપૂર્વક ગોખ્યો હોય કે કોઈ વાત ઘણી વાર યાદ કરી હોય તો તે ઘણીવાર યાદ આવે છે. અથવા તરત યાદ આવે છે, તેમ જ ભગવાનનું નામ ઘણી વાર ધ્યાનપૂર્વક એટલે કે બીજા કોઈ ઠેકાણે મનને ન પરોવતાં કે બીજી કોઈ વાત યાદ ન કરતાં તેમાં જ મન લગાડીને લીધું હોય તો આખો દિવસ વ્યવહારના કામકાજ કરતાં હોઈએ તો પણ તે પવિત્ર નામ યાદ આવે છે. અને તે વધારે વાર યાદ આવતાં તે વધારે વાર આપણે ગણીએ—જપ કરીએ તો ફાયદો પણ વધારે થાય છે.

કુંભાર જેમ વાસણ બનાવવાનું ચક્કર વધારે જોરથી ફેરવે તેમ તે ચક્કર પોતાની મેળે કેટલીક વાર સુધી ફરે છે તેમ તમે જેટલી લાગણીથી અને જેટલી વાર પરમાત્માનું નામ લીધું હશે તેટલી વાર પછી પણ વ્યવહારના કામમાં પણ તે યાદ આવ્યા કરશે. આ બાબતના મનમાં મજબૂત સંસ્કાર પાડવાથી માણસોના ઘણાં

અશુભ કર્મ ઓછાં થતાં તેમનું મન નિર્મળ થઈ જાય છે. અને તેમને આગળ વધવામાં મુશ્કેલી નડતી નથી. આ જિંદગીમાં જ તેઓ ધારે તો મહાત્મા પુરુષો પણ બની શકે છે. જુઓ, કેટલીવાર સુધી ભગવાનનું નામ લેવું તેવો નિયમ નથી. તથાપિ જેઓ વધારે વાર ભગવાનનું નામ લેવાને આળસુ છે તેમણે એવો નિયમ રાખવો કે સાત કે એકવીસ વાર તો અવશ્ય ભગવાનનું નામ ઊંઘ ઊડે કે તરત જ લઈ લેવું.

જેમને આખો દિવસ કે દરેક પ્રસંગમાં ભગવાનનું નામ કે પોતાનું કર્તવ્ય યાદ રાખવાની ઈચ્છા હોય તેમણે એક કોઈ પદ કે સ્તવન યા જેમાં પોતાનું કર્તવ્ય વર્ણવેલું હોય યા વૈરાગ્ય ભાવ સૂચવતું હોય તેવું કોઈ પદ લઈને ઊઠતા વેંત જ ધીમે, ધીમે મધુર રાગે લંબાવીને, તેના અર્થમાં ધ્યાન આપીને વારંવાર ઊંચે સ્વરે બોલવું. તેનો એટલો બધો દૃઢ સંસ્કાર બંધાશે કે દિવસના કોઈ પણ ભાગમાં અને કોઈ પણ કામના પ્રસંગમાં તે પદનું અમુક વાક્યો તેના મુખમાંથી સ્વાભાવિક રીતે નીકળ્યા જ કરશે. એટલું જ યાદ રાખવું કે તે પદ કે વાક્યનો જેટલો દૃઢ સંસ્કાર મન ઉપર પાડ્યો હશે તેટલી જ ઉતાવળથી તે યાદ આવશે. જો સંસ્કાર દૃઢ પડ્યો નહિ હોય તો વારંવાર યાદ નહિ આવે. તે પદ બોલતી વખતે બીજા વિચારો મનમાં નહિ આવે તો જ દૃઢ સંસ્કાર મન ઉપર પડશે એ વાત ખાસ ધ્યાનમાં રાખવી. મન ઉપર સંસ્કાર પાડવા માટે દિવસના ભાગમાં હાલતાં-ચાલતાં સૂતાં-બેસતાં કે હરકોઈ કામકાજ કરતાં નિરંતર મનમાં નવકારમંત્ર ગણવાની ટેવ રાખવી. રસ્તે ચાલવું તેમાં પગનું કામ છે. પગ ચાલવાનું કામ કરશે તે વખતે એ મન તો વિચારો કરવાનું પોતાનું કામ શરૂ રાખશે જ. તે વખતે એ વિના પ્રયોજનના સારા-ખરાબ વિચાર કરવા તેના કરતાં પરમાત્માનું નામ મનમાં લઈએ તો કેટલું બધું સારું ? એવી જ રીતે નકામા બેઠા હોઈએ તે અવસરે પણ વ્યર્થના નિરુપયોગી

વિચારો આવે તેવે વખતે પણ પરમાત્માનું નામ લેવું જોઈએ. જેથી ઘણો જ લાભ થાય. તેમ જ રાત્રે પથારીમાં સૂતાં હોઈએ. અને નિદ્રા ન આવતી હોય, તેવે વખતે પણ પ્રભુના નામનું સ્મરણ કરીએ તો કેટલો બધો લાભ થાય? પ્રભુનું સ્મરણ કરતાં, કરતાં ઘણી વખત તરત જ નિદ્રા આવી જાય છે, સૂતી વખતે પ્રભુનું સ્મરણ–જપ કરવાથી સ્વપ્નો પણ સારાં–સારાં આવે છે અને તેટલા સમય માટે પાપનો માર્ગ પણ બંધ થાય છે. માટે નિરંતર પ્રભુનું સ્મરણ કરવાની, નામ જપવાની આદત કરવાથી તે અભ્યાસ દૃઢ થાય છે.

મનમાં હોઠ ન હલાવતાં પરમાત્માનું નામ હાલતાં–ચાલતાં ગમે તેવા સ્થળે લેવામાં આવે તો પણ ઘણો જ લાભ થાય છે અને સારા સંસ્કારો મનમાં પડે છે તથા ખરાબ સંસ્કારોનો નાશ થાય છે.

ચાલુ સ્વર પ્રમાણે પગ નીચે મૂકવો. જ્યારે પથારીનો ત્યાગ કરી નીચે ઉતરવું હોય, ત્યારે સ્વરને જોવો. આપણી નાસિકાનાં બે છિદ્રો છે, તેમાંથી શ્વાસ બહાર નીકળે છે, અને અંદર જાય છે. તે બન્ને છિદ્રોમાં એક સાથે તો સ્વર કોઈક જ વખત ચાલે છે. ઘણી વખત તો એક જ છિદ્રમાંથી સ્વર ચાલે છે. જે નાસિકાના છિદ્રમાંથી સ્વર ચાલતો હોય, તે પગ પથારીમાંથી પ્રથમ નીચે મૂકવો. જો બન્ને નાસિકાના છિદ્રમાંથી સ્વર સાથે ચાલતો હોય, તો પગ નીચા ન મૂકતાં પથારીમાં બેસીને પરમાત્માનું સ્મરણ, જપ કરતાં રહેવું. બન્ને સ્વર ચાલતા હોય તે સમયે નીચા ઉતરવાથી કે કોઈ પણ કામ કરવાથી તેમાં લાભને બદલે નુકશાન થવાનો સંભવ છે. માટે તેટલો સમય તો પ્રભુનું નામ જપ્યા કરવું, લીધા જ કરવું, જેથી મન પણ સ્થિર થાય છે. બન્ને સ્વર વધારે વખત સાથે ચાલતા નથી. થોડી જ વારમાં તેનું પરિવર્તન થાય છે.

જે નાસિકાનો સ્વર ચાલતો હોય તે પગ નીચે મૂકી, પથારી-માંથી ઉઠવાથી આખો દિવસ આનંદમાં જાય છે તેમ જ જે

વખતે જે સ્વર ચાલતો હોય, તે વખતે તે બાજુનો પગ આગળ ધરી, પછી બીજો પગ ઉપાડીને ચાલવાથી કદાચ તે કામ સિદ્ધ ન થાય, તો પણ નુકશાન થતું નથી. ઘણે ભાગે તો તેમ વર્તવાથી ઈષ્ટ કાર્યની સિદ્ધિ જ થાય છે.

જ્યારે સૂવાનો ટાઈમ થાય ત્યારે શુદ્ધ વસ્ત્રો ધારણ કરીને પવિત્ર સ્થળે બેસીને નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવું અથવા પોતાના ઈષ્ટ દેવનું સ્મરણ કરવું.

સ્થળ અને વસ્ત્રો શા માટે પવિત્ર રાખવાં?

આપણે જે શુભાશુભ વિચારો કરીએ છીએ, તથા સાંસારિક ક્રિયાઓ કરીએ છીએ, તેની આપણા પહેરેલાં વસ્ત્રો પર પણ થોડી ઘણી અસર થાય છે. તેના મલિન પરમાણુઓ તે વસ્ત્રોમાં પરિણમી જાય છે, તેમાં ભરાઈ જાય છે. તે વિચારોવાળા મનના કે શરીર દ્વારા કરાયેલી ક્રિયાનાં પરમાણુઓ તે સ્થળમાં કે રૂમમાં ભરાઈ રહે છે. તેથી તે પ્રદેશનું વાતાવરણ તે પરમાણુવાળું થઈ જાય છે. અને તે સ્થળમાં આવનાર માણસના મન ઉપર થોડી અગર વધારે અસર કરે છે. તેવા મલિન વિચારોથી વાસિત થયેલી જગ્યામાં બેસી ધાર્મિક ક્રિયા કરનારના વિચારોમાં સારો સુધારો થતો નથી, મન સ્થિર થતું નથી, અને ભટક્યા કરે છે. પોતાના અપવિત્ર વિચાર-વાળા મનનું આ અપવિત્ર સ્થળ પણ એક કારણ છે. તેથી મન પવિત્ર રહેતું નથી.

આપણા અનુભવની વાત છે કે એક સ્થળે કજિયો કે મારામારી થતી હોય ત્યાં ઊભા રહેનારાના મન ઉપર તેની અસર થયા વિના રહેતી નથી. કદાચ તમે કોઈ શાંત અને આત્મરમણતા કરનાર અને કરુણાની મૂર્તિ સમાન કોઈ મહાત્માના સમાગમમાં આવશો તો ત્યાંના પવિત્ર વાતાવરણના કારણથી તમારા વિચારો ઉન્નત થઈ જશે. વિવિધ પ્રકારની શુભ ભાવનાઓ તમારા મનમાં સ્ફુરવા માંડશે. માટે

જ કહેવામાં આવ્યું છે કે વસ્ત્ર શુદ્ધ પહેરવાં અને પવિત્ર જગ્યામાં ધાર્મિક ક્રિયાઓ અને પરમાત્માનું સ્મરણ કરવું, નમસ્કારમંત્રનો જાપ કરવો.

ઉપર કહેલા સાધનની સગવડતા ન હોય તો અપવિત્ર હોય કે પવિત્ર હોય, નીરોગી હોય કે રોગી હોય, પંચ નમસ્કારમંત્રનું ધ્યાન, સ્મરણ, જપ કરવાથી સર્વ પાપથી મુક્ત થવાય છે. પ્રભુના નામ-સ્મરણથી પાપનો નાશ થાય છે, વિશેષ એ છે કે અપવિત્ર વસ્ત્ર કે શરીરવાળાએ તે જપ હોઠ ન ચાલે તેમ મનમાં કરવો.

ઉત્તમ પ્રકારનો જાપ

જપના ત્રણ પ્રકાર છે: ઉત્કૃષ્ટ, મધ્યમ, જઘન્ય. પદ્મની વિધિથી જાપ કરવામાં આવે તે ઉત્કૃષ્ટ જાપ કહેવાય છે કેમ કે તેમાં ચિત્તની એકાગ્રતા થાય છે, મન સ્થિર થાય છે અને વ્યર્થના વિચારો રોકાઈ જાય છે, તેથી લાભ વધારે મળે છે.

તે જાપની વિધિ નીચે પ્રમાણે છે :

પદ્માસન પર બેસીને મેરુ દંડને સીધો રાખો, મસ્તક પણ સીધું જ રાખો અને નેત્રને બંધ કરીને તમારા હૃદયમાં આઠ પાંખડીનું કમળ ચિંતવો અને તેની અંદરના ભાગમાં જેમ સિદ્ધ ચક્રમાં છે તેમ નવ પદોનું સ્થાપન કરો એટલે વચમાં અરિહંત, ઉપર સિદ્ધ પ્રભુ, બાજુમાં આચાર્ય, નીચે ઉપાધ્યાયજી, બીજી બાજુએ સાધુ અને ચારે ખૂણામાં અનુક્રમે જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપ આ ચાર પદ મૂકો. આમ કરવાથી કલ્પનામય સિદ્ધચક્રના મંડળ જેવું મંડળ થશે. હવે તે નવ પદનો જાપ એક એક પદ પર મનને સ્થિર કરીને ચાલુ કરો.

'**નમો અરિહંતાણં**' આ પદને હૃદયની વચમાં રહેલ આઠ પાંખડીના કમળની વચમાં રહેલ અરિહંત ભગવાનના અક્ષરોની જે

કલ્પના કરી છે તેની સામે દૃષ્ટિ રાખીને બોલો. મનમાં જ બોલો ઓષ્ઠ પણ ન ચાલવા જોઈએ. એ બોલતી વખતે તે પદના અર્થમાં ભાવપૂર્વક મન લગાવીને એમ કહો કે 'અરિહંતપ્રભુને હું ભાવપૂર્વક નમસ્કાર કરું છું.' ત્યાર પછી મનને નમો 'સિદ્ધાણં' આ પદ પર સ્થિર કરો અને જાપ કરો. ત્યાર પછી મનને આચાર્યપ્રભુની જે કલ્પના કરી હતી, તેમાં સ્થિર કરવું. અને તેના અર્થમાં તદ્દાકાર બનવું. ત્યાર પછી મનને ઉપાધ્યાય પદમાં લીન કરવું એમ ક્રમશઃ નવે પદની ધારણામાં ચિત્તને સંલગ્ન કરવું તેથી મનની એકાગ્રતા સવિશેષ થશે.

મધ્યમ પ્રકારનો જાપ

આ જપમાં માળા હાથમાં લઈને જપ કરવો. કારણ કે એમાં મનને રોકે તેમાં અવલંબનો ઓછા છે. તથા જે પદ મુખે બોલાય તેના અર્થ ઉપર ધ્યાન આપવાથી મન સ્થિર થાય છે, એટલે જાપ સિવાય મન બીજે ભટકતું રોકાય છે. અને તેથી જાપનું શ્રેષ્ઠ ફળ મળે છે. અહીંયાં નમસ્કાર મંત્રનું વર્ણન કરેલ છે પરંતુ જપ કરનાર પોતાના ઈષ્ટદેવનો પણ જપ કરી શકે છે. જેની જે ભાવના તે પ્રમાણે જપ થઈ શકે છે.

પ્રભુના નામનો જપ કરતી વખતે એવું લક્ષ રાખવું કે આ જાપ કરવાથી મારા મલિન કર્મોનો નાશ થાય છે. મારું મન શુદ્ધ થતું જાય છે. વિચારોની શુદ્ધિ થાય છે. અને તેથી આત્માનું સ્વરૂપ પ્રગટ થતું જાય છે. આવી ભાવના દૃઢ કરીને, સંકલ્પ કરીને પછી જ જાપ શરૂ કરવો. ભાવનાની પ્રબળતા પ્રમાણે જ તમારા મનમાં નવીન ફેરફાર થતો તમે અનુભવશો. મનમાં દૃઢ સંકલ્પ કરો કે હું જે વખતે જેટલા સમય પરમાત્માનું સ્મરણ કરું છું તે સમયે તેટલી-વાર મલિન વિચારો, વાસનાઓ, કે કર્મો ઉપર હથોડાના ઘાની માફક ઘા પડે છે. અને તે કર્મોને નિર્બળ કરી વિખેરી નાંખે છે, જાપનું બળ જેટલું પ્રબળ હશે તેટલું જ કર્મનું બળ ઓછું થશે.

ત્રીજા પ્રકારનો જાપ

હરદમ મનોમન જપ કરવો તે.

શરૂઆતમાં અમુક સંખ્યાનો જાપ કરવો તેવો નિયમ રાખવો જરૂરી છે. તેથી મન નિયમમાં રહે છે. અને આળસ–પ્રમાદ દૂર થાય છે. બધા પ્રકારના જપથી લાભ થાય છે.

નવપદમાં અરિહંતપ્રભુ અને સિદ્ધ પ્રભુ એ બે દેવ છે. આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ એ ત્રણ ગુરુ છે અને એ પાંચ ધર્મી છે. અને જ્ઞાન, દર્શન, ચરિત્ર, તપ એ ચાર ધર્મ છે. એમ આ જાપમાં દેવ, ગુરુ અને ધર્મને નમસ્કાર કરવામાં આવે છે. એટલે જે સ્થિતિને આપણે પ્રાપ્ત કરવી છે તેના નામનું સ્મરણ, જાપ કરવાનો છે, કારણ કે માનસશાસ્ત્રનો અટલ સિદ્ધાંત છે કે જે જેવા ભાવે જેનું જે ચિંતન કરે તેવો તે થાય છે. નવપદને બદલે નમસ્કારમંત્રનો જપ કરવો હોય તો પણ કરી શકાય અને પોતાના ઈષ્ટદેવનો જાપ પણ કરી શકાય. પરંતુ જાપમાં ખાસ લક્ષ તો એ રાખવાનું છે કે એકાગ્રતા થવી જોઈએ. જેટલી સ્થિરતા તેટલા કર્મમળ દૂર થાય છે. અને જો ઈષ્ટ-સિદ્ધિ માટે જપ કર્યો હોય તો તેની સિદ્ધિ પણ એકાગ્રતા પર અવ-લંબિત છે. જે ધ્યેયને અનુલક્ષી જપ કરવામાં આવે છે તેની સિદ્ધિ થાય છે. પરંતુ ખાસ લક્ષમાં રાખવાનું કે દુન્યવી સુખો ક્ષણભંગુર છે, નાશવંત છે અને આત્મિક સુખ શાશ્વત છે. તો પરમાત્માનો અમૂલ્ય જાપ ક્ષણિક વસ્તુની પ્રાપ્તિ માટે ન કરતા આત્મિક સુખ માટે કરવો તે જ શ્રેયસ્કર છે.

બીજું એ પણ જાણવાનું છે કે સંસારિક પદાર્થ માટે કરેલો જાપ પણ ફળદાતા તો બને છે પણ સાથે, સાથે સંસારવૃદ્ધિનું પણ કારણ બને છે. તેથી વિવેકવંતોનું કર્તવ્ય છે કે પ્રભુનું સ્મરણ પ્રભુ પ્રાપ્ત કરવા અર્થે જ કરવું. વિશેષ શું ?

જાપ કરી રહ્યા પછી વિચારવું કે હું કોણ છું? મારું કર્તવ્ય શું છે? મારો ધર્મ શું છે? મારું કર્તવ્ય બજાવ્યું છે કે નહીં? મારામાં શું શું દુર્ગુણો છે? તેને દૂર કરવા શા શા ઉપાયો કરવા જોઈએ? તે ઉપાયો શોધીને હું તે દોષોને અવશ્ય દૂર કરીશ જ એવો દૃઢ સંકલ્પ કરવો.

મેં મારા જીવનમાં સત્કર્મો કર્યાં છે કે નહિ? ન કર્યાં હોય તો જીવનપાથેય આજે જ કરવા તત્પર થા! મપુરુષોના જીવનનો પણ વિચાર કરી તેમાંથી પોતાને યોગ્ય એવા સદ્‌ગુણોનો આદર્શ જીવન સન્મુખ રાખી તેવું જીવન બનાવવાનો પ્રયત્ન કરવાનો સંકલ્પ કરવો. આપણામાં જે દુર્ગુણ હોય તેને દૂર કરવા ધીમે, ધીમે અભ્યાસ કરવો. જેમ કે કોઈમાં ક્રોધ રૂપી દુર્ગુણ છે, તો તેણે તેના માટે હંમેશા એક કલાક ક્રોધ ન કરવાનો નિયમ કરવો. થોડા દિવસ પછી એક પહોર સુધીનો નિયમ કરવો. પછી દિવસનો, પછી પંદર દિવસનો, પછી એક માસનો, એમ વધતા, વધતા જીવન સુધીનો ત્યાગ કરવો, અને જીવન દોષ રહિત બનાવવું. બધી કરામત અભ્યાસ પર આધારિત છે.

જેવી રીતે દુર્ગુણો માટે ક્રમિક અભ્યાસ કર્યો હોય તેવી જ રીતે સદ્‌ગુણોને વધારવા માટે પણ તે જ પ્રમાણે અભ્યાસ કરવો. ધીમે, ધીમે અભ્યાસ કરતા સદ્‌ગુણમય જીવન બનશે, અને દોષો સદાને માટે ચાલ્યા જશે. દુર્ગુણોનો ત્યાગ ન કરી શકાય તો પણ સદ્‌ગુણોનો નિત્ય નિયમપૂર્વક વધારો કરતા રહેવાથી એકંદરે પરિણામ એ આવશે કે સદ્‌ગુણોના ધક્કાથી દુર્ગુણોને પાછા હઠવું જ પડશે. અને તેની જગ્યાએ સદ્‌ગુણો ગોઠવાઈ જશે. આમ આ ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થવામાં મૂળ કારણ વિચારશક્તિ જ છે. વિચારશક્તિની મદદ કે તેના રહસ્યજ્ઞાનના અભાવે ઓઘસંજ્ઞાએ ધાર્મિક અનુષ્ઠાનો કરવાથી

વિકાસ થઈ શકતો નથી. જીવન વિકાસ સાધવા માટે વિચારશકિતની સહાયતાની પરમાવશ્યકતા છે. વિકાસનું મુખ્ય કારણ વિચારશકિત જ છે. વિચારથી જ કર્તવ્ય-અકર્તવ્યનું ભાન થાય છે. લાભ-હાનિ પણ વિચારથી જ જાણી શકાય છે. કોઈ પણ કામ કરતા આ કામ શા માટે કરવાનું છે? અને એ પ્રયત્નનું શું પરિણામ આવશે? વગેરે વિચારશક્તિની મદદથી થાય છે. પ્રયત્ન કર્યા છતાં કાંઈ પણ લાભ ન જણાય તો જાણવું જોઈએ કે કંઈક આપણી ભૂલ છે. તેને શોધીને સુધારો કરવો જરૂરી છે. અથવા જેને માટે પ્રયત્નશીલ છીએ તેનું રહસ્ય કોઈ જુદું જ હોવું જોઈએ. બીજ વાવીએ અને અમુક સમય સુધી અંકુરો પણ ન ફૂટે (ફળની વાત તો દૂર રહી) તો સમજવું જોઈએ કે કાં તો જમીન ખારી હોવી જોઈએ અને કાં તો બીજ બળી ગયેલું હોવું જોઈએ; નહિતર યોગ્ય પ્રયત્ન છતાં પરિણામ કેમ ન આવે?

પ્રયત્ન બરોબર છે કે નહિ તેનો વિચાર બરોબર કરવો જોઈએ. કેટલીક વખત બીજ વાવીને તરત જ ફળની આશા રાખવામાં આવે છે અને તેમ ન બનતાં નિરાશ થાય છે તેમ પણ ન જ થવું જોઈએ. અમુક મુદતની હદ તો જોઈએ જ. ત્યાર પછી જ ફળ ન આવે તો પણ અંકુરો તો ફૂટવા જ જોઈએ. નાના છોડવાનું રૂપ બીજે લેવું જ જોઈએ તો પણ તેનાથી અમુક સમયે ફળ આવશે તેમ ધારણા કરી ધીરજ રાખી શકાય છે. એવી જ રીતે જે કર્તવ્ય કરો તેના ઊંચા ગુણો તત્કાળ ન પ્રાપ્ત થાય તો પણ હૃદયમાં ધૈર્ય, શાંતિ, વિક્ષેપ રહિતપણું, આશા, તૃષ્ણામાં સુધારો, કષાયની મંદતા વગેરે અંકુરાઓ તો દેખાવા જ જોઈએ.

હંમેશા પોતાનું નિરીક્ષણ કરવું જરૂરી છે. અને ભાવશુદ્ધિ કેટલી થઈ તે જાણવું જરૂરી છે. આમ પ્રભુસ્મરણથી પોતાના

વિચારોની શુદ્ધિ થઈને વિવેકશકિત જાગૃત થાય છે. અને પોતાના દોષોને, અશુદ્ધ વિચારોને જાણી તેને દૂર કરી, સદ્‌ગુણોનો વિકાસ કરીને અભ્યાસના પ્રભાવે એક દિવસનો પામર આત્મા પ્રભુપદને પામે છે. આ બધું શ્રેયઃ શુભ વિચારોના પ્રભાવને આભારી છે. હે વીરો! મોહ–નિદ્રાને ત્યાગી આ સુવર્ણ અવસરે નિજશ્રેયને સાધવા સત્વર કટિબદ્ધ થાઓ, એ જ શુભ કામના સહ વિરમું છું.

આ પુસ્તકની પ્રથમાવૃત્તિ ૧૯૭૫માં પ્રગટ થયેલ તેની ઘણી જ માંગણી હોવાથી આ બીજી આવૃત્તિ ૧૯૮૩માં પ્રગટ થઈ રહેલ છે, તે જ તેની ઉપયોગીતા કેટલી અને જનસમાજને ઉપયોગી છે તે સ્વયં વાચક વિચારે. વિશેષ શું? લિ. **વિશ્વશાંતિ ચાહક**

પ્રકાશકના બે બોલ

સમસ્ત વિશ્વ પ્રત્યે કરુણા વહાવનારા એવા પરમ વીતરાગી શ્રી તીર્થંકર દેવ દ્વારા, જગતના જીવોના કલ્યાણ અર્થે, જે વાણીનું ઉદ્‌બોધન થયું, તેને ગણધરોએ સૂત્રબદ્ધ કર્યું છે તે આગમશાસ્ત્રનાં જાણકાર, ધર્મરહસ્યજ્ઞાતા, યોગવિશારદ, સર્વ વિરતિ 'શ્રી વિશ્વશાંતિ ચાહક'નો અધિક પરિચય કરાવવાની જરૂર નથી, છતાં એટલું જાણવું આવશ્યક છે કે તેઓએ પોતાનું સમસ્ત દીક્ષાર્થી જીવન આત્મસાધનામાં વ્યતીત કરી; નિવૃત્તિક્ષેત્રે બિરાજી આત્માનુભવની યોગસાધનામાં તલ્લીન રહી બહુધા એકાંતપણે, અસંગભાવે વિચારી યોગશ્રેણીની પરાકાષ્ટાએ ચઢી, સમાધિ દ્વારા આત્માનંદનો રસાસ્વાદ ચાખ્યો છે અને આત્મદર્શન તે જ ઈશ્વરદર્શન.

આ પુસ્તક 'મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય' માનવનો સંસારી રાગ ઓછો કરાવીને પ્રભુપ્રેમ વધારનાર છે, ખરેખર સંસારની પ્રીતી તે જ દુઃખનું મૂળ છે અને પ્રભુનોપ્રેમ જ સુખદાતા સહ ભવ બંધનથી મુક્ત કરાવનાર છે. જેનું માર્ગદર્શન તેમાં કરેલ છે. જે સાધક તે પ્રમાણે સાધના કરશે તે અવશ્ય પોતાનો વિકાસ કરીને પરમપદનો અધિકારી બનશે. વિશેષ શું? **કુમારી રંજનદેવી જૈન.**

સોઽહમ્ સોઽહમ

ૐ

મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય

ભાગ—૪

મંગલાચરણ

ઓંકાર બિંદુ સંયુક્ત, નિત્ય ધ્યાયન્તિ યોગિનઃ,
કામદં મોક્ષદં ચૈવ, ૐકારાય નમોનમઃ ૧.

શાર્દૂલ વિક્રીડીત વૃત્ત—

અર્હન્તો ભગવંતો ઈન્દ્ર મહિતાઃ,
સિદ્ધાશ્ચ સિદ્ધિ સ્થિતાઃ,
આચાર્યા જિનશાસનોન્નતિકરા,
પૂજ્યા ઉપાધ્યાયકાઃ

શ્રી સિદ્ધાંત–સુપાઠકા મુનિવરા રત્નત્રયારાધકાઃ,
પંચૈતે પરમેષ્ઠિન પ્રતિદિનં, કુર્વન્તુ નો મંગલમ્ ૨.

૧
પ્રકરણ
નમસ્કાર મહામંત્ર વિજ્ઞાન
પંચ પરમેષ્ઠિ મહામંત્ર

નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,
નમો ઉવજ્ઝાયાણં નમો લોએ સવ્વસાહૂણં,
સબ સે બઢકર હૈ નવકાર, કરતા હૈ ભવ-સાગર પાર,
ચૌદહ પૂરબકા યહ સાર, વારંવાર જપો નવકાર.

સર્વ મંગલનું મૂળ, શ્રી જિન શાસનનું રહસ્ય, અગિયાર અંગ બાર ઉપાંગ, તથા ચૌદ પૂરવનો સાર, જે સદા શાશ્વત છે. એવો શ્રી પંચ પરમેષ્ઠિને નમસ્કાર રૂપ મહામંત્ર તેનો

અર્થ–

૧. નમો અરિહંતાણં—નમઃ+અરિહંતાણં, નમઃ—નમવું, પગે લાગવું, પંચાંગ નમાવી વંદન કરવું, ત્રણ અંગ નમાવીને **નમસ્કાર કરવા**=બે હાથ જોડી જમણા કાનથી ડાબા કાન સુધી પ્રદક્ષિણા કરીને પગે લાગવું અને એજ કારણથી આ મહામંત્રની આદિમાં નમો શબ્દની રચના થઈ છે.

અરિહંતાણં—અરિ=દુશ્મન+હંતાણં=હણનાર, મારનાર, 'આખા શબ્દનો અર્થ'—રાગ. દ્વેષ, ક્રોધ, માન, માયા, લોભ, મોહ, મદ, આદિ શત્રુઓને હણનાર અઢાર દોષ રહિત, બાર ગુણે કરી સહિત 'ચોત્રીસ અતિશયવંત સમવસરણને વિશે

બિરાજમાન એવા વિહરમાન (વિદ્યમાન) તીર્થંકર–અરિહંતપ્રભુને નમસ્કાર કરું છું.

શ્રી અરિહંત ભગવંતને–મહાગોપ, મહામાહણ, નિર્યામક, સાર્થવાહ એ ચાર ઉપનામ અપાય છે. તે નિમ્નોક્ત કારણથી સાર્થક છે. મહાગોપ–જેમ ગોવાળ ગાયોને ચરાવવાને વનમાં લઈ જાય છે, તેમ અરિહંત પ્રભુ સંસારી જીવો રૂપી ગાયોને નિર્વાણરૂપ વન પ્રત્યે પહોંચાડે છે; માટે મહાગોપ કહેવાય.

મહામાહણ–પ્રાણ, ભૂત, સત્ત્વ અને જીવ એ ચાર પ્રકારના જીવોને મા હણ, મા હણ, એટલે "હણો નહિ, હણો નહિ," એવા શબ્દોનો ઉપદેશ આપે છે. માટે મહામાહણ કહેવાય.

નિર્યામક–એટલે જેમ સુકાની (ખલાસી) સ્ટીમરમાં બેઠેલા ઉતારૂઓને ઇચ્છિત બંદરે લઈ જાય છે, તેમ શ્રી અરિહંત પ્રભુ સંસાર સમુદ્રમાં ધર્મરૂપી નૌકામાં (વહાણમાં) બેઠેલા જીવોને સિદ્ધ ગતિ રૂપ બંદરે સલામત પહોંચાડે છે, માટે નિર્યામક, સાર્થવાહ કહેવાય.

સાર્થવાહ–એટલે જેમ કોઈ સાર્થવાહની મદદથી ઇચ્છિત ગામે જવાય છે, તેમ *શ્રી અરિહંત પ્રભુની સહાયતાથી* મોક્ષ રૂપ નગરે પહોંચાય છે, માટે સાર્થવાહ કહેવાય.

કોઈ પ્રશ્ન કરે કે અરિહંત ભગવાનને શા માટે નમસ્કાર કરવો જોઈએ ? ઉત્તર–મુખ્ય કારણ એ છે કે, અરિહંત પ્રભુમાં જે જ્ઞાન દર્શનાદિ આત્મિક ગુણો છે, તે સત્તા શક્તિ રૂપે સર્વ આત્માઓમાં રહેલા છે, તે ગુણોને પ્રગટ કરવા માટે વંદન

નમસ્કારાદિ કરવાના છે. વંદન કરનાર પણ વંદન કરતાં–કરતાં એક દિવસ વંદનિક બને છે. પરંતુ તે વંદન, નમસ્કારાદિ દ્રવ્ય ન હોવા જોઈએ, સમજ તથા ભાવપૂર્વક થવા જોઈએ. મૂલ્ય દ્રવ્ય વંદનાદિકનું નહિ પણ ભાવનું જ છે. વળી માનસ શાસ્ત્રનો અટલ સિદ્ધાંત છે કે, જે કોઈ જેવા ભાવે જેનું સ્મરણ, ચિંતન, મનન, ધ્યાન કરે છે, તે તેવો બને છે. માનવ જેવા વિચારો કરે છે, તે જેવા ગુણોનું સ્મરણ, ચિંતનાદિ કરે છે, તે તેવો બને છે. ગૌણ કારણ એ છે કે અરિહંતપ્રભુ આ સંસાર રૂપ મહાભંયકર અટવીમાં ભ્રમણ કરવાથી ઉદ્વેગ પામેલા જીવોને અનુપમ પરમાનંદદાયક મોક્ષપુરનો માર્ગ બતાવનાર પરમ ઉપકારી છે, માટે તેમને નમસ્કાર કરવો યોગ્ય છે.

આ અરિહંતાણં એ સાત અક્ષરનું પહેલું પદ થયું તે પહેલી સંપદા પણ કહેવાય.

એ અરિહંત પદનું ધ્યાન શ્વેત વર્ણે ધરવું જોઈએ. આ ભરત ક્ષેત્રમાં એવા ૨૪ તીર્થંકરો થઈ ગયા છે. અને વર્તમાન કાળે મહાવિદેહ ક્ષેત્રને વિશે ૨૦ અરિહંત હયાત વિચરે છે. જેમનું જ્ઞાન લોકાલોક વ્યાપક છે. આપણા અંતરની વાતો જાણી રહ્યા છે, આપણા કૃત્યો દેખી રહ્યા છે, અને ભવ્ય જીવોને બોધ આપી સંસાર ભ્રમણથી મુક્ત કરે છે, તેઓશ્રી આપણે ભાવપૂર્વક કરેલા નમસ્કારાદિ સ્વીકારે છે. એવા શ્રીમંદિરસ્વામી આદિ ૨૦ તીર્થંકરોને મારા આંતરિક ભાવપૂર્વક પ્રતિદિન ત્રિકાળ નમસ્કાર હો. જો સંસારરૂપ દાવાનળનો ઉચ્છેદ કરવાને તમો ઈચ્છતા હો તો પહેલા પદના સાત અક્ષરો "નમો

અરિહંતાણં" નું ભાવ ભક્તિ સહિત સ્મરણ, ચિંતન કરો. યોગશાસ્ત્રમાં એ પ્રમાણે પ્રથમ અરિહંત પદનું ભાવમંગળ રૂપ વર્ણન છે.

૨ નમો સિદ્ધાણં—ચિરકાળનો બાંધેલો આઠ કર્મરૂપી ભારો, તેને જાજ્વલ્યમાન શુક્લ ધ્યાનરૂપી અગ્નિ વડે જેણે ભસ્મ કર્યો છે, તે સિદ્ધ કહેવાય. એવા સર્વ સિદ્ધોને નમો-નમસ્કાર હો.

સિદ્ધ પરમાત્માને અનંત ચતુષ્ક એટલે અનંતજ્ઞાન, અનંત દર્શન, અનંત સુખ, અનંત વીર્ય (શક્તિ) એ ચાર ગુણો પ્રકટ થયા છે. તેવા જ ગુણો મારા આત્મામાં સત્તા શક્તિ રૂપે રહેલા છે. તેને પ્રગટ કરવા હું તેમને ભાવપૂર્વક વંદન, નમસ્કાર કરું છું.

સિદ્ધ પ્રભુનું લાલવર્ણે ધ્યાન કરવું.

આ પંચ પરમેષ્ઠિ મહામંત્રનું બીજું મંગળ અર્થાત્ બીજી સંપદા થઈ

આઠ કર્મનો નાશ કરવા માટે પાંચ અક્ષરવાળો "નમો-સિદ્ધાણં" મંત્ર સ્મરવો, ચિંતન કરવો, ધ્યાન ધરવું.

૩. નમો આયરિયાણં–જે જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રા-ચાર, તપાચાર, વીર્યાચાર એ પંચાચારને પોતે આચરે છે તથા બીજાઓને એ પંચાચાર પાળવાનો ઉપદેશ આપે છે માટે તે આચાર્ય કહેવાય. તેવા આચાર્યને નમો-નમસ્કાર થાઓ.

એ આચાર્ય ભગવાનનું સુવર્ણવર્ણે ધ્યાન કરવું. એ પંચપરમેષ્ઠિ મંગલમાં ત્રીજું મંગળ અર્થાત્ ત્રીજી સંપદા થઈ.

૪. નમો ઉવજ્ઝાયાણં—જે પોતે સૂત્ર સિદ્ધાંતનું અધ્યયન કરે અને બીજાને અધ્યયન કરાવે તે ઉપાધ્યાય કહેવાય, તેમને નમો–નમસ્કાર થાઓ.

ઉપાધ્યાયજી ભગવંતનું નીલવર્ણે ધ્યાન કરવું. આ પંચ-પરમેષ્ઠિ મહામંત્રમાં ચોથું મંગળ અર્થાત્ ચોથી સંપદા થઈ.

૫. નમો લોએ સવ્વ સાહૂણં—આ લોકમાં વિચરતા સર્વ સાધુસાધ્વીઓને નમસ્કાર થાઓ. જે આત્મસાધનામાં લીન હોય તે સંયમી પુરુષો સાધુ કહેવાય. જે સર્વ પ્રાણીમાત્ર ઉપર સમભાવ રાખે, શત્રુ મિત્રને સમાન ગણે અને મોક્ષ માર્ગની સાધના પોતે કરે, બીજાને તે માર્ગ બતાવે તે સંયમી પુરુષ સાધુ કહેવાય. તેવા ગુણીજનોને નમસ્કાર કરવાથી પોતાના આત્મગુણોનો વિકાસ થાય છે. તેમનું શ્યામ વર્ણે ધ્યાન કરવું. આ પંચ પરમેષ્ઠિ મહામંત્રનું પાંચમું મંગળ અર્થાત્ પાંચમી સંપદા થઈ.

પંચ પરમેષ્ઠિ મંત્રનું વિશેષ પ્રકારે વર્ણન

નમો અરિહંતાણં

ધ્યાન અગ્નિ વડે કર્મ મળને ભસ્મ કરી આત્માનું પૂર્ણ સ્વરૂપ જેઓએ પ્રગટ કર્યું છે તે અર્હંતોને હું નમન કરું છું વાદળોના આવરણમાંથી બહાર નીકળેલા સૂર્યની જેમ કર્મના આવરણોને દૂર કરીને આત્મ સૂર્યના કિરણોની પ્રભા વડે જેમણે આ વિશ્વને પ્રકાશિત કર્યું છે. તે વીતરાગદેવને હું વારંવાર નમન કરું છું. સુવર્ણવાળા પાષાણમાંથી ધમણાદિ ક્રિયા વડે જેમ સુવર્ણ જુદું પાડવામાં આવે છે તેમ જેમણે વિવેક જ્ઞાન વડે દેહ કર્માદિથી આત્મસ્વરૂપને જુદું પાડ્યું તે સર્વ તીર્થંકરોને હું નમન કરું છું.

નમો સિદ્ધાણં

પુદ્ગલના પિંડ રૂપ જ્ઞાનાવરણાદિ અષ્ટ કર્મ તે દ્રવ્ય કર્મ, રાગદ્વેષાત્મક સંકલ્પ વિકલ્પ રૂપ ભાવ કર્મ, તેનો વીતરાગ નિર્વિકલ્પ શુક્લ ધ્યાન વડે નાશ કરીને અનંતજ્ઞાન; અનંતદર્શન, અનંતઆનંદ, અનંતશક્તિ, અવ્યાબાધ સુખ (બાધા પીડા રહિત) સાદિ અનંત સ્થિતિ, (શરૂઆત છે પણ અંત નથી એવી સ્થિતિ) અગુરુ લઘુ અને અરૂપીપણાના ગુણવાળા આત્માની અનંત શક્તિ જેમણે પ્રાપ્ત કરી છે તે પૂર્ણ સ્વરૂપ સિદ્ધિ પરમાત્માને હું વારંવાર નમસ્કાર કરું છું.

નમો આયરિયાણં

નિશ્ચય શુદ્ધ આત્મ ઉપયોગની (ભાનની) ભાવનામાં રહીને વીતરાગ ભાવવાળી નિર્વિકલ્પ સમાધિને જેઓ પોતે આચરે અને વ્યવહારથી ૩૬ ગુણોને જે ધકરેરણ છે. તેમજ બીજા જીવોને વ્યવહાર નિશ્ચયનો ઉપદેશ આપે છે માટે તેમને આચાર્ય કહે છે, તે આચાર્ય ભગવંતને હું નમસ્કાર કરું છું.

નમો ઉવજ્ઝાયાણં

શુદ્ધ આત્મ સ્વભાવનું સમ્યક્ શ્રદ્ધાન, જ્ઞાન અને આચરણ રૂપ અભેદ રત્નત્રય, અને ભેદરત્નત્રય રૂપ વ્યવહાર ધર્મ એમ વ્યવહાર નિશ્ચય મોક્ષ માર્ગનું પોતે આચરણ કરવાપૂર્વક બીજાને તે માર્ગ બતાવે છે, ભણાવે છે તેને ઉપાધ્યાયજી કહે છે. તે ઉપાધ્યાયજી મહારાજને હું નમન કરું છું.

નમો લોએ સવ્વ સાહૂણં

ભેદ રત્નત્રય રૂપ વ્યવહાર ધર્મ અને અભેદ રત્નત્રય રૂપ નિશ્ચય ધર્મને સમ્યક્ પ્રકારે જાણીને, શ્રદ્ધા કરીને જે તેનું આચરણ કરે છે. તથા વીતરાગ નિર્વિકલ્પ સમાધિની જે સાધના કરે છે તેને સાધુ કહેવાય છે. તેવા આ વિશ્વમાં રહેલા સર્વ સાધુ, સાધ્વીઓને હું નમસ્કાર કરું છું.

પરમેષ્ઠિ નમસ્કારનો પરિચય

૧–શ્રી અરિહંત પરમાત્મા મોક્ષ માર્ગના આદ્ય (પ્રથમ) ઉપદેશક હોવાથી વિશ્વ ઉપર એમનો ઉપકાર મહાન અને અજોડ છે. મોક્ષનો માર્ગ ચર્મ ચક્ષુથી અગોચર હોય છે.

કેવલજ્ઞાન રૂપી ચક્ષુ વિના તે સાક્ષાત્ જોઈ કે જાણી શકાતો નથી. શ્રી અરિહંત પરમાત્માઓના આત્માઓ સમગ્ર જગતનું કલ્યાણ કરવાની સર્વહિતકારિણી પ્રકૃષ્ટ (ઉત્કૃષ્ટ) શુભ ભાવના-સહિત પૂર્વભવોમાં મોક્ષમાર્ગની એવી સુંદર આરાધના કરે છે કે જેથી ચરમભવમાં તેઓ ત્રણજ્ઞાન સહિત જન્મે છે, યોગ્ય અવસરે સંયમ સ્વીકારે છે, અપ્રમતભાવે સંયમનું પાલન કરે છે, ઘાતીકર્મનો ક્ષય કરીને, કેવલજ્ઞાન પ્રાપ્ત કરે છે. કેવલ-જ્ઞાન પ્રાપ્ત કર્યા પછી સાક્ષાત્ મોક્ષમાર્ગને જ્ઞાન ચક્ષુથી જોઈ સત્ય મોક્ષ માર્ગ જગતના જીવોને બતાવે છે. એમના બતાવેલા માર્ગે પ્રયાણ કરી અનેક ભવ્ય આત્માઓ પોતાનું શુદ્ધ આત્મ પદ પ્રાપ્ત કરે છે અને અજરામર બને છે. ભવિષ્યમાં પણ આ મોક્ષમાર્ગનો પ્રવાહ ચાલુ રહે તે માટે અરિહંત પરમાત્માઓ તીર્થની સ્થાપના કરે છે અને તે તીર્થના આલંબનથી અનેક ભવ્યાત્માઓ મોક્ષ પદને પ્રાપ્ત કરે છે. ટૂંકાણમાં ત્રણે કાળમાં મોક્ષનો માર્ગ ચાલુ રહે છે, તેમાં મુખ્ય ફાળો શ્રી અરિહંત પરમાત્માઓનો હોય છે. અને એથી એમનો ઉપકાર અજોડ અને મહાન બની જાય છે. એવા ઉપકારી અરિહંતોને નમસ્કાર કરવાથી કૃતજ્ઞતાનો ગુણ પ્રગટે છે.

૨–સિદ્ધ પરમાત્માઓને મુખ્ય ગુણ અવિનાશીપણું છે. સિદ્ધ પરમાત્માના આ અવિનાશીપણાનો ગુણ સમગ્ર મુમુક્ષુ આત્માઓનું લક્ષ્ય બિન્દુ છે. શ્રી અરિહંત પરમાત્માઓ પણ દીક્ષા અંગીકાર કરતી વખતે સિદ્ધપ્રભુને નમસ્કાર કરે છે. અને જગવાસીઓને સિદ્ધપદને માર્ગે દોરવે છે, માટે જ અનુપમ

ઉપકારી તરીકે તેમની ગણના (ગણતરી) થાય છે. જગતના તમામ પદાર્થો ઉપર કાળની અસર થાય છે. આ એક જ પદ એવું છે કે જેના ઉપર કાળનો પ્રભાવ પડતો નથી. આ પદ પ્રાપ્ત કર્યા પછી જીવ પોતાના સ્વરૂપને કદી પણ ત્યાગતો નથી, માટે જ સિદ્ધપદ અવિનાશી કહેવાય છે. સિદ્ધ પરમાત્માઓના અવિનાશી સ્વરૂપનો વિચાર કરવાથી જીવને સિદ્ધ બનવાની અચિંત્ય પ્રેરણા મળે છે, હિંમત આવે છે, ઉત્સાહ આવે છે અને જીવમાં છુપાયેલ વીર્યોલ્લાસમાં અપૂર્વ વૃદ્ધિ થાય છે. શ્રી સિદ્ધ પરમાત્માઓને નમસ્કાર કરવાથી આપણા આત્મામાં સત્તાગત રહેલ સિદ્ધપણું પ્રગટ થાય છે.

૩. નમસ્કાર મંત્રમાં ત્રીજું પદ આચાર્યવર્યોનું છે. મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે અને સદાચરણ એ સાધન છે. કારણ વિના કાર્યની પ્રાપ્તિ થાય નહિ. જેને મોક્ષની ઇચ્છા હોય તેણે મોક્ષના અનન્ય સાધનભૂત સદાચારને પણ જીવનમાં અપનાવવો જ રહ્યો. આ ત્રીજા પદમાં રહેલા આત્માઓ પોતે સદાચારનું પાલન કરે છે અને જગતનાં જીવોને પણ એ માર્ગે ચાલવાની સતત પ્રેરણા પોતાના જીવન આદર્શથી અને ઉપદેશથી આપે છે. પંચાચારના પાલનમાં જગતના તમામ સુંદર આચારોનો સમાવેશ થઈ જાય છે. આ સદાચારનું પાલન અથવા આ સદાચાર ઉપરનો પ્રેમ જીવમાં મોક્ષ પ્રાપ્તિની યોગ્યતા પ્રાપ્ત કરાવે છે. ત્રીજા પદને નમસ્કાર એટલે સદાચારની પૂજા અથવા સદાચાર ઉપરના પ્રેમની અભિવ્યક્તિ. (પ્રગટ થવું તે.) સાચા ભાવથી સદાચાર કે સદાચારીને કરેલો નમસ્કાર કોઈ કાળે નિષ્ફળ જતો નથી.

૪. નમસ્કાર મંત્રમાં ચોથું પદ ઉપાધ્યાય મહારાજનું છે. એમનો મુખ્ય ગુણ વિનય છે. આ વિનય ગુણ મોક્ષમાર્ગમાં ઘણો જ ઉપયોગી છે. એના વિના મોક્ષમાર્ગમાં એક પગલું પણ આગળ વધી શકાતું નથી. ખરી રીતે વિનયથી જ મોક્ષમાર્ગની શરૂઆત થાય છે. નમસ્કાર પણ એક પ્રકારનો વિનય જ છે. વિનય વિના ઉત્તમ પ્રકારની વિદ્યા એટલે મોક્ષની વિદ્યા પ્રાપ્ત થતી નથી. અને તે વિદ્યા–આત્મજ્ઞાન વિના મોક્ષની પ્રાપ્તિ પણ થતી નથી. બધા ગુણોનું મૂળ વિનય છે. આ ચોથા પદમાં રહેલા આત્માઓ પોતે વિનય ગુણનું પાલન કરે છે અને બીજાઓને પણ વિનય ગુણનું પાલન કરવાનું શિક્ષણ આપે છે. આ પદને નમસ્કાર એટલે વિનય ગુણને નમસ્કાર. આત્મિક ગુણોની પ્રાપ્તિમાં એવો નિયમ છે કે જે આત્મા જે ગુણને હાર્દિક રીતે ઇચ્છે છે, અને તેને પ્રાપ્ત કરવા અંતઃકરણથી પ્રયત્ન કરે છે, તે ગુણ તેનામાં પ્રગટ થયા વિના રહેતો નથી. ગુણો બહારથી આવતા નથી પણ અંદરથી જ પ્રગટે છે. તે માટે હૃદયની સચ્ચાઈ અને ભાવપૂર્વકની તીવ્ર તાલાવેલી જોઈએ આ પદને નમસ્કાર કરવાથી વિનય ગુણની પ્રાપ્તિ થાય છે. આ વિનય ગુણ એટલે બાહ્ય અભ્યંતર સર્વ પ્રકારની રિદ્ધિસિદ્ધિઓનું ઉત્પત્તિ સ્થાન. વિનય ગુણની પ્રાપ્તિ માટે ગુણી આત્માઓને ભાવપૂર્વક નમસ્કાર કરવો જોઈએ. ભાવ નમસ્કાર એટલે તે ગુણને પ્રાપ્ત કરવાની તીવ્ર તાલાવેલી–પૂર્વક મન, વચન, કાયાની શુભ પ્રવૃત્તિ.

૫–નમસ્કાર મંત્રમાં પાંચમું પદ સર્વ સાધુ સાધવીઓનું છે. પ્રાપ્ત થયેલ શક્તિ અને સામગ્રીનો જો સદુપયોગ કરવામાં ન

આવે તો, તે પ્રતિદિન શક્તિહીન ક્ષીણ બનતી જાય છે. અને યોગ્ય સદુપયોગ કરવામાં આવે તો તે શક્તિ અને સામગ્રી ઉત્તરોત્તર વધુ ને વધુ તીવ્ર સતેજ બનતી જાય છે. કોઈને પણ સહાયતા કરવાની જેનામાં વૃત્તિ હોતી નથી એનામાં સાધુતા કદી પણ ઝળકી શકતી નથી, એટલું જ નહિ, પણ પ્રાપ્ત શક્તિનો સદુપયોગ ન કરવાથી જીવ એવા પ્રકારનું આત્મા પર આવરણ ઉપાર્જન કરે છે કે તેના યોગે તેને ભવિષ્યમાં અધિક જ્ઞાન પ્રકાશ મળતો અટકી જાય છે. આ રીતે પ્રાપ્ત શક્તિનો સદુપયોગ ન કરવો તે પરિણામે પોતાના જ અહિતમાં પરિણમે છે, અર્થાત્ પોતાના અહિતકર્તા બને છે. સાધુપદને પ્રાપ્ત થયેલ વિવેકી આત્માઓ પ્રકૃતિના આ સનાતન નિયમને બરાબર જાણતા હોવાથી પોતાને પ્રાપ્ત થયેલ સર્વ શકિતઓને સ્વ-પરનું અહિત ન થાય અને હિત થાય તેવી રીતે સતત સત્કાર્યોમાં જોડી દે છે. પરહિતના કાર્યમા એમને કદી પણ થાક લાગતો નથી કારણકે પરના હિતમાં જ તેને પોતાનું હિત કલ્યાણ સમાયેલું છે એ તેમને બરાબર સમજાઈ ગયું હોય છે.

અનાદિથી આ જીવ અશુદ્ધ વૃત્તિથી ખરડાયેલો (લેપાયેલો) છે. તેથી સ્વાર્થવૃત્તિ તેનામાં સહજ છે. એ સ્વાર્થવૃત્તિ જ જીવમાં રહેલ પશુતાનો અંશ છે. એના યોગે જ વિશ્વમાં અનેક પ્રકારની અથડામણો—સંઘર્ષો પેદા થાય છે. અને બીજાને સહાય કરવાની વૃત્તિ, એ દિવ્યતાનું ઝરણું છે. ભાવ ઐશ્વર્યની સુવાસ છે. આ પરમાર્થ વૃત્તિ સહજ નથી, તે કેળવવાની ચીજ છે. ઘણા કાળ સુધી આદર અને સત્કારપૂર્વકના સતત અભ્યાસ

વિના તે સ્થિર થતી નથી. જીવમાં આ સહાયવૃત્તિ–બીજાને સહાયક થવાની વૃત્તિને–જાગૃત કરવાનો અમોઘ ઉપાય સાધુ-પદને ભાવપૂર્વક નમસ્કાર કરવો તે છે. આ સહાયક વૃત્તિને જાગૃત કરવાથી સ્વાર્થવૃત્તિનો વિલોપ (નાશ) થાય છે.

તાત્પર્ય એ છે કે સેવા ગુણ (સહાયક વૃત્તિ)ના વિકાસ વિના સાચો વિનય ગુણ પ્રગટ થઈ શકતો નથી. વિનયગુણનું સ્વરૂપ જ એવું છે કે તેમાં બાહ્ય સેવા અને હૃદયનો પ્રેમ આ બન્ને વસ્તુ જોઈએ ત્યારે જ તે વિનયગુણ સાચો ગુણ રૂપે બની શકે. વિનયગુણના વિકાસ વિના સદાચારની વિદ્યા-મોક્ષ–માર્ગનું સાચું જ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. અને સદાચારની વિદ્યા–મોક્ષ માર્ગના સાચા જ્ઞાન વિના સદાચારનું પૂર્ણ પાલન થઈ શકતું નથી. સદાચારના પૂર્ણ પાલન સિવાય સિદ્ધપદની પ્રાપ્તિ થઇ શકતી નથી. અને સિદ્ધપદની પ્રાપ્તિની અભિલાષા અરિહંત પદના આરાધન વિના શકય નથી.

આ રીતે એક અપેક્ષાએ પાંચ પદો કાર્ય કારણરૂપ હોવાથી સમાન આદરણીય બને છે. કાર્યસિદ્ધિની ઈચ્છાવાળો સાચા કારણોની કદી પણ ઉપેક્ષા કરે નહિ. એટલું જ નહિ પણ વાસ્તવિક કારણોના આસેવનમાં જ પોતાનું તમામ પરાક્રમ ફેરવે છે. **વાસ્તવિક કારણોમાં મંડયા રહેવું એ જ કાર્ય-સિદ્ધિનો અમોઘ મંત્ર છે. હંમેશાં સેવન કારણોનું કરવાનું હોય છે. કાર્યરૂપ ફળ તો એના કાળે આવીને ઊભું રહે છે.**

એક ગામથી બીજે ગામ જવું હોય ત્યાં વચ્ચે ચાલવાની ક્રિયા, ગામ પ્રાપ્તિમાં કારણરૂપ છે. જો પ્રયાણનું કામ ચાલુ

હોય તો ગામ તો પોતાની મેળે આવીને ઊભું રહે છે. તેવી જ રીતે વાસ્તવિક કારણોના આસેવનમાં મંડયા રહેવાથી એના ફળ રૂપે જે કાર્ય થવાનું છે, તે તો એના કાળે આવીને ઊભું જ રહે છે. એ પ્રમાણે કાર્ય-કારણની સનાતન વ્યવસ્થા છે. પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી, તેમનું સ્મરણ કરવાથી તેમના નામનો જપ જપવાથી જેમ સહાયવૃત્તિ, વિનય, સદાચાર, અવિનાશીપણું અને પરોપકાર વગેરે લોકોત્તર ગુણો પ્રત્યે પ્રેમ-ભાવ જાગૃત થાય છે, તેમ બીજા પણ અનેક લાભો થાય છે. ખરી રીતે આ નમસ્કાર મંત્ર એક મહાન શક્તિ છે. અથવા શક્તિનો પુંજ છે. પ્રતિપક્ષી વસ્તુને હઠાવવા માટે હંમેશા શક્તિની જરૂર પડે છે. અનાદિકાળથી આ જીવના સાચા પ્રતિપક્ષી કોઈ હોય તો તે અષ્ટ પ્રકારનાં કર્મો જ છે. એ કર્મોમાં પણ મોહનીય કર્મ મુખ્ય છે. આઠ કર્મોના નાયકના સ્થાને છે. એ મોહનીય કર્મના બે પ્રકાર છે; એક દર્શન મોહનીય અને બીજું ચારિત્ર મોહનીય. આ મોહનીય કર્મને જીતવાથી બીજાં કર્મોનું બળ જર્જરિત થઈ જાય છે. આ પરમેષ્ઠિ નમસ્કાર મંત્રથી મોહ કર્મનો સમૂળ નાશ થાય છે. મોહના નાશથી બીજાં કર્મો અવશ્ય નાશ પામે છે એટલા માટે જ નવકાર મંત્રમાં જ "સવ્વપાવપ્પણાસણો" એવું પદ મૂકયું છે.

હવે નમસ્કાર મંત્રથી મોહનીય કર્મ શી રીતે નાશ પામે છે; તે વિચારીએ. મોહનીય કર્મમાં પણ દર્શન મોહનીય પ્રબળ છે. નમસ્કારમંત્રનાં પ્રથમ પદ "નમો અરિહંતાણં" થી દર્શનમોહનીય જીતાય છે. દર્શનમોહ એટલે ઊલટી માન્યતા અરિહંત પ્રભુને ભાવથી નમસ્કાર કરવાથી જીવ સીધી

માન્યતામાં આવે છે. જીવની ઊંધી માન્યતા એ જ દર્શન-મોહનું મોટું બળ છે. અને ભાવપૂર્વક અરિહંત પ્રભુને નમે છે, મંત્રજપ કરે છે, એટલે ઊંધી માન્યતા ટળે છે. ખરી રીતે એ **અરિહંતના માર્ગને નમ્યો, સન્માર્ગને નમે એટલે તેની ઉન્માર્ગ રુચિ ટળી અને એ સન્માર્ગની રુચિવાળો બન્યો. એથી દર્શનમોહનું મર્મસ્થાન ભેદાઈ જાય છે અને પછી ક્રમે ક્રમે તે સર્વથા પણ જીતાઇ જાય છે.**

સામાન્યથી પણ નમવાનો પરિણામ વખણાય છે પણ જ્યારે એ નમસ્કારમંત્રના વિષય તરીકે અરિહંત પરમાત્માઓ આવે છે, ત્યારે તો એ નમસ્કાર મંત્રની શક્તિ અચિંત્ય સામર્થ્યવાળી બની જાય છે. નમસ્કારમંત્ર હોય પણ તેના વિષય રૂપે કાર્યસિદ્ધ કરવામાં અચિંત્ય શક્તિ ધરાવનારા જો અરિહંત પરમાત્માઓ ન હોય તો આટલું સામર્થ્ય ન પ્રગટે **અને** નમસ્કારમંત્રના વિષય રૂપે ભલે અરિહંત હોય પણ **ભાવ નમસ્કાર ન હોય તો પણ આટલું સામર્થ્ય ન પ્રગટે**. પરંતુ જ્યારે ભાવ નમસ્કારમંત્ર અને તેના વિષય રૂપે અરિહંત પરમાત્માઓ હોય, ત્યારે અનાદિકાળથી **મિથ્યાત્વ ભેદનનું કાર્ય જે બીજી રીતે બની શકયું ન હતું તે સિદ્ધ થાય છે.** આવા બળવત્તર પ્રતિપક્ષીને સહેજમાં જીતનાર હોવાથી નમસ્કાર મહામંત્ર એ મહાશક્તિ અથવા શક્તિનો પુંજ છે એમ કહેવું સર્વથા ઉચિત છે

મોહનો પહેલો પ્રકાર દર્શન મોહ છે. અને બીજો પ્રકાર ચારિત્ર મોહ છે. બીજા પ્રકાર ના ચારિત્ર્ય મોહના ૨૫ ભેદ છે. પણ તેમાં

અનંતાનુબંધી–ક્રોધ, માન, માયા, લોભ એ ચાર મુખ્ય છે. હવે નમસ્કાર મહામંત્રના પવિત્ર પદોના સ્મરણ આદિથી આ ચારે કષાયોનો શી રીતે નાશ થાય છે ? તેને પણ પશ્ચાનુપૂર્વિથી વિચારીએ.

" નમો લોએ સવ્વ સાહૂણં " પદથી ક્રોધને જીતવાનું બળ પ્રગટે છે. કારણ કે દ્રવ્ય, ભાવ સાધુતાને વરેલા મુનિવરો સતત રીતે ક્ષમાને આશ્રયે રહીને ક્રોધને જીતવાન કટિબદ્ધ થયા હોય છે. એટલા માટે સાધુઓને ક્ષમાશ્રમણ–ક્ષમા પ્રધાન–સાધુ તરીકે સંબોધવામાં આવે છે. તેમના સમાગમમાં પરિચયમાં આવનાર અન્ય જનો પણ ક્રોધને જીતવા માટે સામર્થ્યવાળા બની શકે છે. અને એમનામાં ક્ષમા ગુણનો પ્રાદુર્ભાવ થાય છે.

" નમો ઉવજ્ઝાયાણં " ઉપાધ્યાય પદને નમસ્કાર કરવાથી તેમનું સ્મરણ, ચિંતન કરવાથી માન નામનો બીજો કષાય દોષ નાશ થાય છે, અને નમ્રતા ગુણ પ્રગટે છે. ઉપાધ્યાય પોતે વિનય ગુણથી સંપન્ન હોય છે, જે ગુણ જેમણે આત્મસાક્ષાત્ કર્યો હોય તેમના સમાગમથી, પરિચયથી, તેમના સંગથી અન્ય જનોને પણ એ સામર્થ્ય પ્રગટે છે, જેમ તીર્થંકરના સમવસ–રણમાં જાતિ વૈરભાવવાળા પ્રાણીઓ પણ પ્રભુના સાનિધ્યમાં વૈરભાવને ભૂલી જાય છે, તેમ જ્યાં વિનય–નમ્રતા હોય ત્યાં માન કે અભિમાન ટકી શકે નહિ.

" નમો આયરિયાણં " પ્રાપ્ત શક્તિને ગોપવવી અર્થાત્ તેનો સદુપયોગ ન કરવો તે માયાચાર છે. સદાચારની ક્રિયામાં સંલગ્ન રહેલા દ્રવ્ય ભાવાચાર્યો પોતાનું બળ જરા પણ ગોપવતા નથી. એવા આચાર્ય પદને નમવાથી, તેમનું સ્મરણ, ચિંતન

કરવાથી ક્રિયામાં પરાક્રમ ફોરવવાનું બળ આવે અને તેથી માયાચાર નામનો (માયા) દોષ ટળે છે. માયા નાશ પામે એટલે સરલતા નામનો ગુણ પ્રગટે.

"નમો સિદ્ધાણં" સિદ્ધ પરમાત્માનું સ્મરણ, વંદન, નમન કરવાથી પરમાત્માની અનંતી રિદ્ધિનું દર્શન થયા પછી દુન્યવી રિદ્ધિનો લોભ રહેતો નથી. જીવને દુન્યવી પદાર્થોનો લોભ ત્યાં સુધી જ રહે છે કે જ્યાં સુધી આત્માની અનંત રિદ્ધિનું દર્શન થયું નથી. સિદ્ધ પદને નમવાથી તેમનું સ્મરણ, ચિંતન કરવાથી વાસ્તવિક રીતે તો પોતાના આત્મામાં રહેલ અનંત રિદ્ધિ સિદ્ધનું દર્શન થાય છે અને તેથી તેનો બીજો દુન્યવી લોભ નાશ પામે છે અને સંતોષવૃત્તિ પ્રગટે છે.

"નમો અરિહંતાણં" અરિહંત પ્રભુએ તો સર્વથા મોહને જીતી લીધો છે, તેથી તેમને નમસ્કાર કરવાથી સાધકમાં દર્શનમોહ અને ચારિત્રમોહને જીતવાની પ્રબળ ભાવના પ્રગટે છે, અને શક્તિ અનુસાર મોહને જીતવાનું કાર્ય સાધક કરે છે.

પુણ્યાંગજનની–આ રીતે પંચપરમેષ્ઠિને નમસ્કાર કરવાથી તેમનું સ્મરણ, ચિંતન કરવાથી મોહનીય કર્મના મુખ્ય ભેદરૂપ દર્શન મોહનીય અને ક્રોધ, માન, માયા, લોભાદિ મહાન દોષોનો નાશ થાય છે. તેથી આ ક્રિયા અચિંત્ય પ્રભાવશાળી મનાય છે. અનુભવી પુરુષોએ આ નમસ્કારની ક્રિયાઓનો પ્રભાવ જાતે અનુભવ્યો છે અને કેવલ કરુણાબુદ્ધિથી જગતના જીવો સમક્ષ અનેક રીતે જાહેર પણ કર્યો છે. અદ્‌ભુત સામર્થ્યવાળી નમસ્કારની ક્રિયામાં મહાજ્ઞાની ગણાતા પુરુષો પણ મુગ્ધ બન્યા છે. એના

ગુણગાન ગાવામાં કદી પણ એમણે થાક અનુભવ્યો નથી અને જે રીતે જગતના જીવોને આ નમસ્કારની ક્રિયા પ્રત્યે રુચિ, પ્રેમ અને આદર પ્રગટે તે રીતે કરવા અથાગ પ્રયત્ન પણ સેવ્યો છે.

શ્રી સિદ્ધસેનાચાર્ય વિરચિત શ્રી નમસ્કાર માહાત્મ્યમાં આ નમસ્કારની ક્રિયાને પુણ્યરૂપી શરીરને જન્મ આપનારી માતાની ઉપમા આપી છે. માતા જેમ બાહ્ય શરીરને જન્મ આપે છે, તેમ નમસ્કાર રૂપી માતા પુણ્ય રૂપી શરીરને ઉત્પન્ન કરે છે. નમસ્કારની ક્રિયા વિના પુણ્ય રૂપી શરીર ઉત્પન્ન થઈ શકતું નથી. અને પુણ્ય રૂપી શરીરની હયાતી વિના બાહ્ય શરીરની કે કોઈપણ સામગ્રીની સફળતા થઈ શકતી નથી, અર્થાત્ બાહ્ય શરીરાદિ સાધનો લાભદાયક બનતાં નથી, પણ ઊલટાં અનેક રીતે હાનિકારક બને છે.

વળી બાહ્ય શરીરમાં પણ નીરોગીતા દીર્ઘાયુ, સુંદરતા, નિર્દોષતા, આદેયતા, સુંદર શરીર ધારી બધાને પ્યારો લાગે) શ્લાઘનીયતા, (પ્રશંશાપાત્ર, વખાણલાયક) સહૃદયતા, સૌમ્યતાદિ ગુણો અંદરના પુણ્ય રૂપી શરીરની હયાતી વિના પ્રાપ્ત થઈ શકતા નથી. શરીરની નિર્દોષતા, સ્વભાવની નિર્મળતા અને બાહ્ય ઐશ્વર્ય પુણ્ય રૂપી આંતરિક શરીરનાં મૂર્ત પ્રતીકો છે. એક કારણ છે અને બીજુ કાર્ય છે. એક જ માતાના ઉદરમાંથી જન્મેલાં બે બાળકોના સ્વભાવ, બળ, બુદ્ધિ, વૈભવ, આરોગ્ય અને અભિરુચિમાં (શોખ, પ્રીતિ) ફરક હોય છે, તેનું કોઈ ચોક્કસ આંતરિક કારણ માનવું જ જોઈએ. અને તે જે છે તે જ પુણ્ય

રૂપ શરીર છે. જેનું પુણ્ય રૂપી આંતરિક શરીર સ્પષ્ટ હોય છે, તેને જ ઉત્તમ વસ્તુઓ સ્વયમેવ આવી મળે છે.

અહીં પુણ્યરૂપી શરીર એટલે **પુણ્યાનુબંધી પુણ્ય સમજવું**. જન્માંતરમાંથી જીવ જ્યારે આવે છે, ત્યારે તેની સાથે બે શરીર હોય છે. એક કાર્મણ અને બીજું તૈજસ. આ બે શરીરો જીવને અનાદિથી સાથે હોય છે અને સંસાર અવસ્થામાં સાથે જ રહે છે, મોક્ષ જાય ત્યારે તેનાથી મુક્ત થાય છે. કાર્મણ શરીર એટલે કર્મના સમૂહ રૂપ શરીર. એ કર્મરૂપ શરીર જેવા પ્રકારનું લઈને જીવ આવ્યો હોય છે, તેવા પ્રકારનું ત્રીજું બાહ્ય શરીર અને વૈભવ આદિની સામગ્રી તેને પ્રાપ્ત થાય છે. તેમાં જો પુણ્યની પ્રબળતા હોય તો કાર્મણ શરીર પુણ્ય શરીર કહેવાય છે. આ પુણ્યાનુબંધી પુણ્ય ઉત્તમ વસ્તુઓમાં ઉત્તમ રુચિ, પ્રેમ કરાવી આપે છે, તેથી પ્રશસ્ય ગણાય છે. મોક્ષને અનુકૂળ ઉત્તમોત્તમ પ્રકારની સામગ્રી મેળવી આપવામાં તે અગ્રણ્ય ભાગ ભજવે છે.

કર્મ પરતંત્ર દશામાં રહેલો જીવ અનાદિ અસદ્ અભ્યાસના યોગે સહજભાવે અશુભમાં તન્મય બની જાય છે. જીવની આ અશુભ દશા શુભ આલંબન વિના નષ્ટ થતી નથી, અને એ શુભ આલંબોની પ્રાપ્તિ પુણ્યાનુબંધી પુણ્ય વિના સુલભ નથી. જીવને બનવું છે સર્વ કર્મથી રહિત સિદ્ધ. આરાધક માત્રનું આ જ અંતિમ ધ્યેય હોય છે, પણ એ દશા પ્રાપ્ત કરવા માટે વચ્ચે એક અવસ્થામાંથી અવશ્ય પસાર થવું પડે છે. એ અવસ્થાનું નામ કુશલાનુબંધી કર્તવ્યોમાં આત્માને

ઓતપ્રોત બનાવી દેવો. આ વાત દૃષ્ટાંતથી વિચારીએ. કોઈ માણસને ભીંત ઉપર એક સુંદર ચિત્ર આલેખવાની ઇચ્છા થઈ. આ કાર્ય માટે પ્રથમ ભીંતને સાફ ને શુદ્ધ બનાવવી જોઈએ. ત્યારબાદ પોતાનું ચિત્ર તેમાં ઝળકી ઊઠે તે માટેના તમામ ઉપાયો કરવા પડે છે. એ બધું થયા પછી જ તેમાં આલેખેલું ચિત્ર પ્રતિષ્ઠાને યોગ્ય થાય છે અહીં ત્રણ અવસ્થા થઈ. પ્રથમ ભીંત ચિત્ર માટે અયોગ્ય હતી તે. તેને પ્રયોગ દ્વારા યોગ્ય બનાવી તે તેની બીજી અવસ્થા અને તે યોગ્ય બન્યા પછી જ તેમાં ચિત્ર પ્રતિષ્ઠાને પામ્યું એ તેની ત્રીજી અવસ્થા. આમાં વચ્ચે યોગ્ય ઉપાયો દ્વારા ભીંતને સાફ અને શુદ્ધ બનાવવાની ક્રિયા કરી ન હોય તો કદી પણ તેમાં ચિત્ર બની શકે નહિ. તેમ અહીં પણ જીવ અનાદિકાળથી અશુભ ભાવમાં રમણતા કરે છે. તેને પ્રથમ પુણ્યાનુબંધી પુણ્યથી ઉત્પન્ન થતા ઉત્તમોત્તમ નિમિત્તોના બળથી શુભ ભાવમાં લાવવો પડે છે. અને એ રીતે જીવમાં શુભ પ્રતિષ્ઠા થયા પછી એટલે અણુએ અણુમાં શુભ ભાવની એકરૂપતા થયા પછી જ જીવરૂપી ભીંત ઉપર શુદ્ધ ભાવનાનો રંગ ચડી શકે છે. અહીં પણ ત્રણ અવસ્થા થઈ. પ્રથમ અશુભ ભાવની અવસ્થા. તેને યોગ્ય ઉપાયો વડે શુભ ભાવરૂપ બનાવવી. અને એ શુભ બન્યા પછી તેના પર શુદ્ધ ભાવરૂપ દશાનો રંગ ચડે. આ અનાદિનો ક્રમ છે. જે કોઈ શુદ્ધ દશાને પામ્યા છે, તે બધા આવી રીતે ક્રમસર વિકાસ કરીને જ પામ્યા છે. અશુભની રુચિ અંતરમાં બેઠી છે ત્યાં સુધી શુભ આલંબનની ખૂબ જ જરૂર છે. શુભ ભાવની પ્રબળતાથી અશુભ ભાવનો રાગ મમત્વ નષ્ટ થયા પછી

શુભ પોતાની મેળે જ ખસી જાય છે. કારણ કે તે સજ્જન મિત્ર જેવો છે. જરૂર હોય ત્યાં સુધી સહાયતા કરે અને જ્યારે જરૂર ન દેખે ત્યારે પોતાની મેળે દૂર થઈ જાય. એનું મુખ્ય કામ અશુભને દૂર કરવાનું છે. જેમ એરંડિયું પેટમાં ભરાયેલા જૂના મળને કાઢી પોતે પોતાની મેળે નીકળી જાય તેમ. આ રીતે પુણ્યાનુબંધી પુણ્ય અશુભની રુચિ દૂર કરાવે છે, અને મોક્ષને અનુકૂળ ઉત્તમ વસ્તુઓમાં રુચિ, પ્રેમ કરાવી આપે છે. આવા કુશલાનુબંધી પુણ્યને ઉત્પન્ન કરનાર નમસ્કાર મહામંત્ર હોવાથી તેને પુણ્યરૂપી શરીર ઉત્પન્ન કરનાર માતાની ઉપમા આપી છે. ખરી રીતે તો ઉત્તરોત્તર તેનાથી મોક્ષ જ મળે છે પણ અહીં સાધ્ય દશાને ગૌણ રાખી સાધન દશાને મુખ્ય બનાવી આ ફળ દર્શાવ્યું છે. આ ઉપરથી એમ પણ ફલિત થાય છે કે સાધ્ય કરતાં સાધનની મહત્તા જરા પણ ઓછી નથી. કાર્યસિદ્ધિના ઈચ્છુકને જેટલી કિંમત કાર્યની હોય છે, એટલી જ કિંમત તેના સાધનની હોય છે. જો કારણ વિના કાર્ય થતું જ ન હોય તો કારણની ઉપેક્ષા એ કાર્યની જ ઉપેક્ષા છે અને કારણનો આદર એ કાર્યનો જ આદર છે.

જમીનમાં પાણીને પ્રગટ કરવું એ કાર્ય છે અને કૂવો ખોદવાની ક્રિયા એ કારણ છે. જે માણસ વાસ્તવિક કારણોનું આસેવન કરે છે, તેનું કાર્ય અવશ્ય સિદ્ધ થાય છે. અને કારણોનો અનાદર કરી તેનું સેવન ન કરે તો કદી પણ કાર્યસિદ્ધિ ન થાય. યોગ્ય ભૂમિમાં કૂવો ખોદતાં, ખોદતાં જ જેમ પાણીની સરવાણી પોતાની મેળે પ્રગટે છે, તેમ શુભ અનુષ્ઠાનોમાં મંડયા રહેવાથી આત્માની શુદ્ધિ રૂપી કાર્ય પણ

પોતાની મેળે થાય છે. 'વસ્ત્રને' ઉજ્જવલ બનાવવું એ કાર્ય છે અને ધોવાની ક્રિયા એ કારણ છે. ધોવાની ક્રિયાથી જેમ વસ્ત્રમાં ઉજ્જવલતા આપોઆપ પ્રગટે છે, તેમ શુભ અનુષ્ઠાનોમાં સંલગ્ન રહેવાથી આત્મા રૂપી વસ્ત્રમાં પણ ઉજ્જવલતા આપોઆપ પ્રગટે છે. આ બધા કાર્યોમાં સાધનની જ મહત્તા છે. એ સાધનનો આદર એ કાર્યોનો જ આદર છે, અને સાધનનો અનાદર, સાધનની ઉપેક્ષા કે સાધનમાં મધ્યસ્થતા એ કાર્ય પ્રત્યે અનાદર, ઉપેક્ષા અને મધ્યસ્થતામાં પરિણમે છે. મુમુક્ષુઓ માટે મોક્ષ એ સાધ્ય છે. એ વાત જેટલી નિશ્ચિત તેટલી જ એ મોક્ષ કુશલાનુબંધી પુણ્યની પુષ્ટિ વિના કદી પણ પ્રાપ્ત થઈ શકે નહિ, એ વાત પણ એટલી જ નિશ્ચિત છે. અને એ કુશલાનુબંધી અનુષ્ઠાનની પ્રાપ્તિ પરમેષ્ઠિ-નમસ્કાર મહામંત્ર વિના થતી નથી, માટે અહીં પરમેષ્ઠિ-નમસ્કાર મંત્રને મોક્ષના અનન્ય કારણભૂત પુણ્યાનુબંધી પુણ્યને જનની તરીકે કહેલ છે.

પાલની–પુત્રને જન્મ આપી દેવા માત્રથી માતાનું કર્તવ્ય પૂરું થઈ જતું નથી. જન્મ આપવા કરતાં પણ પાલન–પોષણ કરવામાં વધારે જવાબદારી ઉઠાવવી પડે છે. આ બધી જવાબદારી માતા બરાબર અદા કરે છે. માતા પોતાનું સ્વત્વ આપીને–પોતાનું હીર આપીને–પોતાના સુખ, સગવડ, શાન્તિ અને સર્વસ્વના ભોગે પુત્રનું–પાલન કરે છે. માત્ર પાલન કરે છે એટલું જ નહિ પણ પોતાના જીવનમાં સુંદર સંસ્કારોનું સિંચન કરીને તે વારસો ઊતારે છે. બાળકને હજારો ઉપદેશ જે અસર ન કરે તે અસર માતાનું શુભ આચરણ કરે છે,

બાળકની અવ્યક્ત અવસ્થામાં ઉપદેશ કારગત નીવડતો નથી પણ માતાના પ્રકૃતિગત સુંદર સંસ્કારોની અસર તેના જીવન ઉપર પડે છે. મોટે ભાગે તે વખતે મળેલા સારા–માઠા સંસ્કારો પ્રમાણે જ બાળકનું જીવન ઘડાય છે. અહિંસા પ્રેમી માતાના બાળકો સ્વભાવિક રીતે જ દયાળુ બને છે. ઉત્તમ બન્યા વિના ઉત્તમતાના સંસ્કાર આપી શકાતા નથી. આજ સુધીમાં અનેક મહાપુરુષની જગતને ભેટ મળી છે, તેના મૂળમાં જો તપાસવામાં આવે તો ઉત્તમ નરરત્ન તરીકેનું ઘડતર કરવામાં મુખ્ય ફાળો, ત્યાગ અને વાત્સલ્યની મૂર્તિ એવી માતાનો અથવા માતા જેવું હૃદય ધરાવનારા પવિત્ર આત્માઓનો જણાયા સિવાય રહેશે નહિ. પોતાના સર્વસ્વના ભોગે માતા પુત્રનું પાલન કરે છે છતાં તેમાં એક બીજી વિશેષતા એ છે કે એને કદી એવો વિચાર સુદ્ધાં પણ આવતો નથી કે હું આમાં કંઈ ઉપકાર કરું છું. કદાચિત્ પુત્ર અયોગ્ય નીવડે તો પણ માતા પોતાના હૃદયમાં પુત્રના અવગુણને સ્થાન આપતી નથી, પણ તેની ઉન્નતિ કેમ થાય તેની જ અહર્નિશ ચિંતા કરે છે. આ હૃદય માતાને વર્યું હોય છે. અને તેથી જ નીતિ–માર્ગાનુસારીના ગુણોમાં વડીલ વર્ગની ગણતરીમાં માતાને સૌથી પ્રથમ ગણવામાં આવેલ છે. માતાની આ બધી વિશેષતાઓ જગતને માન્ય છે. અને જેના દિલમાં જે વસ્તુની મહત્તા અંકાઈ ગઈ હોય, તેને તે પ્રસિદ્ધ દૃષ્ટાંત દ્વારા ઉપદેશ આપવાથી અલ્પ પ્રયાસે અપ્રસિદ્ધ વસ્તુ પણ સમજાવી શકાય છે. નમસ્કાર મહામંત્રને માતા કહેવામાં પૂર્વ પુરુષોએ એ જ રીતને અખત્યાર કરી છે. અહીં નમસ્કાર મંત્રરૂપી માતાનો વિચાર કરવાનો છે.

નમસ્કાર રૂપી માતા માત્ર પુણ્યાનુબંધી પુણ્ય રૂપ શરીરને જન્મ આપે છે, એટલું જ નહિ પણ પુણ્ય રૂપી શરીરનું પાલન-પોષણ પણ તે જ કરે છે. ઉત્તમ વસ્તુની પ્રાપ્તિ થયા પછી તેનો સદુપયોગ કરવો એ જ એની પુષ્ટિ છે. નમસ્કાર મંત્રથી જે પુણ્ય બંધાય છે, તે કુશલાનુબંધી હોય છે. એ ઉત્તરોત્તર પુષ્ટ બનતું જાય છે અને પૂર્ણ વિકાસમાં પરિણમે છે.

નમસ્કાર મંત્રની રુચિ વિના પણ કદાચ ઊંચું પદ મળી જાય પણ તે પરિણામે લાભકારક બનતું નથી, કારણ કે નમસ્કાર-મંત્રની રુચિ વિના બંધાયેલ પુણ્ય, વિપાક (ફળ) કાળે જીવને આત્મભાન ભૂલાવી વધારે અંધકારમાં ધકેલી દે છે. નમસ્કામંત્રનો રુચિપૂર્વક જે વિકાસ થાય છે, તેજ પરિણામે હિતકારક બને છે. આનું નામ જ સાચું પોષણ છે. નમસ્કારમંત્ર, વસ્તુને મેળવી પણ આપે છે અને સદુપયોગ પણ તે જ કરાવે છે. માટે તે કુશલાનુ-બંધી પુણ્ય કહેવાય છે. આ કુશલાનુબંધી પુણ્યની સહાયતા વિના ઉત્તમ સામગ્રીનો યોગ સુલભ નથી, તેમ તેની સહાયતા વિના ઉત્તમ સામગ્રીનો સદુપયોગ સુલભ નથી. આત્મવિકાસના ઈચ્છુક ભવ્યાત્માઓને નમસ્કાર મહામંત્રથી પ્રાપ્ત થનાર કુશલાનુબંધી પુણ્યની સહાય વિના ચાલી શકતું નથી. ચોર અને હિંસક પ્રાણીઓ આદિથી ભરપૂર ભયંકર અટવીમાં સમર્થ માર્ગદર્શક જેમ અટવીનું ઉલ્લંઘન કરાવી ઈચ્છિત સ્થાને પહોંચાડે છે તેમ પુણ્યાનુબંધી પુણ્યરૂપી માર્ગદર્શક પણ રાગદ્વેષ આદિ દોષો રૂપી ચોર અને હિંસક શત્રુઓથી ભરપૂર ભયંકર ભવાટવીનું ઉલ્લંઘન કરાવી ઇચ્છિત સ્થાન મોક્ષનગરમાં પહોંચાડવામાં સહાયતા કરે છે. આ બધાનું મૂળ નમસ્કાર મહામંત્ર હોવાથી નમસ્કાર-

મંત્રને અહીં પુણ્ય રૂપી શરીરને જન્મ આપનાર અને પોષણ કરનાર માતા તરીકે કહેવામાં આવેલ છે. આથી નમસ્કાર મહામંત્ર પ્રત્યે અહોભાવ અને અધિક આદર પ્રગટે એ સહજ છે.

શોધની–માતા જેમ પુત્રને જન્મ આપે છે અને પુત્રનું પાલન–પોષણ કરે છે, તેમ પુત્રને સ્વચ્છ રાખવાનું કાર્ય પણ માતા જ કરે છે. તેમ અહીંયાં પણ નમસ્કારમંત્ર જેમ પુણ્ય રૂપી શરીરને જન્મ આપે છે, અને તેનું પાલન–પોષણ કરે છે, તેમ તેને પવિત્ર રાખવાનું કાર્ય પણ તે જ કરે છે, પુણ્ય રૂપી અંગને પવિત્ર રાખવાનો અર્થ એ છે કે પુણ્યાનુબંધી પુણ્યને સાનુબંધ કરે છે. તેમાં પૌદ્ગલિક આશંસાદિ (આશા, તૃષ્ણાદિ) દોષ રૂપી મલિનતા ન મળે તેની કાળજી રાખે છે. ઉત્તરોત્તર વધુ ને વધુ કુશલાનુબંધી બનાવી જીવની અધિક ને અધિક શુદ્ધિ કરે છે. અને શુદ્ધિની પરાકાષ્ઠાએ (આખર) અર્થાત્ મોક્ષપદ સુધી પહોંચાડે છે.

કુશલાનુબંધી પુણ્યનો સ્વભાવ જ એવો છે કે તે ઉત્તરોત્તર અધિક, અધિક વિકાસમાં સહાયક બને છતા લૌકિક કીર્તિ આદિની આશંસા (આશા, તૃષ્ણા) અથવા પ્રાપ્ત ગુણસ્થાનકો પ્રત્યે આશંસાદિ દોષો આવી જવાનો સંભવ છે, તેને દૂર કરી, આત્મવિકાસની પરાકાષ્ઠાએ પહોંચાડે છે. જીવની સંપૂર્ણ શુદ્ધિ કરે છે. નમસ્કાર રૂપી માતાની એ જ વિશેષતા છે કે તે પુણ્ય રૂપી અંગનું એવું પોષણ અને શોધન કરે છે કે તેના પરિણામે જીવનની સંપૂર્ણ શુદ્ધિ આપોઆપ થઈ જાય છે.

જંગલમાં વસતા ભીલભીલડીનો વિકાસ નમસ્કારમંત્રના આરંભથી થયો હતો તેથી એ વિકાસ ઉત્તરોત્તર અધિકાધિક વિકાસમાં પરિણમ્યો.

હંસ વિશ્રામકમલશ્રી :—નમસ્કારમંત્ર એ જીવ રૂપી હંસને વિશ્રાંતિ માટે કમલની શોભા સમાન છે. સંસારમાં જીવને કયાંય વિશ્રાંતિ નથી. કષાય રૂપ તાપથી સતત આ જીવ તપી રહ્યો છે. કર્મરૂપ મેલથી લેપાઈ રહ્યો છે. તૃષ્ણારૂપી તૃષાથી તૃષાતુર બની રહ્યો છે. આવી દશામાં શાન્તિ કયાંથી હોય? ઊલટી દિશામાં દોડી, દોડીને જીવ થાકી ગયો છે. વિશ્રાંતિ માટે જ્યાં, જ્યાં દોડે છે, ત્યાં, ત્યાં જીવને કયાંય વિસામો મળતો નથી. જગતમાં મન માન્યા ઘણા વિસામા છે પણ એ બધા સાચા વિસામા નથી, માત્ર દુઃખના ક્ષણિક પ્રતિકારરૂપ છે. ખરેખરો અને છેલ્લો વિસામો ભાવપૂર્વક નમસ્કારમંત્રની પ્રાપ્તિ થવી તે છે, તે સિવાયના વિસામા થોડીવાર કામચલાઉ વિશ્રાંતિ ભલે આપે પણ પરિણામે જીવના થાકને ઊલટો વધારી દે છે. તે જ વિસામો * સાચો વિસામો ગણાય કે જેની પ્રાપ્તિ થયા પછી જીવમાં વિશ્રાંતિ ઉત્તરોત્તર વધતી જ રહે. અને એવો વિસામો નમસ્કારમંત્રની પ્રાપ્તિથી મળે છે નમસ્કારમંત્રની પ્રાપ્તિથી જીવનું ભાવ દારિદ્રય નાશ પામે છે. કિનારે આવેલા વહાણ જેવી સ્થિતિએ એ પહોંચે છે. તેથી તેનો આંતરિક આનંદ વધતો જ રહે છે. જીવરૂપી હંસને જો પંચપરમેષ્ટિ નમસ્કારમંત્ર રૂપી સુશોભિત કમળની

* નોંધ–૧ આ કથા આઠમા પ્રકરણમાં લખેલ છે.

શ્રેણીમાં લીન બનાવવામાં આવે તો જ એને અનુપમ વિશ્રાંતિ મળી શકે છે.

મહાજ્ઞાનીઓ પણ આત્માની સાચી વિશ્રાંતિ માટે આ મંત્રનું ધ્યાન ધરે છે. આ મંત્રના ધ્યાનમાં જીવ લીન થાય તો એને ચારે તરફથી વિશ્રાંતિ આપોઆપ આવીને મળે છે.

આ રીતે નમસ્કારમહામંત્રના ગુણો અપાર છે અને તેથી જ વિવેકી આત્માઓ પ્રતિદિન આ મહામંત્રની આદરપૂર્વક આરાધના કરે છે. આ અસાર સંસારમાં નવકારમંત્ર એ જ સારભૂત વસ્તુ છે. આ ઈષ્ટ નમસ્કૃતિ સદા જયવંત રહો, સર્વ કોઈ આદરપૂર્વક નવકારમંત્રની આરાધના કરી શાશ્વત સુખને પ્રાપ્ત કરો.

વળી કહ્યું છે કે—

"જો ગુણઈ લક્ખમેગં પૂએઈ વિહીઈ જિનનમુક્કારં
સો નઈઅ ભવે સિજ્ઝઈ અહવા સત્તટ્ઠમે જમ્મે."

અર્થ-જે ભાવિક મનુષ્ય પૂર્ણ વિધિથી એક લાખ વાર નમસ્કાર મંત્રનો જપ કરે, તે ત્રીજા ભવે સિદ્ધ થાય અથવા તો સાતમે અગર આઠમે ભવે તે સિદ્ધ થાય, આ નમસ્કાર મંત્રનો જો એકાગ્રતાપૂર્વક લાખવાર સર્વોત્તમ જાપ થાય, તો તીર્થંકર પદની પ્રાપ્તિ થાય અને મધ્યમ જપ થાય તો ચક્રવર્તી પ્રમુખ સમ્રાટ પદની પ્રાપ્તિ થાય, અને સામાન્ય જપ કરતાં પણ પ્રાણીઓને સામ્રાજ્ય લક્ષ્મી પ્રાપ્ત થાય છે. માટે ભવ્ય જીવોએ મનની ક્ષુદ્રતા તજીને જપ કરવામાં પ્રયત્નશીલ બનવું.

શિષ્ય પ્રશ્ન કરે છે કે—

"કિં એસ મહારયણં ? કિંવા ચિંતામણિવ્વ નવકારો ?
કપ્પદુંમ સરિસો ? નહુ, નહુ, તાણં પિ અહિયયરો."

(લઘુ નમસ્કારફલ સ્તોત્ર, ૯.)

"એ શું મહારત્ન છે ? કે એ શું ચિંતામણિ છે ?
કે એ કલ્પવૃક્ષ સમાન ઈચ્છિત આપનાર છે ?

ના, ના, આ નવકાર તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે."

આ ઉદ્‌ગારો પૂર્વ મહાપુરુષોના છે. નવકાર મંત્રનો મહિમા વર્ણવતાં એમને કહેવું પડ્યું કે ચિંતામણિ અને કલ્પવૃક્ષ પણ નવકારની તુલના કરી શકે તેમ નથી. પરંતુ, કળિયુગના કલુષિત વાતાવરણથી ખરડાયેલ મનવાળો આજનો માનવ નવકાર જપે છે અને જ્યારે ઈચ્છિત ફલ મળતું નથી. ત્યારે પૂર્વ મહાપુરુષોની વચનોમાં તે અતિશયોક્તિ જુએ છે. આજે લગભગ સર્વત્ર આ ફરિયાદ છે કે 'નવકારનો પ્રભાવ જેવો બતાવવામાં આવે છે તેવો દેખાતો નથી. અમે નવકાર ઘણા ગણ્યા, પણ કંઈ ચમત્કાર જોયો નહીં.' આ ફરિયાદ કેમ સાંભળવા મળે છે ? શું નવકારમાંથી શક્તિ ઘટી ગઈ કે શું ? આ ફરિયાદ ખોટી છે ? શું ખૂટે છે ?

નથી નવકારમાંથી શક્તિ ઘટી, નથી આ ફરિયાદ ખોટી, પરંતુ ફરિયાદનું મૂળ, નવકારનો પ્રયોગ આપણે જે રીતે કરીએ છીએ તે રીતમાં રહેલું છે.

સાધનાની આધાર શીલા :–

૧. શ્રદ્ધા

કોઈપણ સાધનામાં શ્રદ્ધા એ મહત્ત્વનું બળ છે શ્રદ્ધા વિના સાધના ફળ સુધી પહોંચતી જ નથી.

'નવકાર અવશ્ય ઈષ્ટ પ્રાપક છે,' એવી દૃઢ શ્રદ્ધા જેને નથી, તે નવકારની સાધનામાં છેવટ સુધી નહિ ટકી શકે. ઈષ્ટ ફલની પ્રાપ્તિ થાય તે પહેલાં જ નવકારની સાધનાને ત્યાગી એ બીજી કોઈ સાધના પાછળ દોડશે. તેથી શ્રદ્ધા વિનાનો નવકાર ઈષ્ટ સાધક નથી બની શકતો. ઔષધની શક્તિમાં પ્રથમ દૃઢ શ્રદ્ધા જાગવી જોઈએ. એ શ્રદ્ધાપૂર્વક થતી સાધના અધવચ્ચે અટકી નથી પડતી. શ્રદ્ધા હોય તો ઈષ્ટ ફલની પ્રાપ્તિમાં થતા વિલંબ કે વચ્ચે આવતી અડચણોથી સાધક વિચલિત થયા વિના પોતાની સાધનાને દૃઢતાપૂર્વક વળગી રહે છે; પરિણામે તેની સાધના ફળ સુધી અચૂક પહોંચે છે.

અસંતુષ્ટ બુદ્ધિ શ્રદ્ધાને સ્થિર થવા ન દે, માટે બુદ્ધિને સંતોષ આપવા, અહીં, આપણે થોડો એ વિચાર પણ કરી લઈએ કે નવકારનો જાપ ઈષ્ટ સાધક કઈ રીતે બને છે?

અશ્રાવ્ય ધ્વનિ–તરંગો (ન સાંભળી શકાય એવી ધ્વનિ–તરંગો)ની શક્તિના આધુનિક વિજ્ઞાને આપેલા પરિચયથી જપની અસર સમજવામાં સરળતા થઈ છે. અશ્રાવ્ય ધ્વનિ–તરંગો આપણા કાનથી પકડી શકાતા નથી, કિંતુ વિજ્ઞાને પુરવાર કર્યું છે કે એ ન સંભળાતા તરંગો નાજુક યંત્રોની

સફાઈ કરી આપે છે, અને થોડીક સેકંડોમાં પાણીને ગરમ કરી દે છે. પાર્થિવ જગતમાં ધ્વનિ-તરંગોની આટલી અસર હોય, તો શું એ સંભવિત નથી કે સતત જાપ કરનાર વ્યક્તિના શરીરમાં અને તેની આજુબાજુના વાયુ મંડળમાં જપના ધ્વનિ તરંગો કંઈક સૂક્ષ્મ અસરો જન્માવે અને સાધકના નાડીતંત્ર અને સૂક્ષ્મ શરીર ઉપર અસર કરી તેના ચિત્તમાં પરિવર્તન આણી શકે? જપથી બુદ્ધિ સૂક્ષ્મ બને છે, તેથી સાધક મોહને ઓળખી લે છે અને ધર્મને સમજી શકે છે.

રોજ નિયત સમયે, જપના ધ્વનિમાં ઉપયોગ (ભાન) જોડી દઈ, જપ કરવાથી ચિત્તની ચંચળતા શીઘ્ર ઘટે છે અને એકાગ્રતા વધે છે. જપ કરતી વખતે, પરમેષ્ઠીઓના ગુણોના કે બીજા કોઈ ચિંતનમાં પડયા વિના, માત્ર જપના ધ્વનિમાં જ લક્ષ અર્પી જાપ કરવો. એથી ચિત્ત એકાગ્ર થઈ જપમાં પરોવાશે. આનો અભ્યાસ વધતાં આપોઆપ માનસિક જપ થવા માંડશે.

હાલતાં, ચાલતાં, ઊઠતાં, બેસતાં મનને અરિહંત પરમાત્માનું સ્મરણ કરવાની ટેવ પાડી હોય તો ચિત્ત વધુ ને વધુ અંતર્મુખ બનતું જાય છે. મન જ્યારે સ્વયં અંતર્મુખ રહેવા લાગે છે ત્યારે તેની અશુદ્ધિઓ-ઈર્ષ્યા, અસૂયા, તિરસ્કાર, ઘૃણા, ક્રોધ, મદ, તૃષ્ણા, ભોગની તીવ્ર આસક્તિ-ગૃદ્ધિ વગેરે દૂર થતા જાય છે; સાધક નમ્ર, નિર્દંભ અને નિરીહ (ઈચ્છારહિત) બનતો જાય છે અને એનું ચિત્ત શાંત, સ્થિર થતું જાય છે.

અન્ય સંકલ્પ-વિકલ્પો એને ઓછા રહે છે. અંતરમાં રહેલ જરાથી, જીર્ણતાથી, મ્લાનતાથી અને મૃત્યુથી પર તત્ત્વ સાથે તેનું અનુસંધાન વધતું જાય છે, જેના ફળ સ્વરૂપે સાધક પોતાના કર્મકૃત વ્યક્તિત્વથી ઉપર ઊઠતો જાય છે. એ રીતે ક્રમશ: તેનામાં આત્મદર્શનની યોગ્યતા વિકસતી જાય છે. એ સાધકનું જીવન ઉત્તરોત્તર અધિક વિકાસગામી બનાવી નવકાર તેને તેના ઇષ્ટ-મોક્ષની પ્રાપ્તિ કરાવે છે.

વચગાળામાં એના સાધકને ભૌતિક લાભો પણ મળે છે. એનું કારણ એ છે કે સતત પરમાત્મ-સ્મરણથી પાપકર્મનો હ્રાસ થાય છે. અર્થાત્ પાપકર્મની શક્તિ (સ્થિતિ અને રસ) ઘટી જાય છે, તે નિવીર્ય બને છે અને પુણ્ય કર્મ સબળ બને છે; પરિણામે વિપત્તિ ટળી જાય છે, સંપત્તિ આવી મળે છે. 'એસો પંચ નમુક્કારો સવ્વ પાવપ્પણાસણો' એ ધરપત જ્ઞાનીઓએ આપેલ જ છે. વિપત્તિ પાપ કર્મથી જ આવે છે. જેનાં પાપ નાશ પામ્યાં તેની વિપત્તિ, સવારે તડકો નીકળતાં અદૃશ્ય થઈ જતાં ઝાકળનાં બિંદુઓની જેમ ઓગળી જાય એમાં કંઈ નવાઈ નથી. પણ એ વખતે સાધકે એ સ્મરણમાં રાખવું કે દુ:ખ એ વીંછીનો ડંખ છે અને સુખ એ સર્પનો દંશ છે. એમાં આંખમાં ઊંઘ સહેલાઈથી ઘેરાય છે. જાગૃત રહેવા માટે માણસે મહેનત કરવી પડે છે, તેમ સુખમાં મોહના હલ્લા સામે વધુ સાવધ રહેવું આવશ્યક બને છે. ધન, સત્તા, સામાજિક પ્રતિષ્ઠા કીર્તિ કે ભોગ સુખની તૃષ્ણા ચિત્ત ઉપર કબજો ન જમાવે અને નમસ્કારમંત્રના જાપ ઉપરની પોતાની

પકડ ઢીલી ન પડી જાય એની તકેદારી એ વખતે સાધકે સવિશેષ રાખવી જરૂરી છે, નહિતર મોહનું ઘેન ચડતાં વાર નહિ લાગે.

શુદ્ધ ભાવે કરેલ નમસ્કારમંત્રનું સ્મરણ કદી નિષ્ફળ જતું નથી. છતાં પણ તેનું ફળ જોવાની અકાળે ઉત્સુકતા સાધકે ન રાખવી જોઈએ. એણે એ સમજવું જોઈએ કે ધરતીમાં બીજ વાવ્યા પછી બીજે જ દિવસે ફળ ખાવાની આશા ન રાખી શકાય; એવી આશા રાખવી એ મૂર્ખાઈ જ છે. દરેક વસ્તુ સમય માંગે છે.

દેખી શકાય તેવું ફળ આવતાં વિલંબ થાય તેથી એમ ન કહી શકાય કે સાધના નિષ્ફળ ગઈ છે. જેમ કોઈ પથ્થર તોડવા માટે હથોડાના ચાળીસ ઘા મારવા પડે; ત્યાં પ્રથમના ત્રીસ ઘા સુધી તો કંઈ પરિણામ દેખાતું નથી; એકત્રીસમા ઘાએ સહેજ તિરાડ પડે છે, અને ચાળીસમા ઘાએ પથ્થરના ટુકડા થઈ નીચે પડે છે એનો અર્થ એ નથી જ થતો કે પ્રથમના ત્રીસ ઘા વ્યર્થ ગયા. જીવનના દરેક ક્ષેત્રે ફળ મેળવવા પૂર્વે ધૈર્ય રાખી ઉદ્યમ ચાલુ રાખવો પડે છે.

ખંત, કૌશલ્ય અને પ્રેમપૂર્વક સેવા આપનાર નોકર વર્ષો વીતતાં ભાગીદાર બની જાય છે તેમ ધૈર્ય, ખંત અને નિષ્ઠાપૂર્વક નમસ્કારમંત્રના સતત જાપને કરનાર સાધક એક દિવસ ખુદ પોતે પરમેષ્ઠીઓમાં સ્થાન પામે છે, એ નિશ્ચિત છે. માટે શંકા ન કરતાં અખતરો કરી જુઓ.

૨. શુભ-સ્વચ્છ મન.

નમસ્કારની સાધનાનું બીજું મહત્વનું અંગ મનની શુદ્ધ ભૂમિકા છે. ખેતરોમાં બીજ વાવવું હોય તો ક્ષેત્ર શુદ્ધિની આવશ્યકતા રહે છે, તો અશુદ્ધ મનોભૂમિમાં અરિહંત પ્રભુ આવીને ક્યાંથી વસે ?

પોતાના પૂર્વકૃત દુકૃતની નિંદા-ગર્હા, સ્વના અને પરના સુકૃતની અનુમોદના અને જગતના સર્વ જીવો પ્રત્યે સ્વાત્મા તુલ્ય મૈત્રીભાવઃ આ છે મનોભૂમિને શુદ્ધ કરવાનાં સાધનો.

દુષ્કૃતોની નિંદા અને ગર્હા કરવાથી અશુભ વૃત્તિ અને અશુભ પ્રવૃત્તિઓ પ્રત્યે જીવને જે અનાદિનો પ્રેમ છે તે મોળો પડે છે, તેમાં થતી પોતાની ભૂલ સમજાય છે અને તેથી તે વૃત્તિઓનો અનુબંધ અટકી જાય છે.

સુકૃતની અનુમોદનાથી સારી અને શુભ વૃત્તિ અને પ્રવૃત્તિ પ્રત્યેનો પોતાનો પ્રેમ વ્યક્ત થાય છે અને તેનો અનુબંધ પડવાથી સ્વાત્મામાં એવી શુભ વૃત્તિઓ અને પ્રવૃત્તિઓની વૃદ્ધિ થતી જાય છે.

સકલ જીવરાશી પ્રત્યે આત્મ તુલ્ય મૈત્રીભાવ ભાવવાથી ઈર્ષ્યા, અદેખાઈ, વેર, વિરોધ વગેરે અહિતકર ચિત્તવૃત્તિઓનો નાશ થાય છે.

આ રીતે શુદ્ધ થયેલી મનોભૂમિમાં પડેલું નમસ્કારમંત્રનું બીજ ફાલીફૂલીને, સંસારમાં પણ તે આત્માને સુખમાં ઝિલાવતું, ઝિલાવતું અંતે મોક્ષ ફળ આપીને જ વિરમે છે. બીજ ઉત્તમ

હોય પણ ઉખર ભૂમિમાં એનાથી પાક ન નીપજે તો એમાં બીજનો વાંક નથી કહાતો, તો મલિન ચિત્તવૃત્તિઓથી ભરેલ મનોભૂમિમાં નવકાર રૂપ બીજ ફળ ન દેખાડે તો તેમાં વાંક કોનો? ખેડૂતો કાળી જમીનનું મૂલ્ય અમસ્થું નથી આંકતા, સારા પાક માટે જમીન એ એક જબરું સહકારી કારણ છે.

૩. અરિહંતદેવનું માનસ સાંનિધ્ય.

મંત્ર વિશારદો માને છે કે કોઈપણ મંત્રમાં રહેલી શક્તિને જાગૃત કરવા મંત્ર ચૈતન્યને સ્ફુરિત કરવા માટે ઈષ્ટદેવને અભિમુખ થવું આવશ્યક છે. નામસ્મરણથી સાધકનું મન ઈષ્ટદેવને અભિમુખ બને છે. મંત્ર સિદ્ધિ માટે, પ્રથમ, અમુક સંખ્યાનો જાપ–'પુરશ્ચરણ' કરવાનું વિધાન મંત્ર સાધનામાં આ હેતુથી જ કરવામાં આવ્યું હોય એમ સમજાય છે.

અરિહંત પરમાત્માના સતત રટણથી–એમના નામના સતત જાપથી–સાધકનું મન એમના તરફ પ્રવાહિત બને છે, એમ થતાં અરિહંત પરમાત્માના ગુણો સાધક તરફ વહેવા માંડે છે; તેથી સાધકની જીવન શુદ્ધિ દિન પ્રતિદિન વધતી જાય છે. માનસશાસ્ત્રનો અટલ નિયમ છે કે જે જેવું ચિંતન કરે છે તે રૂપ તે બને છે. ભાવના શક્તિમાં અદ્‌ભુત સામર્થ્ય છે, જે જેવી ભાવના ભાવે છે તે તદ્રૂપ બને છે. વિચારશક્તિ, ભાવનાશક્તિ, સંકલ્પશક્તિ આ સર્વ શક્તિઓમાં પ્રબળ બળ છે કે જે વડે સાધક તે, તે ગુણોને અપનાવી પોતે તે ગુણ સ્વરૂપ બને છે. મંત્ર જપમાં ઉપરોક્ત વિચારાદિ શક્તિઓ કાર્ય કરી રહેલ હોવાથી સાધકમાં ગુણોના આવિર્ભાવ થાય તેમાં કોઈ આશ્ચર્ય નથી.

૪. અંતર્મુખવૃત્તિ.

મંત્રસાધનામાં ચોથી વાત મનની ચોકીની છે.

સાધક મૈત્રી ભાવનાથી મનને શુદ્ધ કરીને મંત્રસાધના કરવા બેસે, તો પણ ફરી એ મનમાં બીજો કચરો પેસી ન જાય એની તકેદારી રાખવી જરૂરી બને છે. છદ્મસ્થ માનવીનું મન પાણીના જેવું ભાવુક દ્રવ્ય છે. કોઈપણ નિમિત્ત મળી જતાં એને તદાકાર બની જતાં વાર લાગતી નથી.

માનવી એટલે શરીર, મન અને આત્મા. શરીર અને આત્મા એ બેની વચ્ચે છે મન એ વકીલ જેવું છે; એને પોતાનો કોઈ સ્વતંત્ર પક્ષ નથી. એ શરીર સાથે ભળી શરીરનો વિચાર કરે, તો શરીરનું, પદ્ગલનું, કર્મનું પાસું તર કરે; આત્માની સાથે ભળી આત્માનો વિચાર કરે તો આત્માને જીત અપાવે. શરીરની અને શરીર સાથે સંબંધ રાખતી અન્ય બાબતોની વિચારણા–ચિંતા કરવાની એની આદત, અભ્યાસ જન્મજાત છે, આત્માની અને એની સાથે સંબંધ રાખતી વાતોની વિચારણા : એ મન માટે નવું કામ છે. એથી મન ફરી, ફરીને જૂને રસ્તે જાય છે. માટે, મન કોની સાથે ભળેલું–મળેલું રહે છે, એમાં કયો વિચાર ચાલે છે, એની સતત તપાસ સાધક માટે અત્યંત જરૂરી બને છે.

મનની શુદ્ધિ પર ઘણો જ આધાર છે શારીરિક રોગો કરતાં માનસિક રોગો વધુ વ્યાપક છે. આપણે શરીરની ચિકિત્સા કરાવીએ છીએ પણ મનની ચિકિત્સા કોણ કરે છે? કેટલાક શરીરના રોગો પણ મનની વિકૃતિમાંથી ઊભા થાય

છે. એના ઉપર આપણે ત્યાં આજે બહુ ઓછું ધ્યાન અપાય છે. ખરી ચિકિત્સા મનની જ કરવા જેવી છે. મનને શુદ્ધ રાખવા માટે એનું ચેકિંગ (નિરીક્ષણ) ખૂબ જરૂરી છે.

ઘરને પણ સાફ રાખવા માટે રોજ વાળવું ઝુડવું પડે છે. એક વખત કચરો લઈ લીધો એટલા માત્રથી કામ પતી જતું નથી. ફર્નિચરને સાફ રાખવા માટે એના ઉપરની ધૂળ અને રજ વારંવાર ઝાટકવી પડે છે, તેમ મનને પણ ઇષ્ટ વિષયોની પ્રાપ્તિની કાંક્ષા (ઈચ્છા, વાસના)નો ભેજ ન લાગે કે બીજાની ઈર્ષ્યા, અસૂયા, (અદેખાઈ) તિરસ્કારાદિ મલિન ભાવનાની રજ ન ચોંટે એ માટે, દિવસની પ્રવૃત્તિ કરતાં, કરતાં વચ્ચે અટકી જઈ, મનનું નિરીક્ષણ–અવલોકન કરવું આવશ્યક છે.

૫. સમર્પિતતા

સામાન્ય રીતે માનવ નમસ્કારમંત્ર જપશે, પરંતુ તે તેને સમર્પિત (અર્પણ થવું) થઈ શકતો નથી; કારણ કે તેનાથી પોતાની સઘળી ઇષ્ટ સિદ્ધિ થઈ રહી છે, એવી એને પ્રતીતિ હોતી નથી.

"કિં વન્નિએણ બહુણા ? તં નત્થિ જયમ્મિ
જં કિર ન સંકો,
કાંઉં એસ જિયાણં, ભત્તિપઉત્તો નમુક્કારો."

શ્રી વૃદ્ધ નમસ્કાર ફલ સ્તોત્ર, ગાથા ૯૨

"શાસ્ત્રકારો કહે છે કે જગતમાં એવું કોઈ કાર્ય નથી જે નવકાર સિદ્ધ ન કરી આપે."

જ્યાં શ્રદ્ધા હોય છે, ત્યાં સમર્પિત બનતાં માણસને મુશ્કેલી નથી પડતી. મુંબઈથી પૂના જવા ગાડીમાં બેઠા પછી માર્ગમાં આવતા મોટા મોટા પર્વતોની હારમાળા, નદી, નાળાં વગેરે વિઘ્નો શી રીતે વટાવવા એની ચિન્તા કોણ કરે છે? તમે હાથમાં નકશો લઈને નથી બેસતા. પૂનાની ટિકિટ લઈ ટ્રેનમાં બેઠા પછી તમને સહીસલામત પૂના પહોંચાડવાની બધી જવાબદારી રેલ્વે કંપની ઊપાડી લે છે. નદીનાળાં શી રીતે ઓળંગવાં? વચ્ચે આવતા પહાડો કેવી રીતે વટાવવા એની બધી યોજના રેલ્વે કંપની કરે છે. તમે માત્ર ટિકિટ કઢાવી પૂનાની ગાડીમાં બેસી જાઓ છો ટ્રેન તમને પૂના અવશ્ય લઈ જશે. એ વિશ્વાસ હોવાથી વચ્ચે આવાં મોટાં વિઘ્નો પડેલાં હોવા છતાં તમે બેડિંગ પાથરી ઊંઘી જાઓ છો. એજ રીતે નમસ્કારમંત્રમાં શ્રદ્ધા રાખી તેને સમર્પિત થઈ જનાર સાધકને મુક્તિપુરી સુધી નિર્વિઘ્ને પહોંચાડી દેવાની સઘળી જવાબદારી નવકાર સંભાળી લે છે. નમસ્કારમંત્રનો જાપ એટલે પંચપરમેષ્ઠિઓ અર્થાત્ શુદ્ધ આત્મ સ્વભાવમાં સ્થિત કે શુદ્ધ સ્વભાવની પ્રાપ્તિના પંથે જાગૃત પ્રયાસ કરી રહેલ આત્માઓના નિત્ય સ્મરણપૂર્વક તેમના પ્રત્યે શ્રદ્ધા, આદર અને સમર્પણને વ્યક્ત કરવાનો નિરંતર ઉદ્યમ.

નમસ્કાર મંત્રનો સૌથી મોટો ચમત્કાર :

આ રીતે થતી નમસ્કારમંત્રની આરાધના માત્ર નમસ્કારના જાપમાં અટકી જતી નથી, પરંતુ સાધકના જીવનમાં તે પરિવર્તન કરે જ છે. નમસ્કારમંત્રના સાચા સાધકનું જીવન તદવસ્થ રહી શકતું જ નથી. કોઈ કહે કે અમે નમસ્કારમંત્ર ગણીશું,

બીજું કંઈ નહીં કરીએ, પણ આ એક સિદ્ધ હકીકત છે કે નિર્મળ ભાવે નમસ્કારમંત્રનો જાપ કરનારનું જીવન મોક્ષલક્ષી બન્યા વિના રહેતું જ નથી.

ઉપર બતાવેલ પ્રક્રિયા મુજબ જે નમસ્કારમંત્રનો જાપ કરે છે તેના જીવનમાં ધર્મ આવ્યા વિના રહેતો નથી. નવકારનો સૌથી મોટો ચમત્કાર[1] આજ છે; નમસ્કારમંત્ર આવ્યો ત્યાં પાપ ટકી શકતું નથી.

હાથ પગ ચલાવીએ તો જ કાર્ય થાય, એવો કોઈ નિયમ નથી. વસ્તુસ્વભાવ પણ કાર્ય કરે છે. જડ ગણાતો પારો અનાજના કોઠારમાં મૂકવામાં આવે છે, તો એ થોડા પારાના અસ્તિત્વ માત્રથી મણબંધ અનાજમાં સડો પેસતો નથી.

નોંધ-૧. કોઈવાર રોગાદિ બાહ્ય વિઘ્નો ન ટળે એમાં જ સાધકનું હિત હોય છે, તો નમસ્કારમંત્રથી તે નહિ ટળે; પરંતુ તેથી સાધકે એમ ન માની લેવું કે પોતાની સાધના નિષ્ફળ જાય છે. વાચકના મનમાં પ્રશ્ન ઊઠતો હશે કે, રોગાદિ આપત્તિ ન ટળે એમાં તે વળી હિત કઈ રીતે? કર્મ બંધનનું એક પ્રધાન કારણ પોતાના કર્તૃત્વનું અભિમાન છે. કર્તૃત્વાભિમાન ઓગાળવામાં દુઃખ અને પ્રતિકૂળતા સહાયક બને છે. સામાન્ય રીતે, સફળતા મળે ત્યારે માનવ તેમાં પોતાનું કર્તૃત્વ જુએ છે. પણ દુઃખમાં એ જ માનવ કપાળે હાથ મૂકી પ્રારબ્ધને આગળ કરે છે. આમ, દુઃખ માનવને સ્વકર્તૃત્વના અભિમાનમાંથી ઉગારે છે પરિણામે, મોક્ષમાર્ગના પથિકને દુઃખ પણ હિતકર બની જાય છે.

તો જે મનમાં અચિંત્ય શક્તિશાળી અરિહંત પરમાત્મા બિરાજે તે મનમાં દુર્વૃત્તિઓનો સડો એમની સાથે કેમ વસી શકે? અર્થાત્ નમસ્કારમંત્ર આવે કે જીવન શુદ્ધ બને જ. મોહનો હ્રાસ થઈ નવકારના સાચા સાધકના જીવનમાં તપ, નિયમ અને સંયમ ક્રમશઃ ખીલે. તપ, નિયમ, અને સંયમની વૃદ્ધિ અને આત્મભાવની જાગૃતિ એ સાધનાનો માપદંડ છે.

"તવ-નિયમ-સંજમ રહો, પંચનમુક્કાર સારહિ પઉત્તો,
નાણતુરંગમ જુત્તો, નેઈ નરં નિવ્વુઈનયર."

શ્રી વૃદ્ધ નમસ્કાર ફલસ્તોત્ર, ગાથા ૧૦૦.

પોતાના જીવનની લગામ નમસ્કારમંત્રને સોંપી દેનારનો નમસ્કારમંત્ર પોતે સારથિ બની, તેને તપ, નિયમ અને સંજમના રથમાં બેસાડીને, વચમાં આવતાં બધા વિઘ્નો અને અડચણોને વટાવી, સંસારની મુસાફરીને પણ સગવડભરી બનાવી તેને સુખપૂર્વક મુક્તિપુરીએ પહોંચાડે છે.

જગતના સર્વ જીવો નમસ્કાર રૂપ કુશળ અને સમર્થ સારથિ મેળવી, શીઘ્ર શિવપુરી પહોંચો એ જ કામના.

જેઓ મન, વચન અને શરીરની શુદ્ધિપૂર્વક એક લાખ નમસ્કાર મંત્રનો જાપ કરે છે. તેઓ જૈન સંઘને પૂજવા લાયક તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. હે મિત્ર! જો તારું મન નમસ્કાર મંત્રનું ધ્યાન કરવામાં લીન નથી થયું, તો પછી ચિરકાળ સુધી આચરણ કરેલા તપ, શ્રુત અને ચારિત્રનું શું ફળ?

જે અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ કહેલ છે, જે આલોક અને પરલોકના સુખ આપવામાં કામધેનુ સમાન છે અને અજ્ઞાનરૂપી જે અંધકારનો દીપકના, સૂર્યના, ચંદ્રના કે બીજા કોઈ પણ પ્રકારના પ્રકાશથી નાશ નથી થતો તે અજ્ઞાન અંધકારનો નમસ્કારમંત્રના પ્રકાશથી નાશ થાય છે.

હે બંધુ ! કૃષ્ણ અને સાંબ વગેરેની જેમ ભાવનમસ્કાર કરવામાં તું તત્પર થા. જેમ નક્ષત્રોના સમૂહનો સ્વામી ચંદ્ર છે, તેમ સર્વ પુણ્ય સમૂહનો સ્વામી ભાવનમસ્કાર છે. આ જીવે ભાવનમસ્કાર વિના નિષ્ફળ દ્રવ્યલિંગો (સાધુવેશ) અનંતીવાર ગ્રહણ કરીને મૂકી દીધા છે. વિધિપૂર્વક નમસ્કાર-મંત્રનો આઠ વાર, આઠસો વાર, આઠ હજાર વાર કે આઠ કરોડ વાર જાપ કર્યો હોય તો તે ત્રણ ભવની અંદર મોક્ષપદને આપે છે. હે ધર્મબંધુ! સરળતાથી તને વારંવાર પ્રાર્થના-પૂર્વક કહું છું કે સંસારરૂપી સમુદ્રને તરવામાં પ્રવહણ સમાન આ મંત્રનો જાપ કરવામાં તું શિથિલ ન થા–અનાદરવાળો ન થા. કારણ કે આ ભાવનમસ્કાર ઉત્કૃષ્ટ–સર્વોતમ તેજ છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ છે તથા દુર્ગતિનો નાશ કરવામાં પ્રલયકાળના અગ્નિ સમાન છે.

જે ભવ્ય પ્રાણીઓ અંતકાળની આરધના સમયે આ મંત્રને વિશેષ કરીને સારી રીતે સ્મરણ કરે. સાંભળે કે તેનું ધ્યાન કરે તો તે મંગળની પરંપરારૂપ થાય છે. જેમ ઘરમાં આગ લાગે ત્યારે બુદ્ધિમાન તે ઘરનો સ્વામી બીજી બધી વસ્તુઓને ત્યાગીને સારભૂત મહારત્નોને જ ગ્રહણ કરે છે, તે

જ પ્રમાણે જીવ મરણ સમયે પ્રાયે કરીને સર્વ શ્રુતસ્કંધનું (સર્વ શાસ્ત્રોનું) ચિંતવન કરી શકતો નથી, તેથી કરીને ધીર બુદ્ધિવાળો દેદીપ્યમાન, શુભ લેશ્યાવાળો, સત્ત્વશીલ જીવ દ્વાદશાંગીના સારભૂત પંચ પંચપરમેષ્ઠી મંત્રનું જ એકાગ્ર ચિત્તે ધ્યાન કરે છે

શરીરથી પવિત્ર થઈને, પદ્માસને બેસી, હાથ વડે યોગમુદ્રા ધારણ કરી, સંવિજ્ઞ મનવાળા ભવ્ય પ્રાણીએ સ્પષ્ટ, ગંભીર અને મધુર સ્વરે સંપૂર્ણ પંચ નમસ્કારમંત્રનો ઉચ્ચાર કરવો; આ ઉત્સર્ગ વિધિ જાણવો. અપવાદવિધિ આ પ્રમાણે:- અને જો કદાચ શરીરના ગ્લાનપણાને લઈને તે પ્રમાણે કરવા સમર્થ ન હોય; તો તે પંચપરમેષ્ઠિ પદોના પ્રથમના અક્ષર 'અસિઆઉસા' આ મંત્રનું સ્મરણ કરે. આ પાંચ અક્ષરના સ્મરણથી પણ અનંતા જીવો યમરાજના બંધનથી મુક્ત થયા છે. કદાચ આ પાંચ અક્ષર રૂપ મંત્રનું સ્મરણ પણ ન થઈ શકે તો અર્હંત, અરૂપી, (સિદ્ધ) આચાર્ય, ઉપધ્યાય અને મુનિ એ પાંચે પરમેષ્ઠિના પ્રથમના પહેલા અક્ષર લઈ તેને સંસ્કૃતના સંધિના નિયમ પ્રમાણે એકત્ર કરવા તે આ પ્રમાણે અ+અ+આ+ઉ+મ=ૐ. આ રીતે જિનેશ્વર ભગવંતોએ કહેલો ૐકાર એટલે પ્રણવબીજ મુક્તાફળ રૂપ જીવોની અર્થાત્ મુક્તાત્માઓની પ્રગટ છીપલી સમાન છે, મોહરૂપ હસ્તીને વશ કરવામાં અંકુશ સમાન છે, અને સંસારની પીડાનો નાશ કરવામાં કટારી સમાન છે. સ્વર્ગના દ્વાર ઉઘાડવાની કૂંચી સમાન આ ૐકારરૂપી તત્ત્વનું ધ્યાન, સ્મરણ કરનાર મહાત્માઓ જીવતાં ભોગસુખને પામે છે અને મૃત્યુ પછી મોક્ષ સુખને પામે છે.

મરણ સમયે ૐકારનું સ્મરણ કરવામાં પણ પોતે અશક્ત હોય તો, તે ધર્માત્માએ પોતાની પાસે રહેલા એવા ધર્મબંધુ પાસેથી શ્રવણ કરવું, અને તે વખતે પોતાના મનમાં આ પ્રમાણે ભાવના ભાવવી કે :—'અહો ! કોઈ પુણ્યશાળી બંધુએ મારા ઉપર કેવું અમૃત છાંટયું કે જેનાથી મારાં સર્વ અંગો આનંદમય થયા ! કારણ કે હમણાં મને તેણે ઉત્કૃષ્ટ પુણ્યરૂપ, કલ્યાણરૂપ અને ઉત્કૃષ્ટ મંગલના કારણરૂપ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. અહો ! આ મંત્રનું શ્રવણ કરવાથી મને દુર્લભ વસ્તુનો લાભ થયો ! અહો ! મને પ્રિય વસ્તુનો સમાગમ થયો ! અહો ! મને તત્ત્વનો પ્રકાશ થયો ! અહો ! મને સારભૂત વસ્તુની પ્રાપ્તિ થઈ ! આજે મારાં કષ્ટો નાશ પામ્યાં, મારા પાપકર્મ દૂર થયાં અને આજે મને સંસાર સાગરનો સામો કિનારો પ્રાપ્ત થયો, પંચનમસ્કાર મંત્રનું શ્રવણ કરવાથી આજે મારો પ્રશમરસ, દેવગુરુની આજ્ઞાનું પાલન, નિયમ, તપ અને જન્મ એ સર્વ સફળ થયા. જેમ અગ્નિનો તાપ સુવર્ણને પ્રકાશમાન કરે છે, તેમ આ મારી વિપત્તિ (મરણ) પણ મને જ્ઞાનપ્રકાશ આપનાર થયેલ છે, કેમ કે આજે મને 'મહામૂલ્ય પંચપરમેષ્ઠિમય જ્ઞાન પ્રકાશ પ્રાપ્ત થયો છે.' આ પ્રમાણે પ્રશમરસના ઉલ્લાસપૂર્વક પંચનમસ્કારમંત્રનું સ્મરણ કરી કિલષ્ટ (અશુભ) કર્મનો નાશ કરી બુદ્ધિમાન પુરુષ સદ્ગતિને પામે છે. નમસ્કારમંત્રની ભક્તિ કરનાર જીવાત્માઓ ઉત્તમ દેવપણાને પ્રાપ્ત કરી ત્યાંથી ચ્યવીને શ્રેષ્ઠ કુળમાં મનુષ્ય જન્મ ધારણ કરી આઠ ભવની અંદર સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે.

'જિનેષુ, કુશલં ચિત્તં, તન્નમસ્કાર એવ ચ,
પ્રણામાદ ચ સંશુદ્ધં, યોગ બીજમનુત્તમમ.'

યોગદષ્ટિ સમુચ્ચય–શ્લોક ૨૩.

જગતમાં સારભૂતવસ્તુ દેવ, ગુરુ અને ધર્મ આ ત્રણ પરમતત્ત્વોને સમ્યક્ પ્રકારે જાણવા, તેમના પ્રત્યે બહુમાન કરવું, નમસ્કારાદિ કરવા એ જ આપણા અભ્યુદયનું પ્રથમ સોપાન છે.

અને એ યોગનાં બીજો છે—મોક્ષને યોગ કરાવનારાં ધર્મનાં અનુષ્ઠાનો છે આના કરતાં બીજા ઉત્તમ બીજો નથી, પરંતુ આ જ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ સર્વપ્રધાન બીજો છે. એની અંદર જિનેશ્વર પ્રભુ વિષયપ્રધાન છે, તેને લઈને એ બીજો ઉત્તમ ગણાય છે.

સાધના અને સિદ્ધિ

વિશ્વના સર્વ જીવો આત્મીય સ્વજન ભાસે, અને ચૌદ-પૂર્વના સારરૂપ નવકાર જીભે રહે એના જેવું કોઈ ભાગ્ય નથી.

એને વેળા-કવેળાનું કોઈ બંધન નહીં,
હાલતાં, ચાલતાં, સૂતાં, ઊઠતાં, બેસતાં,
સદા સર્વ કાળે એનું સ્મરણ કરો.
તેમાં તન્મય, તદાકાર બની જાઓ.

પરમેષ્ઠીઓનું સ્મરણ સાધનામાં બીજરૂપ હોવાને કારણે, આરંભથી તે અંત સુધી બધી ભૂમિકામાં, તે, તે ભૂમિકાને–અનુરૂપ ઉપયોગી છે.

નવકારના સ્મરણમાં ભણ્યા ન ભણ્યાનું મહત્ત્વ નથી.

મુખ્ય વસ્તુ એ છે કે અટલ શ્રદ્ધા જોઈએ.

શ્રદ્ધા અને ભક્તિપૂર્વક નવકારનું સ્મરણ કરતા રહેવાથી, અજાણપણે હૃદયની શુદ્ધિ થતી જ જાય છે.

જ્ઞાનીઓ કહે છે કે, શ્રદ્ધાપૂર્વક પરમેષ્ઠિઓનું સ્મરણ કરતા રહો. એનાથી તમારા પાપ તો નષ્ટ થશે જ. વધુમાં, પરમાત્માના એ પવિત્ર સાનિધ્યથી તમારું સમગ્ર જીવન મંગળમય બની જશે.

*   *   *

આત્મદર્શનનો આ સુલભ ઉપાય છે : શ્વાસોચ્છ્વાસ સાથે, નિરંતર, અંતઃકરણમા મૌનપૂર્વક, તન્મય થઈને નવકાર જપતા જ રહો તો, દુષ્કર ચિત્ત નિરોધ સહેજે થઈ જશે.

હૃદયમંદિરમાં બિરાજતા આત્મદેવ દર્શન આપશે, 'હું આ દેહ', એ અજ્ઞાન–પડળ દૂર થઈ નવી જ જીવનદૃષ્ટિ તમને લાધશે, ને અહીં જ મુક્તિસુખ ચાખશો.

પંચપરમેષ્ઠિનું આધ્યાત્મિક સ્વરૂપ

આત્માની અંદર જ પંચપરમેષ્ઠિપણું રહ્યું છે. આત્મા જ "અરિહંત' રૂપ થાય છે. આત્મા જ 'સિદ્ધ' રૂપ થાય છે. આત્મા જ 'આચાર્ય' રૂપ થાય છે. આત્મા જ 'ઉપાધ્યાય' રૂપ થાય છે. આત્મા જ 'સાધુ' રૂપ બને છે. 'જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ'.એ પણ આત્માના ગુણો છે, નવપદની લક્ષ્મી પણ આત્મામાં જ રહેલી છે, જ્યારે પણ નવપદનો પ્રકાશ થશે ત્યારે આત્મામાંથી જ થશે. પંચપરમેષ્ઠીપણું પણ આત્માના

ધ્યાનથી પ્રગટ થાય છે, આત્મા વિભાવને ત્યાગી સ્વભાવમાં રમણતા કરે છે ત્યારે પરમેષ્ઠિ થાય છે. આત્મા ચૈતન્ય સ્વરૂપ છે, તેનું પ્રથમ તેને ભાન થવું જોઈએ. પોતાના સ્વરૂપમાં પરિપૂર્ણ પરમાત્મપણું રહ્યું છે એમ જણાય, ત્યારે આત્મા કૃતકૃત્ય થાય છે. પોતાનું પરમાત્મપણું ઓળખવાથી આનંદનો પાર રહેતો નથી. પંચપરમેષ્ઠિપણું પણ મારા આત્મામાં રહેલું છે, એમ નિશ્ચય થવાથી દીનભાવ છૂટી જાય છે અને 'હું પરમેષ્ઠિ છું' એવી ભાવનાઓ અંતરમાં સ્ફૂર્યા કરે છે.

પોતાના સ્વરૂપની ભાવનાનો પ્રકાશ થતાં બાહ્ય ભાવનાઓ સ્વયંમેવ નાશ પામે છે. અનેક પ્રકારની બાહિરમાં કર્મજનિત વિચિત્રાવસ્થા હોવા છતાં પોતામાં પરમેષ્ઠિપણુ છે, પોતાનો આત્મા પરમેષ્ઠિ સમાન છે એવી ધારણા રહ્યા કરે છે. બાહ્ય ભાવમાં હર્ષ અને શોકના કારણો ઉપસ્થિત થતાં પણ પોતાને પરમેષ્ઠિરૂપ જાણીને તે, તે ભાવોમાં હવે તે લેપાતો નથી.

શિષ્યનો પ્રશ્ન—હે ગુરુદેવ ! આપ કહો છો કે, આત્મા પોતે પરમેષ્ઠિ છે અને પોતાને પરમેષ્ઠિ ધાર્યાથી લેપાતો નથી. એમ કહ્યું-પણ પ્રશ્ન થાય છે કે પોતે પરમેષ્ઠિ છે એમ ધાર્યાથી શું પોતાનું પરમેષ્ઠિપણું પ્રગટ થતું હશે ?

ગુરુરાજ—હે વિનિત શિષ્ય ! સ્થિર મનથી શ્રવણ કર. આત્મા પોતે પરમેષ્ઠિ છે એમ ભાન થવાથી આત્મા બહિરદૃષ્ટિથી દેહાભિમાન ધારણ કરતો હતો તે અભિમાન નાશ પામે છે. વિભાવ એ મારું સ્વરૂપ નથી, હું જડ સ્વરૂપ નથી, હું ચેતન સ્વરૂપ છું. એવું ભેદજ્ઞાન પ્રગટ થતાં જડ વસ્તુના

સંયોગ-વિયોગમાં સમભાવ રહે છે. પોતામાં પરમેષ્ઠિપણું રહેલ છે એમ જાણવાથી અને માનવાથી આત્મપ્રકાશ થતો જાય છે. પરમેષ્ઠિ ધારણામાં એવી શક્તિ રહેલી છે કે અલ્પ-કાળમાં આત્મા પરમેષ્ઠિ રૂપે પ્રકાશી શકે છે. પરમેષ્ઠિની ધારણા થવાથી બાહિર ભાવનાઓનો નાશ થઈ જાય છે. આત્માના અસંખ્ય પ્રદેશોમાં પરમેષ્ઠિની ધારણા થવાથી વિભાવદશામાં જે હું અને મારાપણાની જે ધારણાઓ થાય છે તેનો સહેજે નાશ થાય છે. વિભાવમાંથી 'અહં મમ' ભાવ નષ્ટ થતાં આત્મા પોતાના પરમેષ્ઠિ પર્યાયને પ્રગટ કરે છે. પરમેષ્ઠિની ધારણા પરિપકવ થવાથી પરમેષ્ઠિના ધ્યાનની સિદ્ધિ થાય છે. આત્મા પોતે જ પરમેષ્ઠિ છે, ત્રણ કાળમાં પણ આત્મામાં રહેલું પરમે-ષ્ઠિપણું નષ્ટ થતું નથી. કર્માવરણ દૂર થવાથી પરમેષ્ઠિપણું યથાતથ્ય પ્રકાશે છે. જ્યારે પણ આત્મા જ્ઞાનની ઉચ્ચ દશાને પામીને પોતામાં રહેલા પરમેષ્ઠિપણાને ઓળખશે, ત્યારે માયાની ભ્રમણાઓ દૂર થશે. આત્મામાં રહેલું પરમેષ્ઠિપણું અનંત સુખ-મય છે. અંતર્મુખ ધારણા થવાથી બાહિરમાં કૂદકા મારતી-ભટકતી વાનરરૂપ મનોવૃત્તિઓનો નાશ થવાથી સંયમ વડે આત્મશક્તિઓ પ્રકાશિત થાય છે. વિભાવમાં સંકલ્પ-વિકલ્પ કરવાથી આત્મશક્તિઓની હાનિ થાય છે. પરભાવ સંબંધી સંકલ્પ-વિકલ્પ બંધ થાય છે કે તરત જ કર્મો પણ આત્મ-પ્રદેશોથી ખરવા લાગે છે, અને જે, જે અંશે કર્મવર્ગણા ખરે છે, તે, તે અંશે આત્માના ગુણો પ્રકાશે છે, અને તે, તે અંશે પરમેષ્ઠિપણું પ્રગટ થતું જાય છે. પ્રથમ સાધુ રૂપ પરમેષ્ઠિપણું આત્મા અંગીકાર કરે છે, ત્યારબાદ ઉપાધ્યાય રૂપ પરમેષ્ઠિની

શક્તિ પ્રાપ્ત કરે છે. ત્યારબાદ આચાર્ય પદવી પ્રાપ્ત કરે છે. ત્યારબાદ અરિહંતની પદવી પ્રાપ્ત કરે છે, ત્યારબાદ સિદ્ધિની પદવી પ્રાપ્ત કરે છે. એમ અનુક્રમે દ્રવ્ય અને ભાવથી પંચ પરમેષ્ઠિપણું આત્મા પ્રાપ્ત કરે છે. અરિહંત પ્રભુના બાર ગુણ છે, સિદ્ધ પ્રભુના આઠ ગુણ છે, આચાર્યજીના છત્રીશ ગુણ છે, ઉપાધ્યાયના પચ્ચીસ ગુણ છે, સાધુજીના સત્તાવીશ ગુણ છે. સિદ્ધિ પરમેષ્ઠિ શરીર રહિત અશરીરિ છે. બાકીના ચાર પરમેષ્ઠિ શરીર સહિત હોય છે. સિદ્ધ પ્રભુ લોકના અગ્રભાગે બિરાજમાન હોય છે. બાકીના ચાર પરમેષ્ઠિ તિર્ચ્છાલોકમાં હોય છે. વ્યવહાર અને નિશ્ચયથી પંચપરમેષ્ઠિનું સ્વરૂપ સમજી જે જીવો આરાધના કરશે, તેઓ સાધના કરતાં, કરતાં, અંતે સિદ્ધ પરમાત્મા બને છે.

૨

પ્રકરણ

ૐકાર વિજ્ઞાન

પરમાત્માનું સ્મરણ કરવાથી આત્મા નિર્મળ બને છે. અને વિશેષ પ્રકારે ઉચ્ચ પ્રકારનું પુણ્ય બંધાય છે. ઉત્તરોત્તર જીવ આગળ વધતો જાય છે.

આ પરમાત્માના નામનું સ્મરણ ગરીબ અને શ્રીમંત, બાળ, યુવાન અને વૃદ્ધ, સુખી અને દુઃખી દરેક જીવો કરી–

શકે છે. જેને વખત ઓછો મળતો હોય, તેઓ હાલતાં, ચાલતાં, સૂતાં-બેસતાં, અને કામકાજ કરતાં પણ પ્રભુસ્મરણ કરી શકે છે. વસ્ત્ર કે શરીર શુદ્ધિ ન હોય તો પણ હોઠ ન ચાલે તેમ મનમાં જાપ કરવામાં વાંધો નથી. ચાલવાનું કામ પગ કરે છે, ને વખતે પણ મનને જાપના કામમાં જોડવામાં આવે તો જપ થઈ શકે છે. રેલ્વેમાં કે વાહનમાં મુસાફરી કરતા હો, ત્યારે પણ તમે ત્યાં બેઠાં, બેઠાં જાપ મનોમન કરી શકો છો. પથારીમાં સૂતાં સૂતાં પણ નિદ્રા ન આવે ત્યાં સુધી જાપ કરી શકાય છે, અને તે જાપ કરતાં નિદ્રા આવી જાય તો સ્વપ્નાં સારાં આવે છે. મતલબ કે ગમે તે વખતે અને ગમે તે સ્થળે રહીને જાપ કરવામાં વાંધો નથી. મનુષ્યોનું આયુષ્ય તો ગમે તે પ્રકારે પૂરું થવાનું જ છે, પણ પોતાના જીવનમાં એકાદ મહત્ત્વનું કાર્ય કર્યું હોય તો ભાવી જિંદગી સુખી બને છે. વ્યવહારનાં કોઈ પણ કાર્ય કરતાં પરમાત્માનું નામ ન ભૂલાય, સર્વ હાલતમાં અને હરદમ પ્રભુનું સ્મરણ ચાલુ રહે, આવી સ્થિતિ મનુષ્યો આ જીવનમાં પ્રાપ્ત કરે તો તેણે મનુષ્યજીવનમાં આવીને સારી કમાણી કરી ગણાય અને તેનો જન્મ સફળ થયો કહેવાય.

જાપ અનેક પ્રકારના છે, પણ જે જાપ કરવામાં પોતાનું લક્ષ પરિણુમી રહે તે જાપ ઉત્તમ છે. આવો જાપ 'ૐ અર્હં નમઃ'— આ પાંચ અક્ષરનો છે. આનો અર્થ આ પ્રમાણે છે: ૐકારમાં પંચ પરમેષ્ઠિનો સમાવેશ થાય છે. પંચ પરમેષ્ઠિ એ આત્માના શુદ્ધ સ્વરૂપપ્રાપ્તિની પાંચ ભૂમિકા છે તે દરેકનો પ્રથમ અક્ષર લઈને ૐકાર બનેલો છે.

અરિહંત, અશરીરિ, (સિદ્ધપ્રભુ) આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ આ પાંચ ભૂમિકા છે.

આત્માનું શુદ્ધ પૂર્ણ સ્વરૂપ તે તે અશરીરિ સિદ્ધ પરમાત્મા છે. તેને દેહાતીત, પૂર્ણ બ્રહ્મ, પરમસ્વરૂપ, સિદ્ધ, અજર, અમર, અવિનાશી ઈત્યાદિ અનેક નામોથી બોલાવાય છે. આની અંદર નિર્વાણ પામેલા–મોક્ષ ગયેલા સર્વ આત્માઓનો સમાવેશ થાય છે.—૧.

અરિહંત એ દેહમાં રહેલા પૂર્ણ સ્વરૂપ પરમાત્માનું નામ છે, અને દેહનો તેઓ ત્યાગ કરે છે ત્યારે તેઓ સિદ્ધ પ્રભુ બને છે. આની અંદર દરેક પૂર્ણ જ્ઞાની, કેવલજ્ઞાની, તીર્થંકરાદિનો સમાવેશ થાય છે.—૨.

મ. ૪

આચાર્યની અંદર પ્રભુના માર્ગના રક્ષક, પોષક, સંદેશ-વાહક, સત્ય પ્રયત્નશીલ વગેરેનો સમાવેશ થાય છે.—૩.

ઉપાધ્યાયની અંદર મૂળ વસ્તુ તત્ત્વના પ્રતિપાદક, અનેક જીવોને જાગૃતિ આપનાર ઉચ્ચ કોટીના સાધકોનો સમાવેશ થાય છે.—૪.

મુનિઓની અંદર જેઓને બોધી બીજની પ્રાપ્તિ થઈ છે, તે પછીના સર્વસ્વ ત્યાગી, વૈરાગી સ્વસ્વરૂપમાં રમણતા કરનારા, સ્વપર ઉપકારી, સર્વ સાધુવર્ગનો સમાવેશ થાય છે.—૫.

આ સર્વનો પ્રથમ અક્ષર ' અ, અ, આ, ઉ, મ્ ' થી ઓંકાર બનેલો છે. વ્યાકરણના નિયમ પ્રમાણે પાંચ મળી ૐ થાય છે.

'અર્હં' શબ્દ એ પરમાત્માનું નામ છે. તેમ જ અર્હં શબ્દ એ સિદ્ધચક્રનો બીજ મંત્ર છે. સિદ્ધ પુરુષોનો સમૂદાય તે સિદ્ધ ચક્ર છે. જેમાં વિશ્વના તત્ત્વરૂપ, દેવ, ગુરુ અને ધર્મ એ ત્રણ તત્ત્વનો સમાવેશ થાય છે.

અરિહંત અને સિદ્ધ એ બન્નેની અંદર દેવનો સમાવેશ થાય છે. આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એનો ગુરુ વર્ગમાં સમાવેશ થાય છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર અને તપ એ ચારનો ધર્મમાં સમાવેશ થાય છે, આત્માનું શુદ્ધ સ્વરૂપ પ્રગટ થવાનાં સાધનો તે ધર્મ છે આત્માદિ વસ્તુતત્ત્વનું જ્ઞાન તે જ્ઞાન છે. તેની દૃઢ શ્રદ્ધા તે દર્શન છે જ્ઞાન અને શ્રદ્ધા પ્રમાણે વર્તન કરવું તે ચારિત્ર છે. સર્વ ઇચ્છાઓનો નિરોધ કરવો તે તપ છે. આ ચારને ધર્મ કહેવામાં આવે છે. ઉપરના પાંચ પરમેષ્ઠિ સાથે મેળવતાં નવ થાય છે. એ નવના સમૂદાયને સિદ્ધચક્ર કહે છે. તે નવનો વાચક શબ્દ અર્હં છે. અર્હં શબ્દ બીજ રૂપ હોવાથી તેમાં સિદ્ધ ચક્રનો સમાવેશ થાય છે. આ દેવ, ગુરુ અને ધર્મ એ આત્માની ચડતી ભૂમિકાઓનું લક્ષ રાખી જાપ કરવો તે આત્માનો શબ્દ રૂપે જાપ કરવા બરાબર છે. તે 'ૐ અર્હં નમઃ' આ જાપ છે. આ મંત્રના કરોડો જાપ કરવા જોઈએ. જાપ કરવાથી હલકા વિચારો આપણી આગળ આવતા નથી. મન બીજે ભ્રમણ કરી પાપ બાંધતું બંધ થાય છે. આપણી આજુબાજુનું વાતાવરણ પવિત્ર થાય છે. જાપથી આપણી તરફ પવિત્ર પરમાણુ ખેંચાઈ આવે છે. મન, શરીરાદિના પરમાણુઓ પવિત્ર બને છે. સંકલ્પો સિદ્ધ થાય છે, પાપ ઘટે છે. પ્રભુના માર્ગમાં

આગળ વધવાના અધિકારી બનીએ છીએ, લોકપ્રિય થવાય છે. પ્રતિકૂળતાએ દૂર થાય છે, અનુકૂળતાએ આવી મળે છે. વ્યવહારનાં વિઘ્નો ઓછાં થાય છે. લાંબા વખતે વચનસિદ્ધિ થાય છે. આ બધું પરમાત્માના નામસ્મરણના પ્રભાવે બને છે. ટૂંકામાં કહીએ તો આ જાપથી સર્વ મનોકામના પૂર્ણ થાય છે. અવધિજ્ઞાન જેવાં ત્રિકાળજ્ઞાન પણ આ જાપ કરવાથી પ્રગટે છે. આ જાપ ગુણનો બનેલો છે. કોઈપણ ધર્મવાળા કરે તો તે કરી શકે અને તેના ધર્મને બાધ ન આવે તેવો છે. કેમ કે કોઈપણ ધર્મનું આમાં વિશેષ નામ નથી, પણ સામાન્ય નામ છે કે, વિશ્વમાં જે લાયકમાં લાયક તત્ત્વ હોય તેને હું નમસ્કાર કરું છું એટલે મહાફળદાયક આ જાપ દરેક મનુષ્યોને કરવા યોગ્ય છે.

આગળ વધવા ઇચ્છનારને આ જાપ એ પ્રથમ ભૂમિકા-રૂપ છે. આંખો બંધ કરીને ભ્રકુટીની અંદર ઉપયોગ–સુરતા આપી, ઉઘાડી આંખે જેમ જોઈએ છીએ, તેમ બંધ આંખે અંદર જોવું અને ત્યાં ‘ ॐ અર્હં નમઃ ’ આ મંત્રનો જાપ કરવો.

પ્રિય આત્માઓ ! સંસારમાં જ્યાં દૃષ્ટિપાત કરીએ છીએ ત્યાં અશાન્તિ, ભય, દુઃખ, રોગ, શોકનો આર્તધ્વનિ શ્રવણ થાય છે. મિત્રો ! શું તમે કોઈ દિવસ વિચાર કર્યો છે, કે આ બધાનું કારણ શું છે ? શું આ રોગ, શોકાદિ અશાંતિથી મુક્ત થવાનો કોઈ રામબાણ ઉપાય છે, જે વડે અમે કુદરતી સહાયતા પ્રાપ્ત કરીને એનાથી મુક્ત થઈ શકીએ અને સંસારમાં શાંતિ સુખનો પ્રચાર કરી શકીએ ?

જો તમે આના પર વિચાર કરશો તો તમને એ જ ઉત્તર મળશે કે છે અને અવશ્ય છે. આપણા વિચારમાં જ પ્રબળ શક્તિ છે. જો વિચારશક્તિની ગતિની વિદ્યુત અથવા પ્રકાશની ગતિના પ્રવાહ સાથે તુલના કરવામાં આવે તો, આપણને જણાશે કે; પ્રકાશની ગતિનો પ્રવાહ એક સેકંડમાં ઈથિર (આકાશ-તત્ત્વ) દ્વારા ૧,૮૬,૦૦૦ માઈલ સુધી પહોંચી શકે છે; પરંતુ વિચારશક્તિની ગતિનો પ્રવાહ ચાર હજારથી લગાવી આઠ પદ્મ માઈલ સુધી એક સેકંડમાં જઈ શકે છે. વિચારની લહેર હોય છે અને વિચાર એક સ્થાનથી બીજે સ્થાન ઈથિર-દ્વારા કોઈ પ્રકારની બાધા વિના જઈ શકે છે. આપણી કલ્પનાશક્તિ (our Power of Imagination) એકાગ્રતા (concentration) અને ઇચ્છાશક્તિ (and will Power) પર વિચારની ગતિનો પ્રવાહ નિર્ભર છે. એ મળ્યા વિના વિચારમાં કંપન ઉત્પન્ન થઈ શકતું નથી. મનુષ્ય જે પ્રકારના વિચારો કરે છે; એ પ્રકારના વિચારોને પોતાની તરફ આકર્ષિત કરે છે અને એ વિચાર પ્રમાણે તેનું જીવન બને છે. જો એક જ સમયે એક જ પ્રકારના વિચાર એક જ સિદ્ધાંતના મનુષ્ય મળીને કરે છે, તો એ એકત્રિત વિચારોના પરમાણુઓથી વ્યક્તિ એ વાયુ-મંડળની શક્તિને પોતાના વિચાર દ્વારા વૃદ્ધિ કરે છે અને એ વાયુ-મંડળમાંથી એક વિચારની લહેર (તરંગ)ને પોતાની તરફ ખેંચે છે, જે એને પોતાની ઇચ્છાનુકૂલ કાર્યમાં સફળતા પ્રાપ્ત કરાવે છે.

સંસારમાં સુખ, શાંતિ, આરોગ્ય, ભ્રાતૃભાવ અને પ્રેમના પરમાણુઓને ચારે બાજુ ફેલાવવા માટે-જેથી દરિદ્રતા, વ્યાધિ,

રોગ, શોક, કલહ, લડાઈ, અશાંતિનું દૂષિત વાયુમંડળ નષ્ટ થઈને શાન્તિ, ભ્રાતૃ-ભાવ અને પ્રેમનું સામ્રાજ્ય સ્થાપવા માટે આગળ બતાવેલ છે તેમ પ્રભુના નામનું સ્મરણ વ્યક્તિગત કે સામૂહાયિક રીતે કરવું સર્વોત્તમ છે તે દૂષિત વાયુમંડળને સુધારનાર છે. પ્રત્યેક સાધકનું આ કર્તવ્ય છે કે, તે જ્યારે પણ કોઈ ગૃહમાં પ્રવેશ કરે, તો મનમાં ને મનમાં ઈશ્વરને પ્રાર્થના કરે કે; આ ગૃહમાં શાન્તિ થાઓ, શાન્તિ થાઓ, શાન્તિ થાઓ. ॐ શાન્તિઃ શાન્તિઃ શાન્તિઃ એમ કરવાથી તે ગૃહમાં શાન્તિના વિચારો પ્રસરશે, ફેલાશે અને એ ગૃહમાં નિવાસ કરનારાઓમાં શાન્તિના, સદ્ભાવનાના વિચાર જાગૃત થશે. સાધકે સદા આ મૌન શાન્તિ-સંદેશનો પ્રચાર કરવાનું ધ્યાન રાખવું જોઈએ. આ પ્રકારે પ્રત્યેક વ્યક્તિ આ વિશ્વમાં પ્રભુસ્મરણ સાથે કલ્યાણના કાર્યમાં સહયોગ આપીને સ્વપર કલ્યાણ કરીને સંસારમાં પરમાર્થનો પ્રસાર કરી પોતાને મળેલ પ્રભુદત્ત વિચાર-શક્તિનો સદુપયોગ પણ કરી શકે છે.

વિચાર-શક્તિનો સદુપયોગ પ્રભુસ્મરણ કરવાથી જ સરળ રીતે થઈ શકે છે. માટે પૂર્વાચાર્યોએ માનવ કલ્યાણાર્થે મંત્ર સાધના બતાવેલ છે.

ॐકારનો જપ, ધ્યાન.

હૃદયકમળસ્થિત સંપૂર્ણ શબ્દ, બ્રહ્મ બીજભૂત સ્વર, તથા વ્યંજન સહિત પંચપરમેષ્ઠિ વાચક, તેમ જ ચંદ્રકલામાંથી ઝરતા અમૃતના રસે કરી ભિંજાતા મહામંત્ર ઓંકારનું કુંભક પ્રાણાયામપૂર્વક સ્મરણ, ધ્યાન કરવું. પંચપરમેષ્ઠિનો વાચક ઓંકાર શબ્દ છે, ॐકારમાં અપૂર્વ શક્તિ છે ઓંકારમાં સર્વ

મંત્રનો સમાવેશ થાય છે. અપૂર્વ ઓંકાર મંત્રનું જે યોગીઓ ધ્યાન, સ્મરણ, ચિંતન કરે છે તેઓ મનરૂપ મર્કટને વશ કરી પરમ શાન્તિને પ્રાપ્ત કરે છે. ઓંકાર વાચ્ય સ્વરૂપાર્થને ધ્યેય રૂપે સ્વીકારીને તેમાં ચિત્તને એકાગ્ર કરવાથી વિકલ્પ-સંકલ્પોનો નાશ થાય છે; ઓંકારનું સ્મરણ, ચિંતન, ધ્યાન કરવાથી રજોગુણ અને તમોગુણનો નાશ થાય છે અને સત્ત્વગુણ યથાશક્તિ પ્રયત્નથી વિકસે છે, તે વખતે મનમાં આનંદની ઝાંખીનો અપૂર્વ સમતારસ અનુભવાય છે. વાચા ઉપર ઓંકારનું ઘણા કાળ સુધી ધ્યાન કરવાથી વચનની સિદ્ધિ પ્રાપ્ત થાય છે, ઓંકાર જેવી જગતમાં અમૂલ્ય વસ્તુ કોઈ જણાતી નથી. વિશેષ શું ? ઓંકારનું પરિપૂર્ણ સ્વરૂપ સમજાય છે ત્યારે સાધકને અપૂર્વ ખૂબીઓ હસ્તગત થાય છે. ૐ ('પ્રણવ' અક્ષર)માં બ્રહ્મ (પરમાત્મ) સ્વરૂપ શ્રદ્ધવું. ને પ્રણવ રૂપ બ્રહ્મ હું જ છું એ રીતે ક્ષણ માત્ર અંતર રહિત પોતાની મતિને સ્થિર કરવી, એ પ્રણવની 'ઉપાસના' અથવા 'ભક્તિ' અથવા 'ધ્યાન.'

એ ઉપાસના બે પ્રકારે થઈ શકે છે; પરમાત્માને સાકાર કલ્પીને તેમાં મતિ સ્થિર કરવાથી અથવા પરમાત્માને નિરાકાર કલ્પીને તેમાં મતિ સ્થિર કરવાથી.[1] સાકાર પરમાત્મા રૂપથી પ્રણવનું ચિંતન કરવાથી સ્વર્ગની પ્રાપ્તિ થાય અને નિરાકાર પરમાત્માના રૂપથી પ્રણવનું ચિંતન કરે તો મોક્ષની પ્રાપ્તિ થાય.

માટે, ઓંકારનું પરમાત્મ રૂપથી ચિંતન કરવું, વળી, બ્રહ્મરૂપ ઓંકારનું આત્માથી પણ અભેદ ચિંતવન કરવું. આત્મા

નોંધ ૧. સાકાર પરમાત્મા અરિહંત, નિરાકાર પરમાત્મા સિદ્ધ પ્રભુ.

અને પરમાત્માનો અભેદ છે. માટે એ ૐકારનો જપ, સ્મરણ તથા તેના અર્થરૂપ પરમાત્માનું ધ્યાન–ચિંતન, મનન સ્મરણ કરવું તે ઈશ્વર પ્રણિધાન–એટલે દેવગુરુને નમસ્કાર કરવા અને આત્માનું ચિંતવન કરવું. કોઈ એમ પૂછશે કે, ઉપર પ્રમાણે કરવાની જરૂર શા માટે માનવામાં આવી હશે? દરેક કાર્ય ચિત્તરૂપી સરોવરની સપાટી ઉપર કંપન યુક્ત પ્રવાહ તુલ્ય બને છે. એ કંપનો તો શમી જાય છે, પણ તેના સંસ્કાર રહી જાય છે. જ્યારે મન ઉપર એક જ પ્રકારના અનેક સંસ્કાર પડ્યા જ કરે છે, ત્યારે તે બધા એકત્રિત થાય છે અને તેમાંથી ટેવ–ચારિત્ર્ય બંધાય છે. કહેવત છે કે, 'ટેવ' એ બીજો સ્વભાવ છે. વાસ્તવમાં એને બીજો નહિ પણ 'પહેલો' સ્વભાવ કહીએ તો પણ ખોટું નથી. મનુષ્યના સમગ્ર ચારિત્ર્યનો આધાર એ ટેવ પર જ રહેલો છે. આપણી અત્યારની જે પ્રકૃતિ ઘડાયેલી છે, તે પહેલાંની ટેવનું પરિણામ છે અને તેને આપણી જ ટેવોનું પરિણામ જાણ્યાથી મનને એક પ્રકારનું સાંત્વન મળે છે; કારણ કે જ્યારે આપણે સમજી શકીએ છીએ કે એ પ્રકૃતિ બહારથી આપણા ઉપર આવી પડી નથી, પણ તેના રચનાર આપણે પોતે જ છીએ, ત્યારે તો જેવી રીતે આપણે તેને રચી છે, તેવી જ રીતે આપણે તેનો નાશ પણ કરવાને શક્તિમાન છીએ. આપણા મનની અંદર વિચારોનો જે પ્રવાહ ચાલુ રહે છે, તેમાંનો વિચાર પોતાની પાછળ સંસ્કાર મૂકતો જાય છે અને એવા સંસ્કારોને પરિણામે જ ટેવો બંધાય છે. આ પ્રમાણે આપણા તમામ પ્રકારના સંસ્કારનો સરવાળો તે જ આપણું ચારિત્ર્ય અને જે વખતે જે વૃત્તિનો પ્રવાહ પ્રબળ હોય, તે વખતે મનુષ્ય તેને અનુરૂપ વલણ કરે છે.

જ્યારે સદ્‌ગુણનો પ્રવાહ બળવાન હોય, ત્યારે મનુષ્ય શુભાચરણ કરે છે; દુષ્ટ વૃત્તિનો પ્રવાહ બળવાન હોય, ત્યારે તે પાપાચરણ કરે છે અને આનંદનો પ્રવાહ ચાલુ થાય, ત્યારે તેના મનને પરમશાન્તિ સુખ પ્રાપ્ત થાય છે. દુષ્ટ વૃત્તિઓને નિર્મૂળ કરવાનો એક જ ઉપાય એ છે કે, તેનાથી ઊલટી ટેવો પાડવા માંડવી. જો એ દુષ્ટ ટેવોએ આપણા મનમાં ઊંડાં મૂળ ઘાલેલાં હોય, તો નવેસરથી સારી ટેવો પાડવાથી તેનો નાશ થઈ શકે એમ છે. તમે હંમેશાં સારા કાર્ય કર્યે જાઓ, શુભ વિચાર કર્યે જાઓ–ખરાબ ટેવોને કાઢી નાખવાનો એ એક જ અમોઘ ઉપાય છે. અમુક માણસ કદી પણ સુધરવાનો નથી, એવો ઉદ્‌ગાર તમે કાઢતા જ નહિ; કારણ કે અત્યારે તેનો દુષ્ટ સ્વભાવ છે તે પાછલી ટેવોનું પરિણામ છે અને તેને નવી સારી ટેવો કેળવ્યાથી સુધારી શકાય એમ છે. ચારિત્ર્ય એ લાંબા વખતની ટેવોનું પરિણામ છે અને એ જ પ્રમાણે નવી સારી ટેવોને અમુક વખત સુધી ધારણ કરવાથી ચારિત્ર્ય બદલાઈને સુધરી જાય છે.

એ તમામ પ્રકારના સંસ્કારનો સમૂહ આપણા મનમાં રહે છે. તેઓ ક્રમે ક્રમે સૂક્ષ્મ અને તેથીયે વધારે સૂક્ષ્મ બનતા જાય છે ખરા, પણ નિમૂળ તો નથી જ થતા. કોઈ ઉત્તેજક કારણ મળી આવતાં પાછા તે જાગૃત થઈ જાય છે અને તેમનો વિકાસ થવા લાગે છે. એમ થતાં, થતાં પરિણામે તેઓ સ્વભાવનું પ્રગટ સ્વરૂપ ધારણ કરે છે. અણુઓનું કંપન કદી વિરામ પામતું નથી. ચિત્તની અંદર ચાલી રહેલાં આંદોલનો અદૃશ્ય ભલે થઈ જાય, પણ પરમાણુઓના આંદોલનની જેમ

તેમની સૂક્ષ્મ ગતિ તો ચાલુ જ રહેવાની અને જ્યારે કોઈ ઉત્તેજક કારણ મળી આવશે ત્યારે તે પાછાં ફરીથી પ્રગટ સ્વરૂપ પણ ધારણ કરવાનાં. હવે અભ્યાસ અથવા અમુક મંત્રનો પુનઃ પુનઃ ઉચ્ચાર કરવાનું રહસ્ય તમને સમજાયું હશે. આપણા મનની અંદર ધર્મના જે સંસ્કારો પડી રહેલા છે, તેને વિશેષરૂપે ઉત્તેજિત કરવામાં આ મંત્રોચ્ચાર બહુ જ સહાયતા આપે છે.

"ક્ષણમપિ સજ્જનસંગતિરેકા, ભવતિભવાર્ણવતરણે નૌકા."

અર્થાત્ 'એક ક્ષણનો પણ સાધુ સમાગમ સેવ્યો હોય, તો તે ભવસાગર તરી જવાની નૌકા સમાન છે.'

સત્સંગનું આવું અદ્ભુત સામર્થ્ય છે. બાહ્ય સત્સંગની જેવી અસર થાય છે, તેવી જ આંતરિક સત્સંગની પણ છે.

ૐકારનો વારંવાર જપ અને તેના અર્થનું ચિંતન, ધ્યાન કરવું એ આંતરિક સાધુસંગ કરવા સમાન છે. ૐકારનો વારંવાર જપ કરો અને તેની સાથે સાથે તેના અર્થનું મનન કરો, એટલે તમારા હૃદયમાં જ્ઞાનનો પ્રકાશ પ્રકટી નીકળવાનો અને આત્મભાનુ ઝળકી ઊઠવાનો. પરંતુ ૐકારના જાપ સાથે તેના અર્થનું પણ ચિંતવન કરવાની જરૂર છે. અસત્ પુરુષોના સમાગમમાં ક્ષણવાર પણ આવતા નહિ; કારણ કે તમારા જૂના ઘાની જે નિશાનીઓ હજી તમારા મનમાં રહેલી છે, તે બહારથી રુઝાયેલ દેખાય છે; તો પણ અસત્સંગ રૂપી ઉત્તેજન મળતાં તે ઘા પાછા અસલના સ્વરૂપમાં તાજા થઈ જવાના. આ ઉદાહરણ ઉપરથી તમને સમજાયું હશે જ આપણા મનની અંદર જે ઉત્તમ

સંસ્કારો અવ્યક્ત અવસ્થામાં પડી રહેલા છે, તેમને સત્સંગ દ્વારા જાગૃત કરાય તો તે વ્યકત સ્વરૂપ ધારણ કરે છે. જગતમાં સત્સંગ કરતાં વધારે પવિત્ર કશું છે જ નહિ; કારણ કે એકલા સત્સંગથી જ શુભ સંસ્કારને જાગૃત કરવાનો ઉત્તમોત્તમ સુયોગ પ્રાપ્ત થાય છે.

"તતઃ પ્રત્યક્ ચેતનાધિગમોઽપ્યન્તરાયા ભાવશ્ચ."

પાતંજલયોગ સ. પાદ. સૂ ૨૯

એનાથી અંતદૃષ્ટિ પ્રાપ્ત થાય છે અને યોગમાર્ગના અંતરાયો–વિઘ્નોનો નાશ થાય છે.

ૐકારના જપ અને ધ્યાનનું પહેલું ફળ તો એ જોવામાં આવે છે કે, ધીમે ધીમે આંતર્દૃષ્ટિનો વિકાસ થવા લાગે છે અને સાધનમાર્ગમાં જે જે માનસિક અને શારીરિક વિઘ્નો હોય છે તે સર્વ દૂર થઈ જાય છે. એ વિઘ્નો કયા, તે હવે પછી કહેવામાં આવે છે.

"વ્યાધિસ્ત્યાનસંશય પ્રમાદાલસ્યાવિરતિભ્રાન્તિદર્શન
લબ્ધ ભૂમિકત્વા નવસ્થિતત્ત્વાનિ ચિત્તવિક્ષેપાસ્તેઽન્તરાયા"

પાતં. સ. સૂ ૩૦

વ્યાધિ, માનસિક જડતા, સંશય, પ્રમાદ (અભ્યાસ તરફ બેકાળજી) આળસ, વૈરાગ્યની ન્યૂનતા, મિથ્યા અનુભવ, એકાગ્રતા ન થવી, એકાગ્રતા થવા છતાં તેમાં વધારે વખત ટકાવ ન થવો; આ નવ ચિત્તમાં વિક્ષેપ ઉત્પન્ન કરનારા અંતરાયો છે.

આ સંસારરૂપી સમુદ્રને પાર કરવા માટે શરીર પણ ખાસ અગત્યનું સાધન હોવાથી તેને પણ બહુ કાળજીથી જાળવવું ઘટે

છે. અસ્વસ્થ અને રોગી શરીરવાળાથી યોગાભ્યાસ કે સાધન થઈ શકતું નથી. માનસિક જડતા પણ સાધન માટેના આપણા પ્રબળ અનુરાગ અને ઉત્સાહને શિથિલ કરી નાખે છે. સાધન કરવા માટે જે દૃઢ એકાગ્રતા, દૃઢ સંકલ્પ અને શક્તિની જે જરૂર હોય છે, તેમાંનું કશું એથી કરીને રહેતું નથી.

સાધન કરવાથી અનુભવ પણ થાય છે તેથી મન પણ દૃઢ અને સંશય રહિત બને છે. સાધનામાં પ્રવૃત્ત થયા પછી કેટલાકોને થોડા દિવસ સુધી પોતાનું મન ખૂબ સ્થિર અને એકાગ્ર બની ગયું હોય એવું લાગે છે; અને એમ જ થાય છે કે જાણે સાધનમાર્ગમાં ઘણી જ ત્વરાથી પ્રગતિ થતી ચાલે છે. પણ તે પછી ઉન્નતિનો પ્રવાહ એકાએક બંધ થઈ જાય છે; સપાટાબંધ જતું વહાણ જેમ એકાએક ભાઠા ઉપર ચડી જઈને જમીનમાં ખૂંચી બેસે અને કેમે કર્યું ત્યાંથી હઠે નહિ, તેમ ઉન્નતિ એકદમ અટકી પડે છે. પરંતુ આવી સ્થિતિ થાય તો પણ પ્રયત્ન કર્યા જ કરજો. અને ઘણીવાર ચડ ઉતર કરતાં કરતાં જ ઉન્નતિને માર્ગે આગળ વધી શકાય છે.

દુઃખ, માનસિક ક્ષોભ, શરીરનું ધ્રૂજવું અને અનિયમિત શ્વાસોચ્છ્વાસ એટલાં વિઘ્નો વિક્ષેપની સાથે સાથે ઉત્પન્ન થાય છે.

અભ્યાસની સાથે સાથે મન પણ શાંત થતું જાય છે. જ્યારે અભ્યાસમાં અવળે રસ્તે ચાલતા હોઈએ અથવા મનનો સંયમ જેવો જોઈએ તેવો થતો ન હોય, ત્યારે જ ઉપર જણાવેલા વિઘ્નો ઉપસ્થિત થાય છે. ૐકારનો જપ અને

પરમાત્માને મનસા, વાચા, કર્મણા આત્મસમર્પણ કર્યાથી મન દૃઢ તથા સ્થિર થાય છે અને મનોબળ વધે છે; સાધક અવસ્થામાં સર્વને જ્ઞાનતંતુની ચંચળતાનો અનુભવ થાય છે; પરંતુ તે તરફ ધ્યાન ન આપતાં સાધન કર્યે જ જાઓ. સાધનના પ્રભાવે એ બધાં વિઘ્નો દૂર થશે અને તમારું આસન સ્થિર થશે. એ વિઘ્નોના નિવારણ કરવા માટે એક તત્ત્વના અભ્યાસની આવશ્યકતા છે. થોડા સમય સુધી કોઈ પણ એક ઈષ્ટ મંત્રના જપનો અભ્યાસ કરવાથી અર્થાત્ તે મંત્રમાં વારંવાર મનને જોડવાથી, ઉપર જણાવેલાં વિઘ્નો દૂર થાય છે.

આ ઘણો સામાન્ય ઉપદેશ છે. એક જ પ્રકારનુ મંત્રજપનું સાધન બધા માટે અનુકૂળ ન હોય તેથી સર્વ કોઈ પોતાના ઈષ્ટદેવના મંત્રનો જપ કરી શકે છે. મૂળ મુદ્દો તો મનની એકાગ્રતા સાધવાનો છે.

સાધકે નીચે લખેલ ચાર ભાવનાઓને જીવનમાં કેળવવાની પરમ આવશ્યકતા છે. સર્વ જીવો પ્રતિ બંધુભાવ રાખવો, દીન–દુઃખી જનો પ્રત્યે કરુણાભાવ રાખવો, સજ્જન પુરુષોને સત્કર્મ કરતા જોઈને હર્ષિત થવું અને અસત્ પ્રવૃત્તિ કરનાર તરફ ઉપેક્ષા કરવી. આ પ્રમાણે જે, જે પ્રાણી, પદાર્થ કે વિષય આપણી આગળ આવી ચડે તેના પ્રત્યે ઉપર કહી તેમાંની એકાદ શુભ ભાવના પ્રમાણે વર્તવું. શુભ વિષયથી પ્રસન્ન થવું અને અશુભ વિષય તરફ ઉદાસીન વૃત્તિ રાખવી એમાં જ સાધકનું કલ્યાણ છે. અનેક પ્રકારના જુદા, જુદા પ્રાણી પદાર્થો તરફ આવી ભાવના રાખવાથી મન શાન્ત રહે છે. આપણે દરરોજ નાના પ્રકારના કોલાહલ અને અશાન્તિનો અનુભવ

કરીએ છીએ તેનું કારણ કે, આપણું મન ઉપર કહ્યા તેવા ભાવ ધારણ કરી શકતું નથી. દાખલા તરીકે અમુક માણસ આપણા તરફ અન્યાય ભરેલું વર્તન કરે છે, તો આપણે પણ તેને બદલો લેવા તૈયાર થઈએ છીએ અને તે પ્રમાણે કર્યા વગર આપણને નિરાંત થતી નથી. એનું કારણ એ છે કે આપણું મન નિર્બળ છે, અને તે આપણા કાબૂમાં નથી. આપણે તેને રોકી શકતા નથી. આથી કરીને મન તે પ્રાણી, પદાર્થ તરફ દ્વેષના રૂપમાં વહેવા લાગે છે, અને તે દ્વારા આપણી બધી શક્તિ ક્ષીણ થઈ જાય છે. આપણા મનની અંદર તિરસ્કાર અથવા બીજાનું અશુભ કરવાની વૃત્તિરૂપી પ્રતિક્રિયા ઉત્પન્ન થતાંની સાથે જ આપણી શક્તિનો ક્ષય થવા લાગે છે અને જો આપણે એવા અશુભ વિચારને અથવા ધિક્કાર ભરેલા કાર્યને અથવા કોઈ પણ પ્રકારની પ્રતિક્રિયાના વિચારને રોકી શકીએ તો તેમાંથી શુભ પરિણામ આવે તેવી શક્તિ પેદા થાય છે અને આપણા કલ્યાણ માટે તેને સંચય થવા માંડે છે. તેનું નામ સંયમ છે. આવી રીતે સંયમ કરવાથી આપણને નુકશાન કાંઈ પણ નહિ થતાં ઊલટો આપણી કલ્પનામાં ન આવે એટલો બધો લાભ આપણે મેળવીએ છીએ. આપણે જ્યારે, જ્યારે પણ ધિક્કાર અથવા ક્રોધની વૃત્તિને દબાવી દઈએ છીએ, ત્યારે, ત્યારે આપણા લાભાર્થે આપણે શુભ શક્તિને સંચય કરીએ છીએ. એ શક્તિ આગળ જતાં આપણામાં ઊંચા પ્રકારની શક્તિમાં પરિણત થાય છે. ૐકારના જપથી મનોબળ વધવાથી આપણી સંયમ શક્તિ પણ વધે છે. એ સાધકોએ અવશ્ય ધ્યાનમાં રાખવું.

જપ ત્રણ પ્રકારના છે: ‘વૈખરી’ (જોરથી બોલવા તે), ‘ઉપાંશુ’ (હોઠના અવાજ સાથે કરવા તે) તથા ‘માનસિક’ (મનમાં જપ કરવો) માનસિક જપ અધિક શક્તિશાળી છે. વૈખરી જપ કરતાં માનસિક જપથી હજાર ગણો લાભ થાય છે. જો મન બહાર ભટકવા લાગે તો વૈખરી જપ કરવો. જપ ક્રિયા સ્વભાવિક બની જવી જોઈએ. સાત્ત્વિક ભાવ, પવિત્રતા, પ્રેમ અને શ્રદ્ધા-પૂર્વક જપ કરવા જોઈએ. પરમાત્માના નામ અને મંત્રમાં અચિંત્ય શક્તિ છે. પ્રભુના પ્રત્યેક નામમાં અનંત અદ્ભુત શક્તિ છે. ૐકાર કે ગમે તે ઈષ્ટ મંત્રના જપથી મનનો મેલ દૂર થાય છે, નિયમિત જપ કરનારાના પાપો દૂર થાય છે, તેનું મન નિર્મળ બને છે અને સાધક પ્રભુનો સાક્ષાત્કાર કરવાનો અધિકારી બને છે. ચાર વાગે પ્રાતઃકાળે ઊઠો. બે કલાક સતત જપ કરો. એથી તમોને અધિક લાભ થશે.

તર્ક કે બુદ્ધિવાદથી ઈશ્વરી મહિમા સ્થાપિત થઈ શકતો નથી. પ્રેમ, ભક્તિ, શ્રદ્ધા અને સતત નામ-જપ વડે ઈશ્વરનો સાક્ષાત્કાર કરી શકાય છે. પ્રભુના નામ પ્રત્યે પૂર્ણ આદર અને શ્રદ્ધા રાખો. ચર્ચા કે તર્ક ન કરશો. હે માનવી! નામનો આશ્રય લે. નામ તથા નામી અનન્ય છે. આ કળિયુગમાં જપ જ એક આસાન, સુગમ, નિશ્ચિત અને સુરક્ષિત માર્ગ છે. તે વડે પરમેશ્વરની પ્રાપ્તિ કરી, અમરત્વ અને શાશ્વત સુખ હાંસલ થઈ શકે છે.

ૐનું કીર્તન, ૐના માનસિક જપ, ૐનું ગાન તથા ૐનું ધ્યાન મનને શુદ્ધ બનાવે છે અને તેના વિક્ષેપોને દૂર

કરે છે. તે અજ્ઞાનના આવરણને નષ્ટ કરે છે અને સાધકને પરમાત્મામાં લીન કરી દે છે.

ૐ ધનુષ છે. મન બાણ છે, પરમાત્મા એ લક્ષ્ય છે. શુદ્ધ અને એકાગ્ર બુદ્ધિથી બ્રહ્મ પર એ બાણ ચલાવો. જેવી રીતે બાણ લક્ષ્યની સાથે એકરૂપ બની જાય છે, એવી રીતે સાધકે મનને પરમાત્મા સાથે એક રૂપ કરી દેવું જોઈએ.

આ એકાક્ષરને તત્ત્વથી જાણી લો, તો તમે બધું જ જાણી શકશો, તમે પરમજ્ઞાન પ્રાપ્ત કરી લેશો. પદ્માસન, સિદ્ધાસન અથવા કોઈ પણ આસનમાં બેસી જાઓ. બંને ભ્રમરની વચ્ચે ભ્રુકુટી પર ધ્યાન કરો. ૐ મંત્રના લક્ષ્યાર્થ પર ભાવ અને ધૈર્યપૂર્વક ધ્યાન ધરો, એનો માનસિક જપ કરો. રોજની તાલીમ અને વૈરાગ્ય વિના મનની એકાગ્રતા પ્રાપ્ત કરવાનો કશોય સુગમ કે સહજ ઉપાય નથી. શરૂઆતમાં તો જપ-ધ્યાન નીરસ જ લાગે. છતાંય દવા પીવાની જેમ સાધન કર્યે જ જવું જોઈએ. ત્રણ ચાર વરસ નિષ્ઠાપૂર્વક સાધન કરતા રહીએ, ત્યારે આનંદ મળે. ત્યાર પછી એક દિવસની ત્રુટિ પડે તોયે બહુ દુઃખ થાય. કશામાં મન ન લાગે. વળી શ્રી ભક્તામર સ્તોત્રમાં કહ્યું છે કે—

> 'ત્વત્સંસ્તવેન ભવસંતતિ-સન્નિબદ્ધં
> પાપં ક્ષણાત્ ક્ષયમુપૈતિ શરીરભાન્જામ્,
> આક્રાન્ત-લોકમલિનીલશેષમાશુ,
> સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્.'

હે પ્રભો! તારા ગુણોનું સ્મરણ, ચિંતન, મનન કરવાથી અનેક જન્મમાં કરેલા પાપોનો નાશ થાય છે. જેવી રીતે સૂર્યનો ઉદય થતાં રાત્રિનું જે તિમિર–અંધકાર વિશ્વમાં છવાયેલ હતું તે નાશને પામે છે. પ્રભુના નામ સ્મરણ તથા ચિંતનથી માનવનો મોહ ક્રમે ક્રમે નાશ પામે છે, અને તેથી અજ્ઞાનરૂપી અંધકાર દૂર થતાં જ્ઞાનરૂપી સૂર્યનો ઉદય થાય છે. પ્રભુના નામ સ્મરણનું જે મહાત્મ્ય છે તેનું વર્ણન કરવાને કોણ સમર્થ હોઈ શકે? અર્થાત્ તે કરવાને કોઇ સમર્થ નથી.

વળી કહ્યું છે કે—અજ્ઞાનરૂપી અંધકારના સમુદ્રમાંથી પાર ઉતરવા માટે "ઓમ્" ઉચ્ચારણ કરીને આત્માનું ધ્યાન કરો. તો તમારું કલ્યાણ, કલ્યાણ થઈ જશે.

"જેમ ઘંટની વચમાં લટકતા લોલકને દોરી બાંધીને હલાવવાથી ગુંજારવ (અવાજ) થાય છે, તે જ પ્રમાણે 'ઓમ્'નો ઉચ્ચાર પરાંથી (પરા એટલે મૂલાધાર ચક્રમાંથી ઓમ્નો જપ શરૂ કરવો, અને સહસ્ત્રાદળકમલમાં પૂરો કરવો.) શરૂ કરીને વૈખરીમાં અર્થાત્ મુખમાં તેનો ગુંજારવ કરીને 'ઓમ્' નું રટણ કરવું જોઈએ."

અર્થાત્ જેમ ઘંટમાંથી રણકાર ધીમે ધીમે નીકળે છે તે પ્રમાણે ધીમે ધીમે ઓમ્નો જપ કરવો જોઈએ. એકાગ્ર ચિત્તે જપ કરવાથી જ સત્વર લાભ થાય છે.

'ઘંટાનાદની જેમ હૃદયમાં 'ઓમ્કાર'નું અવિચ્છિન્ન અખંડ ઉચ્ચારણ કરવું જોઈએ.'

'ઓમ્'એ ધનુષ્ય છે. આત્મા એ તીર છે. પરમાત્મા એનું લક્ષ્ય (નિશાન) છે. શાંત ચિત્ત તીર વડે નિશાનને વીંધી નાખવું જોઈએ, અને તીર જેમ નિશાનને લાગતાં તેમાં જ ચોંટી જાય છે—તેના રૂપમાં ભળી જાય છે, તેવી જ રીતે 'ઓમ્'નો જપ કરતાં, કરતાં પરમાત્મામાં તન્મય તલ્લીન થઈ જવું જોઈએ.

સૂવાના સમય પહેલાં બે કલાક આંતર, બાહ્ય શુદ્ધ થઈને આસન પર બેસીને દીર્ઘ શ્વાસોચ્છ્વાસ કરવા. પછી બે ત્રણ વાર ૐ શાંતિ મંત્રને બોલવો. જ્યારે મન પૂર્ણ શાંત થઈ જાય ત્યારે સર્વ ચિંતાઓથી મુકત થઈને શાંત ચિત્ત વડે મધુર, કોમળ ધ્વનિથી ઓમ્ ઓમ્ ઓમ્ એ રીતે જપ કરવાનું શરૂ કરવું અને જપ કરતાં, કરતાં જ નિદ્રા આવી જાય તો સૂઈ જવું. ઈંદોરમાં એક દક્ષિણી બ્રાહ્મણ ઊઠતાં, બેસતાં, ચાલતાં, ફરતાં નિરંતર નિષ્કામભાવે ૐકારનો જપ કરતા હતા. દક્ષિણી સજ્જનોને ગાન પ્રત્યે ઘણો શોખ હોય છે. ઉક્ત સજ્જને પણ પોતાના જપને ગાયનનું રૂપ આપ્યું. જેથી ભક્તિપૂર્વક ભજનની જેમ સુંદર સ્વરે આ પ્રમાણે ગાયન ગાતા હતા:—

ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ૐ ૐ ૐ ૐ ૐ ૐ ૐ
ભજ મન ૐ ૐ ૐ ૐ ૐ

આ પ્રમાણે ગાયન ગાવાથી એકી સાથે છવ્વીસ વખત ૐનો જપ થાય છે અને ગાયનના સુંદર નાદથી મન સર્વદા આનંદ-

મય રહે છે, ૐકારનો અર્થ સમજી જાપ કરનારનું મન તેમાં જ લીન થાય છે. આ પ્રમાણે તેમણે જપ કરવાથી તેમનું જીવન શાંતિમય અને સુખપૂર્ણ બનેલું. 'તપમાં પણ મહાન તપ 'ઓમ્'નો જપ છે.' માટે પ્રિય બંધુઓ! જો તમે તમારો આલોક અને પરલોક સુધારવા ઇચ્છતા હો તો તુરત જ 'ઓમ્'નો જપ કરવો શરૂ કરો. એ પ્રમાણે કરવાથી જ આત્મિક જ્ઞાન પ્રાપ્ત થશે અને માનવ જન્મ સાર્થક બનશે. ૐકારનું સ્વરૂપ બરાબર સમજીને તેની સાધના કરવાથી તે સરળ બને છે. સાધકે ટટ્ટાર બેસીને બરડાની કરોડને નીચલે છેડે મૂલાધાર ચક્રથી ૐનો ઉચ્ચાર ધીમે, ધીમે શરૂ કરી મસ્તક સ્થિત બ્રહ્મરંધ્ર સુધી લઈ જવો અને એ રીતે વિધિપૂર્વક ૐકારની સાધના કરવાથી ઘણું સુંદર ફળ મળે છે.

'ૐ સોડહમ્ પંચપરમેષ્ઠિપદ જાણ.'

'ૐકાર' અને 'સોડહમ્' એ બન્ને મંત્ર પંચપરમેષ્ઠિ વાચક શબ્દ છે પંચપરમેષ્ઠિ વાચક ૐકારનો અર્થ પ્રથમ લખેલ છે. સોડહમ્ મંત્રનો વિશેષ અર્થ ત્રીજા પ્રકરણમાં લખેલ છે તેથી અહીંયાં તેનો વિશેષ અર્થ ન લખતાં એટલું જ લખવાનું કે તે પંચપરમેષ્ઠિને લક્ષગત કરી હું પણ તેના જેવો જ આત્મા છું, આ અર્થનું લક્ષ કરીને મંત્ર કરવો જોઈએ.

અન્ય ધર્મમાં "ઓમ્" આદર

ૐકાર મંત્રને સર્વ ધર્મવાળા માને છે. મુસલમાન અને ખ્રિસ્તીઓ પોતાની પ્રાર્થનાને અંતે 'આમીન' શબ્દનો ઉચ્ચાર કરે છે, તે 'ઓમ્' શબ્દનું જ રૂપાંતર છે. મનુષ્યજાતિની

જે શાખાઓ, ભારતવાસી આર્યોથી જુદી થઈને જુદા, જુદા દેશોમાં જઈને નિવાસ કરવા લાગી, તેઓ ઘણો સમય વ્યતીત થવાથી તે પોતાના પરમ પવિત્ર પરમાત્માના ૐકાર નામને ભૂલી ગઈ, અને તેનું કાંઈને કાંઈ રૂપ બનાવી લીધું છે. એ જ પ્રમાણે તિબેટ, ચીન, જાપાન આદિ દેશોમાં પ્રચલિત બૌદ્ધ ધર્મનો પવિત્ર મંત્ર આ પ્રમાણે છે:—

'ઓં મની પદમો હોમ.'

અર્થાત્ 'હૃદય કમલમાં ઓમ્ રૂપ મણિ છે.'

અહા! કેવો સરળ અને સુંદર મંત્ર છે?

આ પ્રમાણે સંસારમાં જેટલા ધર્મ છે તે સર્વે 'ઓમ્' શબ્દનો કોઈપણ રૂપમાં પ્રયોગ કરે છે. એવો માનનીય, એવો અતિ આદરપાત્ર, અને એવો પ્રભાવશાળી મંત્ર જગતમાં બીજો કોઈ નથી. ધન, બળ, વિદ્યા, આરોગ્ય, લક્ષ્મી વગેરે આ લોકનાં સર્વ સુખ, અને મોક્ષ સુધી પરલોકનું સુખ કેવળ એ જ 'ઓમ્' મંત્રના જપથી પ્રાપ્ત થઈ શકે છે. પૂર્વે કેટલાક મુનિઓ, સંતો, એ જ મંત્રનો જપ તથા ધ્યાન કરીને આત્મસાક્ષાત્કાર કરવા સમર્થ બન્યા હતા. માટે જ હે ભવ્યો! આત્મિક સુખદાતા 'ઓમ્' નો જપ કરવા પ્રયત્નશીલ બનો.

જે મનુષ્ય નિર્બળ હોય, ધન, વિદ્યા, બુદ્ધિ આદિ બળ જેની પાસે ન હોય, જે મનુષ્યને સર્વ તરફ નિરાશા જ જણાતી હોય, સંસારમાં જેની કોઈ કદર કરતું ન હોય, જેની

કોઈ સંભાળ લેનાર ન હોય, જેને પોતાની આબરૂ રાખવા માટે કોઈ ઉપાય જણાતો ન હોય, એવો દીન–હીન મનુષ્ય પણ જો નિયમપૂર્વક નિરંતર ત્રણ કલાક સુધી એક વર્ષ 'ઓમ્'નો જપ કરશે તો નિશ્ચય તેની સ્થિતિ બદલાઈ જશે, એમાં જરા પણ શંકા નથી, તેની સર્વ ચિંતાઓ નાશ પામશે, તેનાં સર્વ કાર્યો સિદ્ધ થશે અને તે એક ઉચ્ચ દરજ્જાનો સદ્ગૃહસ્થ બનીને આનંદપૂર્વક અને સુખમય જીવન વ્યતીત કરશે.

૩
પ્રકરણ
સોઽહમ્ વિજ્ઞાન

સંસાર સાગરને સુખ અને શાન્તિથી પાર કરવા માટે જપ સમાન બીજું કોઈ સહજ અને સુલભ સાધન નથી. જે માનવો જપ નથી કરતા એને માનવ જન્મ પ્રાપ્ત થવાનો આનંદ જ મળતો નથી. એમનું મનુષ્યજીવન નિષ્ફળ છે. 'સોઽહમ્'ના જપથી કુદરતી નિયમાનુસાર શ્વાસોચ્છ્વાસની ગતિ નિયમિત તથા મંદ થાય છે. જેથી સ્વરોદય શાસ્ત્રાનુસાર મનુષ્ય દીર્ઘાયુ બને છે. સૂતી વખતે એનો જપ કરવાથી તરત જ સારી નિદ્રા આવે છે. સવારે વહેલા ઊઠીને જપ કરવાથી માનસિક બળ વધે છે. અને આખો દિવસ આનંદમાં વીતે છે. કોઈપણ દેશની, જાતિની, વ્યક્તિની ઉન્નતિનો મુખ્ય ઉપાય એકાગ્રતા છે. ગરીબ અને

શ્રીમંત, મૂર્ખ અને વિદ્વાન સર્વને એની આવશ્યકતા છે, અને સર્વને એના વડે અસીમ ઉપકાર થાય છે. પાશ્ચાત્ય ભાષામાં એકાગ્રતા પર અનેક મોટા મોટા ગ્રંથો લખાયેલા છે. અમારા દેશમાં પણ એની સિદ્ધિ માટે યોગશાસ્ત્રાદિનું નિર્માણ થયેલું છે. એકાગ્રતાની તે સીમા છે કે, જેની આ પાર સ્થૂલ જગત અને સામે પાર સૂક્ષ્મ જગત છે. આ સીમાને પાર કર્યા વિના સૂક્ષ્મ લોકમાં કોઈ જઈ શકતું નથી. વિદ્યાધ્યયન, વ્યાપાર, વ્યવહારમાં કુશળતા પ્રાપ્ત કરવી હોય, અથવા ભૂત-ભવિષ્યનું અલૌકિક દિવ્ય જ્ઞાન પ્રાપ્ત કરવું હોય તો સર્વને માટે સર્વથી પ્રથમ મુખ્ય આવશ્યકતા એકાગ્રતાની છે. સોડહમ્‌ના જપથી ઘણી જ જલદી એકાગ્રતા પ્રાપ્ત થાય છે.

એની જ્યારે ઇચ્છો ત્યારે પરીક્ષા કરી ખાતરી કરી શકો છો. જપ કરવાથી સર્વ પ્રકારના ભય, ક્લેશ અને ચિંતાઓનો નાશ થાય છે. પાશ્ચાત્ય પંડિતોએ એનું કારણ કંપન બતાવેલ છે, પરંતુ પૌર્વાત્ય શાસ્ત્રોએ અને સંતોએ બતાવ્યું છે કે, આખા વિશ્વમાં એક જ ચિંતન-શક્તિ વ્યાપી રહી છે. એના જ્ઞાનથી, એને જાણવાથી સંસારના સમસ્ત ક્લેશોના પુંજ એવી રીતે નષ્ટ થઈ જાય છે, જેમ સૂર્યના પ્રકાશથી અંધકાર. તે જ્ઞાન સમાધિ અવસ્થામાં પ્રાપ્ત થાય છે અને 'સોડહમ્'ના જપથી જેટલી જલદી સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે, એટલી જલદી બીજા કોઈ મંત્રથી થતી નથી.

વળી 'સોડહમ્'નો જપ કરવામાં મુખથી કે મનથી કોઈ વર્ણનો ઉચ્ચાર કરવો પડતો નથી, પરંતુ શ્વાસ-ઉશ્વાસમાં કેવળ

ધ્યાન દ્વારા એનો જપ કરવાનો હોય છે. અને એ જ કારણથી એના જપ વડે તત્કાલ મનની એકાગ્રતા થાય છે. અર્થાત્ શ્વાસને અંદર લેતી વખતે 'સો' અને બહાર કાઢતી વખતે 'હમ્' ધ્વનિ પર ધ્યાન રાખવું. અને 'હમ્'ની ધ્વનિના ઘંટાનાદ સમાન–ઘંટની ગુંજન સમાન પોતાની અંદર–અંદર જ યથા-શક્તિ ખૂબ ગુંજારવ કરતા રહેવું જોઈએ. આ પ્રકારે જપ કરવાથી પ્રથમ તો પોતાને શાંતિનો અનુભવ થશે અને આ મંત્રની ઉપયોગિતા પર વિશ્વાસ જામશે. મનુષ્યોએ જપનો અભ્યાસ શા માટે કરવો જોઈએ? એ માટે સ્થૂલ જગતમાં પ્રયત્ન કર્યા વિના પણ માનવની સર્વ ઇચ્છાઓ જપના પ્રભાવે સિદ્ધ થાય છે. કોઈપણ કઠિન વિપત્તિ હોય, છતાં જપ કરવાથી તે દૂર થઈ શકે છે. કોઈ પણ મુશ્કેલ કાર્ય હોય તો પણ તે જપ કરવાથી અવશ્ય પૂર્ણ થઈ શકે છે, કેવલ શ્રદ્ધાપૂર્વક પરિશ્રમ કરવાની જરૂરત છે. એમાં વિદ્યાની જરૂરત નથી, બુદ્ધિની પણ જરૂર નથી. કોઈ પણ મંત્રનો જપ કરો, તો એટલો કરો કે જેથી મનની એકાગ્રતા થઈ જાય, અને એકાગ્રતાની પ્રાપ્તિ માટે 'સોઽહમ્'થી વધારે સરલ બીજો કોઈ મંત્ર નથી. એનો નિત્ય સુખપ્રદ એક બીજો પ્રયોગ પણ છે. એને તો આજથી અત્યારથી જ શરૂ કરો. એનાથી એટલો બધો લાભ થશે કે, તમે પરમ પ્રસન્ન થઈ જશો. અર્થાત્ રાત્રિમાં સૂવા માટે જ્યારે બિછાના પર જાઓ ત્યારે એક માળા સાથે લઈને જાઓ અને સૂતા, સૂતા જ માળાથી 'સોઽહમ્'નો જાપ શરૂ કરો. જેને બિછાના પર સૂતા, સૂતા વિચારો આવે છે, અને નિદ્રા નથી આવતી, એના માટે તો આ રામબાણ ઉપાય

છે. અને જેને નિદ્રા આવતી હોય, એને આત્મિક બળ વધારવામાં એનાથી અનુપમ સહાયતા મળશે, જપ કરવાની વિધિ આગળ લખવામાં આવશે. આનો જપ કરતા, કરતા કેવી મજાની મીઠી નિદ્રા આવે છે, એ નિદ્રામાં કેવી મધુર શાન્તિ પ્રાપ્ત થાય છે, અને સવારે ઊઠયા પછી વિચારોમાં કેવું પરિવર્તન થાય છે, આ બધું તો અભ્યાસ કરવાથી જ સમજાશે.

સોડહમ્ વિચાર

આત્મરક્ષા અને આત્મોત્થાન માટે માણસ માત્રે ઓછામાં ઓછો નિત્ય એક કલાક જાપ કરવાની પરમાવશ્યકતા છે. પરંતુ જેની પાસે ધનબળ, વિદ્યાબળ, બુદ્ધિબળ, બંધુબળ આદિ કોઈ પણ પ્રકારનું બળ ન હોય, અને જે સંસારમાં સર્વથા અસહાય, દીનહીન, દુ:ખી દશામાં હોય એણે તો મંત્રની આરાધના કરવી અતિ આવશ્યક છે.

‘ઉદ્યમ: ખલુ કર્તવ્યો નિર્ધનેન વિશેષત:’

ઉદ્યમ તો બધાએ કરવો જોઈએ, પરંતુ જે નિર્ધન છે તેણે વિશેષ પ્રકારે ઉદ્યમ કરવો જોઈએ. અર્થાત્ જેની પાસે ધન છે, વિદ્યા છે, બુદ્ધિ છે, મનુષ્યો સહાયક છે, તે પણ જપ કર્યા સિવાય માનસિક ક્લેશોર્થી મુક્ત થઈ શકતો નથી. પરંતુ જેની પાસે એ સર્વ નથી એવા માનવોએ પોતાનું જીવન આનંદમય બનાવવા માટે સંસારમાં જપ સાધન સિવાય બીજો કોઈ સરલ માર્ગ નથી. કોઈને પ્રશ્ન થશે કે, જપથી લાભ થશે જ, તો એનું પ્રમાણ શું છે? એનો ઉત્તર એ છે કે, હરડે ખાવાથી જુલાબ થાય છે કે નહિ? અગ્નિ પર હાથ રાખવાથી દાઝે છે કે

નહિ? તેને માટે પ્રમાણની આવશ્યકતા નથી. હરડે ખાવાથી અને અગ્નિ પર હાથ રાખવાથી આપોઆપ અનુભવ થશે. તેમ મંત્રજપ કરવાથી દુઃખ દૂર થાય છે, ઈચ્છાઓ પૂર્ણ થાય છે, જીવન સફળ બને છે, એ પણ એટલું જ સત્ય છે. પ્રત્યક્ષ પ્રમાણ એ છે કે, કરો અને અનુભવે જાણો. હાથ કંકણને આરસીની શી જરૂર છે? વર્તમાનકાલે આ સંબંધમાં સર્વથી અધિક પ્રકાશ પાશ્ચાત્ય માનસશાસ્ત્રોએ કરેલ છે. એમણે વૈજ્ઞાનિક પ્રણાલિકાથી એ સિદ્ધ કર્યું છે કે ઉચ્ચારણ કરેલ કોઈ પણ શબ્દનો નાશ થતો નથી, પરંતુ તે દીર્ઘકાળ સુધી કંપન ઉત્પન્ન કરીને ચાલ્યો જાય છે. મૌન કે અમૌન અવસ્થામાં જે–જે શબ્દોનો ઉચ્ચારણ કરાય છે એના દ્વારા આકાશમાં એક પ્રકારનું કંપન ઉત્પન્ન થાય છે, જેનામાં રચના કરવાની મહાન પ્રબળ શક્તિ હોય છે. જે કાર્યને અનેક વર્ષોમાં કરી શકાતું નથી, એને તે શક્તિ થોડી મિનિટોમાં કરી શકે છે. એ કંપનો દ્વારા ઇચ્છિત વસ્તુઓ આકર્ષિત થાય છે. સંકલ્પો સિદ્ધ થાય છે.

વૈજ્ઞાનિક તત્ત્વ

વૈજ્ઞાનિકોનો મત છે કે આ બધો સંસાર કેવળ કંપનનો સમુદ્ર છે. દેખવું, સાંભળવું આદિનું સમસ્ત જ્ઞાન, પ્રકાશ, વાયુ આદિ કંપનોના કારણે જ થાય છે. વિચારોના પણ કંપન ઈથર નામક સૂક્ષ્મ તત્ત્વમાં વાસ અને ભ્રમણ કરે છે. ઈથર તત્ત્વ જ સૂક્ષ્મ લોક છે. જે કાંઈ સ્થૂલ જગતમાં બને છે, તે સર્વપ્રથમ સૂક્ષ્મ લોકમાં–જગતમાં બને છે, જેની ગતિ સૂક્ષ્મ લોકમાં–જગતમાં થાય છે,– સૂક્ષ્મ જગતમાં બનતી ક્રિયાઓને

જે જાણી શકે છે, દેખી શકે છે, તે ભવિષ્યમાં બનવાવાળી ઘટનાઓને પ્રથમથી જાણી જાય છે. તેને ભવિષ્યવેત્તા કહેવામાં આવે છે, સૂક્ષ્મ લોકના કાર્યોને દેખવા, જાણવા માટે સૂક્ષ્મ દૃષ્ટિ જોઈએ, એ દૃષ્ટિ એકાગ્રતાથી ઉત્પન્ન થાય છે. પોતાની મનોવૃત્તિઓને અર્થાત્ પોતાના વિચારોને કોઈ એક વસ્તુ પર સ્થિર કરવાથી, એનામાં એક એવી અસાધારણ મહાશકિત ઉત્પન્ન થાય છે, જેનું અનુમાન કરી શકાતું નથી. તે જ એ શકિત છે, જેના દ્વારા આપણે પ્રત્યેક ઈચ્છિત વસ્તુઓને પોતાની તરફ આકર્ષિત કરી શકીએ છીએ–ખેંચી શકીએ છીએ ! સારાંશ એ છે કે જે વસ્તુની આપણે ઈચ્છા કરીએ છીએ. તે સર્વ આકર્ષણ શક્તિનો પ્રત્યેક વસ્તુના સાથે કંપન યુક્ત સંબંધ છે. મૌન કે અમૌન મંત્ર જપ કરવાથી સૂક્ષ્મ આકાશમાં એક પ્રકારનું કંપન ઉત્પન્ન થાય છે. એ કંપનો દ્વારા આપણે પોતાની ઈચ્છાથી પ્રત્યેક વસ્તુને પોતાની તરફ આકર્ષિત કરીએ છીએ, પ્રાપ્ત કરી શકીએ છીએ. મહાનથી મહાન કામનાઓ પણ એ રીતે પૂર્ણ થઈ શકે છે. પ્રાચીન સંત મુનિઓએ જપ કરવાની પ્રણાલિકાનો જે આવિષ્કાર કર્યો છે તે પૂર્ણ વૈજ્ઞાનિક છે.

શ્રદ્ધાની આવશ્યકતા

ગીતામાં શ્રી કૃષ્ણે એમ કહ્યું છે કે ત્રણ મનુષ્યો નાશને પામે છે :—

"અજ્ઞશ્ચાશ્રદ્દધાન શ્ચ સંશયાત્મા વિનશ્યતિ"

અહીં જે દુઃખોથી મુક્ત થવાનો માર્ગ જાણતો નથી, જેમ કે જપ કરવાથી દુઃખોનો નાશ થાય છે, એવું જે જાણતો

ન હોય, અશ્રદ્ધાન જાણવા છતાં તેના પર વિશ્વાસ ન હોય, ત્રીજો સંશયાત્મા જાણતો પણ હોય, વિશ્વાસ પણ હોય, પરંતુ જપ કરવાથી કાર્ય સિદ્ધ થશે કે નહિ, એવું જેનું મન સંશય-ગ્રસ્ત હોય છે, એ ત્રણે નાશને પામે છે. શાસ્ત્રોમાં લખેલ વાતો પર વિશ્વાસ કરવો એનું નામ જ શ્રદ્ધા છે. શાસ્ત્રમાં લખેલ છે કે આત્મવિકાસનું પ્રથમ પગથિયું શ્રદ્ધા છે. અગમ્યને ગમ્ય–અલભ્યને સુલભ–અસાધ્યને સાધ્ય અને મૃતને સજીવન કરવાવાળી શ્રદ્ધા જ છે. અદૃષ્ટ જગતમાંથી મનુષ્યની કામનાઓને આકર્ષિત કરીને સ્થૂલ જગતમાં પ્રત્યક્ષ કરી દેવાવાળી પણ શ્રદ્ધા જ છે.

ઘણા મનુષ્યોને જપ કરવો બહુ કઠિન લાગે છે. તેઓ કહે છે કે શું કરીએ? જપ કરવામાં મન લાગતું જ નથી. 'મન લાગતું નથી' એમાં તો બધું રહસ્ય છૂપાયેલું છે. વિદ્યાભ્યાસ, વ્યાયામ, સત્ય ભાષણ આદિમાં મન લાગતું નથી. એટલે શું એ ક્રિયાઓ ત્યાગ કરવા યોગ્ય છે? આજ કરોડો બાળકો વિદ્યાધ્યયન કરી રહ્યા છે, શું બધાના મન એમાં સંલગ્ન હોય છે? નહીં. મનની વિરુદ્ધ બધાને કરવું જ પડે છે. જેટલા સારા ઉપયોગી અને લાભદાયક કાર્ય હોય છે, એમાં મન રાજી-ખુશીથી લાગતું નથી. પહેલાં તો જબરદસ્તીથી તેમાં મનને લગાડવું જોઈએ. અગર લગાડવું પડે છે ત્યારે કાલાંતરમાં અમૃતમય ફળ પ્રાપ્ત થાય છે.

પાશ્ચાત્ય જગતની ઉન્નતિનું એક ખાસ કારણ એ પણ છે કે, એ લોકો કોઈ કામને કઠિન જાણીને છોડી દેતા નથી. કોઈ

કામની ઉપયોગિતાનો જ્યારે એમને વિશ્વાસ થાય છે, તો એને સિદ્ધ કરવામાં તેઓ પોતાની સંપૂર્ણ શક્તિ લગાવી દે છે. પરંતુ આપણો વ્યવહાર એનાથી બિલકુલ વિપરીત હોય છે. આપણે ઇચ્છીએ છીએ કે, કંઈ જ પરિશ્રમ ન કરવો પડે છતાં સંસારના સર્વ સુખો પ્રાપ્ત થાય. એ કેવી રીતે બની શકે? આ વાત જો આપણને સમજાઈ જાય કે કેવલ પારમાર્થિક ઉન્નતિ માટે જ નહિ પરંતુ સંસારની સમસ્ત અવસ્થાઓની ઉન્નતિનું મુખ્ય સાધન એકાગ્રતા છે, એકાગ્રતાને સિદ્ધ કરવાનું સર્વથી સરલ સાધન મંત્ર–જપ છે. માટે માનસિક જાપ કરીને મંત્ર જપને કઠિન જાણીને ત્યાગ ન કરતા સર્વ આત્મિક શક્તિનો ઉપયોગ કરીને મંત્ર જપનું સાધન કરવું જોઈએ. જો કે પહેલા, પહેલા જપ કરવાથી કંટાળો આવશે, માનસિક કષ્ટ જણાશે, પણ તે તરફ લક્ષ ન આપતાં સાધન કર્યે જ જાઓ. તેથી સંસારની અનેક જંજાળો અને અનેક માનસિક પીડાઓથી છૂટકારો મળી જશે. અને જે આ મંત્ર જપનો પરિશ્રમ કરવાને તૈયાર નથી, એણે આ જીવનમાં અન્ય અનેક પ્રકારની માનસિક પીડાઓને સહન કરવા માટે તૈયાર રહેવું જોઈએ. 'તપવું જોઈશે.' પ્રસન્નતાથી તપો કે અપ્રસન્તાથી, ઇચ્છાથી તપો કે વિના ઇચ્છાએ. જપ રૂપ તપ કરવાથી સર્વ પ્રકારના આતાપ, દુઃખો વગેરેનો નાશ થાય છે, આલોક પરલોક બન્ને આનંદમય બને છે. જે જપ કરવાથી વિમુખ રહે છે, પ્રમાદ કરે છે, આળસ કરે છે, તે પોતે જ પોતાની મનોદશાનું અવલોકન કરે, શાન્તિ ક્યાં છે?

વાસ્તવમાં મનુષ્ય જીવનની સફળતા તંદુરસ્ત રહીને કર્તવ્ય-પાલન કરવામાં છે. શાસ્ત્રાનુસાર મનુષ્યનું કર્તવ્ય ત્યાગમય જીવન જીવવામાં છે. અને ત્યાગથી ઐહિક અને પારમાર્થિક સર્વ સુખ પ્રાપ્ત થાય છે. મોટામાં મોટો ત્યાગ માનસિક તપ છે અને જપ પણ માનસિક તપ છે. કારણ કે તેના દ્વારા મન શુદ્ધ અને વિકારો રહિત બને છે. જપ કરવાથી ચિંતા, શોક, ભય, દરિદ્રતા વગેરે અનિષ્ટોનો નાશ થાય છે. પ્રભુના સ્મરણથી સાધકનો મોહ પણ મંદ થાય છે અને તેના પુણ્ય વૃદ્ધિગત થાય છે, જેથી તેને સંસારમાં પણ સુખ સંપત્તિ સાંપડે છે.

જીવનસંગ્રામમાં કોઈ માનવ સર્વ પ્રકારના પુરુષાર્થ કરીને હારી જાય, કોઈ ઉપાયથી સફળતા ન મળે, એવે વખતે એવા મનુષ્યોએ જરૂરથી મંત્ર જપનું સાધન કરવું જોઈએ. જે કાર્યોમાં હજારો ઉપાય વડે સફળતા મળતી નથી તે કેવળ જપ સાધન કરવાથી નિશ્ચયથી સફળતા પ્રાપ્ત થશે. જપથી અધિક બીજી કોઈ સફળતાની કૂંચી છે જ નહિ.

આપણો આદર્શ

અહીંયાં એક પ્રશ્ન ઉપસ્થિત થઈ શકે છે કે, વર્તમાન-કાળમાં ધન, જન, બળ, બુદ્ધિ, વિદ્યા આદિમાં યુરોપવાસી સર્વથી વધારે ઉન્નત અવસ્થામાં છે, તો તેની ઉન્નતિ જપ કર્યા સિવાય કેમ થઈ ગઈ? એનો ઉત્તર એ છે કે એના અને આપણા જીવનના આદર્શોમાં એટલી ભિન્નતા છે. જેટલી પૂર્વ અને પશ્ચિમમાં ભિન્નતા છે. એના જીવનનો આદર્શ હોય છે, (Eat Drink, and Be Merry) અર્થાત્ ખાઓ, પીઓ અને મોજ કરો! અને આપણો આદર્શ હોય છે, અને હોવો જોઈએ :

'આત્મવત્ સર્વ ભૂતેષુ ય: પશ્યતિ સ: પંડિત:'

'જે સર્વ પ્રાણીઓને પોતાના આત્મ સમાન જાણે છે, જુએ છે, તે જ પંડિત છે!'

'મિત્રસ્ય ચક્ષુષા સર્વાણિ ભૂતાનિ સમીક્ષન્તામ્'

'સર્વ પ્રાણીઓને મિત્ર ભાવે, આત્મ ભાવે જુઓ!'

'આત્માવાઽરે દ્રષ્ટવ્ય: શ્રોતવ્યો, મન્તવ્યો, નિદિધ્યાસિતવ્ય:'

આત્મા જ જાણવા યોગ્ય, સાંભળવા યોગ્ય, નિશ્ચયપૂર્વક ધ્યાન કરવા યોગ્ય અને તે જ આત્માનો સાક્ષાત્કાર કરવો તે જ માનવનું પરમ કર્તવ્ય છે.

અર્થાત્ આપણા શાસ્ત્રો અનુસાર આપણા જીવનનો મુખ્ય ઉદ્દેશ કેવળ સાંસારિક ભોગો પ્રાપ્ત કરવાનો હોતો નથી. કેમ કે એકાગ્રતા બાદ સમાધિની દશા પ્રાપ્ત થાય છે. એ અવસ્થામાં મનુષ્યને પોતાના અનેક પૂર્વજન્મોનું અસંદિગ્ધ જ્ઞાન ઉત્પન્ન થાય છે. એ સમયે તે જાણે છે કે, જે પ્રકારે વર્તમાન જન્મમાં એને સ્ત્રી, પુત્ર-પુત્રી આદિ પરિવાર અને સગાંસંબંધી છે. એવી જ રીતે આ પહેલાંના જન્મોમાં પણ હતા અને ભવિષ્યમાં પણ મળવાના છે. આ જન્મ, મરણના ચક્રમાંથી મુકત થવું એ જ માનવજીવનનું કર્તવ્ય છે. મહાત્મા તિલકે પોતાના અમર ગ્રંથ "ગીતા રહસ્ય" માં લખ્યું છે કે પોતાના આત્માના અમર, શુદ્ધ. નિત્ય, નિરંજન સ્વરૂપને ઓળખીને, જાણીને એમાં રમણ કરવું એ જ્ઞાનવાન મનુષ્યનું આ નશ્વર સંસારમાં પહેલું અને અંતિમ કર્તવ્ય છે. હવે વિચારો કે તમોને કયો આદર્શ

પસંદ છે? પૌર્વાત્ય કે પાશ્ચાત્ય!! અગર જો પાશ્ચાત્ય જ પસંદ હોય તો પોતાના જીવનની પ્રત્યેક ક્ષણને અમૂલ્ય સમજી એક ક્ષણને પણ વ્યર્થ ન જવા દો. એકદમ વિદ્યાધ્યયન કરવામાં લાગી જાઓ. સર્વ કાર્ય નિયમસર કરો, વખતસર કરો, પોતાનું કર્તવ્ય બજાવવામાં પ્રાણોની પણ પરવા ન કરો. ઉપરોક્ત નિયમોનું પાલન કરવાથી આજ પાશ્ચાત્ય જગત ઉન્નતિના ઉચ્ચતમ શિખર પર આરૂઢ થયેલ છે. તમો પણ એ પ્રમાણે આચરણ કરશો તો તમારી પણ સાંસારિક ઉન્નતિ થશે અને અવશ્ય થશે જ.

'સત્ય શ્રમાભ્યાં સકલાર્થ સિદ્ધિ:'

'શ્રમ અને સત્યથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.'

અને જો પૌર્વાત્ય પસંદ હોય તો માળામાં, જપમાં મનને લગાવો. એથી આ લોક, પરલોક બન્ને સુખપ્રદ બનશે. ઈતિહાસ એ વાતની સાક્ષી પૂરે છે કે, મંત્ર જપનો પ્રભાવ તલવારથી અધિક હોય છે. આજે આપણે સંત પુરુષોની ધાકથી પણ અનેક દુર્ગુણોથી બચેલાં છીએ.

અનુભવ અને પ્રમાણ

સંસારનો ઉપકાર કરવા ઇચ્છતા હો તો પ્રથમ પોતાને સુધારો. સ્વામી વિવેકાનંદનું કહેવું છે કે, સંસારનો સ્વભાવ કૂતરાની પૂંછડી જેવો છે. કૂતરાની પૂંછડીને બાર વર્ષ સુધી જમીનમાં દાટી દો તો પણ જ્યારે તેને પાછી બહાર કાઢશો ત્યારે વાંકી ને વાંકી જ રહેશે. સંસારનો પણ એવો જ સ્વભાવ

છે. અહીંઆ પણ સમય, સમય પર મહાન પુરુષો ઉત્પન્ન થયા છે, થાય છે, જે પોતાના સમયમાં સંસારનો મળ દૂર કરવા માટે પ્રયત્ન કરે છે. છતાં આજ સંસારની દશા જુઓ, કે તે કેવી સ્થિતિમાં છે? એ માટે સંસારને સુધારવાની ચિંતાને ત્યાગી, પોતાની જાતને સુધારવાની ચિંતા કરો. અગર દરેક મનુષ્ય પોતે પોતાને સુધારી લે તો સંસાર પોતાની મેળે જ સુધરી જશે. જે કોઈ પોતાને સુધાર્યા વિના બીજાઓને સુધારવાની વાતો કરે છે, તે દંભી છે, પાખંડી છે. સાચો સુધારક પ્રથમ પોતાને સુધારે છે. જપ તથા પ્રભુની ભકિતથી સર્વ પ્રકારનાં અનિષ્ટોનું નિવારણ થાય છે, તથા મનોકામનાઓ ફળીભૂત થાય છે. જે કોઈ ઉપરોકત વાત પર વિશ્વાસ ન કરતાં કહે કે જપ કરવો બિલકુલ વ્યર્થ છે, એ એની બુદ્ધિની બલિહારી છે. જેમ નિર્બળતા અથવા કોઈ ભાગમાં દર્દ, સોજો આદિ વિકાર શરીર રોગી હોવાનું સૂચન કરે છે, એ પ્રકારે ભય, ચિંતા, ગભરાટ, અસ્થિરતા, અપ્રસન્નતા આદિ વિકાર મનને રોગી હોવાનું સૂચન કરે છે. અને જેમ સમસ્ત શારીરિક રોગોની મહૌષધિ વિધિપૂર્વક કરેલ વ્યાયામ છે. એ જ પ્રકારે **સમસ્ત માનસિક રોગોની મહૌષધિ મંત્ર જપ છે.**

જપ સહજ સાધન

જપનો અભ્યાસ કરવા માટે ભણેલ ગણેલ હોવાની પણ જરૂર નથી. ત્યાં તો રટ લગાડવાની જ જરૂર છે. ધૂન લગાડવાની જરૂર છે. એ ધ્વનિમાંથી એવી અસર થાય છે કે માનવીનું જીવન જ બદલાઈ જાય છે.

પ્રાચીન ગ્રંથો અને વિજ્ઞાને આ વાત જાણી લીધી છે કે એ ધ્વનિથી સાત્ત્વિક તરંગો કંપન ઉત્પન્ન થાય છે. દુઃખ, દર્દ, બીમારી, ચિંતા, ભય, શોક એ સર્વ કોઈ કારણથી તામસી કંપનોના વધી જવાથી થાય છે. પ્રકાશ જેવી રીતે અંધકારનો નાશ કરે છે, એવી જ રીતે સાત્ત્વિક કંપન તામસીક કંપનોને નષ્ટ કરી નાખે છે. એ પ્રકારે મંત્ર જપના ધ્વનિથી સમસ્ત શારીરિક અને માનસિક રોગોનો, કલેશોનો નાશ થાય છે. બુદ્ધિ સ્થિર અને સૂક્ષ્મ થાય છે. અને સંસારિક અને પરમાર્થિક સર્વ કાર્યોમાં એવી પ્રત્યક્ષ અને અપ્રત્યક્ષ સદા સહાયતા મળતી રહે છે. બધા ધર્મશાસ્ત્રોનો સાર એ જ છે કે અસીમ સુખનો ભંડાર કેવળ પરમાત્મા—આત્મા જ છે, અને એની પ્રાપ્તિનું અચૂક સાધન મંત્ર જપનો અભ્યાસ જ છે. જપ કરવા માટે સર્વશ્રેષ્ઠ મંત્ર ૐકાર અને સોઽહમ્ મંત્ર છે. પરંતુ 'સોઽહમ્' મંત્રમાં કંઈક વિશેષતા છે, એનું સંક્ષેપમાં વિવેચન કરીએ છીએ.

સોઽહમ્ મંત્રનું વિવેચન

સચેતન પ્રાણીના શ્વાસ લેવા છોડવામાં 'હંસઃ' એવો સ્વાભાવિક નાદ ઉત્પન્ન થાય છે. એ નાદની ધારામાં 'હંસઃ' 'હંસઃ' એ ઉચ્ચારણ નિરંતર ચાલતું રહે છે મંત્રશાસ્ત્રમાં એને અજપા જાપ કહે છે. કેમ કે એ રીતે મંત્ર જપનો અભ્યાસ કરવાથી કોઈ જાતનો વિશેષ શ્રમ પડતો નથી. એ નાદમાં જે ધ્વનિ રહે છે, એને મંત્રશાસ્ત્રમાં પ્રણવ કહે છે. 'હંસઃ' શબ્દને ઊલટો કરવાથી 'સોઽહમ્' ઉચ્ચારણ થાય છે.

એ ઉચ્ચારણમાં વ્યંજનોને છોડી દેવાથી જે મૂર્ધ ભેદી ધ્વનિ રહે છે, એને **ૐકાર** યા પ્રણવ કહે છે. ૐકાર મંત્રને **તારક** પણ કહે છે, કેમ કે તે જપ કરનારને તારનાર છે.

ૐકાર એ માટે કહે છે કે, તે જપ કરનારની રક્ષા કરે છે. એને પ્રણવ એ માટે કહે છે કે, સંસારીજનોને માટે તે વહાણ સમાન તારનાર છે. અથવા **ખૂબ જપ કરવાથી** જેનું ફળ અવશ્ય મળે છે. અથવા જપ કરવાથી જ્ઞાનનો પ્રકાશ અંતરમાં પ્રગટે છે. અથવા **જપ કરવાથી સંસારી જંજાળોની અશાન્તિનો નાશ થાય છે.** એ પ્રકારે અનેક અર્થોથી પૂર્ણ ૐકારના જપથી એના વાચ્યરૂપ પરમાત્મપ્રકાશ હૃદયમાં અવશ્ય પ્રગટ થાય છે. એટલા માટે યોગી પતંજલિએ કહ્યું છે કે એ શબ્દ સ્વભાવથી જ પરમેશ્વરનો વાચક છે એ જપ અને અર્થની ભાવના કરવાથી પરમેશ્વર રૂપ વાચ્ય વસ્તુ પ્રકટ થાય છે.

ૐ અને સોઽહમ્‌નો ભેદ

ઓમ્ અને સોઽહમ્ એ બન્ને મંત્રો વર્ણાત્મક નથી. પરંતુ ધ્વન્યાત્મક છે. ૐની ઉપમા ઘંટાનાદની આપેલ છે, ઘડિયાળમાં જેમ ટનનનનો ધ્વનિ થાય છે, એની નકલ (ટનનન) એ અક્ષરોમાં અમે કરી દીધી છે. આ વિશ્વમાં નિરંતર એક અવ્યક્ત ધ્વનિ થયા કરે છે, જે એકાગ્ર અવસ્થામાં સાંભળી શકાય છે. એ ધ્વનિની કલ્પિત પ્રતિમા ૐ છે. એ ૐને બ્રહ્મ બીજ પણ કહે છે. એના જપ વડે **અવિદ્યા—અજ્ઞાન દૂર** થતું જાય છે, અને જીવાત્મા પરમાત્મા સમીપ થતો જાય છે.

અર્થાત્ જે ઈશ-તત્ત્વ, આ વિશ્વમાં અણુ-પરમાણુમાં ભરેલ છે, એનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. અને સંસારથી વૈરાગ્ય થાય છે. પ્રાણીમાત્રના શ્વાસ-ઉચ્છ્‌વાસમાં 'સઃ' અને 'હું'ની ધ્વનિથી યા કરે છે, એની ૐ યુક્ત પ્રતિમા 'સોઽહમ્' છે.

સોઽહમ્‌ની અન્ય વિશેષતાઓ

પાશ્ચાત્ય દેશની ઉન્નતિનું મુખ્ય કારણ એના વિચારોની મૌલિકતા છે. મૌલિકતાનું ક્ષેત્ર એકાગ્રતા છે અને એકાગ્રતાની સિદ્ધિને માટે 'સોઽહમ્' એ નિઃસંદેહ અદ્વિતીય મંત્ર છે. બીજા મંત્રોનો જપ કરતી વખતે મન અહીંતહીં ભટકયા કરે છે, જપ કરવાવાળાને પૂર્ણ અનુભવ થાય છે કે, પ્રયત્ન કરવા છતાં પણ મન સ્થિર થતું નથી. પરંતુ 'સોઽહમ્'ના જપથી મન એકદમ સ્થિર થઈ જાય છે. મનનો શ્વાસ-પ્રશ્વાસ સાથે પ્રગાઢ સંબંધ છે. જેટલો જલદી, જલદી શ્વાસ ચાલે છે. એટલું જ મન પણ ચંચળ રહે છે. મન જેટલું ચંચળ રહે છે તેટલું જ મન અપ્રસન્ન રહે છે, કેમ કે ચંચળતાથી ગભરાટ અને ગભરાટથી અપ્રસન્નતા થાય છે. 'સોઽહમ્'ના જપથી શ્વાસની ગતિ પોતાની મેળે મંદ થાય છે. એનાથી દિલની ધડકન મંદ, મંદ ચાલવા લાગે છે, અને દિલ જેટલું ઓછું ધડકે એટલું જ મન શાન્ત અને પ્રસન્ન રહે છે. એ સિવાય ૐની ઉપાસનાની ઉપમા ઘંટા-નાદની આપી છે. ઘંટા-નાદના સમાન જપ કરવા માટે ૐકારની એકમાત્રા, દ્વિમાત્રા ત્રિમાત્રાના સ્વરૂપને સમજવાની જરૂર છે. ત્રિમાત્રા ઘંટા-નાદ સમાન હોય છે. પરંતુ 'સોઽહમ્'ની ધ્વનિમાં પોતાની મેળે ઘંટા-નાદ

સમાન ચક્ર બંધાઈ જાય છે. જેથી સ્વાભાવિક રૂપમાં ૐકારનો જપ થવા લાગે છે.

'સોઽહમ્'નો શ્વાસ-પ્રશ્વાસ સાથે જેવો મેળ બેસે છે, એવો બીજો કોઈ મંત્ર સાથે બેસતો નથી. ૐકાર એના ગર્ભમાં છે. એના જપથી આપોઆપ ૐનો જપ થાય છે. એ સર્વ કારણોથી અને તુરતમાં ચિત્તની એકાગ્રતા કરવાવાળો અને સારગર્ભિત એના જેવો બીજો મંત્ર નથી.

નિદ્રા નાશની અપૂર્વ ઔષધિ

વર્તમાનકાળના સંસારમાં લાખોમાં કદાચ એક મનુષ્ય પણ મુશ્કેલીથી મળશે કે જેનું મન પૂર્ણ શાંત હોય. વર્તમાન સમયના જગતના સર્વ સાધનો જેવાં કે રેલ્વે, તાર, નાટક, સિનેમા, પ્રેસ, ઉપન્યાસ, છાપાં અને અનેક પ્રાપ્ત અને અપ્રાપ્ત સાધનોથી પ્રત્યેક મનુષ્યનું મન ઉદ્વેગ યુક્ત અને અતિ ચંચળ બનેલું રહે છે. અને એ નિયમ છે કે, મન જેટલું ચંચળ રહે છે, એટલી જ નિદ્રા ઓછી આવે છે. હજારો મનુષ્યો બિછાના પર ઘણા સમય સુધી વ્યર્થના વિચારો કરતા પડયા રહે છે, ત્યાર બાદ થોડી અપૂર્ણ નિદ્રા આવે છે અને ઘણા મનુષ્યોને તો (અનિદ્રા) નિદ્રા નાશનો રોગ જ થાય છે. એનું જીવન ભારરૂપ બની જાય છે. પરંતુ '**સોઽહમ્**'**નો જપ નિદ્રા નાશ રોગની અપૂર્વ ઔષધિ છે.**

સૂતી વખતે 'સોઽહમ્'નો જપ કરવાથી દશ મિનિટની અંદર પ્રગાઢ નિદ્રા આવવાનો સંભવ છે. બિછાના પર સૂતા પછી અંદર શ્વાસ લેતી વખતે 'સો' અને બહાર કાઢતી વખતે

'હમ્' એ પ્રકારે પૂરો 'સોઽહમ્' મંત્ર કરીને એક, બે, ત્રણ ગણતા જાઓ. ઘણું કરીને સોમાં નવ્વાણું મનુષ્યોને સોની ગણતરી પૂરી થયા પહેલાં જ નિદ્રા આવવાનો સંભવ છે. એ અનુભૂત પ્રયોગ છે. પરંતુ સૂતા પહેલાં દીર્ઘ શ્વાસ-પ્રશ્વાસ લેવા-મૂકવા જોઈએ. અને હલકો અને તાજો આહાર કરવો આવશ્યક છે.

સોઽહમ્ મંત્ર દ્વારા સમાધિ

યોગશાસ્ત્રના નિયમ પ્રમાણે મનોવૃત્તિઓને કોઈ એક **ધ્યેય વસ્તુ પર** સ્થિર કરવી તેને ધ્યાન કહે છે. **ધાતા**= ધ્યાન કરનાર, **ધ્યાન**=લક્ષ વસ્તુમાં સ્થિરતા, **ધ્યેય**=જેનું ધ્યાન કરવામાં આવે છે તે. એની અંદર પ્રથમની બન્નેને ભૂલી ધ્યેય માત્રનું ભાન શેષ રહે, **અર્થાત્** ધ્યેયમાં તદાકાર થવું તેને સમાધિ કહેવાય છે. દૃષ્ટાંત તરીકે તમે તમારા હૃદય ક્ષેત્રમાં ઈષ્ટ મંત્રને જે મંત્ર નાનો હોવો જોઈએ, જેમ કે ૐ શાન્તિ વગેરે શબ્દમાં મનને સંલગ્ન કર્યું. શરૂઆતમાં તમોને જપમંત્રના શબ્દનું તથા તમારું ભાન રહેશે. પરંતુ આગળ જતાં તમો પોતાને ભૂલી જશો. તમે શું કરી રહ્યા છો તે પણ ભૂલી જશો. તે એક મંત્રના શબ્દની માત્ર **સ્મૃતિ રહી જશે.** એ અવસ્થાનું નામ સમાધિ અવસ્થા છે.

મનોવિજ્ઞાનિક સૂચનનો પ્રભાવ

પોતાને અથવા બીજા કોઈને સૂચના આપીએ છીએ, તેને અંગ્રેજીમાં (Suggestions) સજેશન કહે છે. રડતા બાળક

પર માતાના શબ્દોનો અને મરણાસન્ન રોગીના મન પર ડૉકટરના વચનોનો જે પ્રભાવ પડે છે, તથા આશ્વાસન મળે છે, એને સજેશન કહેવાય છે. શરીરની રચના કરનાર તથા તેનું સંચાલન કરનાર મન છે, અને મનને ગતિશીલ-ક્રિયાશીલ બનાવનાર સજેશન છે. મનને વશ કરનાર, મોહિત કરનાર, સજેશન સમાન બીજી કોઈ ક્રિયા નથી. સજેશનના પ્રભાવથી મનુષ્ય પોતાના મન દ્વારા જે ઈચ્છે તે કાર્ય કરાવી શકે છે. રોગી, દુર્બલ, મૂર્ખ, દરિદ્ર વગેરે, અગર 'હું નીરોગ છું.' 'હું બળવાન છું,' 'હું બુદ્ધિવાન છું,' 'ધનવાન છું,' એવી રીતે પોતાને પોતે સજેશન આપ્યા કરે, તો ઈચ્છાનુસાર એની અવસ્થા બદલાઈ જાય, એમાં જરા પણ સંદેહ નથી. આ પાશ્ચાત્ય મનોવિજ્ઞાનનો અચૂક સિદ્ધાંત છે. **ઉપરોકત સિદ્ધાંત અનુસાર મનુષ્ય-જીવનની શ્રેષ્ઠતમ ઉન્નતિ કરનાર ઉચ્ચ દરજ્જાનો સજેશન 'સોઽહમ્' છે.** 'સોઽહમ્'નો અર્થ છે-હું **પરમાત્મા સમાન** છું. એનો જાપ કરતા કરતા થોડા વખત સુધી તો એ વાત પૂર્વ સંસ્કારવશ જૂઠી લાગે છે, જૂઠી પ્રતીતિ થાય છે. જપ કરનાર પોતાના મનમાં એમ જાણે છે કે, હું કંઈ પરમાત્મા નથી, કેવળ એવો જાપ કરું છું. પરંતુ મનોવિજ્ઞાનના નિયમાનુસાર થોડા સમય પછી એના મન પર સૂચનાઓનો પ્રભાવ પડવા લાગે છે. અને ત્યારે એને કંઈક પોતાનું અને કંઈક પરમાત્માનું ભાન થવા લાગે છે. અંતમાં જ્યારે સૂચનાઓનો પૂર્ણ પ્રભાવ એના મન પર છવાઈ જાય છે, એ સમયે તે કોણ છે, તે ક્યાં છે, શું કરી

રહ્યો છે, એ બધું ભૂલાઈને કેવળ પરમાત્માનું જ ભાન રહે છે. જપ કરનારને એ સમયે પરમાત્મા સિવાય બીજું કશું ભાન રહેતું નથી. **તે જ સર્વાનંદપ્રદાતા સમાધિ અવસ્થા છે.** અને 'સોડહમ્'ના જપથી જેટલી જલદી સમાધિ અવસ્થા પ્રાપ્ત થાય છે એટલી જલદી બીજા કોઈ મંત્રથી થતી નથી. પરંતુ એ અવસ્થા જપ કર્યા બાદ કંઈ તુર્ત જ થતી નથી. કોઈ વ્યક્તિ જપ કર્યા પછી તુર્ત જ સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવા ધારે અને એમ ન બને તો નિરાશ થઈને જપ છોડી દે તો એ એની ભૂલ કહેવાય સમાધિ અવસ્થા એ જીવનની ઊંચામાં ઊંચી અવસ્થા છે. તેને માટે જે ભોગ આપીએ તે થોડો છે. છ માસમાં તો શું ? છ વર્ષે કે જીવનના કોઈપણ ભાગમાં કે અંત સમયે પણ સમાધિ પ્રાપ્ત થઈ શકે, તો એના માટે પરમ પ્રયત્ન કરવો પ્રત્યેક બુદ્ધિમાન મનુષ્યનું પરમ કર્તવ્ય છે. **સમાધિદશા યોગ-વિદ્યાની અંતિમ સીડી છે.** એ અવસ્થામાં જ નિરપેક્ષ સત્ય જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. ભૂત ભવિષ્યનું જ્ઞાન શાસ્ત્રોનું રહસ્ય અને કુદરતના ગુપ્ત નિયમોનો અનુભવ સમાધિ દશામાં જ થાય છે. અદ્ભુત ચમત્કારો અને અલૌકિક સિદ્ધિઓ પ્રાપ્ત થવી તે સમાધિ અવસ્થાના ફળ જ છે અને એ જ અવસ્થામાં એને અવિનાશી આત્મ તત્ત્વનો બોધ થાય છે. એના સંબંધમાં મહર્ષિ યાજ્ઞવલ્કયે કહ્યું છે કે—હે ગાર્ગી ! જે એ અવિનાશી તત્ત્વને જાણ્યા વિના—સમજ્યા વિના આ લોકમાંથી ચાલ્યો જાય છે, તેનો જન્મ નિષ્ફળ થાય છે. અને જે એ અમર આત્મતત્ત્વને જાણી લે છે, ઓળખી લે છે તે ત્યારબાદ આ લોકમાંથી જાય છે તેનો જન્મ સફલ થાય છે.

સારાંશ એ છે કે, માનવજીવનની સફળતા આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરવાથી જ થાય છે અને આત્મિક બોધ સમાધિ અવસ્થામાં જ થાય છે. સમાધિદશા પ્રાપ્ત કરવાનો સર્વથી સરળ, સુગમ, સુલભ અને સહજ ઉપાય મંત્ર જપ છે—અને મંત્રોમાં સર્વથી શ્રેષ્ઠ મંત્ર 'ૐકાર અને સોઽહમ્' મંત્ર છે. સોઽહમ્ એ ૐકારનું જ રૂપાંતર છે—એનો જપ શ્વાસ–પ્રશ્વાસમાં ધ્યાન રાખી **કરવાથી ઘણી જ જલદી સમાધિદશા પ્રાપ્ત થાય છે.**

જો આપણે શ્વાસોચ્છ્વાસની ક્રિયાનું અવલોકન કરીએ તો આપણને જણાશે કે ચોવીશ કલાકમાં ૨૧,૬૦૦ શ્વાસોચ્છ્વાસ ચાલે છે. જરા વધુ સૂક્ષ્મ રીતે અવલોકન કરશું તો જણાશે કે પ્રત્યેક શ્વાસોચ્છ્વાસમાં અંદર ગ્રહણ કરતા શ્વાસમાં સ' એવો ધ્વનિ અને બહાર નીકળતા પ્રશ્વાસમાં 'હ' એવો ધ્વનિ સંભળાય છે.

આ 'સકાર' અને 'હકાર' પર વધારે સૂક્ષ્મ રીતે અવલોકન થાય તો અંદર ખેંચેલા વાયુમાં 'સો' અને હોઠ બંધ કરી બહાર છોડાતા વાયુમાં 'હમ્' એવો ધ્વનિ સંભળાશે........ સો–હમ્........સો–તે, ઽહમ્–હું........'તે હું'........તે કે જેની શોધમાં આખી દુનિયા ફરે છે તે જ હું ....ઈશ્વર હું.... પરમાત્મા હું....“ હું પોતે 'તે' હોવાથી તો દમબદમ સોઽહમ્નો જાપ આપોઆપ મારા પોતાના સ્થૂલમાં ચાલતો રહે છે!”

“ શ્વાસોચ્છ્વાસને સાધી પોતાના લક્ષમાં બેસાડે તો એ 'અભ્યાસ' ને પરિણામે તેનું દેહાભિમાન નહિવત્ થવા પામે છે. ચિત્તની શુદ્ધિ થાય છે, અને 'જ્ઞાન' પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે અભ્યાસ ચાલુ રાખવાથી મન પૂર્ણ રીતે પોતાને આધીન

થાય છે, અને ચિત્તવૃત્તિઓનો નિરોધ થવાથી માનવ **યોગી બને છે.** વૃત્તિઓ મનની સખીઓ છે. મન ચૂપ થયું એટલે વૃત્તિઓનો ખેલ પણ અટકે છે. અને પછી આત્મજ્ઞાનની પ્રાપ્તિ સુલભ થાય છે.”

૪

પ્રકરણ

ૐ હ્રીઁ નમઃ મંત્રવિજ્ઞાન

મંત્રસિદ્ધિનો પ્રત્યક્ષ અનુભવ

વર્તમાન સમયમાં અનેક સાધકો પોતપોતાની શ્રદ્ધા અનુસાર અનેક પ્રકારના ઈષ્ટમંત્રોનું સાધન-ઉપાસના કરતા જોવામાં આવે છે. પણ એ મંત્રોપાસના દ્વારા સાધકોની ઈચ્છાનુસાર નિશ્ચિત સમયમાં ઈચ્છેલ ફળ પ્રાપ્ત થયેલું જોવામાં આવતું નથી. તેથી સાધકની શ્રદ્ધા અને ઉત્સાહ દિનપ્રતિદિન અધિકાધિક દૃઢ અને તીવ્ર થવાને બદલે મંદ થતો જાય છે. એ સ્થિતિમાં કેટલાક સાધકો તો નિરાશ અને નિરુત્સાહ બનીને સાધન છોડી દે છે. અને વળી કોઈ સાધક જેમ તેમ દીર્ઘકાલ અથવા જીવન સુધી સાધન કરતા રહે છે. પછી ભલે

તેને ફળપ્રાપ્તિ અલ્પાંશ મળે અથવા કંઈપણ ન મળે તે તરફ લક્ષ આપતા નથી. જો કોઈ પણ મંત્રથી અલ્પકાળમાં સાધકને ફળ સિદ્ધિનો કંઈપણ અનુભવ થવા લાગે તો તેટલાથી જ તેની શ્રદ્ધા દૃઢ અને ઉત્સાહ તીવ્ર થઈને તે દિનપ્રતિદિન અધિકાધિક દૃઢતાથી ઉત્સાહપૂર્વક મંત્રસાધનામાં અગ્રસર થાય. એ માટે આ સ્થળે એક અનુભવસિદ્ધ મંત્ર તથા તેના સાધનની વિધિ લખવામાં આવે છે. એ સાધનથી સાધકોને અલ્પ સમયમાં જ મંત્રસિદ્ધિ થવાનો અનુભવ થઈને તેમની શ્રદ્ધા અને વિશ્વાસ દૃઢ થશે. આ સાધન હંમેશાં ચાલુ રાખવાથી સાધકને પૂર્ણ રૂપે સિદ્ધિ પ્રાપ્ત થઈને તે કૃતાર્થ થશે. તેનું જીવન સફળ થશે. એ મંત્ર એટલે પ્રણવ (ॐ) સહિત માયા બીજ હ્રીँ એ છે. એ મંત્ર એવો છે કે જેના અનુષ્ઠાનથી પૂર્વકાળમાં અનેક સાધકો સિદ્ધિ પ્રાપ્ત કરી ચૂકયા છે. અને વર્તમાન-કાળે પણ જે સાધક-મહાપુરુષો એનું મહત્ત્વ અને રહસ્ય જાણે છે તેને સિદ્ધિ પ્રાપ્ત થઈ છે. નાસિકમાં એક મહાપુરુષે એ બીજમંત્રનો વિધિપૂર્વક જપ કરવાથી તેઓ જ્ઞાનસહ સમાધિ-સિદ્ધ મહાત્મા થયા હતા. તેઓ અનેકના વ્યાધિઓ મટાડતા હતા, અને તેને વચનસિદ્ધિ વરી હતી. તેમણે નાસિકમાં એક મહાવિદ્યાલય પણ સ્થાપ્યું હતું, અને ત્યાંથી અનેક સાધકો એ બીજમંત્રનો જપ કરી સિદ્ધ થયા છે. એ બીજમંત્રમાં એવી અલૌકિક શક્તિ છે કે સાધક એનું અનુષ્ઠાન-સિદ્ધ થવાથી અસાધ્યને સાધ્ય અને દુર્લભને સુલભ કરી શકે છે. આ ગુપ્ત બીજમંત્ર સર્વ પ્રકારથી ઇચ્છાઓ પરિપૂર્ણ કરે એવો છે એ મંત્ર ચિંતામણિ સમાન ફળદાયક અને શક્તિશાળી છે.

સાધન વિધિ

કોઈ એક એકાન્ત અને પવિત્ર સ્થાન કે જ્યાં પોતાનો (સાધકનો) શબ્દ કોઈ સાંભળી શકે નહિ, તેવા સ્થાનમાં સરળતાથી બેસી શકાય એવા કોઈ આસને બેસીને, આ ૐ હ્રીઁ મંત્રનો મધ્યમ સ્વરથી જપ કરવો. મંત્રનો ઉચ્ચાર સ્પષ્ટ અને દીર્ઘ કરવો જોઈએ. જો ઉચ્ચાર બરાબર નહિ થાય તો ફળસિદ્ધિમાં પણ ન્યૂનતા રહેશે. ૐ હ્રીં બોલ્યા પછી છેવટે નમઃ શબ્દ બોલવો. એની જપ સંખ્યા આઠ લાખ છે. નિત્ય પ્રાતઃ અને સાયંકાલ બંને સમય અઢી અઢી હજાર જપ કરવાથી પાંચ મહિના અને દસ દિવસમાં આઠ લાખ જપ પૂરા થાય છે. એક માળા (૧૦૮) જપ કરવામાં ત્રણ મિનિટ લાગે છે, અર્થાત્ અઢી હજાર જપ કરવામાં સવા કલાક વખત લાગે છે. મંત્રોચ્ચારનો ધ્વનિ શરૂમાં કાન દ્વારા સાંભળવો અને સર્વ લક્ષ્ય તેના પર જ લગાડવું જોઈએ. અને મન, વાણી તથા કાન એ ત્રણે તેલધારાની જેમ એક રૂપ અખંડ બંધાઈ જવાં જોઈએ. તે પછી યમનિયમોનું પાલન કરીને એક પણ દિવસ ખંડિત કર્યા સિવાય મંત્રનું અનુષ્ઠાન કરવામાં આવશે, તો ઉપરોક્ત સમયમાં અને ઉપર લખેલી સંખ્યામાં જપ પૂરા થતાં પૂર્ણ સિદ્ધિ લાભ થાય છે. તેમ છતાં સાધકની યોગ્યતા અનુસાર તેના પહેલા ન્યૂનાધિક પ્રમાણમાં ફળસિદ્ધિનો અનુભવ થવા લાગે છે. એ અનુભવ સંબંધી જે કાંઈ બને તે અતિ ગુપ્ત રાખવું જોઈએ. તે કોઈને પણ કહેવું નહિ. તેમજ એ માટે મનમાં અભિમાન થવા દેવું નહિ.

સાધન માટે એક સાધકને બદલે સમાન યોગ્યતાવાળા બે સાધકો એક સાથે બેસીને બન્ને એક સ્વરથી જપ કરશે તો તેથી વળી એક વિશિષ્ટ પ્રકારનો અપૂર્વ અનુભવ થશે. તે તો માત્ર તે સાધકો જ જાણી શકાશે.

એ ઉપરાંત એના સાધનથી કેવળ લૌકિક અથવા વ્યવહારિક સિદ્ધિનો જ લાભ નહિ પણ જે અનુષ્ઠાનથી અનેક કષ્ટ સહન કરવા છતાં સિદ્ધિ પ્રાપ્ત થવી કઠિન હોય છે, તે સિદ્ધિ આ સાધનથી સહજમાં પ્રાપ્ત થાય છે. કષ્ટ સાધ્ય યૌગિક સિદ્ધિ કોઈ પણ કષ્ટ સહન કર્યા સિવાય, આ સાધનથી સિદ્ધ થાય છે. યોગ સાધનામાં મુખ્ય મનાયેલું સૂર્યચક્ર વેધ, તેનો વિકાસ અને કુંડલિની જાગૃત કરવાની ક્રિયા પણ આ સાધનથી સિદ્ધ થાય છે. આ કાંઈ નામ માત્રની શાસ્ત્રીય રુચિકર ફલશ્રુતિ નથી, પણ ગુપ્ત કરતાં પણ અતિ ગુપ્ત, અતિ રહસ્યપૂર્ણ, અનુભવ-સિદ્ધ વિષય છે. એ કેવલ જિજ્ઞાસુઓના હિતને માટે જ અત્રે પ્રગટ કરવામાં આવેલ છે. ઉપરોક્ત હ્રીઁ મંત્રના સાધન સંબંધી વિશેષ વિધિ-વિજ્ઞાન.

'ૐ હ્રીઁ નમઃ' એ મહામંત્રનો નિત્ય જપ કરતી વખતે "હું પરમાત્મા સમ આત્મા છું" એ તત્ત્વ વિચારવું. 'ૐ હ્રીઁ' એ નામ-બીજ, એ જ મહામંત્ર અને એ જ મહામંત્રમાં કેટલાંય સુખનો સાર ભરેલો છે. ૐ એ શબ્દ પ્રણવમંત્ર છે. ૐ હ્રીઁ એ બીજમંત્ર પ્રત્યેક ધર્મમાં છે. ૐ હ્રીઁ એ મંત્રનો ઉચ્ચાર કરવાનો સર્વ મનુષ્યોને હક્ક છે. એ જ નામ મંત્ર 'નરને નારાયણ' બનાવવા મહા સમર્થ છે. ૐ મંત્રમાંનો

'અ'–એ માત્રા જાગૃતિ અવસ્થામાં રહેલા ભ્રામક જગતનો આધારભૂત એવું જે સતત્ત્વ તેનો એટલે આત્મારામનો વ્યાપક છે. 'ઉ' એ માત્રા સ્વપ્નાવસ્થાની માનસિક સંસારનો વ્યાપક છે. અને 'મ્' એ માત્રા ગાઢ નિદ્રામાંના અવિજ્ઞાન સંસારના આધારભૂત ચૈતન્યનો દ્યોતક છે. એટલે જાગૃતિ, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણે અવસ્થાનો આધાર કિંવા સાક્ષી એવો જે નિત્ય શાશ્વત અને અવિનાશી સ્વતત્ત્વ, તેનો એ વાચક અને તે જ પોતાનું સ્વ–સ્વરૂપ છે. હ્રીંકાર સંબંધી આધાર વચન નીચે લખ્યું છેઃ

સાધકે : ॐ હ્રીઁ નમઃ એ મંત્રનું અધ્યયન અને સંકલ્પ પ્રમાણે અનુષ્ઠાન-ઉપાસના કરનાર પુરુષ આ નશ્વર જગતમાં પારસમણિ રૂપ સાધક બનીને દીર્ઘાયુષ્ય થાય છે. આ વિદ્યા સાધકને આર્થિક અને નૈતિક તેમજ તેની ધાર્મિક વૃત્તિને ઉચ્ચ દશામાં પહોંચાડનાર તેમજ સ્વાર્થ અને પરમાર્થ તત્ત્વનો લાભ કરાવીને માનવદેહને સચ્ચિદાનંદ સ્વરૂપ બનાવનાર છે. "ॐ" એ મંત્ર પ્રાણીમાત્રના વ્યાધિ, શોક, ભય, ચિંતા આદિ માનસિક વિકારોને દૂર કરે છે. એટલું જ નહિ, પણ આત્મિક શક્તિનો સારો એવો વિકાસ થાય છે. એ સાધકની આત્મશક્તિ એટલી ખીલે છે કે તેના માત્ર આશીર્વાદથી, કૃપાદૃષ્ટિથી કે હસ્તસ્પર્શથી ગમે તે મનુષ્યનાં મહાન્ શારીરિક, માનસિક દુઃખોનું નિવારણ થાય છે. એવા સાધક સમક્ષ ઋદ્ધિ–સિદ્ધિ હાથ જોડીને સર્વ તત્પર રહે છે. આ બધો પ્રભાવ ॐ મંત્રનો ઉચ્ચાર કરવાનો છે.

"ૐ હ્રીઁનો ધ્યાન પ્રયોગ"

ૐ હ્રીઁ નમઃ એ બીજમંત્રની જે રાત્રિએ સિદ્ધિ કરવી હોય તે રાત્રિએ પ્રથમ નિર્મળ અંતઃકરણથી અને શુદ્ધ ભાવથી ધ્યાન કરવું તે નીચે પ્રમાણે છે.

"ૐ" સચ્ચિદાનંદ પ્રભો ! તમને મારા અનન્ય ભાવે નમસ્કાર હો. હે દીનદયાળ પ્રભો ! હે ભક્તવત્સલ, દયાસાગર, હે વિશ્વપ્રતિપાલ, અશરણ શરણદાતા, મારા તમને કોટી કોટી પ્રણામ છે. તમારા અનુગ્રહથીજ આ મહામંત્રની સિદ્ધિ મેળવવાનો પ્રયત્ન કરું છું. સદ્‌ભાવનાપૂર્વક લોકોપયોગ અને પરોપકાર દ્વારા એ વિદ્યાનો હું સદ્‌વ્યય કરીશ, તમારા અખંડ આશ્રયની સદ્ ઇચ્છા છે તે પૂર્ણ કરવા માટે તમે જ એક સમર્થ છો. હું તમારું સતત સ્મરણ કરું એવી શક્તિ અને ભક્તિ અર્પણ કરશો. ધ્યાનમાં, મનમાં, આસનમાં, શયન, ભોજન, જાગૃતિ, સ્વપ્નમાં તમારા નામનું સતત્ સ્મરણ રટણ ચાલુ રહે એવો આપ મારા પર અનુગ્રહ કરશો. મારી સર્વ શુભેચ્છાઓ આપની કૃપા વડે પૂર્ણ બનો. હું અધિકાધિક સત્ત્વશીલ અને સત્કર્મશીલ બનું એવું બળ હે પ્રભો મને તમે આપજો. તમારી કૃપા દૃષ્ટિ વડે મારા શુભ મનોરથો સફળ થાઓ.

(બીજમંત્ર) ૐ હ્રીઁ નમઃ

ૐ હ્રીઁ નમઃ આ બીજમંત્રની સશાસ્ત્ર ઉચ્ચાર પદ્ધતિ પ્રત્યેક સાધકને સમજાય તે માટે યથામતિ લખવામાં આવે છે.

તે સાધકે લક્ષ્યપૂર્વક વાંચવાથી તેમાંનું રહસ્ય સત્ત્વ સમજાશે. ઓ + મ્ મળીને ૐ એ પ્રણવ અક્ષર બન્યો છે. ર્ + હી + મ્ એ ત્રણ અક્ષર મળીને હ્રીઁ એ શક્તિ બીજાક્ષર બન્યો છે.

તેથી પ્રથમ ૐ અક્ષરનો ઉચ્ચાર કરીને મોઢું બંધ કરવું. અર્થાત્ "મ્" એ શેષ અક્ષરનો અંતિમ ધ્વનિ મસ્તક પર ચઢાવતી વખતે રણકાર જેવો નાદ ઉત્પન્ન કરવો. અર્થાત્ ઉડતા ભ્રમરાના નાદ જેવો (ગુંજારવ) મસ્તકમાં નાદ ઉત્પન્ન કરવાથી તે નાદ દીર્ઘ સ્વર વડે શ્વાસ પૂરો થાય ત્યાં સુધી લંબાવવો. તેમ કરવાથી ૐ અક્ષરની ઉચ્ચાર પદ્ધતિ સશાસ્ત્ર અને પદ્ધતિસર થાય છે. ૐના ઉચ્ચારણની જેમ હ્રીઁ એ અક્ષરનો ઉચ્ચાર કરવો. પરંતુ હ્રીઁ અક્ષરનો શ્વાસ પૂરો થતાં જ નમઃ શબ્દનો ઉચ્ચાર કરી શ્વાસ પૂરો કરવો.

આ પ્રમાણે ૐ હ્રીઁ નમઃ એ મંત્રનો ઉચ્ચાર કરવાથી તે સશાસ્ત્ર પદ્ધતિએ થાય છે. જેથી સાધકમાં ચૈતન્યશક્તિ ઉત્પન્ન થાય છે.

જો સાધકે સૂર્યભેદ ક્રિયાનો અભ્યાસ કરીને ૧૫–૨૦ સેકંડ સુધી શ્વાસ નિરોધ કરવાની ટેવ પાડી હોય તો તેણે એક જ શ્વાસ લેવામાં 'ૐ હ્રીઁ નમઃ' એ આખો મંત્ર બોલવો.

વ્યાખ્યા : ૐ એ અક્ષરનો ધ્વનિ દીર્ઘ સ્વરથી મસ્તક પર ચઢાવીને ત્યાં ગુંજારવ નાદ ઉત્પન્ન કરવાનું કારણ શું?

કારણ એ જ છે કે :–મનુષ્યના મસ્તકને જ બ્રહ્માંડની ઉપમા આપી છે. અને તે જ બ્રહ્માંડમાં ૐ સચ્ચિદાનંદ સ્વરૂપ આત્માનો

વાસ માનવામાં આવે છે. મંત્રોચ્ચાર કરતી વખતે ગુંજારવ (રણકાર) ધ્વનિ મસ્તક પર ચઢવાથી બ્રહ્માંડવેધ થાય છે. બ્રહ્માંડવેધ થવાથી આત્મામાં જાગૃતિ ઉત્પન્ન થાય છે.

તેથી મંત્રોચ્ચાર કરનાર સાધકમાં ચૈતન્યશક્તિ ઉત્પન્ન થાય છે. ગારુડી લોકોના મોરલી નાદથી નાગ-સર્પ જેમ જાગૃત થઈ તેને વશ થાય છે તે પ્રમાણે જ સાધકના ગુંજારવ નાદથી મંત્રદેવતા મોહિત થઈને સાધકના જે મનોરથ હોય તે પરિપૂર્ણ કરે છે.

સાધકને જે દિવસે મંત્ર સિદ્ધ કરવાનું તીવ્ર મન થાય તે જ દિવસે અનુકૂળ યોગ સમજી, તીવ્ર ભાવના દ્વારા મંત્ર જપ કરવા. ૩-૪ કલાક મંત્ર જપ કરવાથી મંત્રસિદ્ધિ પ્રાપ્ત થાય છે. એ નિશ્ચયપૂર્વક જાણવું.

શારીરિક કે માનસિક વ્યગ્રતા થાય તેવી કોઈ ઉપાધિ રાખવી નહિ. સ્થળ એકાંત હોવું જોઈએ એકાંત સ્થાનમાં રાત્રિના સમયે ઊનના આસન પર પૂર્વ તથા ઉત્તર દિશા તરફ મુખ કરીને બેસવું અને પ્રથમ બતાવેલ ધ્યાન પ્રયોગ કરીને સત્ સંકલ્પપૂર્વક શુદ્ધ ભાવથી 'ૐ હ્રીઁ નમઃ' એ કલ્યાણમય શક્તિ બીજમંત્રનો (૧૦૮) વખત અથવા જેટલો વધારે સંખ્યામાં જપ થાય તો સારુ. વધારેમાં વધારે ૧૦૦૮ વખત જપ કરવાથી અતિ હિતકારી છે મંત્ર જપ કરવા માટે હાથમાં માળા વગેરે કંઈ લેવું નહિ. કારણ કે માળા ફેરવતાં મનની એકાગ્રતાનો ભંગ થાય છે. માટે એકાગ્રતાપૂર્વક ૩-૪ કલાક જપ કરવાથી કાર્ય સિદ્ધ થાય છે.

આ પવિત્ર વિદ્યા દ્વારા સાધકને કોઈ પ્રકારની હાનિ કે વિપરીત પરિણામ થશે નહિ. આ વિદ્યાનું સાધન પ્રત્યેક જ્ઞાતિનો મનુષ્ય, પ્રત્યેક ધર્મનો મનુષ્ય, અને સ્ત્રી–પુરુષ વગેરે સર્વ કરી શકે છે. આ પવિત્ર વિદ્યા સ્વ અને પરનું કલ્યાણ કરવાનું સાધનદ્વાર છે એમાં લેશ પણ સંશય નથી. પ્રાચીન ઋષિ-મુનિઓની એ સાધ્ય વિદ્યા છે, અને એ વિદ્યા વડે જ તેઓ સિદ્ધ મહાત્મા થયા હતા.

નિત્યનો કાર્યક્રમ

મંત્રજપ કરતી વખતે મંત્રનો ઉચ્ચાર બીજા મનુષ્યના સાંભળવામાં ન આવે અને સાધક પોતે જ તે સાંભળી શકે એવી પદ્ધતિથી કરવો. મોટેથી બોલીને કે મનમાં ને મનમાં મંત્ર જપ કરવો નહિ મંત્ર સિદ્ધિ પ્રાપ્ત કર્યા પછી દરરોજ વ્યવહારિક કામકાજ કરતી વખતે મંત્ર ઉચ્ચારણ કરવાની ટેવ પાડવાથી થોડા દિવસમાં જ મંત્રમાં શક્તિ આવે છે. એ જ નિયમ પ્રમાણે મંત્રજપ ચાલુ રહેવાથી થોડા દિવસમાં જ આપોઆપ સવા લક્ષ જપ સંખ્યાનું પુરશ્ચરણ થાય છે. પુરશ્ચરણ કરનારને વાક્‌સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આ પ્રમાણે હંમેશાં, હરપળ મંત્રજપ કરનારને માટે કોઈ પ્રકારની બીજી વિધિની જરૂર રહેતી નથી. જ્યારે ઇચ્છા હોય તે વખતે નિર્મળ મન વડે શુદ્ધ ભક્તિભાવથી મંત્રોચ્ચાર કરતા રહેવું જોઈએ. આ પ્રમાણે મંત્રોચ્ચાર થતાં થતાં શ્રીમંત માનવની જેમ કરોડો મંત્રજપનો ખજાનો સાધક પાસે તૈયાર થશે અને જે વખતે જે કાર્ય કરવાની તેને ઇચ્છા થશે તે તત્કાળ ફળદાયક થશે.

થશે. પરંતુ મંત્રજપની સંખ્યા અલ્પ હશે, તો કોઈ મોટું કાર્ય ન કરતાં મંત્રની શક્તિ પ્રમાણે જ કાર્ય કરવું.

મંત્રવિદ્યા સંબંધી બે બોલ

"ૐ હ્રીઁ નમઃ" આ મંત્ર માટે પૂરો પરિશ્રમ કર્યા પછી તેનાં ફળ ગમે ત્યારે અથવા બીજે જન્મે મળે એવું અહીં ઉધાર ખાતું નથી. આ મંત્રવિદ્યા તો "રોકડ"નો વ્યાપાર છે. એના અનુષ્ઠાનથી રુચિકર ફળ મહિના, પંદર દિવસમાં જ ચાખવા મળે છે. પ્રયત્ન કર્યા પછી સાધકનો પરિશ્રમ નિષ્ફળ નહિ જાય, એ નિઃસંદેહ વાત છે પરંતુ સાધન વિધિયુક્ત નિયમસર થવું જોઈએ. આ વિદ્યાથી રોગ ચિકિત્સા (મંત્ર સિદ્ધ થયાનો અનુભવ લીધા પછી) કરવાથી બરાબર યશ મળશે.

જેમ, જેમ મંત્રજપની સંખ્યા વધતી જશે, તેમ, તેમ સાધકમાં દિવ્ય શક્તિ ઉત્પન્ન થશે. અને સાધકને હાથે મોટાં મોટાં કઠિન કાર્ય સાધ્ય થશે. અને હવે પછી જે માહિતી લખી છે, તે માર્ગે જવાથી કોઈ પણ કાર્યમાં અપયશ મળશે નહિ. આ વિદ્યાનો અનુભવ સન્ ૧૯૧૫ થી ૧૯૩૭ સુધીમાં ૩-૪ હજાર સાધકોએ નાસિકમાં લઈ યશ પ્રાપ્ત કર્યો હતો. સંસારમાં રહેવા છતાં પણ આ મહાવિદ્યાના સામર્થ્ય વડે કોઈ પણ પ્રકારની ઇચ્છા પૂર્ણ કરવી હોય તો આ મહાવિદ્યા જેવું પવિત્ર અને સરળ સાધન બીજું કોઈ નથી. પરંતુ સાધકને મુખ્યત્વે કરીને કહેવાનું એ જ છે કે

મંત્રસિદ્ધિ મેળવ્યા પછી મહિના-પંદર દિવસમાં જ કેટલાક પ્રયોગોમાં તેના પર મંત્રશક્તિનો અનુભવ લેવા માટે પ્રયોગ કરવા. એટલે હંમેશાનો અભ્યાસ અને અભ્યાસની વખતોવખત અનુભવથી તુલના કરવી. ઉદાહરણાર્થ: કસરતના અખાડામાં જે, જે બાળકો અને મનુષ્યો આવે છે તે એકબીજા સાથે કુસ્તીઓ કરે છે. તેથી તેમની શકિત વૃદ્ધિ પામે છે. અને જે, જે સ્થળે કુસ્તીની શરતો થાય છે, તે, તે સ્થળે તેઓ પોતાના સામા પક્ષવાળા સાથે કુસ્તી કરી યશ મેળવે છે. એ પ્રમાણે જ અભ્યાસ અને અનુભવ દ્વારા સાધક સામર્થ્યવાન બને છે. એમ નહિ કરતાં તે સાધક ફક્ત મંત્રજપ દ્વારા નિત્ય કર્મ કરીને ૧૦-૫ મહાપુરશ્ચરણની સાધ્યતા કરશે અને કવચિત્ પ્રસંગે એકાદ કાર્ય માટે પ્રયોગ કરવાનું મન થયા છતાં તે કરશે તો તેને અકલ્પિત ફળ પ્રાપ્ત થશે નહિ. કારણ કે તેણે કોઈ દિવસ કોઈ પ્રયોગ કર્યો નથી અને તેના કાર્ય માટે તેને બેદરકારી હોય છે. એવા કાર્ય માટે તો સાધકે પુરશ્ચરણ કર્યા પછી પરોપકારાર્થે કેટલાક પ્રયોગો કરવાની ટેવ (અભ્યાસ) અને ઉત્સાહ રાખવો જોઈએ. ત્યારે જ સાધકને ખાત્રીપૂર્વક યશ મળશે. અને ત્યારેજ સાધકોની ખાત્રી થશે કે આ વિદ્યાનો પરિચય આપીને સાચેસાચ પરમાર્થનો પંથ વિદિત કર્યો છે. એક મહાત્માએ આ વિદ્યાને અનુભવસિદ્ધ કરીને જનસમાજના કલ્યાણ માટે પ્રસિદ્ધ કરેલ છે. એ અનુભવસિદ્ધ પ્રયોગનો અનુભવ અને વિવેક બુદ્ધિ દ્વારા કરવાથી નિત્ય નિયમિત અભ્યાસ કરવાથી એ મંત્રમાં રહેલી ચૈતન્ય-શક્તિનો પ્રત્યેક સાધકને અનુભવ થશે, અર્થાત્ એક મહિનામાં ત્રણ વખત જ

એ વિદ્યાની સત્યતા જણાશે. અનુભવ કર્યા પછી આ વિદ્યા સાચી ઠરે એટલે ભવિષ્યમાં વિશુદ્ધ રીતે આ વિદ્યાનું અધિકાધિક સામર્થ્ય પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરવાની ઇચ્છા થશે. અને જેમ, જેમ પુરશ્ચરણ (અમુક મંત્રના સકામ જપ) વધારે થશે તેમ, તેમ સાધકમાં દિવ્ય સામર્થ્ય વૃદ્ધિ પામશે. જેમ, જેમ દિવ્ય સામર્થ્ય વૃદ્ધિ પામશે તેમ, તેમ તે સાધક મોટાં મોટાં અસાધ્ય અને અતિ કઠિન જણાતાં કાર્ય સહજમાં પૂર્ણ કરી શકશે.

આત્મવિશ્વાસ

આ વિદ્યા સાધ્ય કરવા માટે સાધકનો પૂર્ણ આત્મ-વિશ્વાસ હોવો જોઇએ. દૃઢ શ્રદ્ધા હોવી જોઇએ. એ જ વિદ્યાનું મુખ્ય તત્ત્વ છે. જેના અંતરમાં દૃઢ વિશ્વાસ હશે, તેને જ ફળ પ્રાપ્તિ થાય છે. "સંશયાત્મા વિનશ્યતિ" એ ગીતા વચન પ્રસિદ્ધ જ છે. કોઈ પણ રોગનો રોગી સમક્ષ આવતાં જ પ્રથમ તેના રોગની માહિતી મેળવવી, ત્યાર પછી તે રોગની પ્રબળતા કેટલે દરજ્જે વધેલી છે. અને પ્રયોગબળથી તે રોગ એક જ પ્રયોગબળથી નિર્મૂળ કરી શકાશે કે કેમ ? કિંવા ૨–૪ વખત પ્રયોગ કરવાથી થશે, ૪–૮ દિવસ પ્રયોગ કર્યાથી આરામ થશે. એ સંબંધી સાધકે પોતાના મનમાં અનુમાનપૂર્વક વિચાર કરવો, તે પછી પોતાનો વિચાર રોગીને જણાવવો. રોગી સાથે વાતચીત કરતી વખતે શાંતિથી સુમિષ્ટ વચન બોલવાં. એવાં સુમધુર વચન આશાજનક સંભાષણથી રોગીના મન પર સાધકની વિદ્યાનું ઘણું સારું પરિણામ આવે છે. તેમજ સાધક ઉપર તેની શ્રદ્ધા વૃદ્ધિ પામે છે. સત્ય એ છે કે, એવી

સુમિષ્ટ મધુર ભાષા બોલવાની સાધકોએ ટેવ રાખવી જોઈએ. આપણી કલ્પના તે જ રોગીની ભાવના અને આપણા જે વિચાર તે જ રોગીના પણ હોવા જોઈએ. તે માટે ઉભય પક્ષે એકચિત્ત થવું, તેને તાદાત્મ્યતા કહે છે. જ્યાં એવી તાદાત્મ્યતા હશે, ત્યાં કાર્યમાં સિદ્ધિ-સત્વર સફળ થશે. આ વિદ્યાનો એવો શ્રેષ્ઠ ગુણ ધર્મ છે. અને એ જ તત્ત્વાનુરોધ વડે પ્રત્યેક કાર્યમાં સફળતા પ્રાપ્ત થશે.

આ મહા વિદ્યા એક મહાત્માએ એક શિષ્ય સાધકને શિખવ્યાથી તેણે સાધનના બીજે જ દિવસે આધાશીશીના કેટલાક રોગીને ૨-૩ મિનિટમાં જ આરામ કર્યો હતો. ૮-૧૦ દિવસના સાધન પછી તે શિષ્યે-સાધકે જેમ, જેમ સાધના મંત્રજપમાં વધારો કર્યો, તેમ, તેમ ભલભલા રોગ અને ભલભલા કઠિન કાર્યમાં સંપૂર્ણ યશ પ્રાપ્ત થયો. રોગીઓમાં પુરુષો ઉપરાંત ઋતુવતી અથવા સુવાવડી અથવા સૂતકી સ્ત્રીઓનો રોગ જડમૂળથી દૂર થયા છે. એ વિદ્યાનો પ્રયોગ કરવા માટે સમય, નક્ષત્ર, શુભાશુભ યોગ, વ્રત, ઉપવાસ, કરવાની આવશ્યકતા નથી. એ વિદ્યામાં અન્ય (બીજું) પથ્ય બિલકુલ નથી. બને તેટલા પ્રમાણમાં આત્મશાન્તિનું કાર્ય ધર્માર્થે કરવું જોઈએ. કોઈ પણ સાધક પાસે એવું કોઈ પણ કામ આવે, તો તેમાં સફળતા મેળવવા માટે જરા પણ શંકા રાખ્યા વગર પ્રયોગ કરવો જોઈએ. સદૈવ આત્મભાવના રાખવાથી કોઈ પણ કાર્યમાં અપયશ મળવાનો સંભવ રહેતો નથી. માટે જ સાધકે આ મંત્રવિદ્યા પ્રત્યે સંપૂર્ણ વિશ્વાસ, દૃઢ શ્રદ્ધા રાખીને તેનું અનુષ્ઠાન કરવું, એ જ કલ્યાણનો માર્ગ છે.

એક વખત એક પેન્સનર અમલદારની ૩૫-૪૦ વર્ષની પુત્રીને ૬-૭ મહિનાથી સખત તાવ અને માથું દુઃખવાનો રોગ થયો હતો. ઘણી, ઘણી દવાઓ કરવા છતાં તે મટતો ન હતો. ઈષ્ટ મંત્ર દ્વારા અને પોતાની પ્રાણશક્તિ દ્વારા એક મહામાનવે તેનું મસ્તક પકડી તેમ જ તેના હાથ પકડી બે દિવસ પોતાની પ્રાણશક્તિનો પ્રવાહ વહન કર્યો કે તુરત જ તેનો તાવ અને માથું દુઃખતું તદ્દન બંધ થયું અને તેને આરામ થયો. પુનઃ તેને એ વ્યાધિ થયો જ નહિ. તે ઉપરાંત તે જ અમલદારના યુવાન પુત્રને સવારે ૧૦૩-૪ ડિગ્રી તાવ આવ્યો. સાયંકાલે તે જ માનવે તેનો હાથ પકડી તેનામાં પોતાની પ્રાણશક્તિનો સંચાર કર્યો, તે જ ક્ષણે તેનો તાવ ૯૯ ડિગ્રી થઈ ગયો. પછી બરડાની કરોડના ષટ્ચક્રમાં જે સ્થળે વિકાર હતો ત્યાં પ્રાણશક્તિનો સંચાર કર્યો. જેથી તેની કમ્મરનું દર્દ બંધ થયું. તેનાથી ઊઠી બેસી શકાતું ન હતું. તેને આરામ થયો. અને પરીક્ષા આપવા ગયો! આ મંત્ર અને પ્રાણશક્તિનો અદ્દ્ભુત ચમત્કાર જોઈને સર્વજનો આશ્ચર્ય પામ્યા.

૫
પ્રકરણ
શબ્દ શક્તિનું સામર્થ્ય

યોગમાર્ગ દ્વારા જે મનુષ્યે શબ્દશક્તિનો વિકાસ કર્યો છે તે જ જાણે છે કે શબ્દમાં વાસ્તવિક કેટલી શક્તિ છે. ખરી રીતે તો શબ્દોમાં એક એવી ગુપ્ત શક્તિ છુપાઈ રહેલી છે,

કે:—જેના દ્વારા માનવ પોતાનું સર્જન કરી શકે છે. અદૃશ્ય વસ્તુને દૃશ્ય કરી શકે છે. સૂક્ષ્મ વસ્તુને સ્થૂળમાં પ્રગટ કરી શકે છે, અને અસાધ્યને સાધ્ય, દુર્લભને સુલભ, અસંભવને સંભવ કરી શકે છે. અતિ દૂરની વસ્તુને વિચલિત અને આકર્ષિત કરીને પોતાની સન્મુખ ઉપસ્થિત કરી શકે છે. અને એ જ સાધન દ્વારા તે દેવોને પણ વશ કરી શકે છે. પ્રાચીન સમયના મહાત્માઓ શબ્દશક્તિના અમોઘ બળને સંપૂર્ણપણે જાણતા હતા. તેમના શબ્દોમાં અદ્‌ભુત બળ હતું. તેમના એક, એક શબ્દમાં જાદુઈ તાકાત અને વિશિષ્ટ પ્રકારનું આકર્ષણ હતું. સર્વ શ્રોતાઓ દિગ્મૂઢ થઈ જતાં આધ્યાત્મિક ગુરુ બીજાના મનમાં એક પ્રકારના શક્તિશાળી શબ્દનું સૂચન કરે છે. પરિણામે સાંભળનાર તેનાં સૂચનોની અસર નીચે આવી જાય છે. દરેક બોલાયેલા શબ્દોમાં મહાન બળ છે. અહીં શબ્દશક્તિ નોંધો. જો કોઈ માણસને કોઈ 'સાલા', 'બદમાસ' કે 'મૂર્ખ' એમ કહે તો તરત જ તે ઉશ્કેરાઈ જશે. મારામારી શરૂ થઈ જશે. પણ તમે જો કોઈને 'મહાત્મા', 'મહાભાગ્યવાન' કે 'ભલાભાઈ' કહીને બોલાવશો તો તે તુરત જ પ્રસન્ન થઈ જશે. વિચારનો જેમ પ્રભાવ પડે છે તેમ શબ્દોની પણ અસર થાય છે માટે શબ્દ શક્તિનો પણ આપણે વિકાસ કરીને આત્મોથાન કરવું જોઈએ. દરેક મંત્રોમાં પણ શબ્દશક્તિનું બળ ઓત-પ્રોત ભરેલું છે. મંત્રો બે પ્રકારના છે: એક બીજ મંત્ર અને બીજા નામ મંત્ર; જેમ કે શ્રીં, હ્રીઁ, ક્લીં આદિ બીજ-મંત્રો છે, અને 'ૐ શાંતિ' 'ૐ મહાવીરાય નમ:' એ સર્વ નામ-મંત્રો છે. જો એ નામ-મંત્ર સાથે બીજ-મંત્રો જોડવામાં

આવે તો તે એથી પણ વિશેષ શક્તિશાળી અને શીઘ્ર ફળદાતા બને છે. બીજ અને નામ મંત્રનો પરસ્પર એવો સંબંધ છે કે જેમ અગ્નિમાં ઉષ્ણતા અને જળમાં શીતળતાનો હોય છે તેમ. અર્થાત્ શબ્દોમાં જે શક્તિ છે તે માત્ર તેના અર્થમાં જ સમાયેલી છે, પરંતુ જે ધ્વનિ પ્રધાન મંત્ર છે, તેના અર્થ જાણવામાં આવે કે ન આવે તો પણ જો તે મંત્રનો વારંવાર સતત ઉચ્ચાર કરવામાં આવે તો તેનો પ્રભાવ જપ કરનાર મનુષ્ય ઉપર અથવા જો કોઈ બીજાના ઉદ્દેશ માટે જપ કરવામાં આવે તો તેનો પ્રભાવ તેના ઉપર તેમજ આસપાસના વાતાવરણમાં થયા વગર કદી પણ રહેતો નથી. જો કોઈને એ સંબંધી અનુભવ લેવો હોય તો તે મનુષ્યે 'રં' એ બીજમંત્રનો કેટલાક દિવસ સતત 'અખંડ' ઉચ્ચારપૂર્વક જપ કરશે, તો તેના શરીરમાં ઉષ્ણતા 'ગરમી' વધેલી તેને જણાશે. તે જ પ્રમાણે 'સ' એ બીજમંત્રનો જપ કરવાથી તે મનુષ્યના શરીરમાં 'શીતળતા' (ઠંડક) થયેલી જણાશે, કોઈ પણ શબ્દનો એ સ્વરથી તાલબદ્ધ ઉચ્ચાર કરવામાં આવે તો તેનું અદ્ભુત પરિણામ આવે છે. એક પુસ્તકમાં વાંચવામાં આવેલ કે એક યુવાન સ્ત્રી ઘણીવાર સુધી હારમોનિયમ પર ત્રણચાર સ્વરો વારંવાર તાલબદ્ધ રીતે વગાડતી હતી. એનું પરિણામ એ આવ્યું કે તે યુવતી જે ઓરડામાં બેસીને વગાડતી હતી તે ઓરડાની છત ફાટી ગઈ! આ પ્રમાણે સાંભળવાપૂર્વક ઘણાં વર્ષ પૂર્વે ભરૂચના જૂના પુલ ઉપરથી મિલીટરીના સિપાઈઓને 'લેફ્ટરાઈટ' એમ તાલબદ્ધ ચાલવા દેતા નહોતા. કારણ કે એમ થવાથી પુલ તૂટી જવાનો સંભવ હતો.

એ જ રીતે આ મંત્રોનો દયનિપૂર્વક (સુંદર શબ્દમાં ધીમે) ધીમે, જપ કરવાથી તેના અર્થ અનુસાર લાભજનક પરિણામ થયા વિના રહેતું નથી, એ તદ્દન અનુભવપૂર્ણ સિદ્ધાંત છે. એક અથવા એકથી વિશેષ બીજમંત્રોના ઉચ્ચારથી કેટલાક મહાપુરુષોને દેવ-દેવીના આત્મસાક્ષાત્કાર-દર્શન થયાના અનેક દષ્ટાંતો સર્વના જાણવામાં છે. જેમ એક ' શ્રીં ' બીજમંત્રના વિધિપૂર્વક જપ કરનારને લક્ષ્મી પ્રાપ્ત થાય છે. ' હ્રીઁ ' બીજ-મંત્રના જપથી ઐશ્વર્ય પ્રાપ્તિ ' એ ' વાગ્બીજથી વાક્સિદ્ધિ, ' ગ્રહન્નિવારય, ' ' ગ્રહપીડાનિવારણ, ' ' વ્યાધિવિનાશન, ' રોગનો નાશ થાઓ, દુઃખહર, દુઃખહર, દરિદ્રનાશન, દેહપોષણ, ચિત્તં-તોષય, ચિત્તંતોષય, ચિત્ત પ્રસન્નતા વગેરે લાભજનક શબ્દોનો મંત્રરૂપે પ્રયોગ બતાવેલ જોવામાં આવે છે. અને તેનો વારંવાર ઉચ્ચાર કરવાથી તેના અર્થ અનુસાર પરિણામ પણ અવશ્ય આવે છે. પ્રાચીન કાળના પરમાર્થી પુરુષોએ એક એક બીજમંત્ર રચવામાં એવી ખૂબી કરેલ છે કે જેથી તે મંત્રના દેવતા જાગ્રત થાય છે અને તેના દર્શન પણ થાય છે. માત્ર થોડા દિવસ તે મંત્રોના જપ કરવા જોઈએ. એ પણ એક જાતનો માનસિક તપ છે. કષ્ટ વિના સુખ કયાં ? મંત્રજપથી ઈષ્ટદેવના દર્શન સહ મનોકામના પણ પૂર્ણ થાય છે. તેથી પોતાનું જીવન સુખ, શાન્તિમય અને સફળ બનાવવા માટે શબ્દશક્તિનું અમોઘ સાધન વિદ્યમાન હોવા છતાં પણ જો કોઈ માનવ-બંધુઓ સર્વપ્રકારે દીન અને ક્લેશમય અથવા દુઃખમય જીવન વ્યતિત કરતા હોય, તો તેમાં બીજા કોઈનો નહિ પણ તેમના જ અજ્ઞાન, આળસ અને બેદરકારીનો દોષ છે. યત્ન કરો અને

બીજમંત્રો સહિત તમારા ઈષ્ટદેવના નામના મંત્રના જપ કરો. એકલા બીજમંત્રોના જપથી પણ એટલો જ લાભ થશે. જો તમો સાધનનો અનુભવ લેવા ઇચ્છતા હો તો તમારી ઇચ્છા અને આવશ્યકતા અનુસાર શાંતિ, બળ સામર્થ્ય, ઉત્સાહ, ઐશ્વર્ય અને ધનસંપાદન આદિ કોઈપણ શબ્દ (મંત્ર)નો હંમેશાં વારંવાર જપ કરતાં રહો. દૃષ્ટાંત તરીકે તમારે જો શાંતિની ઇચ્છા હોય તો તમારે ચાલતાં, ફરતાં, ઊઠતાં, બેસતાં, સતત એ જ શબ્દનો વારંવાર ઉચ્ચાર કરવો જોઈએ. એની ધૂન લગાવવી જોઈએ, એ જ શબ્દ પર તમારું લક્ષ રહેવું જોઈએ, અને એ જ શબ્દ તમારા હૃદયમાં અંકિત કરી રાખવો જોઈએ. તમારા મનમાં ગમે તેટલી અશાંતિ અને ઉદ્વિગ્નતા હશે તો પણ એ શબ્દસાધનથી તમારા મનમાં સંપૂર્ણ અને અપૂર્વ શાંતિનો સંચાર થતો જાય છે એવો અનુભવ થશે. તમારા રોમેરોમમાં શાંતિનો પ્રબળ પ્રવાહ વહન થશે, એટલું જ નહિ; પણ તમારી ચારે દિશામાં બહુ દૂર સુધીનું વાતાવરણ પણ શાંતિમય બની જશે, અને તમે જ્યાં જશો ત્યાં શાંતિનો સંચાર થશે. એ જ રીતે ઉપરોક્ત શબ્દો (બીજમંત્રો)માંથી તમારી ઇચ્છાનુસાર કોઈપણ શબ્દના પ્રયોગથી તમારું જીવન સુખ, શાંતિ અને સફળ બનાવી શકશો, તેમ જ બીજા મિત્રો સગાં-સ્નેહીઓને લાભ પહોંચાડી શકશો.

જો ઉપર પ્રમાણે ભિન્નભિન્ન શબ્દોનો પ્રયોગ (ઉચ્ચાર) કરવાની ઉપાધિમાં પડવા માંગતા ન હો તો કેવળ માત્ર એક જ 'પરમાત્મા'નું નામ સ્મરણ કરો, પણ તે જ નામની વારંવાર

ધૂન લગાવવી જોઈએ. રોમેરોમમાં તે જ નામનું સ્મરણ થવું જોઈએ. અને તે જ નામરૂપી મંત્રમાં તન્મય, તદાકાર થઈ જવું જોઈએ. એમ કરવાથી પરમાત્મા સર્વ ગુણનો સાગર હોવાથી દીનબંધુ દીનાનાથ હોવાથી, તેના અનેક ગુણો તમારામાં અવિર્ભાવ થશે, અને તમારી સર્વ મનોકામનાઓ પૂર્ણ થશે, અને તમે કૃતાર્થ થશો. જમીનમાં અનાજ વાવવા માટે ખેડૂતો સારી જાતનુ બીજ વાવે છે. તેથી જ અન્ન ફળાદિ ઉગે છે. તેવી જ રીતે તમો પણ બીજમંત્રોનો પ્રયોગ કરો. થોડો પરિશ્રમ લઈને મંત્રજપ કરો અને સુખી બનો.

"ૐ શાન્તિ શાન્તિ શાન્તિઃ"

શાન્તિ એ તો સર્વ સ્થળે અને અમારા હૃદયમાં સદા મોજુદ જ હોય છે. આપણે તો તેને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા કરવી જોઈએ, તો તેનો ધીમે ધીમે અનુભવ આવવા લાગે છે. શાન્તિની ભાવના કરવાનો સમય પ્રાતઃકાળનો છે. ઉપરોક્ત મંત્રને બે ત્રણ વાર બોલવાથી સર્વ દિશાઓમાંથી શાંતિ આકર્ષાઈને સાધકની ચારે બાજુ છવાઈ જાય છે. સાધક પોતાને શાંતિના સાગરમાં ડૂબેલો જુએ છે. એ જ જપ કરવાનો સમય છે. એ સમયે માળા વડે અથવા માળા સિવાય, જેમ અનુકૂળતા હોય તેમ સાધકે આનંદયુક્ત મન વડે તથા કોમળ, મધુર ધ્વનિ વડે, (રાગ કાઢીને) ધીમે, ધીમે ઓમ્....ઓમ્....ઓમ્....નો જપ શરૂ કરવો જોઈએ. બહુ ઉતાવળે નહિ અને બહુ મંદ ગતિએ નહિ એવી મધ્યમ ગતિએ સુંદર કંઠ સ્વર વડે જપ કરવો જોઈએ. જપનો ઉચ્ચાર એવી રીતે કરવો કે તે પોતાના

કાન સાંભળી શકે અને બીજી રીત એવી છે કે હૃદયમાં જ મંત્રજપ કરવો. પોતાને જેમ અનુકૂળ આવે તેમ જપ કરવો જોઈએ. જપ કરતાં, કરતાં જ્યારે મુખ દ્વારા જપ કરવાથી શ્રમ જણાય, થાક લાગે અને મનમાં જપ કરવાની ઇચ્છા થાય ત્યારે માનસિક જપ કરવો જોઈએ. જીવનમાં માનવ અનેક વખત એવા સંકટોમાં સપડાઈ જાય છે કે તે વખતે શું કરવું તે તેને સૂઝતું નથી. એવે સમયે તેણે કેવળ મંત્રજપનો આશ્રય લેવો જોઈએ? તે વખતે મોટેથી ઉચ્ચાર કરીને જપ કરવો જોઈએ. રાતદિવસ જપ કરવો જોઈએ. ત્યારે તે જોઈ શકશે કે તેના સંકટોને દૂર કરવાનો માર્ગ પ્રકૃતિદેવીએ ખુલ્લો કરી દીધો છે. તેના સર્વ સંકટો એક પછી એક દૂર થઈ જશે અને સાધક અતિ આનંદપૂર્વક પોતાનું જીવન વ્યતિત કરી શકશે.

ત્રણ મહિના સુધી સતત નિરંતર ત્રણ કલાક સુધી પ્રાતઃકાળ અને ત્રણ કલાક સાયંકાળ અને ઉતાવળે, ઉતાવળે ઉચ્ચારણ કરતાં ૐકારનો જપ કરવાથી ગમે તેવી કઠિન વિપત્તિ હશે તો પણ તેનો નાશ થઈ જાય છે. અને મનુષ્યની મનોકામના પરિપૂર્ણ થાય છે. જલદી, જલદી (મોટેથી) શબ્દોચ્ચાર કરવાથી મન અહીંતહીં ભટકતું નથી તેથી તે જપમાં જ સંલગ્ન થાય છે. અરે! ઉપાસકનું મન તેથી એકાગ્ર થઈ જાય છે. સત્ય એ છે કે, એકાગ્રતા એ જ સમસ્ત સફળતાની ગુરુકુંચી છે. શાંત ચિત્તે એકાગ્રતાપૂર્વક મંત્રજપ કરવાથી જ ઈષ્ટ સિદ્ધિ થાય છે. શરૂઆતમાં મોટેથી બોલીને મંત્રજપ કર્યા પછી મનને હૃદયમાં એકાગ્ર કરીને પછી મનમાં જ મંત્રજપ કરવો જોઈએ.

મોટેથી બોલીને મંત્રજપ કરનારને વચનસિદ્ધિ પ્રાપ્ત થાય છે, અને મનમાં જપ કરનારને સંકલ્પશક્તિ પ્રાપ્ત થાય છે.

આ શબ્દશક્તિનું જે વર્ણન કરીએ તે થોડું છે. આ પ્રત્યક્ષ દેખાતો સર્વ પ્રપંચ પણ શબ્દશક્તિના આધારે જ ચાલી રહ્યો છે. સમગ્ર શાસ્ત્રો જે છે તે પણ પ્રભુ કથિત વાણી એટલે શબ્દો જ છે. જે વડે અસંખ્ય માનવો પોતાના આત્માનું હિત સાધી શકે છે. શાસ્ત્ર શ્રવણનું ફળ નીચે લખ્યાનુસાર છે:

'સવણે નાણેય વિન્નાણે, પચ્ચક્ખાણે ય સંજમે,
અણહએ તવે ચેવ, વોદાણે અકિરિયા સિદ્ધિ.'

સત્સંગના અને શાસ્ત્રશ્રવણના પ્રભાવ વડે જ્ઞાન થાય છે. તેથી વિજ્ઞાન થાય છે, વિજ્ઞાન થવાથી ત્યાગ કરવાની ભાવના પ્રગટે છે, ત્યાગથી મન તથા ઈન્દ્રિયોનો સંયમ થાય છે, સંયમથી આશ્રવનો[1] નિરોધ થાય છે, આશ્રવના નિરોધથી ઈચ્છા નિરોધ રૂપી તપ થાય છે. તપ વડે પૂર્વ કર્મની નિર્જરા થાય છે, યોગનો નિરોધ કરવાથી અક્રિયપણું પ્રાપ્ત થાય છે, અને ત્યાર પછી સિદ્ધિ એટલે મોક્ષ પ્રાપ્ત થાય છે. આ પ્રમાણે મહાપુરુષોના વચન સાંભળવાથી ઉપરોક્ત ગુણોની પ્રાપ્તિ સહ અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

તેના પર દષ્ટાંત–રાજગૃહી નગરીમાં શ્રેણીક નામે રાજા રાજ્ય કરતો હતો. તેના મંત્રીનું નામ અભયકુમાર હતું. તે નગરીમાં એક ચોર રહેતો હતો. તે ચોરને એક પુત્ર હતો, તેનું નામ

નોંધ: ૧. કર્મનું આવાગમન રોકાય છે–બંધ થાય છે.

રોહિણીયો ચોર હતું. બાપનો ધંધો તે પણ કરવા લાગ્યો. જ્યારે ચોરનો અંત સમય નજીક આવ્યો ત્યારે તેનો જીવ કેમેય કર્યો જાય નહિ. ત્યારે તેના પુત્રે પૂછયું કે, 'હે પિતાજી! આપનો જીવ શેમાં અટકે છે?'

તે ચોર બોલ્યો કે, 'તું એક પ્રતિજ્ઞા કરે તો મારો જીવ શાંતિથી પરભવમાં ગમન કરે.'

પુત્રે કહ્યું-'હું પ્રતિજ્ઞા કરવા તૈયાર છું.' તે સમયમાં પ્રભુ મહાવીરદેવ તે પ્રદેશમાં વિચરતા હતા અને વારંવાર રાજગૃહી નગરીમાં પણ આવતા હતા. ત્યાંનો રાજા તેમનો પરમ ભક્ત હતો. પ્રભુએ રાજગૃહી નગરીમાં ચૌદ ચતુર્માસ કરેલા હતા. મરણ પથારી પર પડેલા ચોરે પોતાના પુત્રને કહ્યું કે-'આ નગરમાં એક મુંડ (પ્રભુને ઉદ્દેશીને કહે છે) આવે છે તે મહાધૂર્ત છે. તેના કયારેય પણ તારે દર્શન કરવા નહિ એટલું જ નહિ પણ તેના વચન તારે ભૂલેચૂકે કયારેય પણ સાંભળવા નહિ. આ પ્રતિજ્ઞા તું કરે, તો મારો જીવ સુખે-સુખે ગમન કરે.'

પ્રિય વાચક! તું વિચારજે કે સંસારાસક્ત માનવી અંત સમયે પણ આસક્તિથી મુક્ત થઈ શકતો નથી, એટલું જ નહિ, પણ મરતાં, મરતાં પુત્રને શિક્ષણ પણ આસક્ત ભાવનું આપીને ધન્યતા અનુભવે છે. એ પામરની પામરતા પર તું વિચાર કરીને સદા સર્વદા આસક્ત ભાવથી દૂર રહેજે. પિતાના કહેવાથી અબોધ પુત્રે તેના કહેવા પ્રમાણે પ્રતિજ્ઞા કરી. એકદા પ્રસ્તાવે પ્રભુ મહાવીરદેવ રાજગૃહીમાં પધાર્યા અને તેઓ જનતાને ધર્મ ઉપદેશ આપી રહ્યા હતા. યોગાયોગ રોહિણીયો

ચોર તે રસ્તે નીકળ્યો. પોતાની પ્રતિજ્ઞા ભંગ ન થાય, તે માટે તેણે કાનમાં આંગળીઓ નાંખીને દોડવા માંડ્યું. રખે ! આ મુંડના વચન મારા સાંભળવામાં આવે, તો મારી પ્રતિજ્ઞા ભંગ થશે. પરંતુ તેના પુણ્યોદયે તેના પગમાં કાંટો વાગ્યો, અને કાંટો વાગવાથી તે દોડી શક્યો નહીં. અને કાનમાંથી આંગળીઓ કાઢીને કાંટો કાઢવા લાગ્યો.

હવે તે જ વખતે પ્રભુની વાણીના ચાર વાક્યો તેના કાનમાં પડ્યા. 'દેવની છાયા પડે નહિ, દેવોની ફૂલની માળા કરમાય નહિ, દેવની આંખો પલકારા મારે નહિ, દેવો જમીનથી ચાર અંગુલ ઊંચા ઊભા રહે, ધરતીને સ્પર્શ કરે નહિ.

આ ચાર વાક્યો શ્રવણ કર્યા પછી તે રોહિણીયો ચોર ફરી દોડીને દૂર જતો રહ્યો. તે ચોરે રાજગૃહ નગરમાં ઘણો જ ઉપદ્રવ મચાવ્યો, જેથી લોકો ત્રાસ પામીને રાજા પાસે ફરિયાદ કરવા ગયા કે, 'કાં તો તમે ચોરનો નિગ્રહ કરો, અગર અમોને નગર છોડી જવાની આજ્ઞા આપો.'

રાજાએ પ્રજાને આશ્વાસન આપ્યું. પછી રાજાએ બીડું ફેરવ્યું કે જે કોઈ ચોરને પકડી લાવશે, તેને ઈનામ આપવામાં આવશે. રાજાનો મંત્રી અભયકુમાર મહા બુદ્ધિમાન હતો. તેણે બીડું પકડ્યું અને ચોરને પકડવાની હિંમત કરી. અભયકુમારે પોતાના બુદ્ધિબળથી જાણ્યું કે આ ચોર છે, પણ કોઈ ખાસ મુદ્દો ન મળવાથી તેણે તેની સાથે મિત્રતા કરી. છતાં કોઈ પત્તો લાગ્યો નહિ. ત્યારે તેણે એક યુક્તિ રચી. અભયકુમાર, રોહિણીયા ચોરને એક વેશ્યાને ઘેર લઈ ગયો. પૂર્વસંકેત અનુસાર વેશ્યાએ

રોહિણીયા ચોરને ભોજનમાં કેફી વસ્તુઓ ખવડાવી. જેથી તેને ઘેન ચડયું. એટલે એક દેવગૃહ બનાવી તેમાં પલંગ પર તેને સૂવાડયો. અભયકુમાર ત્યાં ગુપ્ત રૂપે રહ્યા. જ્યારે તે ભાનમાં આવ્યો, ત્યારે ત્યાં દેવ, દેવીઓના વેશધારી નરનારીઓ હતા, તેઓ બોલ્યા કે : 'તમોએ શા, શા પુણ્યકર્મ કર્યા છે ? કે જેથી આ સ્વર્ગ ભૂમિમાં ઉત્પન્ન થયા.' એમ વારંવાર પૂછવા લાગ્યા.

તે ચોર ઘડી ભર તો વિમાસણમાં પડયો કે આ તે સ્વપ્ન કે સાચું ? પણ તુરત જ તેણે તે દિવસે પ્રભુ મહાવીરદેવનાં વચનો સાંભળ્યાં હતાં તે યાદ આવ્યાં. અને વિચારવા લાગ્યો કે તે ચાર વાક્યોમાંની એક પણ વાત અહીંયાં મળતી નથી. એથી એમ સમજાય છે કે આ તો અભયકુમારનો કોઈ પ્રપંચ છે. મનોમન આ પ્રમાણે વિચારી પ્રગટમાં તે બોલ્યો કે, 'મેં પુણ્યકર્મ ઘણાં, ઘણાં કર્યા છે. તેથી જ તો સ્વર્ગમાં દેવ થયો છું.' ત્યાર પછી અભયકુમાર પ્રગટ થઈ તેને ભેટી પડયા. અને તેની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા. તેણે કહ્યું : 'હે મિત્ર ! હું મારા પિતાની શિક્ષાથી ઉન્માર્ગગામી બન્યો હતો. મને આજે સત્યના દર્શન થયા છે. પ્રભુ મહાવીર દેવના ચાર જ વાકયો શ્રવણ કરવાથી હું આજ મૃત્યુના મુખમાંથી બચી ગયો છું, નહિતર આજે ખેર ન હતી. જો હું તેમના ચાર વાકયોના શ્રવણ માત્રથી મૃત્યુના મુખમાંથી બચ્યો, તો તેમના ચરણનું શરણ લેવાથી શું શું લાભ ન થાય ?' એમ કહીને જેને, જેને ત્યાં ચોરી કરી હતી, તે, તે સર્વ ધન

અભયકુમારને બતાવી અને જેનું જે હોય, તે તેને સોંપવાનું કહી રોહિણીયો ચોર પ્રભુની શરણમાં જઈને દીક્ષા ગ્રહણ કરી, પ્રભુની આજ્ઞાનુસાર સાધના કરીને તે ચોરમાંથી મહાત્મા બન્યો. અને સ્વર્ગ, મોક્ષનો અધિકારી બન્યો. પ્રિય વાચક ! આ છે શબ્દશક્તિનો પ્રભાવ. ચાર વાક્યના શ્રવણથી તે ચોર મહાત્મા બન્યો, ત્યારે જે કોઈ પ્રભુના સ્મરણમાં લીન રહે જપ કરે, તેની આજ્ઞા પાલન કરે, તેને તો કેટકેટલા લાભ થાય ! તે તું સ્વયં વિચારજે, તે તારા પર છોડું છું. જપ શબ્દ જ ઉચ્ચારણ ધાતુથી બન્યો છે. જેનો અર્થ બોલાવવું એવો થાય છે. કોઈ ખાસ વ્યક્તિને તેના સાંકેતિક નામથી બોલાવવાથી જે પ્રકારે તે બોલવામાં (ઉત્તર આપવામાં) વિવશ–આતુર અને કાર્યરત થાય છે, એ જ પ્રમાણે મંત્રો દ્વારા જે જે ભાવપૂર્વક તે ઉચ્ચાર્યા હોય છે તે, તે ભાવનાનુસાર સાધકની પાસે તેવા પરમાણુઓ આકર્ષાઈને તેની પાસે આવે છે. અને મનોકામના પૂર્ણ થાય છે. વિજ્ઞાન દ્વારા સાબિત થઈ ચૂક્યું છે કે મનુષ્યના મુખમાંથી બોલાતાં શબ્દોનાં કંપનો (VIBRATIONS) સંસારમાં સર્વત્ર વ્યાપી જાય છે. તે કંપનો વાયુ દ્વારા બ્રહ્માંડમાં વિચરણ કરે છે. જેમ શાંત જળમાં એક પત્થર નાખવાથી તેમાં લહેરો–તરંગો–કંપનો ઉત્પન્ન થાય છે અને તે જળાશયના એક કિનારાથી બીજા કિનારા સુધી પહોંચી જાય છે. એ જ પ્રમાણે મનુષ્યના મુખમાંથી નીકળેલા શબ્દો વાયુ દ્વારા સમસ્ત જગતમાં ઉપરોક્ત તરંગોની જેમ વિસ્તૃત થઈ જાય છે.

વાયરલેસ, ટેલિગ્રાફી (દોરડા વગરના તાર) એ એનું જ્વલંત પ્રમાણ છે. વાયરલેસ. ટેલિગ્રાફી તો આજકાલ સર્વ-સાધારણ મનુષ્યોના જાણવામાં છે. એ તાર માટે દોરડાની જરૂર પડતી નથી. એક દેશમાંથી મોકલેલો સંદેશો હજારો માઈલ દૂર હોવા છતાં બીજા દેશમાં સંભળાય છે. જેમ કે એક તળાવમાં ક્ષુદ્ર પત્થર નાખવાથી જળમાં ક્ષુદ્ર લહેરો બનીને તે બીજા કિનારા સુધી પહોંચી જાય છે. તે સિવાય અન્ય કાંઈ ખાસ મહત્ત્વ ઉત્પન્ન કરતી નથી. પણ જો તે-જ તળાવમાં એક હાથી સ્નાન કરવા ઉતરે, તો તેનાથી તળાવના જીવજંતુઓમાં અને સ્વચ્છ જળમાં એક મહત્ત્વનું પરિવર્તન થાય છે. એ જ પ્રમાણે જેઓ વિશેષ મંત્રજપ કરે છે, તેના વડે સંસારનો વાયુમય સમુદ્ર અધિક કંપાયમાન થઈ તેમાં રહેલા જીવોને કંપાયમાન કરી મૂકે છે. અને જળના જીવોની જેમ કંપાયમાન સ્થિતિ કયારે શાંત થાય, તેની ચિંતામાં સંલગ્ન થઈ જાય છે. તેમ જ મંત્રજપ કરનારની કામનાઓને પૂર્ણ કરીને વિશ્રાંતિ લેવા કહે છે. તેથી જ કહેવું પડે છે કે સાધકના જપ કરવાનું પ્રમાણ-સંખ્યા એટલી બધી અધિક હોવી જોઈએ કે જેમ હાથીના અવગાહનથી જળ કંપાયમાન થાય છે તેમ બ્રહ્માંડના વાયુમાં પ્રચંડ આંદોલનો ઉત્પન્ન થાય અને સંસાર સમુદ્રને તેની અસર થાય.

૬

પ્રકરણ

મંત્રોપાસના

ગુરુગમની જરૂર

નૈતિકબળ, ચારિત્રબળ આદિ ગુણો મેળવ્યા વિના સાધક પર ગુરુ પ્રસન્ન થાય નહિ, અરે. ગુરુની પ્રસન્નતા વિના સદ્વિદ્યાની પ્રાપ્તિ થવી એ આકાશ કુસુમવત્ છે. હરકોઈ વિદ્યા શીખવામાં ગુરુની ખાસ જરૂર હોય છે, તે વિના યથાર્થ સમજણ પડી શકે નહીં, અને સાધના સફળ થાય નહિ. હરહંમેશાં વ્યવહારિક કાર્યોમાં પણ વડીલોની જરૂર પડે છે તો પછી મંત્રાદિ સાધના જેવા ગહન કાર્યમાં ગુરુગમ સિવાય નાસીપાસ થવાય તો તેમાં નવાઈ જેવું પણ શું છે? કહ્યું છે કે—

'ગુરુ દીવો, ગુરુ પ્રકાશ, ગુરુ વિના ઘોર અંધકાર.' ગુરુ વિના જ્ઞાનરૂપી પ્રકાશ મળે નહિ.

માટે સાધના માર્ગમાં ગુરુની ખાસ આવશ્યકતા માનવામાં આવેલ છે. અને ગુરુની આ માન્યતા સર્વ ધર્મવાળાને માન્ય છે. ગુરુ સાધકની યોગ્યતા અને અયોગ્યતાનો નિર્ણય કરીને તેના અધિકાર પ્રમાણે જે મંત્ર આપશે તે જ ફળદાતા થશે.

જપમંત્રનો અધિકાર

એક વખતે કોઈ જિજ્ઞાસુ સાધકે શ્રી રામકૃષ્ણ પરમહંસને પ્રશ્ન કર્યો કે—"મહારાજ, 'મંત્ર એ શું છે?' કોઈ ગ્રન્થ વગેરેમાંથી

કોઈ વ્યક્તિ મંત્ર ગ્રહણ કરીને તેનું રટણ, સાધના કરે તો તેથી લાભ થાય ખરો ?”

‘ના,’ રામકૃષ્ણ પરમહંસે જવાબ આપ્યો : ‘મંત્ર તો ત્યારે ફળદાતા થાય છે, જ્યારે તે યોગ્ય ગુરુ દ્વારા યોગ્ય અધિકારી ગ્રહણ કરીને પછી સાધના કરે.’

એક રાજા પોતાના પ્રધાનમંત્રી પાસે ગયો. મંત્રી ત્યારે જપ કરતા હતા. જપ પૂરો થયા પછી રાજાએ પૂછ્યું :

‘તમે કયા મંત્રનો જપ કરતા હતા ?’

પ્રધાને કહ્યું : ‘ગાયત્રી મંત્રનો જપ કરતો હતો. મહારાજ !’

રાજાએ કહ્યું : ‘મને પણ એ મંત્ર શીખવાડો.’

પ્રધાને કહ્યું : ‘ના, મહારાજ એ મારાથી નહિ બને.’ ને થોડા દિવસ પછી રાજાએ એક બ્રાહ્મણ પાસેથી મંત્ર મેળવ્યો, અને તે મંત્રી સમક્ષ બોલી સંભળાવ્યો. અને પૂછ્યું : ‘હવે એટલું તો કહો, કે આ મંત્ર શુદ્ધ છે કે નહિ ?’

પ્રધાને કહ્યું : ‘જી, મંત્ર તો બરાબર છે, પણ તેમાં તેનો ગુણ, તેનો સ્વભાવ નથી.’

રાજાએ કહ્યું : ‘મંત્રીશ્વર ! તમારે એનો ખુલાસો કરવો પડશે.’

‘જેવી આજ્ઞા મહારાજ !’ પ્રધાને કહ્યું.

એ વખતે એક છોકરો ત્યાં ઊભો હતો. પ્રધાને તેને પાસે બોલાવ્યો, અને રાજાના ગાલ પર તમાચો મારવા કહ્યું.

પણ એ છોકરો પ્રધાનના આ હુકમનું પાલન કરી શક્યો નહીં. રાજા ગુસ્સે થઈ ગયા. તેમણે એ છોકરાને કહ્યું : 'આ પ્રધાનના ગાલ પર તમાચો લગાવ.' એટલે છોકરાએ મંત્રીના ગાલ પર તમાચો માર્યો. પ્રધાન હસ્યા અને બોલ્યા : 'મહારાજ !' 'બસ, એ જ આપના સવાલનો જવાબ છે.' મંત્રીએ કહ્યું : 'મારી આજ્ઞા એ જ હતી, જે આપની આજ્ઞા હતી. તેનું પાલન કરનાર પણ એ જ છોકરો છે, પરંતુ અધિકારપૂર્ણ વાણી મારાથી મોટી છે. જ્યારે મેં આજ્ઞા આપી. ત્યારે આ આજ્ઞાની અસર આ છોકરા પર કશી જ ન થઈ; પણ એ જ આજ્ઞા આપે કરી ત્યારે તેનું પાલન આ છોકરાએ તુરત જ કર્યું. ગુરુ મંત્ર આપે તે વિશે પણ એવું જ છે.'

માટે સાધકે ગુરુની સેવા કરીને તેમને પ્રસન્ન કરી તેમની પાસે જ મંત્ર સાધના ગ્રહણ કરી તેમણે બતાવેલ અનુષ્ઠાનોની ઉપાસના કરવી જોઈએ. શાસ્ત્રમાં કહ્યું છે કે :-

'પુજ્જા જસ્સ પસીયન્તિ, સંબુદ્ધા પુવ્વ સંથુયા,
પસન્ના લાભઈસ્સિન્તિ, વિઉલં અટ્ઠિયં સુયં.'

ઉ. અ. ૧ ગા. ૪૬

સુશિષ્યના વિનયાદિ ગુણથી પ્રસન્ન થયેલ, તત્ત્વજ્ઞ ગુરુદેવ શિષ્યને વિસ્તૃત શ્રુત જ્ઞાનનો લાભ આપે છે.

વિનીત શિષ્ય ગુરુની સેવા કરતા થકા કદાચ તેનાથી ભૂલ થાય. ત્યારે ગુરુજન જે કોમળ કે કઠોર વચનો વડે

શિખામણ આપે, ત્યારે વિચારે કે તે મારા લાભ માટે જ છે. એમ વિચારીને ઉત્સાહપૂર્વક તેને ગ્રહણ કરે, પણ રોષ ન કરે. નિર્ભય અને તત્ત્વવેત્તા વિનીત શિષ્યો ગુરુજનોની કઠિન આજ્ઞાને પણ હિતકારી માનીને આત્મશુદ્ધિ કરે છે.

આવો વિનીત શિષ્ય સર્વ શંકાશલ્યથી રહિત બને છે. એ ગુરુની આજ્ઞાનુસાર પ્રવૃત્તિ કરતો કર્મ સમાચારી, તપ સમાચારી, સમાધિયુક્ત સંયમવંત મહાવ્રતોનું પાલન કરીને આત્મજ્ઞાનથી પ્રકાશયુક્ત બને છે.

તેવો શિષ્ય, દેવ, ગંધર્વ અને મનુષ્યોથી પૂજિત થઈ મલમૂત્રથી ભરેલા આ શરીરને ત્યાગી યા તો સિદ્ધપદને પામી શાશ્વત સુખનો ભોક્તા બને છે. અને જો કર્મ બાકી રહે, તો મહાન ઋદ્ધિવંત દેવ બને છે. ગુરુજનોની સેવા, ભક્તિ અને તેમની આજ્ઞાનું પાલન કરવાથી શિષ્યને સ્વર્ગ, મોક્ષની પ્રાપ્તિ જ થાય છે, એમ શાસ્ત્રમાં બતાવેલ છે. માટે વિવેકી અને વિનયવંત શિષ્યે ગુરુ આજ્ઞાનુસાર જ મંત્રોપાસના કરી સ્વશ્રેય સાધવું જોઈએ.

ગુરુઆજ્ઞા પાલનનું સુફળ

મહા યોગેશ્વર મત્સ્યેન્દ્રનાથ શિષ્યની શોધ કરતા, કરતા એક ગામને પાદરે ગોરખ નામના એક ગાયો ચરાવનાર અભણ, અબુદ્ધ, અજ્ઞાન યુવકને જોઈ આકાશમાંથી તેની પાસે ઊતર્યા. મત્સ્યેન્દ્રનાથે તેની પાસે પાણી મંગાવી પીધું. પછી ગોરખને પૂછ્યું : “ બેટા ! અમે સાધુ કોઈનું કંઈ પણ મફત લેતા નથી, માટે તારે જે જોઈએ તે માંગ. ”

ગોરખે તેમને આકાશમાંથી નીચે ઉતરેલા જોઈ એક મહાત્મા સમજીને કહ્યું :—" મહારાજ ! મારું આત્મહિત થાય, એવું કંઈક આપો. "

મત્સ્યેન્દ્રનાથે કહ્યું : 'બેટા ! હું તને ધન, વૈભવ, પુત્રાદિ આપીશ તો તે નાશવંત છે અને તેં તો આત્મહિત થાય તેવું માંગ્યું છે. જન્મ–મરણથી મુક્ત થવાય તો જ આત્માનું સાચું કલ્યાણ થાય. માટે તારું મન કહે તે તારે કરવું નહિ. મનને એટલું વશ રાખવું. ત્રણ દિવસ પછી હું તને મળીશ.' એમ કહી તેઓ પાછા આકાશમાર્ગે અદૃશ્ય રહી એક મક્ષિકાનું રૂપ ધારણ કરી ગોરખો જે વૃક્ષ નીચે ઊભો હતો ત્યાં જ સ્થિત થયા. ગોરખ તો ઊભો તે ઊભો ! મન કહે પાણી પીવું છે, મન કહે ભોજન કરવું છે, મન કહે બેસવું છે, પણ તેનું અંતરમન તો ગુરુની મૂર્તિમાં જ ચોંટયું હતું. તેને ઊભા, ઊભા જ ઝાડો પેશાબ થઈ ગયાં. રાત પડી. તાપ અને ભૂખ, તરસથી તે અચેતન થઈ પૃથ્વી પર પડી ગયો. છતાં તે મનોમન ગુરુદેવનું સ્મરણ કરતો હતો. તેનો શેઠ તેને શોધતો, શોધતો ત્યાં આવ્યો અને તેને ઘેર લઈ ગયો અને કોઈ ભૂતનું વળગણ સમજી ભૂવા જગાડયા, ડાકલાવાળાને બોલાવ્યા, ભૂત ઉતારવાની ક્રિયાઓ થઈ. વળી ગામડાના કોઈક લોકે તેને લોઢાના સળિયા તપાવી પેટ, છાતી અને ગરદન પર ડામ દીધા. પણ ગોરખો તો ગુરુના ધ્યાનમાં જ લીન બન્યો હતો. તેને સાવચેત કરવાનો બધાએ ઘણો, ઘણો પ્રયત્ન કર્યો પણ તેને ગુરુની આજ્ઞા હતી કે–મન કહે તે કરવું નહિ. તેથી

તેણે તો કંઈ પણ શબ્દોચ્ચાર કર્યો નહિ. તેના મનમાં કેવલ ‘ ગુરુ, ’ ‘ ગુરુ ’, એ જ શબ્દોચાર, એ જ ધ્યાન, એ જ જ્ઞાન અને મનની સર્વ વૃત્તિઓ તેમાં જ લય પામી હતી. બધા જણ અંતે થાકીને તેને એક ઓરડીમાં પડતો મૂકી ચાલ્યા ગયા. ખાવા પીવાનું ભાન નહિ. ઝાડા પેશાબનું જ્ઞાન નહિ, કેવળ ગુરુ, ગુરુ બસ એ જ ધ્યાન, એ જ જ્ઞાન, એ જ ભાન. લોકોએ તેના શરીર પર ડામ દીધા હતા, તેના મોટા ફોલ્લા ઊઠયા. ઘણું દુઃખ થયું. ગુરુ મત્સ્યેન્દ્ર-નાથ મક્ષિકા રૂપે તેની ઓરડીમાં રહીને એ બધું જોતા હતા. અને મનમાં જ તે અજ્ઞાન, અભણ શિષ્યને ધન્યવાદ આપતા હતા. ત્રણ દિવસ તેની પરીક્ષા કર્યા બાદ ગુરુદેવે શરીર ધારણ કરી મધ્યરાત્રિએ તેને કહ્યું :—‘ બેટા ! તું મારી પરીક્ષામા પાસ થયો છે. ઊઠ, બેઠો થા. ’ એમ કહી ઝોળીમાંથી ભસ્મ કાઢી તેના શરીરે લેપન કર્યું, એટલે ફોલ્લાનું દર્દ શાન્ત થયું તે જાગ્રત થઈ ગુરુને પગે લાગ્યો, એટલે ગુરુદેવે તેને પોતાની પાવડીઓ પર સાથે લઈ પોતાની પહાડી ગુફામાં લઈ ગયા. ત્યા તેને ઝરણાસાં સ્નાનાદિ કરાવી, ફળ ફળાદિનો આહાર કરાવ્યો. ત્યાર બાદ ગુરુમંત્રનો ઉપદેશ આપી, એક પર્ણકૂટીમાં મંત્રસાધના કરવા બેસાડયો. છ મહિના સુધી ગોરખાએ ત્યાં એક આસને બેસી (ઝાડો, પેશાબ કર્યા સિવાય અને ખાધાપીધા વગર) એકાગ્ર ચિત્તે સાધન કર્યું. ગુરુકૃપાએ અને સાધનના પ્રભાવે તે સિદ્ધ યોગી ગોરખનાથ બન્યા. કહેવાનો મતલબ એ છે કે, ગુરુને સ્વાર્પણ કરવું જોઈએ તો જ વિકાસને અવકાશ છે.

ગુરુદત્ત મંત્રની પ્રાણાંત સુધી સાધના અને ગુરુએ આપેલ ઉપદેશ જીવનમાં ઉતારવાનો પ્રયત્ન જ ગુરુનો પ્રેમ સંપાદન કરવાનો, અને પોતાના સાધનની સિદ્ધિનો શ્રેષ્ઠ ઉપાય છે.

સાધક બંધુ! જો તમારે તમારું ચંચલ મન અને વિચક્ષણ ચિત્ત એકાગ્ર કરી, મંત્ર જપ કરવાની ઇચ્છા હોય તો પ્રથમ નીચે લખેલો પ્રયોગ કરી મનને સ્થિર બનાવી, પછી મંત્ર જપનું સાધન શરૂ કરવું, તો સફળતા તરત જ મળશે.

'એકાન્તમાં, શૂન્ય સ્થાનમાં, અથવા જ્યાં કોઈ મનુષ્યાદિનો અવાજ ન આવી શકે એવી જગ્યામાં સુખપૂર્વક આસને સ્થિર બેસીને "ઓમ"નો લાંબો ઉચ્ચાર વારંવાર કરવો. અને તે શ્વાસની ગતિ જ્યાં સુધી લંબાવી શકાય ત્યાં સુધી ઉચ્ચાર કરવો. ઓ........મ્, ઓ.......મ્, ઓ........મ્, એમ વારંવાર ઉચ્ચાર કરવો. એમ કરવાથી મન સ્થિર અને શાંત થશે. યોગબળ અને જ્ઞાનપ્રકાશ વૃદ્ધિ પામશે, અને વાસનાનો પણ ક્ષય થશે. એ ઉત્તમ પ્રકારની યુક્તિ છે.'

'હે સંસારી જીવ! વિષયસુખની માયા ત્યજી દે. ભગવાનનું સ્મરણ કરી લે, ત્યારે જ તને મોક્ષસુખ મળશે. મૃત્યુ પછી આ માયાવી કોઈ પણ સામગ્રી તારી સાથે આવશે નહિ. મૃત્યુ વખતે તો તે દીનબંધુ દીનાનાથ, ભક્તવત્સલ ભગવાન જ તારા સહાયક બનશે.'

'માટે જ તારી ઈન્દ્રિયો અને દેહ સબળ અને સ્વસ્થ હોય તે વખતે જ પ્રભુનું સ્મરણ કરી લે.' અહા! કબીર સાહેબ જેવા મહાપુરુષ પોતાના જાત અનુભવથી સુખદુઃખ માટે કેવા અતિ ઉત્તમ ઉદ્ગાર દર્શાવે છે! તેઓ કહે છે કે: "એ સુખ પર શિલા (પથ્થર) પડો કે જે ભગવાનને ભૂલાવી દે છે અને દુઃખની બલિહારી છે કે જે ભગવાનને ક્ષણે, ક્ષણે યાદ કરાવે છે." એ માટે જ કહેવું પડે છે કે, જેટલું અધિક પ્રભુનું સ્મરણ થઈ શકશે તેટલી જ શીઘ્રતાથી તમારા દુઃખ અને સંકટોનું નિવારણ થશે. કારણ કે મનુષ્યો સુખ-શાંતિ એવા સ્થાનમાં શોધે છે કે જે સ્થાનમાં તે જરા પણ નથી. સુખ-શાંતિ તો ઈષ્ટ દેવના મંત્ર-જપ રૂપી સ્મરણમાં છે. અર્થાત્ પ્રભુ સ્મરણના પ્રભાવે પાપનો નાશ થવાથી એ સર્વ મળે છે. જે મનુષ્ય નિત્ય ત્રણ કલાક નિયમિત મંત્રજપ કરે છે તેને અવશ્ય સુખ-શાન્તિ, આરોગ્ય અને આનંદ વિના પ્રયત્ને પ્રાપ્ત થાય છે. એ કાર્યમાં તેને એક પૈસાનો ખર્ચ થતો નથી. રાત્રિ કે દિવસે ગમે ત્યારે મંત્રજપ કરી શકાય છે પણ જે મનુષ્ય ઈષ્ટ મંત્રનું સ્મરણ કરતો નથી તે કદી પણ સુખી થતો નથી!

જે મનુષ્ય સર્વ પ્રકારે અસહાય અને શરણ રહિત તથા નિર્ધન હોય, વ્યાધિથી પીડાતો હોય, તો તે મનુષ્ય જો ઈષ્ટ મંત્રના જાપ કરવામાં શ્રદ્ધાપૂર્વક સંલગ્ન થાય તો તેના સર્વ દુઃખોનો નાશ થવાનો સંભવ છે. માટે જ હે વાચકબંધુઓ! જો તમારે જીવનમાં અલૌકિક અને અદ્ભુત આનંદ પ્રાપ્ત કરવો હોય અને તમારું જીવન સફળ કરવા ઈચ્છતા હો તો સર્વ

કામનો ત્યાગ કરીને નિત્ય નિયમિત સમયે ઇષ્ટ મંત્રનો ત્રણ કલાક જપ કરો. જપ કરવાથી જ તમે સુખી થશો.

મહાત્મા ગાંધી કહેતા હતા કે, "મારું ચાલે તો દેશના સર્વ દવાખાના બંધ કરાવી દઉં. કેવળ ભગવાનના નામસ્મરણ ઇષ્ટ મંત્ર જપમાં એવી શક્તિ છે કે જેથી સમસ્ત ક્લેશ દુઃખ દૂર થઈ શકે છે, પછી બીજા કોઈ આધિ-વ્યાધિ અને ઉપાધિ નજીક આવી જ શકતા નથી. દિવસ કે રાત્રિએ સામુદાયિક અખંડ મંત્રજપ કે ભજન કરવાથી દેશ અને ગામનું વાતાવરણ શુદ્ધ થાય છે અને દુઃખ દૂર થાય છે."

વાસ્તવિક રીતે મંત્રજપમાં અદ્ભુત શક્તિ છે. જીવનમાં જે મનુષ્યને મંત્રજપ કરવાની ધૂન લાગે છે. તીવ્ર ભાવના થાય છે તેના જેવો કોઈ ભાગ્યશાળી પુરુષ કે સ્ત્રી નથી, એવા ઘણાં મનુષ્યો વિશ્વમાં છે કે જેઓ સતત ગુરુમંત્રનો જપ કરીને સુખી બનેલા છે.

બંધુઓ! તમે શા માટે નકામી વાતોમાં સમયનો દુરુપયોગ કરો છો? આજથી-આ ક્ષણથી જ તમે તમારા ઇષ્ટ મંત્રનો જપ કરો. તમારા જીવનને સુધારવું હોય, સુખી બનાવું હોય, વિપત્તિઓથી બચવુ હોય, અને પ્રભુનો પ્રેમ સંપાદન કરવો હોય તો મંત્રજપ કરો, મંત્રજપ કરો, મંત્રજપ કરો!

સાત્વિક વૃત્તિના બંધુઓ, સત્વર જાગ્રત થાઓ અને ઇષ્ટ મંત્રજપનાં અલૌકિક ફળનો અમૃત સમાન સ્વાદ ગ્રહણ કરી તમારું જીવન સાર્થક કરો.

'જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિ, જપાત્ સિદ્ધિ ન સંશય'.

'મનનાત્ ત્રાયતે સ મંત્રઃ' જે શબ્દ કે નામમંત્ર સંસારરૂપી મનમાંથી અવિદ્યામાંથી મનનું ત્રાણ (ઉદ્ધાર) કરે, એને જ મંત્ર કહે છે.

મન વશ થાય, તે જ ખરી સાધના છે. એ જો ન કરી શકાય, તો કાંઈ કહેતા કાંઈ ન વળે. મનનો જય કરી શકાય તો જગનો જય કરી શકાય. એટલા માટે જ બધી સાધનાઓ કરવાની જરૂર છે. આ સઘળો ખેલ માત્ર મનોમય છે. સુખ, :દુખ એ મનની કલ્પના જાળ છે, જીવાત્માએ અજ્ઞાનવશાત્ તેને સત્ય માની લીધેલ છે. અને તેથી જ હર્ષ-વિષાદ ઉત્પન્ન થાય છે અને કર્મની પરંપરાં વૃદ્ધિને પામે છે. અને કર્મ ભોગ માટે પછી જન્મ-મરણનું ચક્ર ચાલુ થાય છે. આ પરંપરાનો અંત આત્મજ્ઞાન પ્રાપ્ત થાય તો જ થાય, જ્ઞાન વિના તેનો નાશ સંભવે નહિ. જ્ઞાનીજનો આ સુખદુઃખમય સંસારને એક સ્વપ્નવત્ જ સમજે છે, તેના પર તેનો પ્રભાવ પડતો નથી. જીવનમાં જે શીખવાનું છે તે પણ એ જ કે સુખદુઃખનો પ્રભાવ મન પર ન થવા દેતાં સમત્વભાવમાં સ્થિર રહેવું. ત્યારે જ જીવાત્મા સાચા આત્મિક સુખને અનુભવી શકે છે. સંસારની અપેક્ષાએ પણ જ્ઞાનીજનોએ સુખદુઃખની વ્યાખ્યા નીચે પ્રમાણે કરેલ છે. કહ્યું છે કે :—

ષિપદૌ નૈવ વિપદ, સંપદો નૈવ સંપદ,
વિપદો વિષ્ણુ વિસ્મૃતિ, સંપદો નારાયણ સ્મૃતિ.

જ્ઞાનીજન કહે છે, હે જગવાસી જીવો! સાચી સંપત્તિ અને વિપત્તિ શું છે તેને જાણો, સમજો અને આચરો. જ્યાં

પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે અને તેનું સ્મરણ ભજન થાય છે, તે જ ગૃહ સંપત્તિવાળું છે અને કોઈ લાખોપતિ હોય છતાંય તે પ્રભુની આજ્ઞાનું પાલન ન કરતા હોય તેની ઉપાસના, સ્મરણ, ભજન ન કરતો હોય, તો તે સંપત્તિવાળો નથી, પણ તેના તે આચરણથી તે વિપદ્‌ને જ આમંત્રણ આપી રહ્યો છે જેણે પ્રભુની આજ્ઞાનું પાલન નથી કર્યું તે સાચો સંપત્તિશાળી નથી. તે તો વિષાદ્‌ગ્રસ્ત છે. સાચી સંપત્તિ તો ત્યાં જ છે કે, જ્યાં પ્રભુની આજ્ઞાનું પાલન થાય છે. તેની ઉપાસના કરે છે, તે જ ખરો સંપત્તિશાળી છે. માટે હે ભવ્યો ! અનિત્ય એવા ધનની પાછળ પાગલની જેમ ન દોડતા, સાચું ધન પ્રભુની ઉપાસના, તેમની આજ્ઞાનું પાલન, તેમના નામનું સતત ચિંતન, મનન કરવાનો જ પ્રયત્ન સેવો. તો જ તમોને સુખ પ્રાપ્ત થશે. સાચું સુખ–શાશ્વત સુખ પ્રાપ્ત કરવાનો આ એક જ અમોઘ ઉપાય છે.

મંત્રસિદ્ધિનું સરળ સાધન

અનેક મંત્રસાધકો પોતાની ઈચ્છા, રુચિ અને શ્રદ્ધા અનુસાર ભિન્નભિન્ન અનેક મંત્રોની સાધના કરતા જોવામાં આવે છે. પણ કેટલાક મહિના અને વર્ષો સુધી હજારો–લાખોની સંખ્યામાં મંત્રનો જપ કરવા છતાં પણ તેમની ઇચ્છાનુસાર નિશ્ચિત સમયમાં મંત્રની પૂર્ણ રીતે સિદ્ધિ થતી નથી. એનું કારણ એ છે કે, તેઓ અસ્થિર અને ચંચળ મન વડે મંત્રનો જપ કરે છે. હાથમાં માળા ફરતી હોય છે, અને મન બીજા વિષયોના ચિંતનમાં લાગેલું હોય છે. એવી સ્થિતિમાં ભલે

દીર્ઘકાળ સુધી મંત્રજપ કરે તો પણ જપની સિદ્ધિ કદી પણ થતી નથી. યથાર્થ તો એ છે કે, સ્થિર અને એકાગ્ર મનથી જ્યારે મંત્રનો જપ કરવામાં આવે છે ત્યારે એક પ્રકારની ધ્યાનાવસ્થા પ્રાપ્ત થઈને મંત્રમાં ચૈતન્ય-શક્તિ ઉત્પન્ન થાય છે.

કહ્યું છે કે :—"ધ્યાન યોગથી જ્યારે મન સ્થિર થાય છે ત્યારે મંત્રની અલ્પ સમયમાં સિદ્ધિ થાય છે." એ માટે અલ્પ સમયમાં મંત્ર સિદ્ધ થવાનું સરળ સાધન લખવામાં આવે છે. આ સાધના કરવામાં જપ કરવાની કે માળા ફેરવવાની આવશ્યકતા નથી. સાધકે એક જાડા, સાફ સફેદ, કાગળ પર સુંદર અક્ષરથી ઇષ્ટ મંત્ર લખીને તે કાગળ પોતાની સાધનાના રૂમમાં ભીંત પર ચોંટાડવો અને આસન પર બેસીને તે મંત્રાક્ષરો પર, આંખની પલક માર્યા વગર એકી નજરે જોયા કરવું. અર્થાત્ તેના પર ત્રાટક-યોગ કરવો. જ્યારે આંખો ખેંચાય અથવા દુઃખે ત્યારે આંખો બંધ કરીને, હૃદયાકાશમાં તે મંત્રાક્ષરો અંતર્દૃષ્ટિથી જોવા. આ પ્રમાણે નિત્ય અર્ધા કલાકથી એક કલાક સુધી કરતા રહેવું જોઇએ. આંખમાંથી પાણી નીકળે તો તે લૂછી નાંખીને ફરીથી મંત્રાક્ષરો સામે જોવું એમ વારંવાર કરતાં રહેવું એ અભ્યાસથી સાધકને થોડા દિવસમાં જ તે અક્ષરો હૃદયાકાશમાં પ્રકાશરૂપે ચમકતા, પૂર્ણરૂપે સ્પષ્ટ રીતે દેખાશે. ભીંત પર ચોંટાડેલા અક્ષરો પર ધ્યાન સિદ્ધ થવાની હૃદયાકાશમાં તે સ્પષ્ટ જણાય ત્યારે તેના પર જ દૃઢતાપૂર્વક એકાગ્રતાથી જપ કરવો. એ મંત્રમાં ચૈતન્યશક્તિ ઉત્પન્ન થવાનું લક્ષણ છે. થોડા દિવસે એ અભ્યાસ પરિપક્વ થવાથી તે મંત્રાક્ષરોનો લોપ થઈને સાધકને એક દિવ્ય પ્રકાશ જણાય

છે. એ પ્રકાશમાં ઈષ્ટદેવનું ધ્યાન કરવાથી તેમની દિવ્ય પ્રકાશમય મૂર્તિ સ્પષ્ટ જોવામાં આવશે. એ પરથી સિદ્ધ થાય છે કે, મંત્રના જપ કરવા કરતાં ઈષ્ટદેવનું ધ્યાન કરવાથી શીઘ્ર એકાગ્રતા સધાય છે, અને એકાગ્રતા જ સંપૂર્ણ ઈષ્ટ સિદ્ધિનું સાધન છે. મનનો જપ કરવાથી મન ચંચળ થવાનો સંભવ છે પણ મંત્રાક્ષરો પર ત્રાટક કરવાથી મન શીઘ્ર એકાગ્ર થાય છે. આ ઉપરથી એમ ન સમજવું કે મંત્ર જપ ન કરવો. પરંતુ જપ કરતાં ધ્યાન, માનસ જપ કરવો એ અનેકગણું અધિક શ્રેષ્ઠ છે. મૂળ મુદ્દો તો મનને એકાગ્ર કરવાનો જ છે. મનની એકાગ્રતા વિના કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. માટે એકાગ્રતા જેના વડે સધાય તે જ ઉત્તમ ઉપાય સમજવો. એકાગ્રતા વડે જ સિદ્ધિ થાય છે એ સાધકે સદા ધ્યાનમાં રાખવું જોઈએ.

આકાશવાણી

જ્યારે મંત્ર જપ કરતાં, કરતાં મનની એકાગ્રતા સધાય છે, ત્યારે તે સાધકને જો કોઈ આપત્તિમાંથી મુક્ત થવાનો માર્ગ જાણવો હોય અથવા કોઈ પ્રશ્ન એવો હોય કે જેનો ઉકેલ બુદ્ધિમાન મનુષ્ય પણ કરી શકતો ન હોય, એવા પ્રશ્નનો ઉત્તર મેળવવો હોય, તો તે માટે તે સાધકે નીચે બતાવ્યા પ્રમાણે પ્રયોગ કરવો. કોઈ એકાંત સ્થાનમાં બેસીને કે સૂઈને જે પ્રશ્નનો ઉત્તર જાણવો હોય તે પ્રશ્નને મનમાં બોલવો. એ સમયે મનને બિલકુલ નિઃસંકલ્પ અવસ્થામાં રાખવું. જાણે તમે કોઈ મહત્ત્વની વાત પર ધ્યાન આપીને, શાંત ચિત્તે સાંભળતા હો, તે પ્રમાણે તમારા પ્રશ્નનો ઉત્તર સાંભળવામાં તમારું સર્વ લક્ષ આપો. એટલું અનુભવ સિદ્ધ છે કે, પ્રકૃતિ અને અધિકાર ભેદને લીધે

કોઈને અતિ અલ્પ સમયમાં અને કોઈને વિલંબથી. ગમે તેમ પણ એ વાણી સ્પષ્ટરૂપે સંભળાય છે એમાં જરા પણ સંશય નથી. માત્ર તે માટે થોડો પ્રયત્ન કરવો જોઈએ.

અમેરિકાની મિસિસ એો. હરનુઆરાએ પોતાના "એકાગ્રતા અને દિવ્ય શક્તિ" નામના પુસ્તકમાં એ વિષય સુંદર રીતે સમજાવ્યો છે. એ પ્રમાણે ત્યાંની મિસિસ એલિઝાબેથ ટીનને એક અધ્યાત્મ વિષયનું માસિક પત્ર પ્રગટ કરવું હતું. તેણે નિશ્ચય કર્યો કે તે માસિકનું નામ તેણે આકાશવાણી દ્વારા જાણવું જોઈએ. તે માટે તેણે ઉપરોક્ત સાધનનો પ્રયોગ કર્યો. તેણે નિશ્ચિત કરેલી તારીખ કરતાં એક દિવસ પહેલાં તેને 'નાટિલસ' એ શબ્દ સ્પષ્ટ રીતે સંભળાયો. તે તરત ખુરશી પરથી ઊઠીને ઊભી થઈ તેને તેનું સાધન અને દૃઢ નિશ્ચય સફળ થયેલા જાણી ઘણો આનંદ થયો. તેણે તે જ નામનું માસિક પ્રગટ કર્યું. તેના લાખો ગ્રાહક થયા, અને તેનો અતિશય પ્રચાર થયો.

એ જ પ્રમાણે વિશ્વબંધુ સ્વામી વિવેકાનંદ જ્યારે અમેરિકાની વિશ્વ ધર્મ પરિષદમાં ભારતવર્ષ તરફથી પ્રતિનિધિ તરીકે ગયા હતા, ત્યારે તેમનાં વ્યાખ્યાન પર આકર્ષિત થઈને ત્યાં અનેક સ્થળે સ્વામીજીને વ્યાખ્યાન આપવા માટે આમંત્રણ મળતાં હતાં. કોઈ, કોઈ વાર તો એક દિવસમાં છ, છ વખત તેમને વ્યાખ્યાન આપવા પડતાં. આ પ્રમાણે વ્યાખ્યાન આપતા, આપતા એક માસ વ્યતીત થયો, ત્યાર બાદ તેમને વળી એક સ્થળે વ્યાખ્યાન આપવાનું આમંત્રણ મળ્યું તે સ્થળે મોટા વૈજ્ઞાનિકો, તત્ત્વવેત્તાઓ સાંભળવા

આવવાના હતા. એ વખતે સ્વામીજી ઊંડા વિચારમાં પડયા. અને વિચાર કરવા લાગ્યા કે "આજ દિવસ સુધી સારા, સારા મહત્ત્વનાં સર્વ વિષયો પર વ્યાખ્યાન આપ્યાં છે. હવે કયા વિષય પર વ્યાખ્યાન આપવું, જે અપૂર્વ હોય, શ્રોતાઓ પર તેનો સુંદર પ્રભાવ પડે." એવો વિચાર કરતાં, કરતાં તેમને નિદ્રા આવી ગઈ. થોડી વાર પછી તેમને એક દૃશ્ય દેખાયું; તેમાં તેમણે જોયું કે ઘણાં મનુષ્યોની એક સભા ભરાઈ છે. તેમાં એક દિવ્ય વિભૂતિમાન પુરુષ ઊંચા મંચ (સ્ટેજ) પર ઊભો રહીને ઉચ્ચ અને સ્પષ્ટ શબ્દોમાં વ્યાખ્યાન આપે છે. સ્વામીજીએ પણ તે વ્યાખ્યાન સાંભળ્યું અને અંતે તાળિઓનો ધ્વનિ થવાથી સ્વામીજીની નિદ્રા ભંગ થઈ. તેઓ ઘણા પ્રસન્ન થયા. નિદ્રાવસ્થામાં સાંભળેલ વ્યાખ્યાનનો વિષય તેમની સ્મૃતિમાં અક્ષરશઃ યાદ હતો. તેમણે તુરત જ તેમાંના મહત્ત્વના વિષયની નોંધ કરી લીધી. અને બીજે દિવસે તે જ વિષય પર વ્યાખ્યાન આપ્યું. તે દિવસનું વ્યાખ્યાન પહેલાંનાં એક મહિનાનાં વ્યાખ્યાનો કરતાં અનેકગણું અતિ પ્રભાવશાળી હતું. શ્રોતાઓ અતિ પ્રસન્ન થયા. સ્વામીજીની વિદ્વત્તા પર મુગ્ધ બન્યા.

આ સાધના કરવાનો સમય ખાસ કરીને રાત્રિના બાર વાગ્યાથી ચાર વાગતા સુધીનો બહુ ઉત્તમ છે. એ સમયે સર્વત્ર શાંતિ હોય છે. તેથી ચિત્ત એકાગ્ર જલદી થઈ શકે છે. એ સમયે જે, જે સાધન કરવામાં આવે છે, તે સત્વર સિદ્ધ થાય છે. એક વખત સાધન સિદ્ધ થયા પછી ગમે

તે (અન્ય) સમયે કરવાથી સફળતા મળે છે. આ સાધન શરૂ કરતાં પહેલા થોડા સમય સુધી ॐ અથવા કોઈ પણ પ્રભુના પવિત્ર નામનો (પોતાના ઈષ્ટ દેવનો) ધ્વનિપૂર્વક જોરથી મંત્રજપ કરવો. પછી થોડો સમય માનસિક જપ કરવો. અને ત્યાર બાદ ધ્યાનમાં નિમગ્ન થવું. તેમ કરવાથી અતિ શીઘ્ર સિદ્ધિ પ્રાપ્ત થાય છે. જો તમે શ્રદ્ધાપૂર્વક આ સાધન કરશો તો અલ્પ સમયમાં જ તમને તેનાં અપૂર્વ દિવ્ય ફળનો સ્વયં અનુભવ થશે.

૭ માસમાં આત્મસાક્ષાત્કાર કરવાનું સાધન

જે મનુષ્યનું મન ધનમાં હોય છે તે ધનનું જ રાતદિવસ ચિંતન, સ્મરણ, અને ચિંતા કરે છે. તે પ્રમાણે સાધકોએ–યોગીજનોએ-ઇન્દ્રિયોને વશમાં રાખીને એકાગ્ર મન વડે આત્માનું ચિંતન, સ્મરણ, મનન, ધ્યાન કરવું જોઈએ. અભ્યાસથી કદાપિ કંટાળવું નહિ. જે, જે પ્રયોગો દ્વારા ચંચળ મન વશ થાય તે, તે પ્રયોગો કરવા, અને તે તે સાધનથી વિમુખ થવું નહિ. યોગીજનોએ મનને એકાગ્ર કરી એકાંતમાં નિવાસ કરવો જોઈએ. સાધકોએ મન, વાણી અને કર્મ દ્વારા કોઈનો પણ સંગ ન કરવો, કારણ કે વસ્તુઓનો સંગ્રહ તથા સંગતિ સાધકોને સાધનામાં વિઘ્નભૂત થાય છે. માટે કામના રહિત થવું. આહાર-વિહારમાં નિયમિત રહેવું. લાભ થાય તો હર્ષ ન કરવો અને હાનિ થાય તો ઉદાસ ન થવું. નિંદા કરનાર તથા સ્તુતિ કરનાર બન્ને પર સમાન ભાવ રાખવો; અને આસક્ત ભાવથી પર થવું. આ પ્રમાણે મનને સ્થિર, શાંત તથા સ્વસ્થ કરીને

આત્મસાધના કરનારને છ માસમાં જ આત્મસાક્ષાત્કાર થવાનો સંભવ છે. છતાં તે પ્રમાણે ન બને તો તેણે આત્મ નિરીક્ષણ કરી દોષોને દૂર કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

એક વર્ષમાં આત્મદર્શન

ૐકાર (પ્રણવ)ના ઉપાસકો માટે સંત મહાત્માઓએ સ્વાનુભવથી સિદ્ધ કર્યું છે કે, યથાવિધિ પ્રણવોપાસના કરવામાં આવે તો સાધકના સર્વ અર્થ સિદ્ધ થાય છે. પણ જે સાધકને ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારમાંથી પ્રથમના ત્રણનો ત્યાગ કરીને કેવળ પરમાત્માના જ દર્શનની ઈચ્છા હોય, જેને જન્મમરણના દુઃખથી મુક્ત થવાની તીવ્ર અભિલાષા હોય, અને જે સર્વ કામનાઓથી રહિત બનેલ હોય, અને જેને આત્મસુખ સિવાય અન્ય કંઈજ પ્રિય ન હોય, એવો સાધક પ્રતિદિન વિધિપૂર્વક એકાન્તમાં એક ચિત્તે પરમાત્મ દર્શનની તીવ્ર ભાવના સહિત બાર હજાર પ્રણવમંત્રનો જાપ એક વર્ષ સુધી કરે તો તેના સર્વ પાપ દૂર થઈ જાય છે; અને તેને આત્મ-દર્શન થાય છે. તેમજ સર્વ પ્રકારની વ્યાધિઓનો નાશ થાય છે. કદાચ ઉપર લખેલ કાર્યની સિદ્ધિ ન થાય તો તેમાં સંત-મહાત્માઓનો દોષ નથી પણ સાધકની સાધનામાં જ કોઈ ભૂલ હોવાનો સંભવ છે. માટે આત્મ નિરીક્ષણ કરીને તે દોષોને દૂર કરવાનો પ્રયત્ન સેવવો જ જોઈએ. પ્રિય સાધકબંધુઓ! બાર માસમા જ સર્વ પાપોનો ક્ષય કરવાનો કેવો સરલ અને શ્રેષ્ઠ માર્ગ સંત મહાત્માઓએ બતાવેલ છે. ઘણા મનુષ્યોને સર્વ પ્રકારની અનુકૂળતા હોવા છતાં એક વર્ષનો અવકાશ

લઈ પોતાના આ જન્મના કરેલાં પાપનો પર્વત સમાન પુંજ (ઢગલો) દૂર કરી શકતા નથી એ જ તેમની વિષયભોગ, અને શારીરિક સુખની લાલસા દર્શાવી આપે છે! મહાત્માઓના વચન પર વિશ્વાસ રાખીને, જે સાધકો ઉપરોક્ત માર્ગ ગ્રહણ કરશે, તેને અવશ્ય આત્મદર્શન થશે જ. જીવનનું સાર્થક્ય ઐહિક સુખમાં નથી, પણ આત્મિક સુખ પ્રાપ્ત કરવામાં જ છે. એમ જેને સ્પષ્ટ સમજાયું હોય, તેને માટે ભવભયતારક અમૃત સમાન મહાન ઔષધિ એ જ છે.

ગ્રંથોમાં મંત્રશક્તિ, વરદાન અને ચમત્કારની ઘણી વાતો વાંચી આપણે તેને ટાઢા પહોરનાં ગપ્પાં માનીએ છીએ, પણ તે ટાઢા પહોરના ગપ્પાં નથી, માનવીની અપાર શક્તિની ખ્યાતિ છે. દૃઢ સંકલ્પવાળો માણસ વરદાન આપે તો તે ફળે જ છે. 'મંત્ર' નો અર્થ સ્વયં શબ્દમાં સમાયો છે. તારનાર તે મંત્ર. મંત્ર એ વિચારને દૃઢ કરવા માટેનું શાબ્દિક રૂપ છે. તેથી જપ કરવાની ક્રિયાને બહુ જ મહત્ત્વ આપવામાં આવ્યું છે. 'યજ્ઞાનામ્ જપ-યજ્ઞોસ્મિ' એમ શ્રીકૃષ્ણે ગીતામાં જણાવ્યું છે, તે બહુ જ અર્થપૂર્ણ છે. પણ ખાટલે મોટી ખોડ એ છે કે, આપણે જપને સાચા અર્થમાં સમજતા નથી. 'જપનો' અર્થ છે નામ-સ્મરણ. નામ-સ્મરણમાં નામનું સ્મરણ કરવાનું છે. કોઈ પણ બની ગયેલા બનાવને ફરી કલ્પનામાં લાવવો તેને 'સ્મરણ' કહેવાય છે. એટલે જપ કરવા એટલે મનને તેની સાથે સ્મરણ કરતું રાખવાનું છે. જો જપ કરતી વખતે મનને અન્ય વિષયમાં ભટકતું રાખશું તો જપ કરવાની મહેનત વ્યર્થ જશે.

'ૐ નમઃ અરિહંતાય' બોલતી વખતે અરિહંતનું સ્મરણ રહેવું જોઈએ. એટલે તેમના ગુણોનું પણ ચિંતન થવું જોઈએ. 'તેઓ રાગાદિ શત્રુઓથી પર વીતરાગ છે' વગેરે તેમના ગુણોનું સાંગોપાંગ કલ્પનામય ચિત્ર મનમાં ખડું થવું જોઈએ. આવું સ્મરણ દરેક મંત્ર સાથે હોય તો તે મંત્ર છે-તે શક્તિ રૂપ બને છે. મનુષ્યને દુઃખમાં સમતા ધારણ કરવાની શક્તિ અર્પે છે. ઉપરોક્ત રીતે જપ કરવાથી જપ કરનારના મનમાં જે શક્તિ ભરેલી છે, તે પ્રગટ થાય છે. પરંતુ જપ કરતી વખતે મન બીજા વિચાર કરતું હોય, તો તે બીજા વિચારોનો સાચો જપ બની જાય છે અને મનુષ્ય તે વિચારને અનુરૂપ ફળને પામે છે, અને દેખીતી રીતે જે જપ કરતો હોય છે. તે પોતાની શક્તિનો દુર્વ્યય બની જાય છે. મનની અપાર શક્તિને પ્રાપ્ત કરવા માટે માનસશાસ્ત્ર, વિચારશક્તિશાસ્ત્ર વગેરેના અભ્યાસ દ્વારા જાણીને, માનવ મહાન બનવાને ભાગ્યશાળી બને છે.

વિવિધ પ્રકારના મંત્રો અને તેનું ફળ

પંચપરમેષ્ઠિ-મંત્રના ચિંતનનું ફળ :-

મન, વચન અને કાયાની શુદ્ધતાપૂર્વક એક-સો આઠ વાર આ નમસ્કાર-મહામંત્રનું ચિંતન કરનાર મુનિ આહાર કરવા છતાં પણ એક ઉપવાસનું ફળ પ્રાપ્ત કરે છે.

એ મહામંત્રની સમ્યક્ પ્રકારે આરાધના કરીને યોગીજન આત્મ-લક્ષ્મીને પ્રાપ્ત કરીને ત્રણ જગતના પૂજનીય બને છે.

હજારો પાપ કરનાર અને સેંકડો પ્રાણીઓને મારનાર તિર્યંચ પણ આ મંત્રની આરાધના કરીને સ્વર્ગને પ્રાપ્ત કરવામાં સમર્થ બનેલ છે.

પંચ પરમેષ્ઠિ-વિદ્યા :-

પંચ પરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થવાવાળી ૧૬ અક્ષરની વિદ્યા આ પ્રકારે છે :–'અરિહંત-સિદ્ધ–આયરિય-ઉવજ્ઝાય–સાહૂ' આ વિદ્યાનો બસો વાર જપ કરવાથી એક ઉપવાસનું ફળ મળે છે.

છ અક્ષરવાળી વિદ્યા :–'અરિહંત, સિદ્ધ' એનો ત્રણસો વાર જપ કરવાથી, ચાર અક્ષરવાળી વિદ્યા :–'અરિહંત' પદનો ચારસો વાર અને 'ૐકાર'નો પાંચસો વાર જપ કરવાથી યોગીઓને એક, એક ઉપવાસનું ફળ પ્રાપ્ત થાય છે.

ઉપરોક્ત વિદ્યાઓના જાપનું જે એક ઉપવાસ ફળ બતાવેલ છે, તે તો એટલા માટે કે બાલ જીવો પણ એનો જાપ કરવા પ્રવૃત્તિશીલ બને. બાકી તો આ જાપનું વાસ્તવિક ફળ તો જ્ઞાનીઓએ સ્વર્ગ, મોક્ષ જ બતાવેલ છે.

વિદ્યાપ્રવાદ નામના પૂર્વશ્રુતમાંથી ઉદ્ધૃત કરેલી, પાંચ વર્ણવાળી પંચતત્ત્વા વિદ્યાનો સતત અભ્યાસ કરવામાં આવે, તો તે સમસ્ત ભવ-ક્લેશને દૂર કરી દે છે. તે વિદ્યા આ પ્રકારે છે :– 'હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ અસિઆઉ-સા નમઃ'.

અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મની સાથે મંગલ, ઉત્તમ અને શરણ પદોને જોડીને એકાગ્ર મન વડે સ્મરણ કરનાર ધ્યાતા મોક્ષને પ્રાપ્ત કરે છે.

૧. મંગલ—ચત્તારી મંગલં,

અરિહંતા મંગલં, સિદ્ધા મંગલં,
સાહુ મંગલં, કેવલી પણ્ણત્તો-ધમ્મો મંગલં.

૨. ઉત્તમ—ચત્તારી લોગુત્તમા-

અરિહંતા લોગુત્તમા, સિદ્ધ લોગુત્તમા,
સાહુ લોગુત્તમા, કેવલી પણ્ણત્તો ધમ્મો લોગુત્તમા.

૩. ચત્તારિ શરણં પવજ્જામિ,

અરિહંતા શરણં પવજ્જામિ, સિદ્ધા શરણં પવજ્જામિ, સાહુ શરણં પવજ્જામિ, કેવલી પણ્ણત્ત ધમ્મો શરણં પવજ્જામિ.

૧. પંચ દશાક્ષરી વિદ્યા :—

ઓં અરિહંત,-સિદ્ધ સયોગિકેવલી સ્વહા.

જે કોઈ પંદર અક્ષરની વિદ્યાનું ધ્યાન કરે છે, તે તેને મુક્તિનું સુખ આપે છે.

૨. સર્વજ્ઞાભ મંત્ર :—

ઓં શ્રીં હ્રીં અર્હં નમ :.

સર્વજ્ઞાભ મંત્રનું સ્મરણ કરવાથી સંપૂર્ણ જ્ઞાનનો પ્રકાશ થાય છે.

સર્વજ્ઞાભ મંત્રનો મહિમા :—

આ સર્વજ્ઞાભ મંત્ર સર્વજ્ઞ ભગવાનની સદશતાને ધારણ કરનાર છે, એનો મહિમા અને પ્રભાવને પૂર્ણ રીતે પ્રગટ કરવાને કોઈ સમર્થ નથી.

જેની સંસારરૂપ દાવાનલને ક્ષણભરમાં શાન્ત કરવાની ઈચ્છા હોય, એણે આદિ મંત્રના શરૂના સાત અક્ષરોનું, અર્થાત્ 'નમો અરિહંતાણું'નું સ્મરણ, ચિંતન, જપ કરવો જોઈએ.

અન્ય મંત્ર :–

આઠ કર્મોનો નાશ કરવા માટે પંચવર્ણ—પાંચ અક્ષરવાળા મંત્રનું અને સર્વ પ્રકારે અભય થવા માટે વર્ણોની શ્રેણીવાળા મંત્રનો જાપ, ચિંતન, સ્મરણ, ધ્યાન કરવું જોઈએ.

૧. પંચવર્ણ મંત્ર–નમો સિદ્ધાણં.

૨. વર્ણમાલાંચિત મંત્ર–ઓં નમો અર્હંતે કેવલીને પરમયોગિને વિસ્ફુરદુરુ–શુક્લધ્યાનાગ્નિ–નિર્દગ્ધકર્મ–બીજાય પ્રાપ્તાનંત્ત–ચતુષ્ટાયાય સૌમ્યાય શાંતાય મંગલં–વરદાય અષ્ટાદશ–દોષરહિતાય સ્વાહા !

ક્ષ્વીં વિદ્યાનું ધ્યાન, ચિંતન.

કલ્પના કરો કે ચંદ્રમાના બિંબથી ઉત્પન્ન થયેલ હોય–એવી ઉજ્જવલ, નિરંતર અમૃત વરસાવતી અને કલ્યાણના કારણભૂત એવી 'ક્ષ્વીં' વિદ્યાનું લલાટમાં ચિંતન, ધ્યાન કરવું જોઈએ.

શશિ–કલાનું ધ્યાન, ચિંતન :–

ક્ષીર–સાગરથી નીકળતી, સુધા સમાન સલિલથી અખિલ લોકને પ્લાવિત કરતી થકી અને મુક્તિ–મહેલની સોપાનની

શ્રેણી સમાન ચંદ્રકલાની કલ્પના કરીને લલાટમાં ચિંતન, ધ્યાન કરવું જોઈએ.

શશિ-કલાના ધ્યાનનું ફળ :-

ચંદ્રકલાના સમાન પ્રકાશનું સ્મરણ કરવા માત્રથી જન્મ-મરણના કારણોનો અંત થઈ જાય છે અને સ્મરણ કર્તા અવ્યય પદને પ્રાપ્ત કરે છે, જે પરમાનંદમય છે.

પ્રભાવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન.

નાસિકાના અગ્ર ભાગ પર પ્રણવ-ઓંકાર, શૂન્ય-૦, અને અનાહત-હ, એ ત્રણનું અર્થાત્ 'ઓં હં' નું ધ્યાન કરનાર અણિમા, ગરિમા આદિ આઠ સિદ્ધિઓને પ્રાપ્ત કરીને નિર્મળ જ્ઞાનને પ્રાપ્ત કરે છે.

શંખ, કુંદ અને ચંદ્ર સમાન શ્વેત વર્ણના પ્રણવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન કરનાર પુરુષ સમસ્ત વિષયેના જ્ઞાનમાં પ્રવીણ બની જાય છે.

સામાન્ય વિદ્યા :-

જેની બન્ને તરફ બે-બે ઓંકાર છે, આદિ અને અંતમાં હ્રીંકાર છે, મધ્યમાં સોઽહં છે અને એ સોઽહંની મધ્યમાં અહં ક્ષીં છે, અર્થાત્ જેનું રૂપ આ પ્રકારે છે-'હ્રીં ઓં ઓં સઃ અહં ક્ષીં લં ઓંઓં હ્રીં' એ અક્ષરોનું ધ્યાન, ચિંતન કરવું જોઈએ.

વિદ્યાનો જાપ :-

કામધેનુ સમાન અચિંત્ય ફળ પ્રદાન કરવામાં સમર્થ, નિર્દોષ અને ગણધરોના મુખથી ઉદ્‌ગત વિદ્યાનો જાપ કરવો જોઈએ. તે વિદ્યા આ પ્રકારે છે :—

"ઓં જોગ્ગે મગ્ગે તચ્ચે ભૂએ ભવિસ્સે અંતે પકખે જિણપાર્શ્વે સ્વાહા."

અન્ય મંત્ર–અને વિદ્યા :–

કર્મોના સમૂહને શાંત કરવા માટે બીજા મંત્રોનું પણ સ્મરણ, ચિંતન, ધ્યાન કરવું જોઈએ. તે નીચે લખ્યા પ્રમાણે છે :–

'શ્રીમદ્ ઋષભાદિ–વર્ધમાનાંતેભ્યો નમઃ'

પ્રાણીઓના ઉપકાર માટે પાપ–ભક્ષિણી વિદ્યાનું સ્મરણ કરવું જોઈએ. તે નીચે પ્રમાણે છે :–

'ઓં અર્હન્મુખકમલવાસિની, પાપત્મક્ષયંકરિ,

શ્રુતિ જ્ઞાન જ્વાલા સહસ્ત્ર, જ્વલિતે સરસ્વતિ મત્પાપં હન હન, દહ દહ, ક્ષાં ક્ષીં ક્ષૂં ક્ષૌં ક્ષઃ ક્ષીરધવલે, અમૃત સંભવે, વં વં હૂં હૂં સ્વાહા.'

પાપ–ભક્ષિણી વિદ્યાનું ફળ :–

આ વિદ્યા એટલી પ્રભાવોત્પાદક છે કે એના સ્મરણથી તત્કાલ મન પ્રસન્ન થઈ જાય છે, પાપની કલુષતા દૂર થાય છે અને જ્ઞાનનો દીપક અંતરમાં પ્રકાશિત થાય છે.

મંત્ર—'અ સિ આ ઉ સા' આ મંત્રના 'અ' નું નાભિ–કમલમાં સર્વત્ર ધ્યાન કરવું જોઈએ, 'સિ' વર્ણનું મસ્તક–કમળમાં, 'આ' વર્ણનું મુખ–કમલમાં, 'ઉ' વર્ણનું હૃદય-કમળમાં અને 'સા' વર્ણનું કંઠ–કમળમાં ધ્યાન કરવું જોઈએ.

મંત્ર :–નમો અરિહંતાણં, નમો સિદ્ધાણં, નમો આયરિયાણં,

નમો ઉવજ્ઝાયાણં, નમો લોએ સવ્વ સાહૂણં.

આ મંત્રરાજ નવકારમંત્ર છે. એનાથી શ્રેષ્ઠ ત્રણ લોકમાં કોઈ બીજો મંત્ર નથી. પૂર્વ કે ઉત્તર દિશા તરફ મુખ રાખીને પવિત્ર ભાવથી 'એક માળા' પ્રતિદિન ફેરવવાથી સર્વ પ્રકારે આનંદમંગલ થાય છે અને સર્વ સંકટ દૂર થઈ જાય છે.

નવાક્ષરી મંત્ર

ૐ હ્રીં અર્હમ્ નમઃ ક્ષીં સ્વાહા

વિધિ :–પ્રથમ નવ વાર નવકારમંત્ર બોલવો, ત્યાર પછી નવાક્ષરી મંત્રની ૯ માળા ફેરવવી. નિરંતર ૨૧ દિવસ સુધી જાપ કરવાથી સર્વ પ્રકારના સંકટનો નાશ થાય છે.

મંગલમંત્ર

ૐ અ–સિ–આ–ઉ–સા નમઃ

વિધિ :–ઉપરના મંત્રની સૂર્યોદયને સમયે સૂર્યની તરફ મુખ રાખીને ૧૦૮ વાર જાપ કરવાથી ગૃહ–ક્લેશ દૂર થાય છે. ઘરમાં શાંતિ થાય છે.

મંત્ર–ૐ હ્રીં શ્રીં હર હર સ્વાહા.

આ મંત્રનો પ્રતિદિન ૧૦૮ વાર જાપ કરવો જોઈએ. એથી રોગ, આપત્તિ, ચિંતા આદિનો નાશ થાય છે.

મંગલમંત્ર

નમિઊણ અસુર-સુર–ગરુલ–ભુયગ–પરિવંદિએ,
ગયકિલેસે અરિહે, સિદ્ધાયરિએ ઉવજ્ઝાય સવ્વ સાહૂણ

સૂચના : આ મંત્ર ચંદ્રપ્રજ્ઞપ્તિ સૂત્રનું મંગલાચરણ છે, જે અતિ પ્રભાવશાળી છે. આ મંત્રનો શુદ્ધ ઉચ્ચારણ-પૂર્વક શારીરિક શુદ્ધિ સહિત પ્રતિદિન પ્રાતઃકાલ ૨૧ વાર જપ કરવો જોઈએ. એથી સર્વ પ્રકારે આનંદ થાય છે અને સંકટ દૂર થાય છે.

સોડહમ્‌નો જાપ

'સો' નો અર્થ અહૅંતદેવ કલ્પવો અને 'અહમ્' નો અર્થ હું આત્મા છું. બન્નેનો અર્થ એમ થાય છે કે 'હું અર્હંત દેવ સમાન આત્મા છું. આ મંત્રનો જપ શ્વાસોચ્છ્વાસની સાથે કરવો જોઈએ. શ્વાસ લેતી વખતે 'સો' બોલવું અને શ્વાસ છોડતી વખતે 'ડહમ્' બોલવું જોઈએ. આ મંત્ર નિશ્ચય દૃષ્ટિનો છે.

અર્હમનું ધ્યાન-

અર્હમ્‌નું ધ્યાન

જેની ચારે તરફ નિર્મળ સોનેરી કિરણો નીકળતાં હોય, એવા સુવર્ણ કમલની વચમાં શ્વેત વર્ણવાળા અર્હમ્‌નું ધ્યાન કરવું જોઈએ. મનને એકાગ્ર કરી યોગી અહૅંમ્ મંત્રનું ધ્યાન ધરતો છતો યાવત્ મોક્ષને પ્રાપ્ત કરે છે. અર્હમ્ મંત્ર સમાન કોઈ મંત્ર નથી. અહૅં મંત્રનું એવી રીતે ધ્યાન કરવું કે મનમાં તેનું જ સ્વરૂપ રમી રહે, તે વખતે અન્ય પદાર્થનું સ્મરણ ન થાય, તેમજ હોઠ પણ ન હાલે. અહૅં અક્ષર પરથી અનક્ષરતા પમાય તેવી રીતે ધ્યાન ધરવું.

નવપદનું ધ્યાન

કલ્પના દ્વારા આઠ પાંખડીનું કમલ બનાવવું. ચાર પાંખડી ચાર દિશાઓમાં અને ચાર પાંખડી ચાર વિદિશાઓમાં, વચમાં ' નમો અરિહંતાણું ' પદનું ધ્યાન કરવું. પછી ચાર દિશાઓ-વાળી પાંખડીઓ પર ક્રમથી ' નમો સિદ્ધાણું, નમો આયરિયાણું, નમો ઉવજ્ઝાયાણું, નમો લોએ સવ્વ સાહૂણું ' નું ધ્યાન કરવું. ત્યાર પછી ચાર વિદિશાઓવાળી પાંખડીઓ પર ક્રમશઃ ' નમો દંસણુસ્સ, નમો નાણુસ્સ, નમો ચરિતસ્સ, નમો તવસ્સ 'નું ધ્યાન કરવું જોઈએ. દિશાઓના નામ પૂર્વ, દક્ષિણ, પશ્ચિમ, ઉત્તર છે. અને વિદિશાઓના નામ ઈશાન, અગ્નિ, વાયવ્ય, નૈઋત્યકોણ આદિ ક્રમથી છે.

ઓમ્‌નો જપ

ૐકાર નવકાર મંત્રના પાંચ પદનો વાચક છે. ' અ સિ આ ઉ સા 'ના મંત્રમાં પણ ઓમ્‌કારનો સમાવેશ થાય છે. અતઃ નાભિકમળમાં અ, મસ્તકકમળમાં સિ, મુખકમળમાં આ, હૃદય કમળમાં ઉ અને કંઠકમળમાં સા અક્ષરનું ધ્યાન કરવાથી સર્વ પ્રકારે આનંદમંગળ થાય છે.

હૃદય જપ

જ્યાં હૃદય છે ત્યાં મનોમય કલ્પના વડે પાંચ પાંખડીનું કમલ બનાવવું. પહેલી પાંખડી સફેદ રંગની, બીજી લાલ રંગની, ત્રીજી પીળા રંગની, ચોથી લીલા રંગની, પાંચમી કાળા રંગની, કમલના વચમાં ' અર્હમ્ ' મંત્રનું ધ્યાન કરવું. અને ઉપર લખેલ

પાંખડીઓ પર ક્રમથી 'નમો અરિહંતાણં' આદિ પાંચ પદનો જપ મન વડે કરવો. આ પ્રકારે નવ વાર નવકાર મંત્રનો જપ કરવાથી આધ્યાત્મિક બળની વૃદ્ધિ થાય છે.

અક્ષરોનું ધ્યાન

નાભિકમળમાં સોળ પાંખડીનું કમળ ચિંતવી તેમાં 'અ-થી અઃ સુધી સોળ સ્વરોને સ્થાપન કરવા અને તેનું અનુક્રમે ધ્યાન કરવું.'

હૃદયકમળમાં ચોવીસ પાંખડીવાળું કમળ ચિંતવી તેમાં ક-થી તે ભ સુધી અક્ષરો અનુક્રમે કમળ પાંખડીઓનાં સ્થાપન કરવા અને 'મ' ને કર્ણિકામાં સ્થાપન કરવો.

મુખમાં આઠ પાંદડીવાળા કમળની કલ્પના કરવી; જેમાં બાકીના 'ય' થી તે 'હ' સુધીના અક્ષરોનું અનુક્રમે ધ્યાન કરવું.

આ પ્રમાણે અક્ષરોનું ધ્યાન કરતો છતો, યોગી ચિત્તની ચંચળતાને નિવારે છે. અને શ્રુતજ્ઞાનનો પારગામી બને છે. પૂર્વે કહ્યા તે વર્ણોનું વિધિપૂર્વક ધ્યાન કરનાર યોગી નિમિત્ત જ્ઞાનને પ્રાપ્ત કરી શકે છે; અમુક વખતે અમુક થશે વગેરે સર્વ બાબતો જાણી શકે છે. લાંબા સમય સુધી એકાગ્ર ચિત્તે ધ્યાન કરવાથી અનેક સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

જપ કરવાના વિવિધ પ્રકાર

૧. નિત્ય જપ

સવારે, સાંજે ગુરુદત્ત મંત્રનો જે નિત્ય-નિયમિત જપ કરવામાં આવે છે, તે નિત્ય જપ છે. આ જપ સાધકોએ

નિત્ય કરવો જોઈએ. આપત્કાલ, માંદગીમાં અથવા યાત્રામાં પણ થોડા જપ કરવા જ જોઈએ. જે રીતે ઘરને, વસ્ત્રને અને શરીરને શુદ્ધ રાખવું આવશ્યક છે, તેવી જ રીતે આત્મશુદ્ધિ માટે નિત્ય જપ કરવા આવશ્યક છે. એથી આત્મશુદ્ધિની સાથે જપનો અભ્યાસ વધે છે, આનંદ વધે છે, ચિત્ત શુદ્ધિ થાય છે, વાણી શુદ્ધ બને છે અને ધાર્મિક ભાવના વૃદ્ધિ પામે છે. પાપ અને અધર્મથી ઘૃણા થાય છે. એવા અનેક લાભ થાય છે. અને જેમ, જેમ જપની સંખ્યા વધે છે, તેમ, તેમ પ્રભુકૃપાનો અનુભવ થાય છે, અને પોતાની નિષ્ઠા, અને વિશ્વાસ દઢ થાય છે.

૨. કામ્ય જપ

કોઈ પણ મનોકામના પૂર્ણ કરવા માટે જે જપ કરવામાં આવે છે તેને કામ્ય જપ કહે છે. જેને મોક્ષની ઈચ્છા હોય, તેને માટે આ જપ કામનો નથી. આર્તિ, અર્થાર્થી, કામ–કામી લોકો માટે ઉપયોગી છે. એનું સાધન કરતી વખતે પવિત્રતા, નિયમોનું પાલન, જાગૃતિ, ધૈર્ય, સરળતા, મનોનિગ્રહ, ઈન્દ્રિયોનું દમન, વાણીનો સંયમ, મિતાહાર, મિતશયન, બ્રહ્મચર્ય એ બધાનું હોવું અત્યંત આવશ્યક છે. યોગ્ય ગુરુથી યોગ્ય સમયે લીધેલ મંત્ર હોવો જોઈએ. વિધિપૂર્વક મનથી એકાગ્રતાથી જપ કરવો જોઈએ. ગરીબોને દાન આપવું, આ બધા સાધન–સામગ્રી સહિત જપ કરવામાં આવે, તો *સાધકની કામના પૂર્ણ થાય.* પણ સાધન બરાબર ન હોય તો

મંત્ર સિદ્ધ થઈ શકતો નથી. જપ કરવાથી પુણ્યનો સંચય થાય છે પણ ભોગથી એનો ક્ષય પણ થાય છે. એથી પ્રાજ્ઞ પુરુષ એને સારો સમજતા નથી. પરંતુ સર્વ સાધક સમાન હોતા નથી કેટલાક એવા કનિષ્ટ સાધક પણ હોય છે જે શુદ્ધ મોક્ષથી અતિરિક્ત અન્ય ધર્મ અવિરુદ્ધ, કામનાઓ પણ પૂર્ણ કરવાના અભિલાષી હોય છે. મિથ્યાત્વી દેવો અને મિથ્યા સાધનો કરીને પોતાની ભયંકર હાનિ કરવા કરતા, તે લોકો પોતાના ઈષ્ટ મંત્રનો કામ્ય જપ કરીને મનને શાંત કરે અને પરમાર્થ પ્રવીણ બને, એ અધિક શ્રેષ્ઠ છે.

૩. પાયશ્ચિત્ત જપ

પોતાના અજાણતા જે પાપ, જે દોષ કે પ્રમાદ થઈ જાય, તો એ દુરિત–પાપના નાશ માટે જે જપ કરવામાં આવે છે, તેને પ્રાયશ્ચિત્ત જપ કહે છે.

મનુષ્યના મનની સહજ ગતિ અધોગતિની તરફ હોય છે. એથી એનાથી અનેક પ્રમાદવશ દોષ થઈ જાય છે. જો એ દોષોનુ પરિમાર્જન ન થાય, તો અશુભ કર્મોનું સંચિત નિર્માણ થઈને મનુષ્યને અનેક દુઃખ ભોગવવા પડે છે અને સંચિતનું પ્રારબ્ધ બનીને ભાવિ દુઃખોની સૃષ્ટિ રચે છે. માટે એવા જીવાત્માઓ જો સંકલ્પપૂર્વક જપ કરે, તો તેઓ વિમલાત્મા બની શકે છે, મનુષ્યથી નિત્ય અનેક પ્રકારના દોષ થાય છે. એ માનવસ્વભાવ છે, એ માટે હંમેશાં એ દોષોને નષ્ટ કરવા, એ મનુષ્યનું કર્તવ્ય જ છે. અલ્પ દોષ માટે અલ્પ અને અધિક દોષ માટે અધિક જપ કરવો જોઈએ. જો રોજ એ કામ

ન થાય તો અઠવાડિયામાં એક દિવસ ઉપવાસ કરીને અંતર, બાહિર પવિત્ર થઈને મનને એકાગ્ર કરી સંકલ્પપૂર્વક દોષ નિવારણાર્થે પોતાના ઈષ્ટદેવના મંત્રનો જપ કરવો. એથી પવિત્રતા વધશે, અને મન આનંદમાં તરબોળ થઈ જશે. જ્યારે આવો અનુભવ થાય, ત્યારે સમજવું કે સર્વ પાપ ભસ્મ થઈ ગયા. દોષના હિસાબે જપ સંખ્યા નિશ્ચિત કરવી અને તે સંખ્યા પૂરી કરવી.

૪. અચલ જપ :—

આ જપ કરવા માટે આસન, માળા વગેરે સાહિત્ય તથા વ્યવહારિક અને માનસિક સ્વસ્થતા હોવી જોઈએ આ જપ વડે આપણી અંદર જે ગુપ્ત શક્તિઓ છે તે જાગ્રત થઈને વિકસિત થાય છે અને પરોપકારમાં એનો ઉપયોગ કરી શકાય છે. એથી ઈચ્છાશક્તિની સાથે, સાથે પુણ્યસંગ્રહ વધે છે. આ જપ માટે આંતર, બાહ્ય શુદ્ધ થઈ આસન પર બેસી, મનને શાંત, સ્થિર બનાવી જપ આરંભ કરવો. અમુક મંત્રનો અમુક સંખ્યામાં જપ કરવો જોઈએ અને નિત્ય અમુક સંખ્યામાં જપ અવશ્ય કરવો એવો નિયમ એ વિષયમાં રહે છે, અને રોજ એટલો જપ એકાગ્રતાપૂર્વક કરવો જોઇએ. જપ નિશ્ચિત સંખ્યાથી કયારેય પણ ઓછો ન થવો જોઈએ. જપ કરતી વખતે વચમાં આસન પરથી ઉઠવું નહિ, કોઈથી વાતચીત કરવી નહિ, એટલા સમય સુધી મનની અને શરીરની સ્થિરતા સહ મૌન કરવુ જોઈએ. એ પ્રકારે નિત્ય જપ કરીને સંખ્યા પૂર્ણ કરવી જોઇએ. વચમાં અંતર ન પાડવું, આહાર, વિહારમાં નિયમિતતા હોવી જોઈએ.

કોઈ વિઘ્ન આવે તો ધૈર્યથી સહન કરવું પણ જપ છોડવો નહિ. આ જપ વડે અપાર આધ્યાત્મિક શક્તિનો સંચય થાય છે.

૫. ચલ જપ :-

આ જપ હરદમ કરવો જોઈએ. આ જપ કોઈપણ વ્યક્તિ કરી શકે છે. એમાં કોઈ બંધન, નિયમ કે પ્રતિબંધ નથી. હાલતા, ચાલતા, કાર્ય સમયે મન વડે જપ કરતા જ રહેવું. એથી વાણી શુદ્ધ થાય છે. વાક્‌શક્તિ પ્રાપ્ત થાય છે. પણ આ જપ કરનાર ક્યારેય પણ અસત્ય ન બોલે; નિંદા, કટુવચન, કોઈને ખરી-ખોટી સંભળાવવી, વધારે બોલવું એ બધા દોષોનો ત્યાગ કરે. એ જપ કરવાથી આત્મશક્તિનો સંચય થાય છે, સમયનો દુરુપયોગ થતો નથી, મન પ્રશાંત રહે છે. સંકટ, કષ્ટ, દુઃખ, આઘાત, પ્રત્યાઘાત આદિનો મન પર પ્રભાવ પડતો નથી. જપ કરનાર સદા સુરક્ષિત રહે છે. સુખપૂર્વક સંસાર-યાત્રા પૂરી કરીને અનાયાસ પરમાર્થને પ્રાપ્ત કરે છે, એની ઉત્તમ ગતિ થાય છે, એના બધા કર્મો નિષ્કામ થાય છે, અને એ કારણથી તેના કર્મબંધન શિથિલ બને છે. મન નિર્વિષય બની જાય છે, સાધક નિર્ભય બને છે, આત્મપ્રકાશ વધે છે. જપ જેમ બને તેમ નાનો હોવો જોઈએ અને હરદમ મનોમન જપ કરતા જ રહેવું જોઈએ.

૬. વાચિક જપ :-

આ જપ જોરજોરથી ઉચ્ચારણ કરીને કરવાનો છે. જેને બીજા પણ સાંભળી શકે. આને વાચિક જપ કહે છે. જપ યોગી

માટે પ્રથમ આ જપ સુગમ હોય છે. આગળ જપ ક્રમ સાધ્ય અને અભ્યાસ સાધ્ય છે. આ જપથી વાક્સિદ્ધિ થાય છે. શબ્દોનુ મોટું મહત્ત્વ હોય છે. તે શબ્દ કયારેય પણ વ્યર્થ જતા નથી. અન્ય લોક તેની આજ્ઞાનું પાલન કરે છે. એક વાક્શક્તિ પણ સિદ્ધ થઈ જાય તો એ વડે સંસારના મોટા મોટા કામ થઈ શકે છે આ જપ પરમાર્થ અને પ્રપંચ બંને માટે ઉપયોગી છે

૭. ઉપાંશુ જપ :-

વાચિક જપ પછી આ જપ છે આ જપ કરતી વખતે હોઠ ચાલે છે તથા તેનો ઉચ્ચાર મુખમાં થાય છે. જપ કરનાર તેને સાંભળે છે પણ બીજા સાંભળી શકતા નથી આ જપ વડે મનની એકાગ્રતાનો આરંભ થાય છે. વૃત્તિઓ અંતર્મુખ થવા લાગે છે અને વાચિક જપથી જે, જે લાભ થાય છે તે સર્વ આ જપ વડે થાય છે. એ જપ વડે પોતાના અંગપ્રત્યંગમાં ઉષ્ણતા વધતી હોય તેમ લાગે છે. તેથી શરીર નીરોગ બને છે. એ જ તપનો પ્રભાવ છે. આ જપથી દૃષ્ટિ અર્ધોન્મીલિત રહે છે. એના દ્વારા સાધક સ્થૂલથી સૂક્ષ્મમાં પ્રવેશ કરે છે. વાણીના સહજ ગુણ પ્રગટ થાય છે. મંત્રનો પ્રત્યેક ઉચ્ચાર મસ્તક પર કંઈક અસર કરતો હોય તેમ લાગે છે-ભાલપ્રદેશ અને લલાટમાં વેદના થતી હોય એવો અનુભવ થાય છે. અભ્યાસ કરતા, કરતા સ્થિરતા વધે છે.

૮. માનસ જપ :-

આ તો જપનો પ્રાણ છે. એથી સાધકનું મન આનંદમય બની જાય છે. એના મંત્રનો ઉચ્ચાર કરવો પડતો નથી. મન

વડે જ મંત્રાવૃત્તિ કરવી જોઈએ છે. નેત્ર બંધ રાખવા પડે છે. મંત્રાર્થનું ચિંતન જ એમાં મુખ્ય છે. બીજા જપ કરતાં આ જપ હજારગણો શ્રેષ્ઠ છે.

૯. અખંડ જપ :-

આ જપ ખાસ કરી ત્યાગી પુરુષો માટે છે. શરીર યાત્રા માટે આવશ્યક આહારાદિનો સમય છોડીને બાકીનો બધો સમય જપ કરવો પડે છે. પણ સતત જપ કરવાથી મન થાક અનુભવે છે; એ માટે એમાં આ વિધિ છે કે જપથી જ્યારે મન થાક અનુભવે ત્યારે થોડો સમય ધ્યાન કરે, પછી તત્ત્વચિંતવન કરે અને ફરી જપ કરે. એ ત્રણ ઉપાય અર્થાત્ જપ, ધ્યાન અને તત્ત્વચિંતન સતત કરવું તે જ અખંડ જપ છે.

૧૦. અજપા જપ

આ સ્વાભાવિક જપ છે તથા જે અપ્રમાદી હોય તેનાથી જ તે થઈ શકે છે. આ જપમાં માળા વગેરેનું કંઈ જ કામ નથી. ફક્ત શ્વાસોચ્છ્વાસની ક્રિયાની સાથે મંત્રનો જપ કરવો જોઈએ અને તે સોઽહમ્‌નો જપ જ શ્વાસની ગતિ સાથે બરાબર બંધ બેસતો થઈ શકે છે. દરેક લેતા શ્વાસમાં ‘સો’ અને છોડતા પ્રશ્વાસની સાથે ‘હમ્’ ની ભાવના સહિત જપ કરવાથી અભ્યાસે સ્વાભાવિક ‘સોઽહમ્’ નો જપ થાય છે. તેને ‘અજપા જપ’ કહે છે.

ષટ્‌ચક્ર

યોગીઓ કહે છે કે, શરીરની અંદર ષટ્‌પદ્મ યા નાડીચક્ર છે. નીચે મૂલાધાર ચતુર્દળ, (પાંખડીઓ) લિંગ મૂળે સ્વાધિષ્ઠાન-

ચક્ર ષડ્દલ, નાભિએ મણિપુરકચક્ર દશદળ, હૃદય સ્થાને અનાહતચક્ર બારદલ, કંઠે વિશુદ્ધિચક્ર સોળદલ, ભ્રૂમધ્યે આજ્ઞાચક્ર દ્વિદલ, અને મસ્તકે સહસ્ત્રદલપદ્મ છે. મેરુદંડની અંદર ડાબી બાજુએ ઈડા, જમણી બાજુએ પિંગલા. અને મધ્યમાં સુષુમ્ણા નાડી છે સુષુમ્ણા નાડી મૂલાધારથી એક પછી એક છયે ચક્રનો ભેદ કરી સહસ્ત્રદલમાં જઈને મળી ગઈ છે, પરંતુ જ્યાં સુધી કુંડલિની શક્તિ જાગ્રત ન થાય, ત્યાં સુધી સુષુમ્ણાનો માર્ગ બંધ રહે. કુંડલિનીએ આત્માની જ્ઞાનશક્તિ–ચિદ્શક્તિ છે. એ સર્વ જીવોની અંદર મૂલધારા પદ્મે સુષુપ્ત (ઊંઘતા) સર્પની જેમ જાણે કે નિર્જીવ રીતે રહેલી છે, જાણે કે ઊંઘી રહી છે. એ જપ, ધ્યાન, યોગ, સાધન, ભજન વગેરે દ્વારા જાગૃત થાય છે. મૂલધાર પદ્મમાં રહેલી એ શક્તિ જ્યારે જાગ્રત થઈને સુષુમ્ણા નાડીની અંદર પ્રવેશ કરીને અનુક્રમે મૂલાધાર, સ્વાધિષ્ઠાન, મણિપુરક, અનાહત, વિશુદ્ધ અને આજ્ઞાચક્રને ભેદીને સહસ્રદલપદ્મમાં આત્માની સાથે મળે છે, ત્યારે એ ઉભયના સંયોગમાંથી પરમ અમૃત પ્રવાહિત થાય છે તે પીને જીવ સમાધિસ્થ થાય છે ત્યારે જીવચેતના જાગૃત થાય, અને આત્મ–સ્વરૂપનો તેને બોધ થાય છે. ત્યાર પછી અનેક આશ્ચર્યકારી આધ્યાત્મિક અનુભવો થયા કરે છે.

ગુરુ અને પરમેશ્વરની કૃપાથી, સાધકના પુણ્યોદયે, કયારેક, કયારેક એ શક્તિ પોતાની મેળે જ અથવા અલ્પ પ્રયાસે જાગ્રત થાય છે. એ નિર્વિકલ્પ અવસ્થામાં આત્મા સ્વરૂપમાં લીન થાય છે. આ છે ટૂંકમાં ષટ્ચક્ર ભેદ.

પરંતુ જેઓ જગતના હિત માટે કોઈ ખાસ ઊચ હેતુને સિદ્ધ કરવા માટે દેહ ધારણ કરે છે, તેઓ આત્માનંદને ત્યાગીને જાગ્રત થયેલી કુંડલિની શક્તિને એ રસ્તેથી સહસ્રાધારચક્ર (મસ્તક)થી અનાહત ચક્રે (હૃદયે) ઉતારીને 'ભાવમુખે' રહે, અર્થાત્ સર્વ દ્વંદ્વાતીત પરમાર્થિક (Absolute) જ્ઞાન અને વ્યવહારિક (Relative) જ્ઞાનની વચ્ચે ચડઉતર કર્યા કરે અને હજારો જીવોનો અવિદ્યાના મોહથી ઉદ્ધાર કરે.

૭
પ્રકરણ
સાધના વિધિ–વિજ્ઞાન

સદ્‌ભાવ :–

૧. સર્વથી પ્રથમ સત્યનું પાલન કરવું આવશ્યક છે સત્ય, વિચાર, સત્યવચન, સત્કર્મ એ ત્રણેની આવશ્યકતા છે. નહિતર કોઈપણ ક્ષણે એમાં શિથિલતા આવી જાય તો સર્વ સાધના નષ્ટ થવાનો સંભવ છે. માટે સતત સાવધાન રહેવાની જરૂર છે. સત્યનો અભ્યાસ કેવલ મોટી–વાતોના વિષયમાં નહિ પણ નાની–નાની વાતોમાં પણ હોવો જોઈએ. જો કોઈને કોઈ પ્રકારનું વચન આપવું હોય તો શર્તની સાથે આપવું જોઈએ. જેમ અવસર હશે અને કોઈ વિઘ્ન

નહિ આવે તો આમ કરીશ—એમ વિવેકથી બોલવું જોઈએ. અને જો એમ ન કહેતા વચન આપવામાં આવે તો ગમે તેમ કરીને પોતાના વચનનું પાલન કરવું જ જોઈએ. પછી તે વાત ભલે મામૂલી કેમ ન હોય, એ રીતે સર્વ પ્રકારે બધી અવસ્થાઓમાં સત્યનું પાલન કરવાથી સાધકને વાક્સિદ્ધિ પ્રાપ્ત થાય છે, એ યોગસૂત્રનું વચન છે. આ પ્રકારના સત્યવાદી સિદ્ધ પુરુષોના સંકલ્પ પણ સત્ય બની જાય છે. પંજાબના એક મહાત્માએ એક વખત એક મોટા પત્થરને પર્વત પરથી નીચે પડતો જોયો અને તરત જ મનમાં સંકલ્પ કર્યો કે તે ઉપર જ રોકાઈ જાય. બસ, તે પથ્થર ઉપર જ રહી ગયો. તે આજે પણ પંજાબ સાહેબના નામથી મોજૂદ છે. એવા સંકલ્પ સત્ય બનવાના ઘણા દૃષ્ટાંતો છે. માટે સાધકે મન, વચન, શરીરથી સત્યનું પાલન કરવા સતત તત્પર રહેવું. 'સાહેબ કો સત્ય પ્યારા હૈ,' પ્રભુને સત્ય જ પ્યારું છે. માટે પ્રભુનો પ્રેમ પ્રાપ્ત કરવા ઈચ્છનારે પણ સદા, સર્વદા સત્યનું પાલન કરવું એથી વાણીનો પણ સાથે, સાથે સંયમ થશે, અને અધ્યાત્મિક બળ પણ વધશે.

૨. સાધક અહિંસક હોવો જોઈએ. અહિંસાની સાધના કરનાર યોગીના દિલમાં વૈર-ભાવ રહી શકતો નથી. વૈર-ભાવ મનુષ્યના હૃદયને તપ્ત અને મસ્તક તથા બુદ્ધિને નિર્બળ બનાવે છે. શાંતિ-સુખ જે બધાથી મોટું છે, તે શાંતિ-સુખ વૈર-ભાવ આવવાથી અંતરમાંથી નષ્ટ થઈ

જાય છે. વૈર-ભાવ રાખનાર મનુષ્ય રાત-દિવસ બળ્યા કરે છે, અને કયારેય પણ તેને શાન્તિ મળતી નથી. વૈર-ભાવ રાખનારનું લોહી અશુદ્ધ બની જાય છે. તેની ભૂખ મરી જાય છે. વૈર-ભાવની અધિકતાથી લોહીમાં એક પ્રકારનું વિષ ઉત્પન્ન થાય છે. પ્રેમભાવ શરીરમાં અમૃત ઉત્પન્ન કરે છે અને વૈર ભાવ વિષ. મનુષ્યના અંતરમાંથી જયારે વૈર-ભાવ સર્વથા દૂર થઈ જાય છે, ત્યારે એને એક અપૂર્વ શાન્તિ-સુખનો અનુભવ થાય છે. એ શાન્તિ-સુખના અનુભવવાળી સ્થિતિને અહિંસાની સમાધિ કહી શકાય. માટે સાધકે અહિંસક વૃત્તિને કેળવીને જ સાધન રત બનવું જોઈએ, તમે માનસ વડે જપ યથાર્થ થઈ શકે નહિ.

૩. સરલતા-આંતરિક તથા બાહ્ય ભાવ તથા વ્યવહાર બાલકની જેમ સર્વથા સરલ અને નિષ્કપટ હોવો જોઈએ. એને આર્જવ ધર્મ કહે છે.

૪. 'સર્વ ભૂતેષુ આત્મવત્' સર્વ પ્રાણીમાત્રમાં આત્મદષ્ટિ કરી કોઈને કંઈ જ હાનિ ન કરવી

૫. પ્રભુ પર વિશ્વાસ રાખીને તેના પર નિર્ભર રહેવું.

૬. બ્રહ્મચર્યનું પાલન કરવું.

૭. નિયમિત સવાર, સાંજ અને રાત્રિના સમયે મંત્ર જપ કરવા જોઈએ.

૮. ભૂમિ ઉપર કંબલ બિછાવીને ધોળા વસ્ત્રનું આચ્છાદાન કરીને જે જગ્યાએ મંત્ર જપ કર્યા હોય ત્યાં અને તેમ ન બને તો બીજા કોઈ એકાંત રૂમમાં એકલા જ શયન કરવું.

૯. જપ કરતી વખતે મૌનવ્રતનું પાલન કરવું.

૧૦. કોઈ પ્રકારનું અસત્ય, પાપ, પ્રપંચ, લોભ પરના ઘરનું ભોજન, દાન, વગેરે લેવું નહિ.

૧૧. પોતાના ઈષ્ટદેવની પ્રાર્થના કરવી.

૧૨. યથાશક્તિ દાન આપવું.

૧૩ મંત્રજપથી થતા ચમત્કારો કોઈને કહેવા નહિ.

૧૪. ઈષ્ટદેવ અને ગુરુ પર પૂર્ણ વિશ્વાસ રાખવો.

૧૫. દૃઢ શ્રદ્ધા અને સંકલ્પ સહિત જપ કરવો

૧૬. ગુરુદેવની સેવામાં તત્પર રહેવું અને તેમની કૃપા પ્રાપ્ત થાય તેમ વર્તવું.

"ગુરુ કંચન, ગુરુ પારસ, ગુરુ ચંદન સમાન,
તુમ સદ્‌ગુરુ દીપક ભયે, ગુરુ કિયો જ, આપુ સમાન."

૧૭. જપ કરતી વખતે સાંસારિક, વ્યવહારિક વિષયોનો વિચાર ન કરવા અને મન, વાણી, કર્મમાં ઈષ્ટદેવ તેમ જ મંત્રાર્થની ભાવના કરવી. મંત્ર જપ અતિ ઉતાવળે અથવા ધીરે, ધીરે કરવા નહિ. હૃદયના ઊંડા ભાગમાં ઊતરી એકાગ્રતાપૂર્વક શાંત ચિત્તે મંત્રનું ઉચ્ચારણ કરવું. જપ કરતી વખતે બહારનો શબ્દ કે અવાજ સંભળાય નહિ તેમ કરવું, અગર કાનમાં મીણ વગેરે નાંખવું. જપ ત્રણ પ્રકારના છે: માનસિક, ઉપાંશુ અને વાચિક મનમાં ને મનમાં ઉચ્ચારણ કરવું એનું નામ માનસિક જપ કહેવાય છે. જેના ઉચ્ચારણથી કાન સાંભળી શકે તે ઉપાંશુ જપ છે અને મોટેથી મંત્રોચ્ચાર કરવામાં આવે તેને વાચિક જપ કહે છે.

ધ્યાનના બે પ્રકાર છે—૧. જપાત્મક યા સ્મરણાત્મક, ૨. હોમાત્મક.

જપાત્મકના ત્રણ ભેદ છે—૧. કનિષ્ટ, ૨. મધ્યમ ૩. ઉત્તમ,

૧. કનિષ્ટ—ઉચ્ચારણ સહિત, ૨ મધ્યમ—ઉચ્ચારણ રહિત, પરંતુ જીભના વ્યાપાર સહિત. ૩. ઉત્તમ—માત્ર મનના સ્મરણ સહિત, માનસિક જપ.

હોમાત્મક—આત્મ ધ્યેયથી વિરોધી વૃત્તિઓનો હોમનામ ત્યાગ કરવો.

વાચિક જપનું દશ ગણું ફળ, ઉપાંશુ જપનું સો ગણું અને માનસિક જપનું સહસ્ત્રગણું ફળ છે. વાચિક જપ કનિષ્ટ, ઉપાંશુ મધ્યમ અને માનસિક જપ ઉત્તમ છે. ગુરૂપ્રદત્ત મંત્ર, આંતરિક શ્રદ્ધા, ભક્તિ, પ્રેમ, વિશ્વાસ અને એકનિષ્ઠા સહિત નિયમિત ભાવપૂર્વક મંત્ર જપ કરવાથી અવશ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

જે મનુષ્યનું મન ધનમાં હોય છે તે ધનનું જ ચિંતન અને ચિંતા કરે છે. તે જ પ્રમાણે સાધકે ઈન્દ્રિયોને વશમાં કરીને એકાગ્રચિત્ત ઈશ્વરચિંતન-આત્મચિંતન કરવું જોઈએ. અભ્યાસથી કંટાળી મનને ઉદ્વિગ્ન થવા ન દેવું. જે સાધનો દ્વારા ચંચળ મન વશ થાય તેનું સેવન કરવું અને તે સાધનોથી વિમુખ થવું નહિ. અભ્યાસી સાધકે એકાંતનું સેવન કરવું. સાધકે સંગ તથા સંગ્રહવૃત્તિથી દૂર રહેવું, કારણ કે તે બંને સાધનામાં વિઘ્નભૂત છે. નિયમિત રીતે સાત્વિક આહાર કરવો. લાભ, હાનિ, નિંદા, સ્તુતિ વગેરેમાં સમભાવી બનવું.

સર્વ પ્રાણી પ્રત્યે આત્મબુદ્ધિ રાખવી. વાયુની જેમ કોઈ વસ્તુ પર આસક્તિ ન કરવી. આ પ્રમાણે નિયમોના પાલન સહિત મનને સ્વસ્થ રાખીને સાધનામાં સંલગ્ન રહેનારની મંત્ર સાધના ફળદાતા બને છે.

સાધકે ઊઠતા, બેસતા, ચાલતા અને ફરતા અર્થાત્ પ્રત્યેક દશામાં સર્વદા પ્રસન્ન રહેવાનો અને આનંદપૂર્ણ રહેવાનો પ્રયત્ન કરવો જોઈએ. સંસારનો નિયમ વિચિત્ર છે, જે જેવું વિચારે છે તેની પાસે તેવી જ વસ્તુઓ તથા પદાર્થો પોતાની મેળે ખેંચાઈને આવે છે. દરિદ્રીની પાસે દરિદ્રતા, ધનવાનની પાસે ધન, વૈભવ વગેરે આકર્ષિત થઈને આવે છે. પંડિત પાસે પંડિત, વૃદ્ધોની પાસે વૃદ્ધ અને બાળકોની પાસે બાળકો એકઠા થઈ જાય છે. એ રીતે જે સર્વદા ઉદાસી અને દુઃખી રહે છે, એને હરતરેહના દુઃખ તથા સંકટો ઘેરાયેલાં રહે છે રોતી શીકલ સદા રોતા જ રહે છે. એનો સંગ વિપત્તિઓ ક્યારે પણ છોડતી નથી. પણ એનાથી વિપરીત જે સદા પ્રસન્ન રહે છે એની પાસે સંસારના દરેક જાતના સુખ, સંપદા, સમૃદ્ધિ અને આનંદ આકર્ષાય આવે છે પ્રસન્ન અને હસમુખ મનુષ્યના ફેફસાં પહોળાં હોય છે. ફેફસાં, હૃદય અને શરીરનું સમગ્ર યંત્ર ખૂબ ઉત્સાહની સાથે કામ કરે છે. પ્રસન્ન રહેવાથી શરીરનું લોહી શુદ્ધ બને છે અને બધા રોગો નષ્ટ થાય છે. પ્રસન્ન મનવાળાની ઈન્દ્રિયો પણ પ્રફુલ્લિત અને પ્રસન્ન રહે છે. સદા પ્રસન્ન રહેવાવાળાની આંખો સતેજ રહે છે. પ્રસન્ન રહેવાથી ખૂબ ભૂખ લાગે છે તથા અજીર્ણ અને કબજિયાત

મટે છે. પ્રસન્ન રહેનાર ક્યારેય પણ ગભરાતા નથી. તેથી તેની બુદ્ધિ સદા વિવેકવંતી રહે છે. એનું દરેક કામ વિવેકપૂર્ણ હોય છે. કહેવાનો મતલબ એ છે કે પ્રસન્ન મન વ્યક્તિની પાસે સંસારના બધા જ સુખ ઉપસ્થિત થાય છે. અર્થાત્ પ્રસન્ન મનવાળા બધાથી સુખી, બધાથી અધિક નીરોગી તથા સ્વસ્થ અને સર્વથી અધિક જ્ઞાનવાન હોય છે. એથી જો તમે ઉદાસ અને દુઃખી રહેતા હો, તો આજે અત્યારથી જ પ્રસન્ન રહેવાનો પ્રયત્ન કરો. પ્રસન્નતા, આનંદ અને ઉત્સાહને સદા અપનાવો. વારંવાર પ્રસન્ન રહેવાનો યત્ન કરો. જે રૂમમાં બેસતા હો, એમાં પણ એવા, એવા ચિત્રો રાખો, જેનું મુખ પ્રસન્ન અને હસમુખ હોય. એવા લોકોનો સંગ કરો જે પ્રસન્ન રહેતા હોય. વારંવાર ઉદાસીનતાને દૂર કરીને પ્રસન્ન રહેવાનો યત્ન કરવો તે સંતોષની ધારણા છે. સંતોષની ધારણા બાદ જ્યારે મનુષ્ય સર્વદા પ્રસન્ન રહેવા લાગે અને પ્રસન્ન રહેવાનો અભ્યાસ થઈ જાય તો એને સંતોષનું ધ્યાન કહેવાય. એ અવસ્થા પછી યોગી જે અવસ્થામાં આનંદમાં નિમગ્ન થઈ જાય એને સંતોષની સમાધિ કહેવાય. એ સંતોષના સાધન વડે યોગીને જે સિદ્ધિ પ્રાપ્ત થાય, એનું નામ સંતોષથી અનુત્તમ સુખનો લાભ થાય છે.

'પ્રસાદે સર્વ દુઃખાનાં હાનિરસ્યોપ જાયતે,
પ્રસન્ન ચેતસો હ્યાશુ બુદ્ધિઃ પર્યવ તિષ્ઠતે.'
ગીતા અ. ૨, શ્લો. ૬૫

પ્રસન્ન ચિત્ત રહેવાથી બધા દુઃખોનો નાશ થાય છે; કેમ કે

પ્રસન્ન ચિત્તવાળાની બુદ્ધિ જલદી સ્થિર થાય છે. પ્રસન્ન મનવાળા પોતાના મનને એકાગ્ર રાખી શકે છે કેમ કે દુઃખી તથા ચિંતીત ચિત્ત ચંચળ અને નિર્બળ હોય છે. સ્વસ્થ અને નીરોગ રહેવા માટે નહિ પણ યોગપદમાં કે સમાધિમાં સ્થિર થવા માટે પણ સાધકે પ્રસન્ન રહેવું આવશ્યક છે. એ માટે વિવેકીઓએ અને સાધકોએ પ્રસન્ન ચિત્તે રહેવું જોઈએ. પ્રસન્ન ચિત્ત રહેવાથી લોહી પણ સ્વચ્છ અને શુદ્ધ રહે છે. અશાંત રહેવાથી લોહીમાં ગરમી વધી જાય છે અને તેથી તે અશુદ્ધ બની જાય છે. અને બધા રોગોનું મૂળ લોહીની અશુદ્ધિ જ છે. અને રોગી માનવ સાધના કેવી રીતે કરી શકશે? અર્થાત્ મનોશાન્તિ વિના સાધના થઈ શકે નહિ. ચિંતાગ્રસ્ત અને દુઃખી મનુષ્યોના મસ્તકના ઘણા કોષ્ટ ખરાબ બની જાય છે એથી કોઈવાર ચિંતા કરનાર, અપ્રસન્ન રહેનાર મનુષ્ય પાગલ-ગાંડો બની જાય છે. એવી અવસ્થામાં સિદ્ધાંતની વાત તો મનુષ્ય ક્યારેય પણ વિચારી શકતો નથી; બુદ્ધિ પણ ખરાબ થઈ જાય છે. પ્રસન્ન ન રહેવાથી શ્વાસની ગતિ પણ બરાબર રહેતી નથી, એથી ફેફસાં પણ રોગી અને નિર્બળ બની જાય છે. શ્વાસની ગતિ બરાબર ન રહેવાથી શરીરના તમામ યંત્રો બરાબર કામ કરી શકતા નથી; કેમ કે પ્રાણ જ શરીર-યંત્રના બધા અવયવોને ગતિ આપનાર છે. એથી સાધકોએ, વિવેકીઓએ, યોગીઓએ સદાસર્વદા પ્રસન્ન રહેવું જોઇએ.

પૂજાનું ફળ, સાધનાનું ફળ-

'ચિત્ત પ્રસન્ને રે પૂજન ફળ કહ્યું રે,'

આત્માની–અંતઃકરણની પ્રસન્નતાને જ પ્રભુપૂજાનું ફલ કહેલ છે. કહેવાનો મતલબ એ છે કે–સાધકની ચિત્તવૃત્તિઓ સદાસર્વદા પ્રસન્ન રહે, હરહાલતમાં પ્રસન્ન રહે એવી સ્થિતિ પ્રાપ્ત કરવી એ જ સાધનાનું ફળ છે. સ્વભાવથી આત્મા આનંદ સ્વરૂપ છે, એથી સદા પ્રસન્ન રહેનાર સ્વરૂપસ્થ છે અને સ્વરૂપમાં સ્થિર રહેવું એ જ સમાધિ છે. થોડા સમય સુધી કપાળમાં પ્રકાશ દેખવો કે તુરીયાવસ્થામાં સ્થિર રહેવું કે સમાધિમાં સ્થિર રહેવું અને પછી દુઃખી, અપ્રસન્ન અને ચંચળતા ધારણ કરવી તે બરાબર નથી. મનુષ્ય સાધન દ્વારા એવું જ્ઞાન પ્રાપ્ત કરી લે કે જેથી તે હરહાલતમાં પ્રસન્ન અને સમચિત્ત રહે તો તે જીવનમુક્ત બનીને પૂર્ણ સુખી બની જાય. એ જ સાધનાની સિદ્ધિ અને સર્વોચ્ચ યોગપદ છે.

સદ્‌ગુરુ સિદ્ધમંત્ર જ આપે. કે જે મંત્રો જપીને અનેક મહાપુરુષો સિદ્ધ થયા હતા, અને જે મંત્રો ગુરુ પરંપરાથી ચાલ્યા આવે છે. ગુરુ પોતાની કલ્પનાનું કંઈક જે તે તો આપે નહિ. માટે મંત્રમાં અવિશ્વાસ કે અશ્રદ્ધા રાખવી નહિ. લાંબા વખત સુધી જપ કરવા છતાંય જો મનની એકાગ્રતા કે પવિત્રતા ન આવે તો જાણજો કે એ મંત્રનો દોષ નથી, પણ એનું કારણ એ છે કે, તમારી પોતાની જ ત્રુટી યા દોષ. અને એને સુધારવાનો પ્રયત્ન કર્યા વગર કેવળ મોઢેથી જપ કર્યે જવાથી યા બીજો ગુરુ કરવાથી શું વળવાનું હતું ? મન અને મુખ બન્નેને એક સાથે લગાડીને જપ કરવો જોઈએ, મન ને વાણી એકરૂપ

થવાં જોઈએ.

મનને વશમાં લાવવું, એ જ ખરી વસ્તુ. એ જો ન કરી શકાય, તો કાંઈ ન વળે. મનનો જય કરી શકાય તો જગનો જય કરી શકાય મનને જીતવા માટે જ બધી સાધના-ઓની જરૂર છે.

દરરોજ નિષ્ઠાપૂર્વક જપ – ધ્યાન કરવાની આદત પાડવાથી એ એક નશાની આદત જેવું થઈ જાય છે. વળી એકાગ્રતા સ્થિર થતા જાણે કે, એક નશા જેવી અવસ્થા થાય; બંધાણીઓ અને નશાખોરો જેમ નશાનો સમય થતા, નશાની વસ્તુ ન મળે તો આકુળ–વ્યાકુળ અને અસ્વસ્થ થઈ જાય, બીજું કશું યે ગમે નહિ, તેવી રીતે સાધકનીયે એવી અવસ્થા થાય. જે દિવસે નિયમ પ્રમાણે ધ્યાન–જપ ન કરી શકે તે દિવસે, જે બાબતની ટેવ પાડો, સારી અથવા નરસી, તે બાબતમાં આ પ્રમાણે બને.

એવું જોવામાં આવે છે કે, જેઓ પહેલા, પહેલા સાધન જપ ધ્યાન કરવામાં લાગે, તેઓ જેટલું મનને ઈષ્ટમાં એકાગ્ર કરવાની મહેનત કરે, તેટલું જ મન વક્ર થાય, અને ધૂળ, રાખ જેવાં વિષયોમાં જ ભટકયા કરે. તે એટલે સુધી કે તેમને એમ પણ લાગે કે, આ જાતની ઉપાધિ તો અગાઉ નહોતી. ત્યારે તો જે વિચાર કરવા ઈચ્છતા તેનો મજાનો એકાગ્ર ચિત્તે વિચાર કરી શકાતો, હવે આવું કેમ થઈ ગયું ? એનો અર્થ એ કે અગાઉ, મનની જે બધી બાજુએ સ્વાભાવિક

પ્રવૃત્તિ હોય એ બધા બાહ્ય વિષયોમાં જ તેને જોડવામાં આવતું એટલે એની સાથે કશો ઝઘડો નહોતો; જ્યારે હવે તો સત્–અસત્ વિચારપૂર્વક તેને અસાર બાહ્ય વિષયોમાંથી ખેંચીને અંતર્મુખ કરવાનો, તેને કાબૂમાં લાવવાનો પ્રયત્ન કરવામાં આવે, એટલે તરત એ ઊલટું થઈને ઊભું રહે નદીને રોકવા જતાં તેનો આઘાત સો ગણો વધી જાય. પરંતુ તેના એ વેગને, એ જ શક્તિને જો યોગ્ય રીતે વાળીને ઈચ્છા મુજબ કામે લગાડવામાં આવે, તો હજારગણું ફળ આપે.

પ્રયત્ન અને ખંતથી બધી બાબતો સિદ્ધ થાય. નિષ્ફળ થાઓ તો ફરી ફરી પ્રયત્ન કરો. જો પ્રયત્ન કરવા છતાં સફળતા ન મળે તો સમજવું કે જે રીતે પ્રયત્ન કરવો જોઈતો હતો તે રીતે થયો નથી. પ્રયત્ન કરવાથી બધી બાબતો સહજમાં અને સહેલાઈથી થઈ શકે. ક્રમે ક્રમે એ બાબતની આદત પડે ને આખરે એ સ્વભાવરૂપ થાય છે.

જેઓ સર્વ સમયે, કામકાજને સમયે પ્રભુની આજ્ઞાના પાલનસહ તેમના નામનું સ્મરણ, તેમના ગુણોનું ચિંતન અને તેમના નામનો જપ કરે છે, પ્રભુને જ એકમાત્ર સાર અને સંપત્તિરૂપ સમજે, તેઓ સંકટ સમયે પણ પ્રભુને ભૂલવાના નહિ. મૃત્યુ સમયે પણ જીવનભરના ચિંતવનના પ્રભાવે તેમના રોગની વેદના ભુલાઈ જાય, સંસારની, ધન, જનની આસક્તિ દૂર થાય, અને ઈશ્વરી ભાવમાં ચિત્ત તદ્દ્ગત થઈ જાય. ઈશ્વરના સતત ચિંતવન અને સાંનિધ્યની ટેવને પ્રભાવે એ વસ્તુ સ્વભા-

વિક થઈ જાય.

જયારે એકલા હો, અથવા ખાસ કામમાં રોકાયેલા ન હો, ત્યારે વ્યર્થના નકામા વિચારો ન કરતાં પ્રભુસ્મરણ, મનન અને નામ લેવું જ સારું. મનમાં વ્યર્થના વિચારો ન આવે એ માટે જપના અભ્યાસની જરૂર છે. જપ એટલે એકધારું અખંડિત રીતે પ્રભુનું નામ લીધે જવું એ.

ઉતાવળા થયે વસ્તુ પ્રાપ્ત થાય નહિ. પરમાત્મા જ એક માત્ર સારભૂત, નિત્ય, સત્ય, બીજું બધુંય; અરે! આખો સંસાર પ્રપંચમય અસાર, ફરેબબાજી માટે ત્યાજ્ય (તજવા યોગ્ય) આ જ્ઞાન પાકું રહેવું જોઈએ.

જે શબ્દ યા નામ સંસારના મનનમાંથી–અવિદ્યામાંથી મનનું ત્રાણ (ઉદ્ધાર) કરે એને જ મંત્ર કહે.

'મનનાત્ ત્રાયતે સ મંત્રઃ'

શરૂઆતમાં નિયમપૂર્વક જપ–ધ્યાન કરવાં જોઈએ. મન સ્વભાવથી જ જે કામમાં તેને લગાડવાં ધારો એમાં ન લાગતાં બીજી બાજુએ દોડાદોડ કરશે અને જો કોઈ કામમાં નહિ લગાડો તો વ્યર્થના વિચારો કર્યા કરશે. કહેવત છે કે 'કામ વિનાનું મન એ શેતાનનું કારખાનું!' એ સાવ સાચી વાત છે. તેને વશ કરવું હોય તો જોર કરીને હઠાગ્રહથી તેને નિયમોના બંધનમાં બાંધવું જોઈએ. વિચાર કરીને તેને નિયમોના બંધનમાં બાંધવું જોઈએ. વિચાર કરીને એવો એક (COLLITE) કાર્યક્રમ કરવો કે જેનું પાલન કરી શકાય. અને દઢ સંકલ્પ

કરવો કે ગમે તે અવસ્થામાં હોય, બીજું ગમે તે કામ આવી પડે, પણ જે નિયમ લીધો છે તે ગમે તેવી હાલતમાં પાળવો જ. એ પ્રકારની નિષ્ઠા અને શક્તિ જોઈએ. બધા કામોનો એક નક્કી કરેલો સમય હોવો જોઈએ. આડી અવળી રીતે મનને ફાવે તેવી રીતે દિવસ ગાળવાથી જીવન વ્યર્થ જવાનું.

નિયમ બાંધીને મનને દૃઢ ભાવે હુકમ કરીને કહેવું: 'અરે બાપલા તું ઇચ્છે કે ન ઇચ્છે તો પણ તારે આ બધા નિયમોનું પાલન કરવું જ પડશે.' થોડાક દિવસ મન વાંકું થઈને બેસશે, કોઈ રીતે અંકુશ માનવાનું નહિ. આમતેમ નાશભાગ કરવવાનું. પરંતુ તમારે કોઈ રીતે છોડવું નહિ, એને પકડીને પરાણે પ્રભુના સ્મરણમાં લગાડવું, સાથે સાથે તેને શિક્ષણ પણ આપવું. હિંસક પશુને વશ કરવું અને મનને વશ કરવું એક સમાન છે. અસીમ ધૈર્ય, ખંત અને ઈચ્છાશક્તિ જોઈએ. જ્યારે મન જાણશે કે, અરે બાપરે, કોઈ રીતે આ બંધન તૂટે એમ નથી, ત્યાર પછી એ પોતાનું અક્કડપણું છોડશે, ને ડાહ્યુંડમરું થઈને જેમ કહેશો તેમ કરશે. એનું નામ અભ્યાસયોગ એ વિના મનને વશ કરવાનો બીજો કોઈ ઉપાય નથી એ નક્કી જાણજો. મંદવાડમાં જેમ દવા પીવી જ પડે. એ જ પ્રમાણે કર્મરોગનો નાશ કરવા સાધના, જપ, ધ્યાનનો અભ્યાસ કરવો જ જોઇએ.

શરૂઆતમાં ત્રણ ચાર વરસ સુધી એ અભ્યાસ કઠિન. શુષ્ક લાગે છે પણ જ્યારે અભ્યાસ સહજ થાય છે ત્યારે તમે જોશો કે તેમાં કેવી મીઠાશ-જાણે અમૃત સમાન, અને વિશુદ્ધ

આનંદદાયક લાગશે; કોલેજની એક એક પરીક્ષા પાસ કરવા જતાં છોકરાઓને રાતના ઉજાગરા વેઠી તન તોડીને, તબિયત ખરાબ કરીને કેવી મહેનત કરવી પડે છે? એ ઉપરાંત વળી ભય, ચિંતા અને ખોટા વિચારો તો લાગેલા જ છે; જાણે કે જીવન મરણ પાસ થવા ઉપર જ આધાર રાખે છે! અને આ બધું શા માટે કરવું? તો કહેશે કે સારી નોકરી મળે, પૈસા કમાવાય, માનપાન મળે, સુખમાં રહેવાય એવી બધી અનિશ્ચિત આશાએ ભગવત્ પ્રાપ્તિ કરવી એ આના કરતાં એક રીતે સરળ; તે એ પ્રકારે કે એમાં એવી બીક, ચિંતા, અને ખોટા વિચારોને અવકાશ નહિ. કારણ કે સાધનાથી સિદ્ધિ અનિવાર્ય ભગવાનને પ્રાપ્ત કરવા સારું જો કોઇ બીજાં બધા કામ છોડી 'મંત્ર સાધયામિ, કિંવા દેહ પાતયામિ' એવી પ્રતિજ્ઞા કરીને એકધારો થઈને લાગી રહે તો ઇશ્વરદર્શન જરૂર થાય, અને એવી અમૂલ્ય સંપત્તિ પ્રદાન કરે કે જેની પાસે સમસ્ત સંસારની ધનસંપત્તિ સુખ અને વિલાસની સામગ્રી તુચ્છ થઈ પડે એ મૃત્યુ ઓળંગી અમૃતતત્ત્વનો અધિકારી થાય.

જેઓ જપ ધ્યાન યા યોગાભ્યાસ બરાબર રીતે વધુ કરે તેમનામાં એક નવું 'સાત્વિક શરીર ઘડાઈ ઊઠે સૂક્ષ્મ જ્ઞાનતંતુઓ અને નાડીચક્રો જાગી ઊઠે કે જેને અંગે એ ગંભીર અતીન્દ્રિય ભાવોનો વેગ સહન કરવાને સમર્થ બને.

લાકડાની અંદરનો અગ્નિ જેમ ઘર્ષણથી, દૂધની અંદરનું માખણ જેમ વલોવવાથી, તલમાંથી તેલ જેમ પીલવાથી અને જમીનની અંદરનું જળ જેમ ખોદવાથી મેળવી શકાય, તેવી

રીતે જીવની હૃદયગુહામાં રહેલું તેનું મૂળ સ્વરૂપ પરમાત્મા પણ જીવ સટોસટની સાધના અને મનોએકાગ્રતાથી પ્રાપ્ત થાય.

પ્રભુને જે કોઈ સરલ શ્રદ્ધાથી અંતઃકરણપૂર્વક સ્મરે, તેના વિના બીજું કાંઈ ઇચ્છે નહિ, એ જ તેને પામે અને તેને પ્રાપ્ત કર્યે બીજું કાંઈ ઇચ્છવાનું કે પામવાનું બાકી રહે નહિ. જેઓ આ સંસારના કે પરલોકનાં સુખની ઇચ્છા પૂર્ણ કરવા માટે પ્રભુને ભજે, તેની પાસે કોઈ વસ્તુની યાચના કરે, તો તે તેને મળશે. પરંતુ તેથી પભુની પ્રાપ્તિ થશે નહિ.

આ બધું ય છે તો મનનો જ ખેલ. મનની પર જ બધો આધાર રાખે, મનથી બંધન, મનથી જ મુક્તિ.

જેવી મતિ તેવી ગતિ. સાધક સર્વ પ્રકારની અનુકૂળ અવસ્થા વચ્ચે કઠોર તપસ્યાનું આચરણ કરીને ય જો અંદર રહેલી વાસનાને વશ થઈને વિષય સુખ અને માનપાન, કીર્તિ પ્રત્યે ખેંચાય, તો તેની સર્વ સાધના અને તપસ્યા અગ્નિમાં હોમેલી ઘીની આહૂતિની જેમ નકામાં જાય, ત્યારે ત્રિતાપદગ્ધ જીવ સંસારની અસારતા હાડેહાડમાં અનુભવીને વિષયોમાંથી વિરક્ત થઈ સમસ્ત મન પ્રાણપૂર્વક જો પ્રભુનો શરણાગત થાય, તો એ એને જન્મ મરણરૂપી દુઃખમાંથી ઉગારી લે.

ઉપાસનાનો અર્થ ઈશ્વરની સમીપ રહેવું, અથવા જવું, તેની પાસે બેસવું. વ્યર્થના વિચારોથી અને વ્યર્થના કામથી આપણું નુકસાન જ થાય. એ બધાં આપણને ભગવાન પાસેથી દૂર હટાવીને ક્યાંય દુર્ગંધી કુંડીમાં ઘસડી જાય. જેટલા આપણે એ બધા ખોટા વિચારો અને કાર્યો અને અનિત્ય વિષયોથી

અળગા રહીએ અને પ્રભુનું સ્મરણ, મનન, ચિંતન, ધ્યાન, માનસપૂજા, અને નામ જપાદિમાં અને બીજાનું ભલું અને જનસેવા વગેરે સત્કર્મોમાં પોતાની જાતને લગાડીએ, તેટલા આપણે પ્રભુની સમીપ જઈએ, એના ભાવથી ભાવિત થઈએ, અને આપણું અંતર શુદ્ધ થાય, પવિત્ર થાય અને આનંદથી ભરાઈ જાય. સંસારને પાર કરવાનો, દુઃખ-અશાન્તિથી ઉગરવાનો આ જ ઉપાય છે, બીજો કોઈ નહિ.

પ્રાર્થના એટલે અંતર્યામીની પાસે અંતરની વેદના અને અભાવને વિચાર અને ભાષાથી જણાવવા, અને એ દૂર કરવા માટે આતુરતાથી તેની કરુણા યાચવી. સકામ પ્રાર્થના એ છે કે માનવ કહે છે કે, "હે પ્રભુ! હવે આ સંસારના દુઃખ, ત્રાસ, રોગ, શોક, અભાવ, તાણાતાણ આદિ સહન થતાં નથી, તમે મારું એ બધું દૂર કરી દ્યો." નિષ્કામ પ્રાર્થના એ છે કે, "હે પ્રભુ! તમારી મરજીમાં આવે તેટલો ભાર મારે માથે નાખો, દુઃખમાં રાખો, આફતમાં નાખો તેની મને કાંઈ ફિકર નહિ; માત્ર મને એ બધું સહન કરવાની શક્તિ આપો, કે જેથી હું કોઈ દિવસ તેથી વિચલિત ન થાઉં કે, જેથી હું તમને ન ભૂલું કે જેથી તમારા અભય ચરણોમા મારી શુદ્ધ ભક્તિ રહે."

ઈષ્ટ વસ્તુનું સ્મરણ-મનન કરવું એટલે તેની સાથે મનનું જોડાણ કરવું, એ વિચારપ્રવાહ જેટલો ગાઢ અને એકધારો થાય. ચિત્તને વિક્ષેપ કરનારી વૃત્તિઓ જેટલી શાંત થાય, તેટલો જ એ તેલની ધારની જેમ અવિચ્છિન્ન થાય. એને જ જપની ઉત્કૃષ્ટ સ્થિતિ ધ્યાન કહેવાય. એ જ ધ્યાન એથી વધુ

પ્રગાઢ થાય, ધ્યેય વસ્તુની સાથે એકરૂપ થાય, તદાકાર થઈ જાય. એ અવસ્થાને સમાધિ કહે, ત્યારે જ સ્વસ્વરૂપનો પૂર્ણ અનુભવ થાય. હૃદયની ગ્રંથિ અર્થાત્ સંસારસુખની વાસનાઓનો નાશ પામે, સર્વ સંશયો છેદાઈ જાય, સર્વ દુઃખોનું અવસાન થાય, એટલા માટે સ્વાનુભવનું પ્રથમ સોપાન છે જપ, સ્મરણ-મનન, ચિત્તવૃત્તિનો શાંત ભાવ, નિરોધ. બીજું સોપાન છે ધ્યાન. ત્રીજું સોપાન સમાધિ, એ છેલ્લું સોપાન છે. વચલા સોપાન મૂકીને, ઓળંગી જઈને છેલ્લે સોપાને એકદમ પહોંચાય નહિ એટલા માટે સ્મરણ, ચિંતનનું જ અંતિમ પરિણામ આત્મસાક્ષાત્કાર-સ્વાનુભવ છે.

વારંવાર પુનરાવર્તન અને અભ્યાસ વડે આ સ્મરણ મનનને દૃઢ ભાવે ગૂંથવાને માટે જ જપ, ધ્યાન, આરાધનાનું વિધાન ઈષ્ટમંત્ર વારંવાર લાંબા સમય સુધી રોજ જપ કરવાનું પ્રયોજન એટલા સારું જ. આપણે જે વિષય લઈને ઉપરાઉપરી ગૂંથાયેલા રહીએ યા ચર્ચા કરીએ તેની છાપ મનની ઉપર પડે. એ બધું ઉપલક દૃષ્ટિએ ઊડી ગયા જેવું લાગવા છતાંય સૂક્ષ્મપણે, સંસ્કાર રૂપે મનની અંદર રહે અને જ્યારે અનુકૂળ વાતાવરણ મળે, ત્યારે અજ્ઞાતપણે માણસને કાર્યમાં કે વિચારમાં પ્રેરે. ખોટા સંસ્કાર પ્રબળ હોય તો કુભાવમાં પ્રેરે, સુસંસ્કાર પ્રબળ હોય તો સત્ ભાવમાં પ્રેરે. તેથી જોવામાં આવે છે કે, જેઓ દુષ્કર્મી હોય છે. તેઓ ક્રમે ક્રમે એથી યે વધુ ખરાબ કાર્યોમાં લિપ્ત થાય, અને જેઓ આધ્યાત્મિક ઉન્નતિને માટે પ્રયત્નવાન હોય, તેઓ એ માર્ગે વધુ ઝડપથી આગળ વધે છે.

થોડાક દિવસ જપ ધ્યાન કરીને એમ ન માની બેસો કે, આટલું બધું તો સાધન કર્યું પણ કાંઈ વળ્યું નહિ! જો લાંબા સમય સુધી જપ વગેરે સાધન કરવા છતાં આધ્યાત્મિક ઉન્નતિ ન થાય, તો જાણજો કે ક્યાંક ભૂલ છે, ક્યાંક ફાટ કે કાણું છે કે જ્યાંથી સાધન બહાર નીકળી જાય છે. પોતાની અંદર શોધતાં, શોધતાં એ શોધી કાઢજો અને એને બંધ કરજો. તો પછી હૃદયરૂપ ઘડો ધીરે, ધીરે ભરાશે. અંતર શકિત અને આનંદથી ભરાઈ જશે. હું આટલું કરું છું, આવી ઉત્કૃષ્ટ સાધના કરું છું, એવું બધું માનવું, વિચારવું એ મૂઢતા, અહંકારની નિશાની છે. ઊલટા એમ વિચાર કરજો કે, "હું ગમે તેટલું કરું ને, પણ પ્રભુ! તમારાં દર્શન પામવાને હિસાબે તે એ વળી કેટલુંક? મારા પોતામાં તે વળી કઈ શક્તિ છે કે તેને જોરે હું તમને પામી શકું? તમે પોતે જો દયા કરીને મારા ઉપર કૃપા કરો, તો જ બને. મારે તો બીજો ઉપાય જ નથી. હું તમારો શરણાગત. તમે પોતે જ મારું રક્ષણ કરો, અને મને ભવબંધનથી છોડાવો, મુકત કરો, હે પ્રભો!"

ધ્યાન જપનો અભ્યાસ સર્વ સમયે, સર્વ જગ્યાએ અને સર્વ અવસ્થાઓમાં કરી શકાય. ધ્યાનસિદ્ધિ પુરુષો પોતાના મનને પોતાની અંદર સમેટી લઈને, માણસોના કોલાહલની વચ્ચે પણ એવા એકાંતનો અનુભવ કરે કે, કોઈ રીતે તેમની એકાગ્રતામાં ખલેલ પહોંચે નહિ. તેઓ સુખે-દુઃખે, સંપત્તિ વિપત્તિમાં, નિંદા-સ્તુતિમાં સમાનભાવે રહે. તેમને જ ગીતામાં સ્થિતજ્ઞ, બ્રહ્મજ્ઞ મુનિ કહેવામાં આવ્યા છે.

તે પ્રમાણે જેઓ જપમાં સિદ્ધ થાય, તેમના પ્રત્યેક શ્વાસો-ચ્છ્‌શ્વાસની સાથે આપોઆપ જ જપ થયા કરે. પ્રયત્ન કરીને કરવો પડે નહિ. આને અજપાજપ કહે. અભ્યાસના પરિણામે જપમાં મન દૃઢ થવાને લીધે તેમની એવી અવસ્થા થાય કે તેઓ બહાર વાતચીત કે કામકાજ કર્યા કરે તોપણ તેમના અંતરમાં ઈષ્ટમંત્ર નિરંતર ગૂંજ્યા કરે.

"ધ્યાનસિદ્ધ જેહ દાસ, મુક્તિ તેની પાસ."

સાધનાની સિદ્ધિનું પ્રથમ લક્ષણ એ છે કે-હું અવશ્ય સફળ થઈશ એવી શ્રદ્ધા, બીજું શ્રદ્ધાપૂર્વકની સાધના, ત્રીજું ગુરુસેવા, ચોથું સમતા, પાંચમું ઈન્દ્રિયનિગ્રહ અને છઠ્ઠું છે પરિમિત આહાર, વિહાર આટલું બરાબર થાય તો સાધનમાં સફળતા મળે. મુમુક્ષુઓએ આ ઉપરોકત ગુણોને ધારીને જ સાધના કરવી જોઈએ.

મનને વશ કરવા જેવું કઠણ કામ બીજું કોઈ નથી. જ્ઞાની પુરુષોએ કહ્યું છે કે—"કોઈ કદાચ સાત સમુદ્ર ભુજ બળ વડે તરીને પાર કરે, સમગ્ર વાયુમંડળને શોષી શકે, પહાડોનો દડો બનાવી રમી શકે, પરંતુ ચંચળ મનને વશ કરવાનું કાર્ય એ બધા કરતાંય અસાધ્ય." પરંતુ તેમ છતાં ડરવાનું કે નિરાશ થવાનું કશું કારણ નથી. વીર સાધક ખૂબ ખંત અને દૃઢ સંકલ્પની સાથે પ્રભુ પર વિશ્વાસ રાખીને અને પોતાનું અહંબળ ત્યાગીને તનતોડ પ્રયાસ અને સાધના કરે તો પ્રભુની કૃપાથી અસાધ્ય સાધના પણ સાધ્ય થાય.

તમને રુચે એ નામથી પ્રભુને પોકારો. એને માટે વિવાદને સ્થાન નથી. માત્ર પ્રભુનું નામ જપવાથી સર્વ ઈચ્છા પૂર્ણ થઈ શકે અને તેમને પ્રાપ્ત કરી શકાય. 'જપાત્ સિદ્ધિ.'

પ્રભુના નામનો એવો અપાર મહિમા છે કે તેમનું નામ લેવાથી પાપી, તાપી, પાંખડીઓનો સુદ્ધાંનો ઉદ્ધાર થઈ જાય. હે પ્રભો! ભક્તિહીનોને નામમાં રુચિ થાય અને વિષયોમાં અરુચિ થાય. અરે! બીજી કોઈ મોટી સાધના કરી ન શકો તો ઓછામાં ઓછું પરમાત્માનું નામ સ્મરણ તો કર્યે જાઓ, તેમની પાસે વ્યાકુળ થઈને પ્રાર્થના કરો તો મન શુદ્ધ થઈને બળવાન બનશે, મન શાંત થશે અને પ્રભુકૃપાથી યોગ્ય સમયે પ્રભુની પ્રેમભક્તિના અધિકારી બનશો.

તપસ્યા ત્રણ જાતની–કાયિક, વાચિક, માનસિક–વ્રતો વગેરે અને રોગીઓની, વૃદ્ધોની, અપંગોની સેવા વગેરે કાયિક તપસ્યા, સત્યનું પાલન કરવું એ વાણીની તપસ્યા, ઈન્દ્રિયસંયમ અને મનનો સંયમ કરવાની સાધના એ માનસિક તપસ્યા. જેને પરમાર્થ સાધવાની ઈચ્છા હોય તેમણે ઉપરોક્ત તપસ્યા, અવશ્ય કરવી.

જો કોઈ દરવાજો બંધ કરીને સૂતેલું હોય, તો તેનું નામ લઈને દરવાજે ધક્કા મારીએ તો એ જેમ જાગૃત થઈને હોંકારો આપે અને દરવાજો ઊઘાડીને દર્શન આપે, તેવી રીતે સરળ હૃદયે, વિશ્વાસ અને શ્રદ્ધાપૂર્વક પ્રેમ સહિત ઈષ્ટ મંત્રનો જપ અને સાધના કરવાથી સર્વ જીવોના હૃદયમાં રહેલા

અંતર્યામી પ્રભુ જાગૃત થાય અને હૃદય મંદિરના દરવાજા ખોલી નાખે અને સાધકને દર્શન આપીને કૃતાર્થ કરે.

દુર્લભ મનુષ્ય જન્મ પામીને પ્રભુને પ્રાપ્ત કરવાનો સતત પ્રયત્ન કરો, કે જેને પ્રાપ્ત કરવાથી બધું પ્રાપ્ત થાય, પ્રાપ્ત કરવાનું બીજું કાંઈ બાકી ન રહે એને જાણવાનો પ્રયત્ન કરો કે જેને જાણવાથી સર્વ વસ્તુ જાણી શકાય, અને બીજું કશું જાણવાનું બાકી ન રહે. પ્રભુને ચાહો, તેમનાથી પ્રેમ જોડો કે જેનાથી પ્રેમ કરવાથી બીજા બધાં પ્રેમ, કામિની-કંચન પરની આસક્તિ, ધૂળ રાખ જેવી લાગે. એવી રીતે જીવન ઘડી કાઢો કે જેથી મૃત્યુહીન જીવન મેળવી શકો.

પરાભક્તિ, જ્ઞાન અને મુક્તિ પ્રાપ્તિની જો અભિલાષા રાખતા હો તો અંતરમાં અને બહાર પવિત્ર થવું પડશે. દેહ અને મન શુદ્ધ, પવિત્ર હોવાં જોઈએ. તેનો ઉપાય, 'કંચન-કામનો ત્યાગ' અત્યંત કઠણ છે, છતાં દુર્લભ નથી. તનતોડ પ્રયત્ન અને અભ્યાસ, પુરુષાર્થ અને સાધના વડે બધાં કાર્યો અવશ્ય સિદ્ધ થાય. પુરુષાર્થ પણ પ્રભુકૃપાએ અને પુણ્યોદયે જ થાય. 'લાખોમાંથી એક બે છૂટે' એ ખરું, પણ કોણ કહી શકે કે તમે એ બેમાંના એક નથી? એ શ્રદ્ધાથી આગળ ધપો.

માનવહૃદયની જમીન કાંઈ વાંઝણી નથી. ખેડાણના અભાવે ઘાસ, દુર્વાથી ભરાઈ ગઈ છે. સાપ, વીછીનું રહેઠાણ બની ગઇ છે. તેથી હંમેશા ભય લાગ્યા કરે છે. આ માનવ જીવનરૂપી જમીનને ખંતપૂર્વક ખેડવાથી ને ગુરુએ બતાવેલી સાધન-

પદ્ધતિનું નિષ્ઠાપૂર્વક અનુષ્ઠાન કરવાથી અમૂલ્ય સંપત્તિનો પાક ઉતરશે.

સાધનામાં જોઈએ ભાવવાનો ઉત્કૃષ્ટ રસ અને કઠિનમાં કઠિન સાધના. એક મણ શબ્દોના કરતાં એક અધોળ સાધનાની વધુ કિંમત. એક બિંદુ પ્રેમ, સમુદ્ર સમાન શાસ્ત્રજ્ઞાન કરતાં વધુ તરસ છીપાવનારો પ્રેમ છે. જાણે કે દૂધ, મલાઈ, માખણ, અને શાસ્ત્ર વગેરે અપરાવિદ્યા જાણે કે છાશ, વાદો શાસ્ત્રોની વ્યાખ્યા, લેકચરો વગેરે બધાં નીચલા થરના લોકોને માટે, એ લોકો એ લઈને જ ભલે સુખે રહે. જેઓની ઇચ્છા છાશ પીને રહેવાની હોય તેઓ ભલે રહે. તમે ઈચ્છાનુસાર દૂધ, મલાઈ, માખણ ખાઓ.

અમે પોતે કાંઈ કરવાના નહિ, યા કરી શકવાના નહિ; તમે જો કરી આપો તો જ થાય–એ બધી પુરુષાતન વિનાની વાતો. કોળીઓ લઈને મોઢામાં મૂકો ત્યારે ખાઉં એવો ભાવ જેમનો કે જે સમાજનો હોય, તેમણે મરી જવું એ વધારે સારું. અને કુદરતના નિયમ પ્રમાણે ધીરે, ધીરે શક્તિહીન થઇને તેઓ મરી પણ જાય. પારકાના મોઢા સામે જોયા કરીએ કે કોઈ દૃષ્ટ યા અદૃષ્ટ શક્તિની સહાયતાના ભરોસે વાટ જોઈ જીવ્યા કરવું એ મૃત્યુ સમાન. સ્વાધીનતા જ સ્વર્ગ, પરાધીનતા જ નરક.

જે પુરુષાર્થ કરે છે તેના પર ભગવાન દયા કરે, તેને સહાય કરે. સાહસ, ઉત્સાહ અને પ્રયત્નહીન ભક્તો બાયલા,

તમોગુણી સ્વભાવવાળા. તેઓ એમ માને કે ભગવાનનું નામ સવાર-સાંજ લીધું, જરાતરા આનંદ તો મળ્યો, હવે એની દયા થવાની હશે ત્યારે થશે, જે કાંઈ મળ્યું એ જ ઘણું. એવાઓને તો લાંબે ગાળે ભગવાનને પ્રાપ્ત કરવાની આતુરતા જાગે.

પોતાના અને પરના કલ્યાણ માટે જે કંઈ કરવામાં આવે એ જ ધર્મ—બાકીનું બધું અધર્મ.

હું પાપી, હું તો નિર્બળ, દીન, મારાથી તે શું થવાનું? એવા ભાવો રાખતાં, રાખતાં માણસ ઊલટો વધુ એવો થઈ જાય. 'નાથામાત્મા બલહીનને લભ્યઃ' જેઓના શરીર અને મન નિર્બળ હોય તેઓનાથી ધર્મ થઈ શકે જ નહિ. તેઓથી કોઈ કામ થાય નહિ. એ બધા નિર્બળતાના ભાવોને ઝાડુ મારી, મારીને રવાના કરી દેવા. ઊલટું એમ કહેવું કે 'અસ્તિ અસ્તિ.' મારી અંદર અનંત શક્તિ રહેલી છે. એ શક્તિને જાગ્રત કરવાની છે, જે પોતાને સિંહ સમજે તે સિંહ જેમ પિંજરું તોડીને બહાર નીકળી આવે તેમ જગતરૂપી જાળ તોડીને મુક્તિ મેળવે. વીર બનવાનું ભય છે, ભય રહિત થવાનું છે, ધર્મ કરો નહિતર તમે જે અંધકારમાં છો તે અંધકારમાં જ ચિરકાળ પડી રહેવાના.

માનવે પોતામાં શ્રદ્ધા કરતાં શીખવું જોઈએ. તે વિચાર, ભાવના, સંકલ્પબળ વડે જેવો બનવા ધારે તેવો બની શકે છે. પોતે જે ઇચ્છે તે પ્રાપ્ત કરી શકે છે. માટે બધા જ મનોગત નિર્બળ વિચારોને મનમાંથી દૂર કરીને ઉન્નત વિચારોને ગ્રહણ કરી વિકાસ સાધવો જોઈએ. કર્મના ફલ કર્મની સાથે જ

લાગેલા છે. પડી જવું એ એક કર્મ છે, એ કર્મની સાથે 'લાગવું' જે પડવાનું ફળ છે, એ લાગેલું જ છે. એમ નથી કે પડે એક અને દંડ ભોગવે બીજો અગર ફળ આપવા આવે બીજો. જેટલી ઊંચાઈથી પડશો, જે ભાવથી પડી જશો, કર્મફળ પણ તે અનુસાર જ મળશે. આંબાના ફળ આંબાના વૃક્ષની સાથે અને જાંબુના ફળ જાંબુના વૃક્ષ સાથેલા જ લાગે હોય છે. તમારા કર્મના ફળ અવશ્ય તમોને મળશે જ. તે કોઈ બીજાના હાથમાં નથી, કર્મોનું ફળ કર્મની ડાળીમાં જ લાગેલું છે, હમણા નહિ તો સમય પરિપકવ થયે અવશ્ય લાગવાનું અને મળવાનું જ. પરિણામની ચિંતા કરવાની જરૂર નથી. જે ઈચ્છો છો તેવા કર્મ કરતા જાઓ, ફળ તરફથી નિશ્ચિંત રહો શુભ કરનારની કયારેય પણ દુર્ગતિ થતી નથી. તમે કર્મ કરવામાં સ્વતંત્ર છો તેમ જ તેવી રીતે કર્મ ફળ પ્રાપ્ત કરવામાં સ્વતંત્ર છો. બધું તમારા પોતાને આધીન છે. બીજા કોઈના કે ઈશ્વરને આધીન નથી. તમારા ભાગ્યના વિધાતા તમે સ્વયં છો. એ પ્રકારે તમે દુઃખ કે અધોગતિ વગેરે નથી ઈચ્છતા અને હાલ તે પરિસ્થિતિ પ્રાપ્ત થઈ નથી તો એનાથી બચી જવું તમારા વશની વાત છે. તમારી જ શુભ ભાવના શુભ સંકલ્પ અને શુભ કર્મ તમોને સુખી બનાવી શકે છે; બીજું કોઈ નહિ. ઈશ્વર વગેરેનો વિશ્વાસ ત્યાગી પોતાના પર વિશ્વાસ કરો, સ્વાવલંબી બનો. એ જ સુખી બનવાનો રાજમાર્ગ છે. 'સ્વ પરવૃશં દુઃખં, સર્વમાત્મ વશં સુખં.'

જે સાધક, સાધના દ્વારા પ્રાપ્ત થયેલ સિદ્ધિઓના પ્રલોભનમાં આસક્ત બનતા નથી તે જ યોગસાધનાની સર્વોચ્ચ

અવસ્થા નિર્વિકલ્પ સમાધિ કે સવિકલ્પને સમાધિને સાધ્ય કરી શકે છે. સિદ્ધિઓ તો સમાધિ અવસ્થા પ્રાપ્ત કરવાના માર્ગમાં વિઘ્નભૂત, બાધારૂપ છે. સાધક એના ચક્રમાં પડીને જુદી, જુદી કામનાઓમાં આસક્ત થઈને યોગભ્રષ્ટ થાય છે, એટલું જ નહિ પણ, એ સિદ્ધિઓના દુરુપયોગથી મનની અતિ, નિકૃષ્ટ પ્રવૃત્તિ થાય અને ઈન્દ્રિય સુખને આધીન થઈને, પોતાનો સ્વાર્થ સાધવા માટે બીજા લોકોનું અહિત કરવા તૈયાર થાય અને અંતે પોતાનું પણ અધઃપતન થાય. પરિણામે તેને પ્રાપ્ત થયેલ સર્વ શક્તિઓ નાશ પામે. સાચા સાધકોએ સિદ્ધિઓના પ્રલોભનથી સર્વદા દૂર રહેવું જોઈએ. તો જ તેનો વિકાસ થાય.

અંતમાં એટલું જ લખવાનું છે કે સાધકે સાધના કરતાં કદાપિ પોતાના ધૈર્યને ત્યાગવું ન જોઈએ. અટલ શ્રદ્ધાથી અને ધૈર્યથી જરૂર વિકાસ થશે જ એવો આગ્રહ રાખીને આગળ વધવું પણ ધૈર્ય ત્યાગીને નિરાશ થઈને સાધન છોડવું નહિ. તે ઉપર દૃષ્ટાંત કહે છે કે ધૈર્યના ફળ મીઠાં જ હોય છે.

એક સમયે નારદજી ફરતા, ફરતા વનપ્રદેશમાં ગયા. ત્યાં બે તપસ્વીઓ જુદા, જુદા વૃક્ષ નીચે તપ કરતા હતા. નારદજીને જોઈને બંને તપસ્વીઓએ કહ્યું કે, 'તમો શ્રીકૃષ્ણ ભગવાન પાસે જાઓ તો અમારા વતી પૂછશો કે, અમોને મુક્તિ ક્યારે મળશે?'

નારદજી કેટલાક સમય પછી તે જ પ્રદેશોમાં ફરીવાર આવ્યા અને બંને તપસ્વીઓને પોતાની પાસે બોલાવીને પૂછ્યું: 'કહો પીપળાના વૃક્ષ નીચે બેસીને કોણ તપ કરે છે?'

'હું કરું છું, પ્રભુ?'

'આપ કરો છો, ખરુ? પ્રભુએ એમ કહ્યું છે કે પીપળાના વૃક્ષ નીચે બેસી જે તપસ્યા કરે છે એને સાત જન્મ પછી મુક્તિ મળશે.'

'હેં....સાત....જન્મ પછી? શું આ જન્મે મને મુક્તિ નહિ મળે?'

'ના, ભાઈ! આ જન્મે તો મુક્તિ મળવાનો યોગ નથી.'

'ત્યારે તો નારદજી! સાત જન્મે મુક્તિ મળવાનો મોહ પણ નથી. લો ભાઈ! આ મારું તુંબડું ને આ મારું ચામડું! હું તો સંસારમાં જઈને ભોગ વિલાસ ભોગવીશ. આ ભવ મીઠો તો આવતો ભવ કોણે દીઠો?' એમ કહીને તે તપસ્વીએ પુઃન સંસારની વાટ પકડી.

'અને પ્રભુ! મને ક્યારે મુક્તિ મળશે?' આંબલીના વૃક્ષ નીચે તપ કરનાર તપસ્વીએ આતુરતાથી પૂછ્યું.

'ભાઈ! સાત જન્મ પછી મુક્તિ પામનારો તપસ્વી તપ છોડીને નાઠો. ત્યાં તારી તો વાત જ ક્યાં કરવી?'

'પ્રભુ! તોય કહો તો ખરા, મને ક્યારે મુક્તિ મળશે'?

'ભાઈ! તને શું કહું? આ આંબલી પર જેટલાં પાંદડા છે એટલા જન્મ પછી તને મુક્તિ મળશે!'

'શું કહો છો? એટલા જન્મ પછી મને મુક્તિ તો અવશ્ય મળશે ને? કહો તો ખરા, નારદજી આ વાત સત્ય છે ને?'

'હા....હા....ભાઈ! ખુદ ભગવાને જ મને કહ્યું છે'.

'બસ,....ત્યારે તો આનંદ....આનંદ' એમ કહીને તે તો આનંદવિભોર બનીને નાચવા-કૂદવા લાગ્યો.

તપસ્વીને આનંદિત જોઈને નારદજીને પરમ આશ્ચર્ય થયું, 'ભાઈ! તને આટલો બધો આનંદ કેમ થાય છે?'

'બસ, પ્રભુ! હવે તો આનંદ....આનંદ....મારા માટે એક અવધિ નક્કી થઈ ગઈ. એટલે મને વિશ્વાસ બેસી ગયો કે અમુક સમયે મને મુક્તિ તો અવશ્ય મળશે જ ને!'

'ભાઈ, જરા વિચાર તો કર. આ આંબલીના વૃક્ષ પર પાન કેટલાં છે? એ ગણ્યાં ગણાય તેમ નથી. જન્મ અને મરણ એટલે દુઃખની પરંપરા. એ બધાને અંતે તને મુક્તિ મળવાની છે, આનો ખ્યાલ તો જરા કર.'

'નારદજી! આપ કહો છો એ દુઃખ તો આવવાનાં જ છે. પણ એ બધાં દુઃખને અંતે પણ મુક્તિ મળશે, એ આશાના સહારે એ બધા જન્મોના દુઃખો હું સહન કરીશ પણ મારું તપ અને ધ્યાન તો નહિ જ છોડું.'

આવા જ યોગીઓને ઈષ્ટની સિદ્ધિ થાય છે- 'દેહ પાતયામિ કાર્ય સાધ્યામિ.' પ્રાણાંતે પણ હું મારા કાર્યની સિદ્ધિ કરનાર જ છું. આવા ધૈર્ય અને અચલ શ્રદ્ધાવંત જ સિદ્ધિને વરે છે. પ્રત્યેક સાધકમાં તે ગુણો હોવા જરૂરી છે. અસ્તુ!

૮
પ્રકરણ

મંત્રવિદ્યાનો પ્રભાવ
(પ્રાચીન દૃષ્ટાંતો)

આ પ્રકરણમાં મંત્ર, જપ, સ્મરણ, ચિંતનના પ્રભાવે જેને આલોક તથા પરલોક સંબંધી જે લાભો થયા છે, તેનું વર્ણન કરવામાં આવશે.

વિશ્વાસુ ગોપાળ

એક ગરીબ વિધવા બ્રાહ્મણીના નાના છોકરા ગોપાળને રોજ એક ગીચ ઝાડીમાં થઈને પાઠશાળાએ જવું પડતું. એ છોકરાને ત્યાંથી ચાલતા બહુ જ બીક લાગતી. તેથી તેણે પોતાની માને કહ્યું. એટલે તેની માએ કહ્યું કે, "એમાં બીવાનું શું છે, બેટા? એ ઝાડીમાં તારો મોટો ભાઈ મધુસૂદન રહે છે. એને હાક મારતાની સાથે જ એ આવશે." સરળ બાળક એ સાચું માનીને ઝાડીમાંથી નીકળતા બીક લાગતાની સાથે જ "ક્યાં છો, ભાઈ મધુસૂદન? તું આવને મને બીક લાગે છે." એમ કહીને રોવા લાગ્યો. તરત જ ઝાડીમાંથી એક પ્રિયદર્શન સુંદર બાળક બહાર આવીને, "આવ્યો હું, ભાઈલા! હવે બીતો નહિ." એમ કહીને તેની સાથે વાતો ને રમત કરતો, કરતો ઝાડી વટાવીને બહાર પહોંચાડી જતો. રોજ એમ થતું. કેટલાક દિવસો પછી ગોપાળના ગુરુજીના બાપનું શ્રાદ્ધ આવ્યું.

એટલે બધા વિદ્યાર્થીઓ પોતપોતાની શક્તિ અનુસાર પોતાના ઘેરથી વસ્તુઓ લઈ ગયા. પરંતુ ગોપાળના ઘરમાં, લઈ જવા જેવું કશુંય નહોતું. એથી એ ઉદાસ ચહેરે તે દિવસે ઝાડીમાં થઈને જઈ રહ્યો હતો. એથી એના મધુસૂદન ભાઈએ કારણ પૂછ્યું. એના જવાબમાં ગોપાલે કહ્યું કે, "ભાઈ, ઘરમાં ગુરુજીને આપવા જેવું બાની પાસે કાંઈ જ નહોતું." એ સાંભળીને મધુસૂદને પોતાની પાસેથી એક નાની લોટી દૂધથી ભરેલી આપીને કહ્યું કે, "તું આ લઈ જા, ગુરુજીને આપજે." ગોપાલે તો તે લઈ જઈને ગુરુજીને આપી, એટલે સાવ નાની લોટી જોઈને ગુરુજી તો નારાજ થયા, અને બિચારાને ધમકાવી કાઢયો. પરંતુ જેવી લોટી ખાલી કરી કે, તરત જ તે પાછી ભરાઈ જાય. ગુરુજીના વાસણ જે મૂક્યા તે બધા જ ભરાઈ ગયા, પણ લોટી ખાલી થાય જ નહિ. એ જોઈને ગુરુજી આશ્ચર્યમાં ગરકાવ થઈ ગયા. ગોપાલની પાસે બધું વિવરણ સાંભળતાં ગુરુજી તેના મધુસૂદન ભાઈને જોવા માટે તેની સાથે ઝાડીમાં ગયા, ને તેને બોલાવવાનું કહ્યું. ગોપાલે પહેલાંની જેમ બૂમો પાડી. એટલે આકાશવાણી થઈ કે, "તારી સરલ શ્રદ્ધા અને નિર્દોષતાને કારણે તું મને જોઈ શકે, પરંતુ તારા ગુરુજીનું મન કલુષિત હોવાને લીધે એ મારા દર્શનના અધિકારી નથી."

ઉપરના દૃષ્ટાંતથી એ સમજવાનું છે કે, જપ, ધ્યાન વગેરે વડે જેણે પોતાનું મન સંસારી વાસનાઓથી રહિત બનાવેલ હોય અને જેનું હૃદય ગોપાલની જેમ નિર્દોષ હોય, તેમને

જ સાક્ષાત્કાર થાય છે. બાલક ગોપાલની નિર્દોષતાને કારણે જ દેવ ગણો કે કુદરત ગણો એ તો આપ આપની ભાવના પર આધાર રાખે છે. બાકી તો નિર્દોષતા અને સરલતા સહિત શ્રદ્ધાને પ્રભાવે આવા ચમત્કારો બને છે. તેમાં મુખ્ય કારણ સરલ હૃદયપૂર્વકની શ્રદ્ધા જ કામ કરે છે.

કંબલ સંબલની કથા

મથુરા નગરીને વિશે જિનદાસ નામે એક શેઠ રહેતા હતા. તે જૈન ધર્મને પાળનાર અને શુદ્ધ શ્રદ્ધાવાન હતા. તેની ધર્મપત્ની જેનું નામ સુમતિ હતું. તે નામ પ્રમાણે ગુણને ધારણ કરનાર પ્રતિવ્રતા નારી, રત્ન સમાન હતી. બન્ને દંપતીએ શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યા હતા, તેમાં કોઈ પણ પશુધન રાખવાનો પાંચમા વ્રતમાં ત્યાગ કર્યો હતો. તે જ ગામમાં એક આહીરાણી રહેતી હતી. જિનદાસ શેઠે તેને ધર્મની બહેન બનાવી હતી, તેથી બંને ભાઈ–બહેન એક બીજાને ત્યાંથી જોઈતી વસ્તુની આપલે કરતા હતા.

એક સમયે તે આહીરાણીની પુત્રીના લગ્ન હતા; ત્યારે શેઠે તેને પોતાથી બનતી મદદ કરી. વળી વિવાહની અંદર ભોજન માટે જે, જે પકવાન જોઈએ તે સર્વ ઉત્તમ પ્રકારનું કરાવી શેઠે પોતાના તરફથી પૂરું પાડ્યું. એથી તે આહીરાણીને ત્યાં આવેલા મહેમાનો ઘણા ખુશ થયા, અને તેની બહુ પ્રશંસા કરવા લાગ્યા. વિવાહ પૂરો થયો, એટલે તે આહીરાણીએ શેઠનો ઘણો ઉપકાર માન્યો, અને તેના,

શિવભેખ નામનો એક સંન્યાસી ગામની બહાર ઉદ્યાનમાં આવીને ઊતર્યો. ત્યાં તે મોટા આડંબરથી રહેવા લાગ્યો. તે સૂર્ય સામે જોઈને પંચાગ્નિ તાપથી આતાપના લેતો હતો. આવો બાહ્ય આડંબર દેખીને લોકો તેના પર પૂજ્યભાવ અને પ્રીતિ રાખવા લાગ્યા; તથા ચારે તરફ તેના તપની પ્રશંસા કરવા લાગ્યા. સમય જતાં વામાદેવી રાણી પાસે એના સમાચાર આવ્યા, તેથી તેને પણ તે સંન્યાસીને જોવાની અને ખરી શી વાત છે તે જાણવાની ઇચ્છા થઈ? પછી વામાદેવી પોતાના પુત્ર સહિત તે સંન્યાસીને જોવા ગયા. કુમાર પાર્શ્વનાથ યોગીને નમસ્કાર કર્યા વિના એક બાજુ ઊભા રહ્યા.

તેને જોઈને તે સંન્યાસી બોલ્યો કે, "હે કુમાર! હમકો નમસ્કાર ક્યોં નહિ કરતે હો? ઔર બાજું પર ક્યોં ખડે રહે હો?"

પાર્શ્વનાથે એનો કંઈ જ જવાબ આપ્યો નહિ. પછી અવધિ જ્ઞાનથી જાણીને કહ્યું કે, "હે યોગી! આવું અજ્ઞાનજન્ય કાર્ય કષ્ટ કરવાથી કોઈ પ્રકારે આત્મસિદ્ધિ થવાની નથી. તમારી ધૂણીમાં જે મોટું લાકડું બળે છે, તેમાં નાગનાગણી રહેલા છે; તેના બળવાથી તમે ઊલટું પાપ બાંધો છો. રાજકુમારનું આવું બોલવું સાંભળીને સંન્યાસીને ઘણો જ ક્રોધ આવ્યો અને તે બોલ્યો કે, 'તે સાચી વાત હોય તો બતાવી આપ.'

તરત જ રાજપુત્રે ધૂણીમાંથી તે બળતું લાકડું બહાર કઢાવી ચીરાવ્યું તો તેમાંથી અર્ધદગ્ધ થયેલાં નાગનાગણી નીકળ્યાં; તે ત્યાં એકત્ર થયેલા હજારો માણસોએ જોયાં. સંન્યાસી

ગયા. શેઠાણી હંમેશાં સામાયિક, પ્રતિક્રમણ આદિ ધર્મધ્યાન કરતાં, ત્યારે તે વાછરડાં તેની પાસે આવીને ઊભા રહેતાં. તેમ કરતાં એમને પોતાના પૂર્વજન્મની સ્મૃતિ થઈ, આથી તેઓ ધર્મ કરવાને સભાનવાળા થયા. અને અગિયાર વ્રતધારી શ્રાવકપણું અંગીકાર કર્યું, અને ઉપવાસ આદિ તપ પણ કરવા લાગ્યા.

એક દિવસ તે શેઠનો એક મિત્ર પરદેશથી માલના ૫૦૦ ગાડાં ભરીને આવતો હતો. તે મથુરાની નજીક આવ્યો, ત્યાં ઘણા વરસાદને લીધે કીચડ થઈ ગયેલો હોવાથી, તેમ જ ગાડે જોડેલા બળદો લાંબી મુસાફરીને લીધે થાકી ગયેલા હોવાથી, તેનાં ગાડાં અટકયાં. આ વખતે સુભદ્ર મનમાં મુંઝાવા લાગ્યો. એવામાં તેને પોતાના મિત્ર જિનદાસને ત્યાં બે જોરાવર વાછરડાં છે એમ યાદ આવ્યું. એટલે તે ઉતાવળે ગામમાં આવ્યો. આ વખતે શેઠ-શેઠાણીને પોષધ-વ્રત હોવાથી, બન્ને પોષધશાળામાં હતાં; તેથી સુભદ્ર પોતાના મિત્રના બળદ જાણીને કોઈની રજા માંગ્યા સિવાય તેમને છોડીને લઈ ગયો. ત્યાં જઈને તેણે તેને દરેક દરેક ગાડાએ જોડી તમામ ગાડાં તેમની પાસે કીચડમાંથી આ તરફ બહાર કઢાવ્યાં. એથી એ બળદોને ઘણું જોર વાપરવાથી તેમનાં આંતરડાં તૂટી ગયાં અને તેઓ લોહીલોહાણ થઈને ઘરે આવ્યાં. બીજે દિવસે શેઠ-શેઠાણી આવીને જુએ છે, તો કંબલ-સંબલની ઘણી જ દુર્દશા થયેલી જોઈ. પૂછપરછ કરવાથી સર્વ કારણ જણાયું તેથી શેઠ-શેઠાણી ઘણા જ દિલગીર થયાં અને પોતે મોહમાં પડીને ધર્માજ્ઞા ભંગ કરી, તેથી

આવું વિપરીત પરિણામ આવ્યું, તેમ માની પશ્ચાત્તાપ કરવા લાગ્યાં. પછી કંબલ-સંબલનો અંત સમય નજીક જાણીને તેને શ્રીપંચપરમેષ્ઠિ નવકાર મંત્ર સંભળાવ્યો. તેથી તે બન્ને બળદો પોતાનું આયુષ્ય પૂર્ણ કરીને સ્વર્ગમાં દેવપણે ઉત્પન્ન થયા. સાર એ છે કે નમસ્કાર મહામંત્રનું સ્મરણ પશુઓને પણ ઉત્તમ ફળદાતા બને છે. કંબલ અને સંબલ કે જે બળદ હતા પણ પુણ્યોદયે એક સ્વધર્મી શેઠને ત્યાં રહેવા પામ્યા હતા, તેથી તેઓને નમસ્કાર મહામંત્રના અંત સમયના શ્રવણથી તેઓને દેવપણું પ્રાપ્ત થયું તો માનવ જો સમજીને તેનો વિધિપૂર્વક જપ કરે, તો તેનો કેટલો વિકાસ થાય. તે વાચક, તું સ્વયં વિચારજે.

રાજકુમારી સુદર્શનાની કથા

ગુજરાતમાં હાલ જ્યાં ભરૂચ શહેર છે, તેની પાસે પૂર્વે એક ઝાડોથી ગીચ મોટું વન હતું, તેમાં અનેક જાતિના પશુઓ વાસ કરતા હતા. એવા નિર્જન વનની અંદર એક વડના ઝાડ નીચે ગુફા હતી. તેમાં એક મુનિરાજ શાંતિથી ધર્મ કરતા હતા. એક દિવસ તે વડના ઝાડ ઉપર એક સમળી આવીને બેઠી. તેવામાં કોઈ પારધીએ તેના પર એક બાણ ફેંક્યું, તે સમળીને વાગ્યું, તેથી તે વીંધાઈને મૂર્છા પામી ભૂમિ પર પડી. ગુફામાં બેઠેલા મુનિરાજે આ જોયું, એટલે તેમને ઘણી કરુણા ઉપજી. પછી તે દયાળુ મુનિરાજ સમળીનો અંતસમય નજીક આવેલો જાણી, તેની પાસે ગયા. અને તેને શ્રીનમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. તેણે તે એકાગ્રચિત્તે

સાંભળ્યો. તેના પ્રભાવથી તે સમળીનો જીવ ત્યાંથી મરણ પામી, સિંહલદ્વીપના રાજાને ત્યાં પુત્રીપણે ઉત્પન્ન થયો. તેના જન્મ સમયે રાજાએ જન્મોત્સવ કર્યો. તેનું નામ રાજાએ સુદર્શના પાડયું.

બાલ્યાવસ્થા વ્યતીત થતાં તેને વિદ્યાભ્યાસ કરાવ્યો, તેમાં તે નિપુણ બની. એક દિવસ તે રાજકુમારીને બેત્રણ છીંકો આવી, ત્યારે તેની પાસે બેઠેલી સખીઓમાંથી કેટલીકે ખમા ખમા, એવા શબ્દો ઉચ્ચાર્યા; પણ એક સખીએ 'નમોઅરિહંતાણું, નમોસિદ્ધાણું, નમોઆયરિયાણું' એવા ઉચ્ચારો કર્યા. તે શબ્દો રાજકુમારીના કર્ણપટ પર પડતાં તે મૂર્છા ખાઈને ભૂમિતલ પર પડી. શીતલોપચાર કરવાથી શુદ્ધિમાં આવી. તેણે કહ્યું, "મને જાતિસ્મરણ જ્ઞાન (પૂર્વભવનું જ્ઞાન) થયું છે. હું પૂર્વે સમળી હતી અને અંતસમયે મેં નમસ્કાર મહામંત્રનું શ્રવણ કરેલું હતું. તેથી હું તેના પ્રભાવે અહીં રાજકુમારી થઈ છું." પછી પોતાના પિતાને કહીને તેમની પાસેથી પુષ્કળ ધન લઈને તે ભરૂચ શહેરમાં આવી. જ્યાં તેણે નમસ્કારમંત્ર શ્રવણ કર્યો હતો, તે સ્થળે "સમળી વિહાર," નામનું મુનિ સુવ્રતસ્વામિનું જિનાલય બનાવ્યું. તેની અંદર પોતાના પૂર્વભવનું ચિત્ર પણ આલેખાવ્યું. તે રાજકુમારી ત્યાં જ રહીને ધર્મારાધન તથા મુનિરાજોની સેવા કરી સમ્યગ્-દર્શનને પામી અને ધર્મારાધના કરતા, કરતા આયુષ્ય પૂર્ણ થતા સ્વર્ગે ગઈ–મોક્ષની અધિકારની બની. આ એક મંત્રના શ્રવણથી તે પશુયોનિમાંથી કેટલી ઉન્નત દશાને પામી. માટે હે ભવ્યો,

તમો પણ મન શુદ્ધ શ્રદ્ધા સહિત આ નમસ્કાર મંત્રનું સ્મરણ કરી સ્વર્ગ, મોક્ષના અધિકારી બનો.

હે પ્રિય વાંચકો ! પ્રભુના નામ શ્રવણનો કેવો અલૌકિક મહિમા છે તે ઉપરોક્ત કથા પરથી તમો જાણી શકો છો.

શ્રીમતીની કથા

પૂર્વે ભારતવર્ષમાં પોતનપુર નામે નગર હતું. તેમાં ગુપ્તશેઠ નામે એક શ્રાવક રહેતો હતો. તેને ધર્મવતી એ નામે ગુણવાન, શીલવાન પતિવ્રતા નારી હતી. તેની કૂક્ષીમાં ઉત્પન્ન થયેલી શ્રીમતી નામે એક પુત્રી હતી. તે રૂપ–ગુણથી સંપન્ન તથા ધર્મશાસ્ત્રના અભ્યાસવાળી હતી. તેનું લગ્ન એ જ નગરમાં એક શેઠના મદનપાળ નામના પુત્ર સાથે કરેલ હતું. તેના શ્વસુરપક્ષના લોકો અન્ય ધર્મના હોવાથી સૌ તેના પર અભાવ રાખતા. તેની સાસુ, નણંદ વગેરે તેના તરફ ઈર્ષ્યાની નજરથી જોતાં. તેનો પતિ તેના પ્રત્યે તિરસ્કાર ભાવ રાખતો હતો, તો પણ શ્રીમતી અચળ શ્રદ્ધાપૂર્વક નિરંતર નમસ્કાર મહામંત્રનું સ્મરણ કર્યા કરતી.

એક વખતે તેના પતિને બીજી સ્ત્રી પરણવાનો વિચાર થવાથી તેને મારી નાંખવાનો વિચાર કર્યો. એ માટે તેણે એક મજબૂત મોટો ઘડો લઈ એક મદારી પાસે સર્પ મંગાવીને તે ઘડામાં તેને પૂરી ઘડાનું મોઢું બાંધી લઈ અને ઘડો ઘરમાં લાવીને યોગ્ય જગ્યાએ મૂકયો. પછી પોતે સ્નાન કરીને દેવસેવા કરવા બેઠો. થોડીવારે શ્રીમતીને આજ્ઞા કરી કે, “ઘરમાં એક ઘડો છે તેમાં પુષ્પ ભરેલાં છે, તો તેમાંથી થોડા લાવી આપ.” પતિની

આજ્ઞા થતાં શ્રીમતી તત્કાળ ઊઠી અને નમસ્કાર મંત્રનું સ્મરણ કરતી, કરતી જ્યાં ઘડો હતો ત્યાં આવી. નિર્ભય સ્વભાવવાળી અને જ્ઞાન વડે જેનું હૃદય પ્રકાશિત થયેલ છે તેવી શ્રીમતીએ ઘડાનું મોઢું ખોલી જરાપણ શંકા રાખ્યા વગર પુષ્પ લેવા માટે ઘડામાં હાથ નાંખ્યો, તો સર્પને બદલે પુષ્પો જ હાથમાં આવ્યાં, તે લઇને તેણે પોતાના પતિને આપ્યા. આથી તેનો પતિ આશ્ચર્ય પામ્યો, અને સર્પવાળો ઘડો જોવા ગયો. પાસે જઇને જુએ છે, તો તેમાં સર્પને બદલે સુગંધી પુષ્પો દીઠાં. એથી તે પશ્ચાતાપ કરીને શ્રીમતીની ક્ષમા માગવા લાગ્યો. પછી તેણે એ આશ્ચર્યકારી વૃત્તાંત પોતાના સર્વ પરિવારને તથા ગામના લોકોને કહી સંભળાવ્યો. તેથી સર્વ લોકો શ્રીમતી તથા જૈનધર્મ અને નમસ્કાર મહામંત્રની પ્રશંસા કરવા લાગ્યા. અને જૈન ધર્મનો આવો પ્રભાવ જોઈ સઘળાઓએ તેનો સ્વીકાર કર્યો તથા તે સર્વ નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરવા લાગ્યા. છેવટે શ્રીમતી તેના પિતા સહિત આયુષ્ય પૂર્ણ થયે મૃત્યુ પામીને સ્વર્ગમાં ગઈ, અને ભવિષ્યમાં મોક્ષ જશે.

સાર : નમસ્કાર મંત્રના પ્રભાવથી દુષ્ટોની દુષ્ટ ઈચ્છા પણ શુભ ભાવે પરિણમે છે તે દર્શાવવા ઉપરનું દૃષ્ટાંત બસ છે. આવું પરિણામ જોઇને મિથ્યાદર્શીઓ પણ જૈન ધર્મમાં અને નમસ્કાર મંત્રમાં અનુકૂળ મતિવાળા અર્થાત્ શ્રદ્ધાવંત આસ્તિક બને છે.

કળાવતીની કથા

ભરત ક્ષેત્રને વિશે વસંતપુર નામે એક નગર હતું, તેમાં કળાવતી નામે એક જૈન ધર્મ પર શ્રદ્ધા રાખનાર ગણિકા

રહેતી હતી. સ્ત્રીની ચોસઠ કળામાં તે પ્રવીણ હતી. તે પોતાના સૌંદર્યને લીધે ઘણી પ્રસિદ્ધ થયેલી હતી. તેથી મોટા મોટા લોકો તેની સાથે સ્નેહ કરવાને આતુર હતા; તોપણ કળાવતી તેઓને ગણકારતી ન હતી. કારણ કે તેને પૈસાનો લોભ ન હતો. તે વેશ્યાકુળમાં જન્મેલી હોવા છતાં તેનું વર્તન શુદ્ધ હતું. તે જ નગરમાં ચંડપિંગળ નામે એક ચોર હતો, તેની સાથે તેનો સ્નેહ સંબંધ થયો હતો. આ ચંડ-પિંગળ જો કે ચોરીનો ધંધો કરતો હતો, તો પણ તેનામાં કેટલાક ઉચ્ચ ગુણો હતા, તેથી કળાવતી તેના પ્રત્યે પતિ-ભાવ રાખતી હતી. જેમ કોઈ પરણેલ સ્ત્રી–પુરુષ પરસ્પર શુદ્ધ પ્રેમભાવથી વર્તે, તેમ તેઓ વર્તતા હતા. કેટલાક લોકોએ ચંડપિંગલનો સંગ છોડી દઈ કોઈ રાજા અથવા શેઠ સાથે સંબંધ જોડવા કળાવતીને ઘણી વાર સમજાવ્યું હતું, પણ તેણે કોઈની વાત માની ન હતી, તેથી તે સર્વ જનો કળાવતી ઉપર દ્વેષભાવ રાખતા હતા. એક વખતે ચંડ-પિંગળે તે નગરના જીતશત્રુ રાજાનો રાજભંડાર તોડીને, તેમાંથી કળાવતીને પહેરવા એક રત્નજડિત હાર હતો તે લીધો, અને તે કળાવતીને આપ્યો. રાજાએ તે હાર શોધવા ઘણી મહેનત કરી, પણ કંઈ જ પત્તો લાગ્યો નહિ. કોઈ એક વખત પર્વનો દિવસ આવ્યો. ત્યારે નગરની સર્વ નારીઓ વિવિધ પ્રકારના આભૂષણો પહેરીને નગરની બહાર ક્રીડા કરવાને ગઈ, તેની સાથે આ કળાવતી પણ પેલો હાર પહેરીને ક્રીડા કરવા ગઈ. ઈર્ષ્યાખોર લોકોએ આ હાર જોયો, એટલે તુરત રાજાને જાણ કરી. રાજાએ પોતના સુભટો મારફત

તપાસ કરાવી તો માલૂમ પડયું કે, કળાવતી ચંડપિંગળ નામના ચોરની સાથે રહે છે. તે ઉપરથી તેણે ચંડપિંગળનું ઘર ઘેરી લઈ તેને પકડી મંગાવ્યો, અને તેને શૂળી પર ચડાવવાનો હુકમ કર્યો. રાજાના માણસો ચંડપિંગલને લઈને શૂળીએ ચડાવવા ચાલ્યા. આ ખબર કળાવતીને પડતા તે અત્યંત દિલગીર થઈ, અને પશ્ચાત્તાપ કરવા લાગી કે, મારી ભૂલથી ચંડપિંગલની આ દશા થઈ. હું તેને કોઈ રીતે સહાયતા કરી તેને બચાવવા સમર્થ નથી, તેથી તેનો અંત અવશ્ય થવાનો જ.

તો આ અવસરે તેને નમસ્કાર મંત્રનું સ્મરણ કરતા શીખવું, જેથી તેમની ગતિ સુધરે.

એમ વિચારી તે બુદ્ધિશાળી ગણિકા વધઃસ્થંભ તરફ ચાલી અને ચંડપિંગલ પાસે આવી; પોતાના અપરાધની માફી માગવા લાગી. ચંડપિંગલ બોલ્યો, "કંઈ નહિ, તેમાં તારો કોઈ અપરાધ નથી, એ તો ભાગ્યનો દોષ છે." પછી કળાવતીએ ચંડપિંગલને કહ્યું, "આ તમારા અંત સમયે હું તમોને એક અતિ ઉત્તમ મહાન પ્રભાવશાળી શ્રી પંચ-પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર આપવા આવી છું, તો તમે તેને શુદ્ધ શ્રદ્ધાથી અંગીકાર કરો. તેથી તમારાં સર્વ પાપ ક્ષય થઈ જશે, ને તમે ઉંચ ગતિને પામશો." ચંડપિંગલે ઘણી ખુશીથી તે મંત્ર લીધો. પછી ચંડપિંગલને શૂળીએ ચડાવવામાં આવ્યો. ત્યાં તે નમસ્કાર મંત્રનું સ્મરણ કરતો, કરતો મરણ પામ્યો. ચંડપિંગલને શૂળીએ ચડાવ્યા પછી કળાવતી ઘેર

આવી. અને નમસ્કાર મંત્રનું સ્મરણ કરી, તે ચંડપિંગલ, રાજાના પુત્ર રૂપે અવતરે તેવું નિદાન કર્યું.

જે દિવસે એ ચોર મરણ પામ્યો, તે જ દિવસે જીતશત્રુ રાજાની રાણી ભદ્રાના ઉદર વિશે પુત્ર રૂપે ઉત્પન્ન થયો અને સવાનવ માસ પૂર્ણ થયે તેનો જન્મ થયો.

આ વધામણી સાંભળતાં રાજાએ મોટો ઉત્સવ કર્યો, અને તેનું પુરંદર એવું નામ પાડ્યું.

કળાવતી ગણિકાએ ચોરના મરણ દિવસથી આ કુમારના જન્મ સુધી રાણીના ગર્ભ દિવસ ગણી કાઢતાં મનમાં નિશ્ચય કર્યો કે, નિશ્ચય એ જ મારા સુખદુઃખનો સાથી જ જન્મ્યો છે. એક વખત રાજપુત્ર પાસે જઈને તેના કાનમાં પંચ પરમેષ્ઠિ મંત્ર સંભળાવ્યો તેથી રાજકુમાર હસ્યો. રાજમાતા ભદ્રા આ કુતૂહલથી આશ્ચર્ય પામ્યા. કળાવતીએ પૂર્વનો બધો વૃત્તાંત જણાવીને કહ્યું કે, એ બધો શ્રીનમસ્કાર મહામંત્રનો પ્રતાપ છે. પછી રાજકુમાર હંમેશાં કળાવતીના સહવાસથી સંતોષી અને વિયોગથી અસંતોષી રહેવા લાગ્યો; એટલે જીતશત્રુ રાજા તથા ભદ્રા રાણીએ કળાવતીને હમેશાં રાજ-મહેલમાં રહેવાનું કહ્યું. એમ સમય વીતતાં કેટલાક વર્ષે જીતશત્રુ રાજા મરણ પામ્યો, અને આ પુરંદરકુમાર રાજ્ય-ગાદી પર બેઠો. ત્યારે તેણે કળાવતીનો ઘણો ઉપકાર માન્યો. તથા તેનું સન્માન કરી, તેના કહેવા પ્રમાણે વિશેષ પ્રકારે લક્ષ્મીનો સદુપયોગ તથા ધર્મારાધન કરવા લાગ્યો. પછી પોતાને આ રાજપદવી પ્રાપ્ત થઈ, તે નમસ્કારમંત્ર

સ્મરણનું ફળ જાણી જૈન ધર્મને અંગીકાર કર્યો, તથા પંચ-પરમેષ્ઠિ મંત્રનો આરાધક થયો. ત્યાર પછી પોતાની બધી જ પ્રજાને જૈન ધર્મના પવિત્રપણાની અને નમસ્કાર મંત્રના મહિમાની વાતો સંભળાવીને તે સર્વને શ્રીજૈન શાસન પાળનારા તથા શ્રીનમસ્કારમંત્રનું સ્મરણ કરનારા બનાવ્યા. છેવટે પુરંદર રાજા અને કલાવતી સંસારસુખ ભોગવતાં, શ્રી પંચપરમેષ્ઠિ મંત્રનું શ્રદ્ધાથી સ્મરણ કરતાં, કરતાં આયુષ્ય પૂર્ણ થયે ઉચ્ચ ગતિને પામ્યા.

સાર :—મૃત્યુ સમયે પણ જો નમસ્કારમંત્રનું શ્રદ્ધા સહિત સ્મરણ કર્યું હોય છે તો તેનું પરિણામ બીજા ભવમાં પણ ઉત્તમ કુળમાં જન્મ દ્વારા મળે છે એટલું જ નહિ પણ પોતાના પૂર્વ ભવની પ્રિય વસ્તુ પણ અન્ય ભવમાં આવી મળે છે. ચંડપિંગળ ચોરી કરનારો એક ચોર હતો, અને કળાવતી ગણિકા હતી, તોપણ નમસ્કાર-મંત્રના પ્રભાવથી બન્ને જણ બીજા ભવમાં રાજ્ય-સુખને પામ્યાં, અને પરંપરાએ મોક્ષ સુખને પામશે.

ધરણેન્દ્ર તથા પદ્માવતીની કથા

વાણારસી નામે એક નગર હતું, તે રિદ્ધિસિદ્ધિથી ભરપૂર હતું, અને ધર્મનું તો તે ખાસ ક્ષેત્ર હતું. ત્યાં અશ્વસેન નામનો પ્રતાપી રાજા રાજ્ય કરતો હતો. તેમને વામાદેવી નામે રાણી હતી. તે સમ્યગ્દૃષ્ટિ અને શીલવંતી હતી. તેમના ઉદરેથી ચૌદ સ્વપ્ન સૂચિત એવાં પાર્શ્વનાથનો જન્મ થયો. પાર્શ્વ-નાથજી જ્યારે કિશોર અવસ્થાના હતા તે સમયે તે નગરમાં

બદલામાં બે સારા વાછરડા શેઠને ભેટ આપવા આવી. શેઠે તેને કહ્યું કે, “અમારે કોઈ પણ પશુ ન રાખવાનો નિયમ છે, માટે તે નહિ રાખીએ.” તેમ છતાં તે આહીરાણીએ ઘણો આગ્રહ કર્યો. એવામાં શેઠાણી આવ્યાં તેમણે કહ્યું કે, “હે સ્વામીનાથ! તે વાછરડા રાખી લો. આપણે પશુ રાખવાનો નિષેધ છે તે વાત સાચી, પણ આપણા સ્વાર્થ માટે નિષેધ છે, પણ દયા ખાતર કે પરમાર્થ માટે નિષેધ નથી. જો આપણે નહિ રાખીએ તો તે ઊલટા હળ કે ઘાણીમાં જોડાઈને દુઃખી થશે, અને રાખશું તો આપણે ત્યાં તે સુખી થશે. માટે મને તો લાગે છે કે, એને આપણે ત્યાં રાખવાથી કંઈ પણ ધર્મબાધ આવશે નહિ. વળી આ વાછરડા ઘણા રૂપાળા અને મોહક છે, તેથી પણ મને તેને રાખવાનું મન થાય છે.” શેઠાણીના આવાં ધર્મ પ્રમાણેનાં યુક્તિવાળાં વચનો સાંભળીને તથા અતિ આગ્રહ જોઈને શેઠે તે વાછરડાં રાખી લીધાં, પછી એક નોકરને હુકમ કર્યો કે, “તારે આ બન્ને વાછરડાંના ખાનપાન માટે જે જે વસ્તુઓ જોઈએ તે આપણા કોઠારમાંથી પૂરી છૂટથી લઈને ખવરાવવી, અને તેની બરાબર સારસંભાળ લઈ સેવા કરવી. તેને કોઈ પ્રકારનું કષ્ટ કે દુઃખ ન થવું જોઈએ, તે ખાસ તારે યાદ રાખવું.” હવે શેઠાણી તે બન્ને વાછરડાને ઘણા જ પ્રેમથી રાખવા લાગ્યા. અને તે બન્નેના જુદા, જુદા નામ રાખ્યાં. એકનું નામ કંબલ અને બીજાનું નામ સંબલ પાડ્યું. પછી જ્યારે શેઠાણી તેમના નામ લઈને બોલાવે ત્યારે તે ત્યાં જાય. એમ તેઓ શેઠાણી સાથે પૂરેપૂરા હળી

આ બનાવથી ઘણો જ શરમિંદો બની ગયો. નાગનાગણીનો અંત સમય નજીક જાણી શ્રી પાર્શ્વનાથકુમારે તેને શ્રીનમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. તેથી તે નાગનાગણી મૃત્યુ પામીને બીજા ભવમાં ધરણેન્દ્ર અને પદ્માવતી થયાં. એ ભવમાં પણ તેઓ નિરંતર નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરીને જૈનધર્મના આરાધક બન્યાં.

સાર :– અજ્ઞાનપણે કાયકષ્ટ આદિ બાહ્ય તપ કરવાથી કાંઈ આત્મકલ્યાણ થતું નથી. તપનો આડંબર કરનાર બાવાઓ શિવભેખની જેમ ઘણીવાર હિંસાનું પણ ધ્યાન રાખતા નથી. નમસ્કાર મંત્રના શ્રવણ માત્રથી તિર્યંચ પણ ઉચ્ચ ગતિને પામે છે, તે શ્રી પાર્શ્વનાથે નાગનાગણીને સંભળાવેલા મંત્રના શુભ પરિણામ પરથી સમજી શકાય છે.

પુંડરગિરિવાસી મણિધર અને મયુરની કથા

ભરતખંડના પુંડરગિરિ નામના પર્વત પર પૂર્વે મોટું જંગલ હતું. તેમાં મણિધર જાતિના સર્પો રહેતા હતા. તે એવા તો ઝેરી હતા કે તેના ફુત્કારથી ઉડેલા ફીણના ફીસોટા જો કોઇ પ્રાણી પર પડે તો તે પ્રાણી તત્કાળ મરી જતું, ત્યારે તેના કરડવાથી તો નિશ્ચય મૃત્યુ થાય જ, એમાં નવાઇ શું ? આથી તે પર્વત પર મનુષ્યો તો બિલકુલ રહેતા જ નહિ, એટલું જ નહિ પણ પશુ પક્ષીઓનો વાસ પણ ધીમે, ધીમે તેઓનો નાશ થઈને ઘણો જ ઓછો થઈ ગયો હતો. માત્ર મયૂર પક્ષીઓની ત્યાં વસ્તી હતી, કારણ કે સર્પો તેમનો નાશ

કરી શકતા નથી અને ઊલટા તેના ભક્ષણુની ગરજ સારતા એથી ત્યાં દિવસે દિવસે સર્પોની સંખ્યા ઘટતી અને મયૂરની સંખ્યામાં વધારો થતો જતો.

નાગ અને મોરને સ્વાભાવિક જ વેર હોય છે, તેથી તેઓ એકબીજાને દેખે કે, પોતાના બળાબળની તુલના કર્યા વિના એકદમ લડાઈમાં ઉતરી પડે છે. તેમાં છેવટે સર્પનો નાશ અને મોરનો વિજય થાય છે. બંને પોતપોતાનું જોર અજમાવે છે, તેમાં સર્પનું ઝેર મોરને ચડતું નથી. અને મોરની ચાંચના પ્રહાર વડે સર્પ વીંધાઈ જાય છે. એક વખત સર્વ મયૂરોમાં શ્રેષ્ઠ એવો એક જોરાવર મયૂર તે જંગલમાં ફરતો હતો, તેવામાં તેની નજર સર્વ મણિધરોના રાજા એવા એક બળવાન મણિધર પર પડી. તરત જ તે બળવાન મોર પોતાની જગ્યાથી ઊડીને તે શ્રેષ્ઠ મણિધર પાસે ગયો અને તેના પર ક્રૂરભાવથી ચાંચો વડે પ્રહાર કરવા લાગ્યો. તેથી નાગને કળતર ચડી ગઈ, છતાં તેને ન ગણુકારતા પોતાના બળના મદમાં છકી ગયેલા સર્પે પોતાની ફેણુ ચડાવી મોરને ગળે ભરડો લેવા ઝપાટ મારી. તેવામાં તો મોરે ત્રણ ચાંચો મારીને નાગને મૂર્છિત કરી દીધો. પછી તે મોર સર્પને ચાંચમાં ઊપાડીને એકદમ ઊડ્યો.

થોડીવારે સર્પને મૂર્છા ઉતરી એટલે તેણે મોરને ભેટવાને માટે મોટો ઝપાટો માર્યો. એ અડફેટમાં મોર પોતાની ગતિને કાબૂમાં રાખી શક્યો નહિ અને ગળેલા ગાત્રવાળો થઈ ગયો. તેથી શક્તિ વગરનો થઈ સર્પ સહિત નીચે પડ્યો. ભારે પછડાટથી બંનેને ઘણું જ વસમું લાગ્યું, તેથી મૃત્યુની રાહ

જોતા પડયા રહ્યા. તેના પૂર્વ જન્મના પુણ્યોદયે તેઓ જ્યાં પડયા હતા, ત્યાં નજીકમાં એક મુનિરાજ બેઠા, બેઠા ધર્મધ્યાન કરતા હતા. તેમણે આ બનાવ જોયો, અને અંતરમાં કરુણા ઊપજી. પછી તેમની પાસે જઈને બંનેને ઉચ્ચ સ્વરે બોલીને નમસ્કારમહામંત્ર સંભળાવ્યો. તેથી તે બંને પોતાનું જાતિ વૈર ભૂલીને ક્રોધને ઉપશમાવી શાંત થઈ છૂટા પડયા અને દુશ્મન મિત્ર બન્યાં. ત્યાર પછી થોડીવારે મૃત્યુ પામ્યા ને ત્યાંથી સ્વર્ગમાં તેઓ દેવપણે ઉત્પન્ન થયા.

સાર:– હે ભવ્ય જીવો ! તમે શુદ્ધ ભાવથી નમસ્કાર મંત્રનું સ્મરણ અને શ્રવણ કરો તથા કરાવો, તેના પ્રભાવ વડે મણિધર અને મયૂરની જેમ તમારા રાગ, દ્વેષ, મદ, વૈર, ક્રોધ વગેરે સર્વ આંતરિક દુશ્મનોનો નાશ થશે, અને તમે નિર્મળ આરસી જેવા અંતઃકરણના બનીને પરમ શાંતિને પ્રાપ્ત કરી ઉચ્ચ ગતિ પામશો.

લોહખુરા ચોરની કથા

મથુરા નગરીમાં પૂર્વે શત્રુમર્દન નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં જિનદત્ત નામનો શ્રાવક રહેતો હતો.

મથુરા નગરીની પાસે હુંડીરગઢ કરીને એક નાનું ગામ હતું, ત્યાં લોહખુરો નામે એક ચોર રહેતો હતો. તે વારંવાર મથુરા નગરીમાં આવીને ચોરીઓ કરતો, અને હરવખત પુષ્કળ દ્રવ્ય લઈ જતો. એથી ગામમાં તે ચોરનો ત્રાસ બહુ વધી ગયો હતો, પણ તે કોઈ રીતે પકડાતો ન હતો. એક વખત તેણે કોઈ શ્રીમંતના ઘરમાં ખાતર પાડયું, અને પેટીઓ તોડી કેટલુંક સુવર્ણ વગેરે લીધું, પણ તેના કર્મભાગ્યથી

ઘરનાં માણસો જાગી ઊઠયાં. તેઓએ એકદમ પોકાર કર્યો, એટલે કોટવાળ પોતાના સિપાઈઓ સહિત આવીને તે ઘરને ઘેરી લીધું, અને ચોરને પકડી લીધો.

સવારે કોટવાળે તે ચોરને રાજા પાસે હાજર કર્યો. અને સર્વ હકીકત નિવેદન કરી. રાજાએ હુકમ કર્યો કે તે ચોરને અનેક પ્રકારે વિટંબના પમાડીને શૂળીએ ચડાવી દો. તે ચોરને આખા ગામમાં ફેરવીને શૂળીએ ચડાવવાની જગ્યા પર લઈ જવામાં આવ્યો. ત્યાં કોટવાળની આજ્ઞાથી અનુચર પુરુષોએ તેને શૂળી પર ચઢાવ્યો. આ વખતે ગ્રીષ્મ ઋતુ હતી, વળી તેના શરીરમાંથી લોહી નીકળતું હતું; તેથી તે ચોરને ઘણી જ તરસ લાગી. આ સમયે તે રસ્તેથી જે જે માણસો નીકળતા, તેની પાસે તે મરણની અણી પર આવેલો ચોર પાણીની યાચના કરતો, પણ રાજાના ભયથી તેને કોઈ પાણી આપતું નહિ. એવામાં તે જ રસ્તેથી ચોરના સુભાગ્યે જિનદત્ત શેઠ નીકળ્યા, એટલે ચોરે તેમની પાસે પણ પાણીની યાચના કરી. તે વારે દયાળુ શેઠે ચોરને કહ્યું કે, “ભલે હું તને હમણાં જ પાણી લાવી આપું છું; પણ તે દરમ્યાન હું તને એક મહાન્ પ્રભાવિક નમસ્કાર મંત્ર કહું છુ, તેનું તું સ્મરણ કર. આ સમયે તેનું સ્મરણ કરવાથી અવશ્ય તારી સુગતિ થશે.” કારણ કે એક ઠેકાણે કહ્યું છે કે :—

“હિંસાવાન નૃત પ્રિયઃ પરધનં હર્તઃ પર સ્ત્રી રતઃ ।
કિંચાન્યેપિ હિ લોક નિંદિત મહા પાપેષુ ગાઢો ઘતઃ ॥
મંત્રં ભાવતયા સ્મરેદ વિરતં પ્રાણાત્યેય સર્વથા ।
દુષ્કર્માંર્જિત દુર્ગતાવપિગતઃ સ્વર્ગી ભવેત્ સ નરઃ ॥

ભાવાર્થ—'હિંસા કરનાર, અસત્યવાદી, પર ધન હરનાર, પર સ્ત્રી સેવનાર, અને લોકોને વિશે નિંદિત એવાં બીજાં પાપમય કાર્યો કરનાર, એવો માણસ પણ જો પ્રાણાંતે એ નમસ્કારમંત્રનું એકચિત્ત શુદ્ધ શ્રદ્ધાપૂર્વક શ્રવણ કરે, યા સ્મરણ કરે, તો તે સ્વર્ગમાં જાય છે.'

માટે હે ચોર! હું તને નમસ્કારમંત્ર આપું છું, તેને તું અંગીકાર કર." શેઠના આવાં વચન સાંભળીને તે ચોરે મનને બીજા સંકલ્પ-વિકલ્પથી હટાવીને શેઠ પાસેથી મંત્ર લઈ શુદ્ધ ચિત્તે સ્મરણ કરવા લાગ્યો. શેઠ પાણી લેવા માટે ગયા. પણ તે અતિ દુઃખી સ્થિતિમાં હોવાથી નમસ્કારમંત્ર યાદ રહ્યો નહિ, તેથી 'આણુ ન જાણુ શેઠ વચન પ્રમાણું' આ પ્રમાણે એકાગ્ર ચિત્તે સ્મરણ કરવા લાગ્યો. અને શેઠ પાણી લઈને આવે તે પહેલાં જ તેના પ્રાણ નીકળી ગયા. અને તેણે શેઠના વચન પર પ્રતિતી કરવાથી તે મરીને મોટી રિદ્ધિસિદ્ધિનો ધણી દેવતા થયો. શેઠે આવીને જોયું, તો ચોરને મરણ પામેલો જોયો. તેથી શેઠે તેની સુગતિ થાય, તેવી પ્રાર્થના કરી, અને ત્યાર બાદ પોતાના ઘેર ગયા.

હવે એવું બન્યું કે, જિનદત્ત શેઠે ચોર પર જે દયા કરી, તે વાત ચોકીદારોએ રાજાને કરી; એટલે રાજાએ જિનદત્ત શેઠને પકડીને મારી નાંખવાનો હુકમ કર્યો. તરત જ કોટવાળે શેઠને પકડી રાસભ (ગધેડા) પર બેસાડયા, અને વિટંબણા કરવા લાગ્યા. તેવામાં પેલા સ્વર્ગમાં ઉત્પન્ન થયેલા ચોરે આ વાત અવધિ જ્ઞાનથી જાણી. પોતાના

ઉપકારી શેઠ પર સંકટ આવેલું જાણીને, તેના બચાવનો ઉપાય કર્યો. તરત જ પોતાની દૈવી શક્તિથી એક પર્વત બનાવી તે નગર ઉપર ઝઝૂમ્યો અને બોલ્યો કે, "હે રાજા વગેરે અધમ જનો! તમે આવા પરોપકારી પુરુષ જિનદત્તનો નાશ કરો છો, તેથી આ પર્વત તમારા નગર પર નાંખીને તમારા આખા નગરનો હું નાશ કરીશ. જો તમારે બચવું હોય તો એને તત્કાળ બંધન મુક્ત કરો." આવી ભયંકર આકાશવાણી સાંભળીને રાજા સહિત સર્વ નગરજનો એકઠા થઇને તે દેવને હાથ જોડી ક્ષમા માગવા લાગ્યા.

એટલે ફરી આકાશવાણી થઇ કે, "તમો સર્વે એ દયાળુ શ્રાવકને શરણે જાઓ; તે તમને સાચો માર્ગ બતાવશે." પછી રાજા સહિત સર્વે નગરજનો જિનદત્ત પાસે આવ્યા અને સર્વ વૃત્તાંત કહીને ક્ષમા યાચવા લાગ્યા, તથા દેવનો કોપ નિવારવા શો ઉપાય કરવો, તે પૂછવા લાગ્યા? જિનદત્ત શેઠે કહ્યું : કે, "શ્રી નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરો જે તેના પ્રભાવ વડે તમારા સર્વ વિઘ્નો દૂર થશે." શેઠનાં આવાં વચન સાંભળીને સર્વજનોએ નમસ્કારમંત્રનો તથા શ્રી જૈન ધર્મનો સ્વીકાર કર્યો. પછી શેઠે કહ્યું કે, જે ચોર હતો, તે જ મરણ સમયે નમસ્કારમંત્રના સ્મરણથી જ દેવ બન્યો છે; અને એ જ દેવ આ પર્વત લઇને મારો બચાવ કરવા આવેલ હતો," એમ જણાવ્યું, તેથી સર્વ નગરજનો નમસ્કારમંત્ર વિશે વિશેષ શ્રદ્ધાવંત બન્યા, અને શ્રી નમસ્કારમંત્રનો જય જયકાર બોલી છૂટા પડયા.

સાર : અંત સમયે એકાગ્ર મને ભાવ સહિત નમસ્કાર મંત્રનું સ્મરણ કરવાથી, ચોર જેવા પાપીની પણ ઉચ્ચ ગતિ થાય છે. અને દયાળુ જનોની શુભ ભાવનાને નહિ સમજનારા રાજા જેવા અવિવેકી માણસો પર દેવો સંકટનો વરસાદ વરસાવી 'દયા'નો જય જયકાર ફેલાવે છે એવો આ લોહખુરા ચોરની કથા પરથી બોધ લેવાનો છે.

શ્રી નમસ્કારમંત્રનો સંસારતારક મહાપ્રભાવ

આપણે આગળ લખ્યા, તે પ્રમાણે શાસ્ત્રોમાં નમસ્કાર મહામંત્રના મહિમાને દર્શાવનારા અનેક દૃષ્ટાંતો આવે છે, પણ તેના પરમાર્થ સુધી પહોંચવું જોઈએ.

જપ મંત્રનું સ્મરણ નિષ્કામ ભાવે કરવું જોઈએ. "હે પ્રભો ! આ લોકના સુખ કે પરલોકના સુખ અર્થે હું તમારું સ્મરણ કરતો નથી પરંતુ સમગ્ર દુઃખથી મુક્ત થવા તથા તમને પ્રાપ્ત કરવા અર્થે જ હું તમારી આરાધના કરું છું." જેવી રીતે ભીલ-ભીલડી તમારી નિષ્કામભાવે આરાધના કરીને, પ્રભુ તમોને પ્રાપ્ત કરશે તેમ જ હું એ જ રીતે તમારી આરાધના કરું છું.

એક વાર મુનિઓનો સમૂહ રસ્તો ભૂલવાથી ચાલતા ચાલતા એક ગહન જંગલમાં પહોંચ્યો. ચાલી ચાલીને ખૂબ જ થાકી ગયેલા એ સાધુઓના સમૂહને એક ભીલ પતિએ અને તેની પત્નીએ જોયો. એ સાધુઓને જોતાં જ ભીલપતિના અંતઃકરણમાં અનુકમ્પાનો ભાવ પેદા થયો, અને એને એમ થયું કે.-

'આ વિષમ જંગલમાં આ મહાત્માઓ કેમ ભમે છે?' તરત જ તે ભીલપતિ સાધુઓની પાસે ગયો, અને પૂછ્યું કે, 'આપ આ જંગલમાં કેમ ફરો છો?'

સાધુઓએ કહ્યું કે— 'અમે રસ્તો ભૂલી ગયા છીએ.' અને એ જ વખતે એ ભીલપતિની પત્નીએ આવીને કહ્યું.– 'હે સ્વામીનાથ! આ મહા તપસ્વી પવિત્રાત્માઓને આપ આ ભયંકર અરણ્યથી બહાર પહોંચાડી યોગ્ય રસ્તો બતાવો. અને અતિ કઠિન તપથી પરિક્ષીણ થઈ ગયેલા, એમને ફલ-ફુલાદિ આપી પ્રસન્ન કરો! વિધિએ તમને આ રીતે નિધાનનો જ લાભ આપ્યો છે.'

એ સાંભળીને ભીલપતિને પણ અતિ હર્ષ થયો અને તેણે જંગલમાંથી ફળો વગેરે લાવીને મુનિઓ પાસે વિનયપૂર્વક મૂકયાં. મુનિઓએ કહ્યું કે, 'હે દેવાનુપ્રિય! શ્રી જિનેશ્વરદેવોએ આ આહાર નિષેધ કરેલો છે તેથી આ સચેતન ફળાદિ લેવાં એ એમોને કલ્પે નહિ.'

ત્યારે ભીલપતિ કહેવા લાગ્યો કે, 'તમારે ગમે તેમ કરીને અમારા પર અનુગ્રહ તો કરવો જ પડશે. તમે અનુગ્રહ નહિ કરો, તો અમોને અતિ વિષાદ થશે.'

મુનિઓમાં જે ગીતાર્થ હતા એમણે એ પતિપત્નીનો પૂર્ણ પ્રેમમયભાવ જોયો અને પોતાનું જે કર્તવ્ય હતું તે પણ લક્ષ્યમાં રાખ્યું. પછી તેમણે એવી ચીજો જે સાધુઓને કામમાં આવી શકે તે લાવવા કહ્યું. ભીલપતિએ એથી

દૂધ, દહીં, ઘી, દાળ, રોટલા વગેરે લાવીને ઉલ્લાસપૂર્ણ ભાવે વહોરાવ્યા. ત્યારબાદ એ મુનિઓને તે પતિ-પત્નીએ જંગલ વટાવીને માર્ગે ચડાવી દીધા.

આવો સેવાનો સુવર્ણ અવસર પોતાને પ્રાપ્ત થયો તેથી તેઓ બન્ને પોતાને ધન્ય માનવા લાગ્યાં, પોતાના જીવનને કૃતાર્થ માનવા લાગ્યાં. મુનિઓએ પણ જોયું કે જીવો લાયક છે. આથી તેમણે તેમને ભગવાને કહેલા ધર્મનો ઉપદેશ આપ્યો. એ પતિ-પત્નીને પણ કર્મનો એવો ઉપશમભાવ થઈ જવા પામ્યો કે-એ બંનેને ભગવાને કહેલા ધર્મ પર શ્રદ્ધા, પ્રતિતી અને રુચિ થઈ અને તેનો સ્વીકાર કર્યો.

ત્યારબાદ મુનિઓએ તેમને શ્રી નમસ્કારમંત્ર શીખવ્યો. અને તે પણ તે બન્નેએ ભક્તિ તથા વિનયપૂર્વક ગ્રહણ કર્યો. આટલું કર્યા પછી મુનિઓએ તેમને એક નિયમ કરાવ્યો. એ નિયમ પણ સામાન્ય કોટીનો ન હતો. અવસરે એ નિયમ પાળવો મહા કઠિન હતો. વળી તેઓ હિંસક હતા, અતિ વિષયગૃદ્ધ હતા, છતાં મુનિઓએ પોતાના જ્ઞાન બળે જોયું કે- આ લોકો લીધેલા નિયમને પ્રાણાંતે પણ તોડનાર નથી અને આ નિયમથી તેમને મહાલાભ થવાનો છે. આથી મુનિઓએ તેમને એ નિયમ કરાવ્યો કે-' પખવાડિયામાં એક દિવસ તમારે બંનેએ બધી પાપ પ્રવૃત્તિનો ત્યાગ કરવો અને એક એકાન્ત જગ્યામાં બેસીને નવકારમંત્રનું એકાગ્રચિત્તે સ્મરણ કરવું, કદાચ તે સમયે કોઈ તમને જાનથી મારી નાખે, તો પણ તમારે બંનેએ ક્ષમા જ કરવી.' આવો નિયમ પાળવાનું

એ પતિ-પત્નીને કહીને, મુનિઓએ તેમને કહ્યું કે-'આ રીતે તમે જિનભાષિત ધર્મનું આરાધન કરશો તો થોડા જ વખતમાં તમે દૈવી સુખ સંપત્તિને પામશો !'

ભીલરાજ અને તેની પત્નીએ મુનિઓનું આ વચન પણ શ્રદ્ધા, ભક્તિપૂર્વક સાંભળ્યું અને પ્રેમભક્તિપૂર્વક સ્વીકાર્યું. પછી મુનિઓ પોતાને બતાવેલા માર્ગે વિહાર કરી ગયા અને આ લોકો પોતાને સ્થાને પાછાં આવીને ધર્મ ઉપરના શ્રદ્ધા-ભાવને વધારતાં થકાં નિયમનું નિરતિચાર (દોષરહિત) પાલન કરવા લાગ્યાં.

એકવાર નિયમ મુજબ એ ભીલરાજ અને તેની પત્ની પૌષધ પ્રતિમામાં સ્થિત હતા. એ જ વખતે ત્યાં એક ગર્જના કરતો ઉન્મત્ત સિંહ આવી પહોંચ્યો. એને જોતાં જ ભીલરાજની પત્ની ભયભીત થઈ. પોતાની પત્નીને ભયભીત થયેલી જોતાં જ ભીલરાજે પાસે પડેલું ધનુષ્ય હાથમાં લીધું અને તેને કહ્યું કે-બીકણ ! બી મા ! મારા એક બાણથી જ એ ખલાસ થઈ જવાનો છે.'

એ વખતે ભીલરાજને તેની પત્ની કહેવા લાગી કે, 'તમે જે કહો છો તેમાં સંદેહ જેવું કંઈ જ નથી, પણ ગુરુમહા-રાજના વચનનું આપણે પાલન કરવાનું છે.'

ગુરુમહારાજે કહ્યું હતું કે-તે દિવસે કોઈ તમારા શરીરનો વિનિપાત (નાશ) પણ કરી નાંખે તોય તમારે ક્ષમા કરવી ! આપણને એ વચન યાદ હોય અને આપણે એનાથી વિપરીત કરીએ તે કેમ બને ?

તરત જ ભીલરાજે પણ ધનુષ્ય નીચે મૂકી દીધું અને કહ્યું કે, 'તારા પ્રત્યેના સ્નેહથી મોહિત બનેલા મેં આ ધનુષ્ય ઊપાડ્યું હતું, પણ હવે તો આપણે ગુરુમહારાજના વચનનો આદર કરવામાં તત્પર બનીએ.'

આવેલો સિંહ કોઈ દેવ નહોતો. એણે તો એ પતિ-પત્નીને ભારે પીડા પમાડીને ફાડી ખાધાં! પરંતુ વિશુદ્ધ ચિત્તે એ બંનેએ એ ઉપસર્ગને સહ્યો અને મરીને એ બંને સૌધર્મ દેવલોકમાં ઉત્પન્ન થયાં. ત્યારબાદ ત્યાંથી ચવીને એ બંને રાજસિંહ અને રત્નવતી નામે રાજારાણી થયાં. ત્યાં પણ શુદ્ધ ધર્મનું તથા નમસ્કારમંત્રનું આરાધન કર્યું. અંતે દીક્ષા લઈને વિશુદ્ધ ચરિત્ર પાળીને બંને જણા સ્વર્ગ, મોક્ષના અધિકારી થયા. તેઓની કેવી અલૌકિક ગુરુવચનમાં શ્રદ્ધા હતી, જે ધર્મ-કર્મનો મર્મ જાણતા ન હતા, તેમ જ હિંસા કરીને આજીવિકા ચલાવતા હતા છતાં તેમની ગુરુભક્તિ અને ગુરુ વચન પર કેવી અચલ શ્રદ્ધા કે ગુરુના વચન ખાતર પોતાના પ્રાણનો ઉત્સર્ગ કર્યો. ગુરુ વચનમાં શ્રદ્ધા રાખીને પ્રાણાંત કષ્ટ સહન કર્યું તો કેવાં સુખોના ભોક્તા બન્યા, તે જ વાચક તારે સમજીને જીવનમાં આચરવાનું છે.

ગુરુની શીખ માત્ર હિતાર્થે જ હોય. આવી શ્રદ્ધાવંતનું અવશ્ય કલ્યાણ થાય. જપ કરવાથી નહિ પણ શ્રદ્ધાથી જ શ્રેય થાય છે એ વાત હે વિજ્ઞવાચક! તું સદાસર્વદા ધ્યાનમાં રાખજે.

આ છે શ્રી નવકારમંત્રનો શ્રદ્ધપૂર્વક જપનો પ્રભાવ, કે હિંસક જાતિનાં એ બંને એવાં અવસરે ક્ષમાભાવ ધારણ

કરી શકયાં અને સમાધિપૂર્ણ મૃત્યુને ભેટયા. એ કંઈ નવકાર મંત્રનો જેવો તેવો પ્રભાવ છે? શ્રી નવકારમંત્ર ગણનારે તો આવા સત્ત્વશીલ અને નિયમપાલક બનવાનો પ્રયત્ન કરવો જોઈએ. પૌદ્ગલિક સુખની લાલસાથી શ્રી નવકારમંત્ર ગણનારો એવી આફતમાં સ્થિર રહી શકે? કે પછી, અપવાદ આદિને નામે નિયમનો ભુક્કો બોલાવી દે? માટે દરેક વાતનો, જ્ઞાનીઓના દરેક કથનના મર્મને વિચારતાં અને સમજતાં શીખો.

નમકારમંત્રનું ફળ

જે આત્માઓ આત્માર્થે શુદ્ધ ભાવથી નવકારમંત્રનું સ્મરણ કરે છે, તેના માટે તો નિર્જરા સિવાય બીજો કોઈ હેતુ ન જ સંભવે. જે આત્માઓ શુદ્ધ ભાવથી નમસ્કાર મંત્રનું સ્મરણ કરે છે, તેને કેટલો લાભ થાય છે તે બતાવતાં કહે છે કે—

"ઓગણીસ લાખ ત્રેસઠ હજાર બસેં બાસઠ પલ,
ત્યાં સુધી તે ભોગવે નવકાર મંત્રનું ફલ."

૧૯ લાખ, ૬૩ હજાર અને ૨૬૨ પલ્યોપમ દેવનું આયુષ્ય બાંધે. એ વખતે જો આયુષ્યનો બંધ પડયો ન હોય, તો નરક તિર્યંચ ગતિના બંધનો વિચ્છેદ થઈ જાય. આ તો થઈ દ્રવ્ય લાભની વાત. અને ભાવથી તો કર્મની નિર્જરા જ થાય, કર્મના ભુક્કા ઉડાડી દે. આવો અદ્ભુત છે પંચ-પરમેષ્ઠિ મહા નમસ્કાર-મંત્ર. એ દુઃખનો નાશ કરે, પણ કોઈ કાળે દુઃખ આપે નહિ.

'સુખમાં સમરો, દુઃખમાં સમરો, સમરો દિન ને રાત,
જીવતા સમરો, મરતા સમરો, સમરો સૌ સંગાત,
સમરો મંત્ર ભલો નવકાર, એ છે ચૌદ પૂર્વનો સાર.'

૯
પ્રકરણ
મંત્રવિદ્યાનો પ્રભાવ
[અર્વાચીન દૃષ્ટાંતો]
શ્રી નવકારમંત્રનો અજબ પ્રભાવ

જેને નમસ્કાર-મહામંત્ર મળ્યો છે એના પુણ્યની અવધિ નથી. જગતની સમૃદ્ધિના ઢેર દેવતાઈ શરીર અને દેવતાઈ વિમાન મળવાનું પુણ્ય ઘણાની પાસે હોય, પરંતુ મહામંત્ર-નવકાર મળવાનું પુણ્ય કેટલાની પાસે? અરે, આજે ગાયત્રી મંત્ર વગેરે ક્રોડોને મળ્યા છે, પરંતુ નવકારમંત્ર કેટલાને મળ્યો છે? સવાલ થાય છે કે 'શું ગાયત્રીમંત્ર કરતાં નવકારમંત્ર ચડિયાતો છે?' ઉત્તર એ છે કે અલબત્ત, નવકારમંત્ર ચડિયાતો છે. એનું કારણ આ છે કે, 'મંત્ર **જે ઈષ્ટદેવનો હોય એની કક્ષા જેટલી ઊંચી એટલો એનો મંત્ર ઊંચો.**'

નવકારમહામંત્ર વીતરાગ સર્વજ્ઞ અરિહંત પરમાત્મા તથા નિરંજન-નિરાકાર સિદ્ધ પરમાત્મા અને અહિંસક નિષ્પાપ આચાર્ય-ઉપાધ્યાય-સાધુ ભગવંતો, એ પાંચ પરમેષ્ઠિનો મંત્ર છે. એમનાથી ચડિયાતું શું, એમની હરોળમાં આવે એવા કોઈ ઇષ્ટદેવ નથી. પંચપરમેષ્ઠિ સર્વ શ્રેષ્ઠ ઇષ્ટદેવ છે, માટે એમનો મંત્ર નમસ્કાર-મંત્ર એ વિશ્વમાં શ્રેષ્ઠ મહામંત્ર છે.

પ્ર૦–તો પછી ગાયત્રી મંત્ર ફળતો દેખાય છે એવો નવકારમંત્ર કેમ ફળતો દેખાતો નથી.

ઉ૦–આ ભ્રમણા છે. દુનિયામાં ગામેગામ અને ઘરે ઘરે કેટલે જોઈ વળ્યા અને પછી માપ કાઢયું કે નવકારમંત્ર ફળતો નથી? દિલની ધીખતી શ્રદ્ધાથી નવકારમંત્રનું સ્મરણ, જપ કરનાર આજે પણ એવાં અચિંત્ય ફળ પામ્યાના અનેક દૃષ્ટાંતો છે કે જે બીજા મંત્રથી ન પામ્યા હોય.

પાકિસ્તાની સરજાઈ ત્યારે કલકત્તામાં એક માળા પર સેંકડો ગૂંડાની ખંજરો સાથે ધોંસ છતાં નવકારમંત્રે ગેબી રીતે મિલિટરી બસ લાવીને રક્ષણ આપ્યું હતું.

આમ મંત્રોમાં તો તેજ શક્તિ રહેલી છે. ધર્મનો પ્રભાવ, મંત્રનો પ્રભાવ પૂર્વે હતો તેટલો જ વર્તમાનમાં છે પરંતુ ઘી નથી બદલાયું ઘડો બદલાયો એટલે ઘડા રૂપી આપણું હૃદય બદલાયું છે. જેમકે બે મનુષ્યો એક જ જગ્યાએથી ઘી લાવ્યા. એક ભાઈની પત્નીએ કાચની બરણીમાં ઘી ભર્યું બીજા ભાઈની સ્ત્રીએ કલાઈ વગરના પિત્તળના વાસણમાં ઘી ભર્યું જેથી તે બગડી ગયું, ત્યારે તેણે ઘીવાળાનો દોષ કાઢયો. ખરી રીતે દોષ તો પોતાનો હતો કે તેણે જે વાસણમાં ઘી નાંખ્યું તે બરાબર નહોતું. તેવી જ રીતે આપણા અંતર રૂપી ઘડો તે વિશુદ્ધ નથી તેથી તેમાં શુદ્ધ શ્રદ્ધા પણ હોય નહિ તે સંભવિત છે, અને શુદ્ધ શ્રદ્ધા વિના મંત્ર ફળદાતા બનતો નથી. આમ આપણી હૃદયશુદ્ધિ નથી તે ભૂલ આપણી હોવા

છતાં આપણે કહીએ છીએ કે વર્તમાન કાળે કંઈ સફળ થતું નથી.

જામનગરના શ્રાવક ગુલાબચંદભાઈ કેન્સરની વિકરેલી ગાંઠમાં મરવાની અણી પર હતા ને એમને એમ થયું કે ‘આમ મરું એના કરતાં નવકારમંત્રનું સ્મરણ કરતા મરું તો સદ્‌ગતિ તો થાય,’ તેથી પ્રબલ શ્રદ્ધાથી નવકારમંત્રની ધૂનમાં ચડી ગયા, ને એ નવકારમહામંત્રે એમની કેન્સરની ગ્રંથિને નષ્ટ કરી દીધી, અને આજે એ જીવંત છે.

ઈન્કમટેક્ષ કમિશ્નરે અમદાવાદના એક વેપારી પર રૂ. ૩૩,૦૦૦નું ખોટું એસેસમેન્ટ કરેલું. વેપારીએ લાંચ-રુશ્વતમાં જવાને બદલે કોરટનો આશ્રય લીધો. કોરટો આજે મોટા ભાગે આવી બાબતમાં સરકાર પક્ષે જાય છે, પરંતુ આ વેપારી નવકારમંત્રની અપાર શ્રદ્ધાવાળા તે જજમેન્ટ વખતેય નિરાંતે નવકારમંત્ર જપતા હતા અને જજમેન્ટમાં એસેસમેન્ટ રદ થયું.

બિહાર-આસામના એક મિયાભાઈને સંતસંગના પ્રતાપે નવકારમંત્ર પર અજબ શ્રદ્ધા સાથે આખો દિવસ લગનપૂર્વક સ્મરણ, ચિંતન કરે. આથી તેના ધર્મવાળા બીજા મિયા ભાઈઓએ એને કાફર ગણી તેને મારવા માટે એના સુવાના પલંગ નીચે ગુપ્તપણે કરંડિયામા સર્પ મૂકેલો. આ મિયાભાઈ બહારથી આવી પલંગ પાસે જાય ત્યાં પલંગ પર સર્પ જોયો, તો પણ જરામાત્ર ગભરાયા વિના ત્રણ નવકારમંત્ર ગણ્યા અને તેના પ્રભાવે સર્પ બીજી તરફથી ઉતરીને ચાલ્યો ગયો. પોતે શાંતિથી નવકારનું સ્મરણ કરતાં કરતાં ત્યાંજ સૂતો.

થોડીવાર પછી પેલો મિયો રોતો રોતો આવીને સર્પ મૂકવા બદલ માફી માગી આજીજી કરવા લાગ્યો, 'મારા દીકરાને સર્પ કરડયો છે, તો ભાઈસાબ! તમારા મંત્રથી એને બચાવી લો, નહિતર એ મરી જશે.'

તરત જ તે ક્ષમાશીલ મિયાભાઈએ ત્યાં જઈને ત્રણ વાર નમસ્કારમહામંત્ર યાદ કરી પાણી મંત્રીને છાંટતા ઝેર ઉતરી ગયું ને છોકરો બેઠો થઈ ગયો. આવા તો આપત્તિ ટળવાના અને સંપત્તિ મળવાના કેટલાય પ્રસંગ આજે પણ બને છે અને પૂર્વકાળે પણ બન્યા છે. પરંતુ આ તો માત્ર ઐહિક લાભની વાત થઈ, પરંતુ પારલૌકિક લાભ જે નવકારમહામંત્ર કરે છે એની તુલનામાં જગતમાં કોઈ મંત્ર એવો લાભ કરી શકતો નથી. યાવત્ મોક્ષ સુધી પહોંચાડવાની તાકાત પરમેષ્ઠિ-નમસ્કારમંત્રમાં છે, કેમ કે મોક્ષ વીતરાગ દશા આવ્યા પછી જ થાય, અને વીતરાગ દશા માટે સામે આદર્શ રૂપે વીતરાગ જોઈએ. વીતરાગને નમસ્કાર, વીતરાગનું ધ્યાન અને વીતરાગતા-સાધકનું આલંબન જોઈએ. એ બધું પરમેષ્ઠિ-નમસ્કારમહામંત્રમાં જ મળે છે. એના પ્રભાવે જ્યાં સમસ્ત અંતરાયાદિ કર્મ તૂટે ત્યાં થોડા અંતરાયાદિ નષ્ટ થઈને જીવનું અનિષ્ટ ટળે અને ઇષ્ટની સિદ્ધિ થાય એમાં શી નવાઈ?

મુખ્ય વાત એ છે કે નવકારમહામંત્રની સાધના અથાગ શ્રદ્ધાબળ સાથે થવી જોઈએ. એ શ્રદ્ધાબળ વિના નવકાર ન ફળે એમાં નવાઈ નથી. આ શ્રદ્ધા એટલે 'નવકાર ગણીએ તો પૈસા મળે,' નવકાર ગણીએ તો રોગ જાય....' એવી કામ-

ચલાઉ શ્રદ્ધા નહિ, પરંતુ ' નવકાર એ સમસ્ત પાપોનો નાશક અને પ્રથમ કોટિનું મંગળ છે. એની સાધના એ જીવનનો સાર છે. અને જીવનને અપૂર્વ સમાધિદાતા છે....એવી શ્રદ્ધા.'

આવી શ્રદ્ધાને ઉત્પન્ન કરવા માટે જીવનમાં જગતના દુઃખી, આર્ત જીવો પર નીતરતો કરુણારસ ભર્યો હાર્દિક ભાવ જોઈએ અને વિશ્વના જીવો પ્રત્યે મૈત્રીભાવ-સ્નેહભાવ જોઈએ. એક પણ જીવ આપણા સ્નેહભાવમાંથી બાદ નહિ; તેમ જ માથાવાઢ જેવો દુશ્મન પણ દુઃખી હોય તો એ પણ આપણી દયામાંથી બાદ નહિ. પૂર્વોક્ત ગુલાબચંદભાઈએ આ મૈત્રીભાવ સાથે નવકાર સાધના કરેલી, પૂર્વોક્ત મિયાભાઈએ પણ શત્રુ પર આ કરુણાભાવ સાથે નવકારની સાધના કરેલ, તેથી અચિંત્ય ફલને પામ્યા. મૈત્રી-કરુણાનો ભાવ એવો વિસ્તરવો જોઈએ કે આપણા હાથે કે આપણા નિમિત્તે વિરાધાતા એકેન્દ્રિય પૃથ્વી-પાણી-અગ્નિ-વાયુ-વનસ્પતિના જીવો પ્રત્યે પણ એ સ્નેહ-દયાભાવ જાગતો રહી દિલ એ જીવોને પહોંચાડાતા મરણાન્ત દુઃખ માટે ભારે અફસોસ અનુભવાય. પછી માનવ અને પશુ તથા કીડાદિ માટે સ્નેહભાવ-દયાભાવનું તો પૂછવું જ શું ? આના પ્રભાવે નવકારમંત્ર પ્રત્યે અથાગ શ્રદ્ધા ઉત્પન્ન થાય અને પછી મહામંત્રની સાધના અદ્દભુત રીતે ફળે-સિદ્ધિદાતા બને.

પાલનપુરમાં એક મુસલમાન પાસે એક વેપારી ૨૦૦ રૂપિયા માંગતો હતો, પણ મુસલમાનની સ્થિતિ એટલી ગરીબ કે પોતાના કુટુંબનું ભરણપોષણ માંડ માંડ કરતો; તેમાં

વ્યાપારીના પૈસા કેવી રીતે ચૂકવે ? વાણિયો દરરોજ એને પૈસા આપવા માટે કહે. મુસલમાન ખૂબ મૂંઝાયો. અંતે તે ગામમાં એક જૈન મુનિ બિરાજતા હતા, તેમની પાસે ગયો. અને પોતાની પરિસ્થિતિની વાત તેમને કરી. તેણે કહ્યું–' મારું દુઃખ દૂર થાય તેવો કોઈ મંત્ર આપવા કૃપા કરો.'

આ સાંભળી મુનિએ કહ્યું, " તને એક મંત્ર લખી આપું છું; તેનું શ્રદ્ધાપૂર્વક આરાધન કરજે તો તારું દુઃખ આપો-આપ નાશ પામશે." તેમ કહી એક કાગળમાં નવકારમંત્ર લખી આપ્યો. નવકારમંત્ર તે મહામંત્ર છે, અજબ પ્રભાવશાળી છે. નવકારમંત્રમાં અપૂર્વ ભાવરૂપ રસાયણ ભરેલાં છે. તેનાથી બધાં જ ઝેર ઉતરી જાય. મુશ્કેલીમાંથી માર્ગ મળે. તેનું સ્મરણ કરવાથી ભવની ભેખડ ઉડી જાય. મુનિરાજે પેલા મુસલમાન-ભાઈને કહ્યું કે,–' આ મંત્ર તારે કોઈને કહેવાનો નહીં, શ્રદ્ધા રાખીશ તો તારું ધાર્યું કામ થશે.' આ ભાઈ, મંત્રનો પ્રેમ અને શ્રદ્ધાપૂર્વક સ્વીકાર કરે છે, પછી મક્કા–મદીનામાં યાત્રા કરવા જાય છે. રસ્તામાં જંગલ આવે છે, તરસ ખૂબ લાગી છે, ગ્રીષ્મઋતુનો પ્રચંડ તાપ પડે છે. ત્યાં પચાસ હાથ ઊંડું પાણી એક કૂવામાં છે. પાણી કાઢવા સાધન પાસે નહિ. ત્યાં એક કૂતરી પાણી વિના તરફડે છે. બે–ત્રણ છોકરાં નીકળ્યાં, તે પણ પાણી પાણી કરે છે. પેલા ભાઈ વિચારે છે, મારી પાસે મંત્ર છે તેનાથી પાણી અવશ્ય મળશે. આમ વિચારી નવકારમંત્ર ગણ્યા. અને ચમત્કાર સર્જાણો, પાણી કાંઠા પર આવી ગયું. વીરડામાંથી લે તેમ લેવા માંડયું અને બધાની તૃષા છિપાવી. ત્યાર પછી તો તે

મુસલમાનભાઈ નવકારમંત્ર દ્વારા કોઈને વીંછી કરડયો હોય તેના, સર્પ કરડયાં હોય તેના ઝેર ઉતારવા લાગ્યો. કોઈ પણ મંત્ર કે સ્તોત્ર પાછળ શ્રદ્ધાનું બળ જોઈએ. શ્રદ્ધા વિનાના મંત્રો દારુ વિનાના ભડાકા જેવાં છે. નવકારમંત્ર શ્રદ્ધાપૂર્વક જપવામાં આવે તો ઇન્દ્રના ઈન્દ્રાસન ડોલાવી નાંખે. સૂતા પહેલાં નવકારમંત્ર શ્રદ્ધાપૂર્વક ગણવો જોઈએ, જાગૃત થાય ત્યારે પણ નમસ્કાર મંત્ર જપવો અને ત્યાર પછી જ નેત્ર ખોલવાં અને હરેક ક્રિયા કરતાં પહેલાં નવકાર મંત્ર જપવો જોઇએ. પેલો મુસલમાન મક્કા હજ કરીને આવ્યો. ગામમાં તેની પ્રશંસા થવા લાગી. મંત્ર વડે ઘણાંના ઝેર ઊતર્યાં. પેલા વેપારીએ બસો રૂપિયાની માંગણી કરી. મુસલમાને કહ્યું: 'મારી પાસે રૂપિયા છે જ નહિ તો હું કેવી રીતે આપું ?'

ત્યારે વ્યાપારીએ કહ્યું "એક કામ કર તો હું તારા રૂપિયા આવી ગયા માની લઉં, જે મંત્ર વડે તું પૂજાઇ રહ્યો છે તે મને આપ, લખીતવાર કરી આપું કે રૂપિયા આવી ગયા છે."

"આ સાંભળી તે બોલ્યો મારા ગુરુએ કોઈને પણ કહેવાની ના પાડી છે."

અરે ભાઈ! દરેક મંત્રો બીજાને શીખવવામાં આવે છે અને તેથી જ તેનો પ્રચાર થાય છે, અને મંત્રની પરંપરા ટકી રહે છે.

મુસલમાને વિચાર કર્યો, "મારી પાસે રૂપિયા તો નથી, આને મંત્ર શીખવી દઉં, એટલે ચિંતા મટી જાય." તેણે એક

કાગળ પર નવકાર મંત્ર લખી શેઠને આપ્યો, વેપારીએ તે હાથમાં લીધો અને મંત્ર જોઈ પોતાના ચાર વર્ષના બાળકે રમેશને બોલાવી કહ્યું, 'બેટા નવકાર બોલ.' રમેશ સત્વર બોલી ગયો. આ નવકાર તો અમને બધાને આવડે છે. એમાં શું ? તું ખોટું બોલે છે. તારે સાચો મંત્ર આપવો નથી એટલે આ મંત્ર આપી દીધો. આ સાંભળી મુસલમાન ભાઈની શ્રદ્ધા પણ વિચલિત થઈ ગઈ.

નવકારમંત્રના મહાપ્રભાવને નહીં સમજનારા જૈનો, એમાં શું ? એમ બોલે છે. પણ આ શબ્દ શ્રદ્ધાની ખામી સૂચક છે. શ્રદ્ધા હોય તો સર્પની ફૂલમાળા થઈ જાય છે. અગ્નિ પાણી થઈ જાય છે, ઝેર અમૃત રૂપ બની જાય છે. શૂળીનું સિંહાસન બની જાય છે. જોઈએ શ્રદ્ધા. એક વખત દિલ્હીના બાદશાહના પુત્રને સર્પે દંશ દીધો.–મંત્રાદિ ઘણા ઉપાયો કર્યા છતાં ઝેર ન જ ઉતર્યું. ત્રણ દિવસ સુધી સતત પ્રયત્ન કરવા છતાં બધાં પ્રયત્નો નિષ્ફળ નીવડયા. અંતે દુઃખતા દિલે રાજકુમાર મરી ગયા છે, એમ માની જનાજો કાઢયો. તે વખતે બે ભાવસાર ત્યાંથી પસાર થઈ રહ્યા હતા, તેમણે પૂછ્યું, "કોનું મૃત્યુ થયું છે ?" બાતમી મળી, રાજકુમારને ઝેર ચડયું અને મરણ શરણ થયા છે. તેઓ બંને આગળ આવ્યા, અને રાજકુમારના મૃત દેહને તેઓ બંનેની આગળ બહાર કાઢવા કહ્યું, પછી તેમના હૃદય. નાડી પર હાથ લગાવ્યો. તાળવે હાથ ફેરવતાં જણાયું કે ઊંડે, ઊંડે જીવ છે. ત્યાં જ બધા બેસી ગયા અને ભક્તામર સ્તોત્ર બોલવાનું શરૂ કર્યું. જ્યારે નીચે લખેલ શ્લોક બોલવામાં આવ્યો ત્યારે ચમત્કાર સર્જાયો—

'રક્તેક્ષણં સમદકોકિલ-કંઠનીલં,
ક્રોધોદ્ધતં ફણિન મુત્ફણ માપતન્તમ્
આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક
સ્ત્વન્નાગદમની હૃદિ યસ્ય પુંસઃ'

ભ. શ્લો. ૪૧

અર્થ-લાલ નેત્રવાળો-જીભના લબકારા દેતો, ક્રોધથી ઉદ્ધત બનેલો, કોયલના કંઠ જેવો કાળો-ફેણ પછાડતો, આવો સર્પ દોડતો, દોડતો આવે પણ જે પુરુષના હૃદયમાં પ્રભુના નામરૂપી નાગદમની હોય તેના પગ વચ્ચેથી ચાલ્યો જાય પણ દંશ ન દઈ શકે.

આ શ્લોક પૂરો થયો ત્યાં તો રાજકુમાર બેઠો થઈ ગયો. મુસલમાનનો રાજા વગેરે દરેક જણ હર્ષિત થયા, અને બંને ભાવસારને ધન્યવાદ આપ્યો. બાદશાહે પાસે જઈને કહ્યું, "માગ, માગ-જે માગે તે આપવા તૈયાર છું."

ભાવસારે કહ્યું, 'અમે તો અમારા ધર્મના મંત્રો બોલ્યા છીએ. અમારે કાંઈ જોઈતું નથી, પણ અમારા ધર્મનો ફેલાવો કરવાની છૂટ અમને મળવી જોઈએ.' બાદશાહે તે વાત કબૂલ કરી, અને બંને જણાએ જૈન ધર્મનો ખૂબ પ્રચાર કર્યો.

કોઈપણ સ્તોત્ર કે મંત્રની પાછળ શ્રદ્ધા જ કામ કરે છે. માટે જપ જપનારમાં શ્રદ્ધા-અતૂટ શ્રદ્ધા, અચલ શ્રદ્ધા હોવી જોઈએ, તે પરમાવશ્યક છે.

સોઽહમ્‌ની સાધના કરનાર મહાત્મા

પંજાબમાં 'સ્યાલકોટ' જિલ્લામાં, ડસકા તાલુકામાં મુડેકી ગામમાં 'સિદ્ધ યોગી શ્રી બાબા કુલસિંહ' રહેતા હતા, એ

પોતાના અભ્યાસને લેખા કહેતા હતા. લેખા શબ્દનો અર્થ હિસાબ કરવો એમ થાય છે. એનો જપ એ જ એના લેખા (હિસાબ) હતા. જ્યારે કોઈ પૂછે કે, બાબાજી શું કરી રહ્યા છો ? તો કહેતા કે ' લેખા કરું છું.' એની પાસે દિવસભર વાતો કરો, પણ એને કંઈ જ ખબર પડે નહિ કે, શું થઈ રહ્યું છે. કોઈ વ્યક્તિ એને કંઈ કહે તો બીજીવાર, ત્રીજીવાર કહેવા પર ' હા ' કહી દેતા, અને વાત ત્યાં જ સમાપ્ત થાય અને પાછા જપમાં મગ્ન થઈ જતા. જ્યારે તેમની ઉંમર લગભગ ચાલીસ વર્ષની થઈ ત્યારે તેના કુટુંબીજનોએ બેકારીથી તંગ થઈ સલાહ કરી કે, આ કાંઈ કરતો નથી ને મજામાં ખાય છે, ને ગૂમસૂમ બેઠો રહે છે, એને કાંઈક કામ સોંપવું જોઈએ. એવો વિચાર કરીને બાબાજીને કહેવા લાગ્યા કે તમે આખો દિવસ નકામાં બેઠા રહો છો, તો બીજું કાંઈ નહિ તોપણ ઘરની ગાયો, ભેંસોને ચરાવવા લઈ જાઓ. બાબા કુલસિંહનો એ નિયમ હતો કે જે કોઈ એને કામ કરવાનું કહે તો બે વાર નિષેધ કરી દેતા અને ત્રીજીવાર કહેવાથી હા પાડતા. નિયમાનુસાર ત્રીજીવાર કહેવાથી એમણે હા પાડી. અને ત્યારથી ગાયો, ભેંસો વગેરેને ચરાવવા જંગલમાં લઈ જતા. અને જ્યાં મેદાન હોય ત્યાં બેસતા. ત્યાં ચારે બાજુ લોકોના લીલાંછમ ખેતરો હતાં. એક ગાયને પુચકારીને તેની પીઠ પર હાથ ફેરવતા, ફેરવતા કહેતા કે, " બેટા ! જો કોઈના ખેતરમાં ચરવા જઈશ નહિ, કેમ કે મનુષ્યોનો ભાગ છે. જ્યારે એ પોતાનો ભાગ (અનાજ) તેમાંથી લઈ લેશે, ત્યાર પછી એ ચારો તમને જ મળવાનો છે. " જ્યારે તેઓ આ પ્રમાણે કહેતા ત્યારે બધા જાનવરો ચૂપચાપ

શાંતિથી ઊભા રહેતા અને બાબાજીની વાતને સાંભળતા અને સમજી લેતા. એટલું કહીને બાબાજી તો કોઈ એકાંત જગ્યામાં બેસીને જપમાં લીન બની જતા. પરંતુ શું તાકાત છે કે, કોઈ પશુ કોઈના ખેતરમાં જાય. દિવસના એને ચરાવતા અને સાંજે ઘેર પાછા લાવતા. નાના ગામડાઓમાં એવો રિવાજ છે કે, ખેડૂતો પોતાના છોકરાઓને પશુઓને ચરાવવા માટે મોકલે છે, અને છોકરાઓ બધા એક જ મેદાનમાં એને લઈ જાય છે, ગાયો વગેરે ચરતા રહે, અને છોકરાઓ બધા રમતા રહે છે. જ્યારે બપોર થાય ત્યારે એક છોકરો ગામમાં જઈને જમી આવે અને બીજાઓ માટે ભોજન લેતો આવે. જ્યારથી બાબાજી જાનવરોને ચરાવવા આવવા લાગ્યા ત્યારથી છોકરાઓને તો મજા થઈ ગઈ. બધા છોકરાઓ બાબાજીને કહેતા કે, " બાબા! તમે અમારા ઢોરને સંભાળજો, અમે ઘેર જઈએ છીએ. તમારે માટે ખાવાનું લેતા આવશું." બાબાજી કહેતા, " હા બેટા જાઓ, હું અહીંયાં જ છું " અને છોકરાઓ ચાલ્યા જતા. એક છોકરાની સાથે બાબાજી માટે ખાવાનું મોકલી આપતા. અને બધા છોકરાઓ આખો દિવસ રમત રમતા. દિવસ અસ્ત થતા પોતપોતાના ઢોરોને લઈ જતા, છોકરાઓએ જાણી લીધું હતું કે પશુઓને બાબાના ચાર્જમાં સોંપ્યાં એટલે આપણે બેફિકર થયા. પરંતુ વાત એમ હતી કે બાબાજી તો દિવસભર પોતાના અભ્યાસમાં જ લીન રહેતા અને તેને સ્વાધીન પશુઓ ચૂપચાપ ચરતા રહેતા હતા. પણ કોઈના ખેતરમાં જતા નહિ, પરસ્પર લડતા નહિ, જે જાનવર તોફાની અને મસ્તીખોર હોય તે પણ બાબાજીને સ્વાધીન થવાથી તોફાન કરવાનું ભૂલીને શાંત

બની જતું. જ્યારે આ વાતની લોકોને ખબર પડી ત્યારે એક માણસ કહે, "બાબા! એક ભેંસ મારી પણ, બીજો, આ એક ગાય મારી પણ, ત્રીજો, આ એક વાછરડું મારું પણ–" એમ જાનવરોનો વધારો થવા લાગ્યો. પણ બાબાજી તો કોઈને ના પાડે જ નહિ. ભલે બેટા! તમે પણ મૂકી જાઓ. પણ પાછળથી લોકોને ભય લાગવા માંડયો કે, બાબા સિદ્ધ યોગી છે, કદાચ રોષ કરશે તો ન માલૂમ શું કરે? માટે એને કંઈ જ ન કહેવું. ઘરવાળાઓએ પણ એને કોઈ કામ સોંપવાનું છોડી દીધું અને બાબાજીને છૂટ્ટી મળી ગઈ. બાબાજીનો સ્વભાવ એવો હતો કે, દરેક પ્રકારના અનિષ્ટ પ્રસંગને પણ ઈષ્ટ માનીને સંતુષ્ટ રહેતા હતા. ગુજરાનવાલા ગામથી બાબાજીનું ગામ દશ કે બાર ગાઉ હતું. ત્યાંના રાયસાહેબે પોતાને ત્યાં તેમને બોલાવ્યા તેથી બાબાજી ત્યાં ગયા. અને પંદર દિવસ ત્યાં રહ્યા. એ સમયે હોશિયાપુરનો એક વૈદ્ય રાયસાહેબના ઘેર આવ્યો, તે નેત્રોની ચિકિત્સા કરતો હતો. તેણે બાબાજીને વારંવાર કહ્યું કે, "તમારા નેત્રોની ચિકિત્સા કરાવી લો. બાબાજી બોલ્યા, ભાઈ! મારી આંખો તો સારી છે, મારે કોઈ ચિકિત્સા કરાવવી નથી. ત્યારે તે વૈદ્ય કહ્યું: વધારે સારી કરી આપીશ." અંતે તેણે નસ્તર કર્યું. અને આંખોને સુધારવાને બદલે બગાડી નાંખી. જ્યારે રાયસાહેબને એ વાતની ખબર પડી તો વૈદ્યને પકડી મંગાવ્યો, અને કહેવા લાગ્યા કે, 'એને કેદ કરશું એણે તમારી આંખને ખરાબ કરી છે, એથી અમો એને સજા કરશું.' બાબાજી બોલ્યા, 'નહિ, નહિ' રાયસાહેબ એમ ન કરો. એને તો મારું ભલું કરવાનો જ વિચાર હતો, પણ મારું દુર્ભાગ્ય કે, અશુભ થયું.

રાયસાહેબે કહ્યું કે–"નહિ બાબજી, એ જાલિમ છે. તેને સજા થવી જ જોઈએ, જેથી તે ભવિષ્યમાં આવા કાર્યો ન કરે." બાબાજી કહે, એને છોડી મૂકો. અને તેને છોડી દીધો. તે પોતાના પ્રાણ બચાવવા રફુચક્કર થઈ ગયો. ત્યાંથી બાબાજી જ્યારે ઘેર આવવા નીકળ્યા ત્યારે રાયસાહેબે એક એક્કામા તેમને બેસાડયા, અને એક્કાવાળાને કહ્યું કે, બાબાજીને કુશળતાપૂર્વક પહોંચાડી આવો. કોઈ બીજાને એક્કામાં ન બેસાડજો. પરંતુ તે લાલચુએ આગળ જઈને બીજા માણસોને બેસાડયા. બાબાજી સંકોચાઈને બેસતા ગયા. એક્કાવાળો પૂછતો, બાબાજી બેસાડું ? બાબાજી કહેતા, બેસાડો. મુડેકી ગામનો તલાટી આર્યસમાજી હતો, છતાં બાબાજીનો પરમ ભક્ત હતો. એકવાર લાહોરમાં આર્યસમાજના વાર્ષિકોત્સવ ઉપર તલાટી બાબાજીને પણ સાથે લઈ ગયો, ત્યાં જાન વગેરે ઉતરવાની જગ્યા હતી ત્યાં જઈને રહ્યા. બાબાજી કોલાહલથી બચવા માટે એક દાદરા નીચે અંધારી કોટડીમાં એક ખૂણામાં જઈને બેસી ગયા, અને ત્રણ દિવસ સુધી ત્યાં જ બેસી રહ્યા. શોધખોળને અંતે તેમનો ત્યાંથી પત્તો લાગ્યો. ન ખાવાનું ભાન, ન પીવાનું ભાન. બસ જપની મસ્તીમાં લીન, ત્યાં ભૂખ તરસ કેવી ? એકવાર તલાટી બાબાજીને ગુરુકુલમાં ઉત્સવ ઉપર લઈ ગયા. ત્યાં પહોંચીને જ્યાં બેસાડયા ત્યાં જ બેસી રહ્યા. જેમ આવ્યા હતા તેમ જ ચાલ્યા ગયા. એના યોગાનંદ પાસે ઉત્સવ શું વિસાતમાં ? પરંતુ તલાટી તો ઉત્સવમાં એટલા નિમગ્ન થઈ ગયા કે, બાબાજીના ખાવાપીવાની પણ સંભાળ રાખી શકયા નહિ, જ્યારે યાદ આવ્યું ત્યારે ક્ષમા

યાચવા લાગ્યા કે, મારી ભૂલ થઈ ગઈ. તોપણ બાબાજી કહે કે, બેટા! અમે તો આનંદમાં છીએ, મને ભૂખ લાગી જ નથી, તમે તમારે ઉત્સવ જુઓ. ભૂખના આવા હાલ હતા. કોઈ ખાવાનું લાવીને રાખી દે અને બાબાજીને કહે કે, ખાઓ, ત્યારે કહે કે, ખાઉં છું, ભોજન કર્યા પહેલા જરા ઈશ્વર-ચિંતન કરી લઉં અને ચિંતન કરતા, કરતા સમાધિમાં લીન થઈ જતા, અને ખાવાનું પડયું રહેતું. સવારથી સાંજ અને સાંજથી સવાર સુધી, જ્યારે કોઈ ભોજનને એમ જ પડેલું જોતું ત્યારે કહેતું, બાબાજી! ભોજન કર્યું નથી? તો કહેતા કરું છું. મિત્રો આજે એકાદ કલાક વિલંબથી ભોજન મળે તો કેવી દશા થાય છે. કહે કે:-

"ભૂખે ભજન ન હોય ગોપાલા,
યહ લો અપની કંઠી માલા."

હવે તૃષા પર કેવો કાબૂ હતો તે સાંભળો. એકવાર બાબાજી ગામ ગયા હતા. એ ગામ બાબાજીના ગામથી ૧૨૫ માઈલ દૂર હતું, જ્યારે ત્યાંથી પાછા આવતા હતા ત્યારે તૃષા લાગી. સડક ઉપર જ્યારે તરસનો ખ્યાલ આવતો ત્યારે વિચારતા કે આગળના ગામમાં પાણી પીશું અને આગળ ચાલતા રહેતા. પરંતુ જપની ધૂનમાં લીન રહેવાને કારણે ગામ ચાલ્યું જતું તો વળી વિચારતા-હવે આગળ ગામ આવશે ત્યારે જોશું. એમ કરતાં ત્રીજે દિવસે પોતાને ઘેર પહોંચતા. જે મહાન પુરુષ ગરમીની ઋતુમાં એકસો પચ્ચીસ માઈલની પગની યાત્રામાં તૃષા ઉપર આટલો કાબૂ

રાખી શકે એની પાસે ભૂખ બિચારીની શી દશા ? બાબાજીની પાસે એક કૂતરો બેસી રહેતો હતો, બાબાજીએ એનું નામ 'સંતોષી' રાખ્યું હતું. જ્યારે સવારે, સાંજે આવશ્યક ક્રિયાઓ માટે ઊઠતા ત્યારે તેની સાથે વાતચીત કરતા. તે દુમ (પૂંછડી) હલાવતો, હાથ-પગને ચાટતો, તે આગળ જતા તો આગળ દોડતો, જ્યારે કોઈ વાર એવું બનતું કે પોતે ભોજન ન ખાઈ શકતા અને પડ્યું રહેતું, તો સમાધિમાંથી ઊઠીને કહેતા, "સંતોષી! તું કેમ ભૂખ્યો રહ્યો? ખાવાનું તો પડ્યું હતું, તારે-ખાઈ લેવું હતું. અમે તો જપમાં લીન હતા." પાછા પોતે જ એના તરફથી બોલતા. સંતોષીએ વિચાર્યું હશે કે, બાબાજી મારશે, જો ખાઈશ તો, વગેરે, વગેરે. ઘણીવાર એવું થતું કે સાંજના પોતાની બેઠકમાં બેઠા હોય, ત્યારે ત્યાં છોકરો આવે અને દીવો કરીને ચાલ્યો જાય અને બાબાજીને કહે, "બાબાજી ધ્યાન રાખજો, હું ભોજન કરવા ઘેર જાઉં છું." બાબાજી કહેતા, "બેટા ! જાઓ, હું બેઠો છું." એ વાતને પછી રાત વીતી જતી, બીજો દિવસ વ્યતીત થઈ જતો, અને પાછો તે જ સમય આવતો તો પોતાની જાતે જ બોલતા કે, "બેટા, જાઓ, જાઓ, ભોજન કરી આવો. તું કહેતો હતો કે હું જાઉં છું અને ગયો નહિ." ધ્યાનમાં આઠ પહોર વીતી ગયા છતાં, એમને તો ક્ષણભર સમાન લાગતું. સીધા-સાદા, સરલ, નિર્દોષ બાલક જેવા હતા, તે એટલે સુધી કે, એકવાર બે ત્રણ ગાઉ ઉપરના એક ગામમાં વિવાહમાં ગયા, જ્યારે વિવાહ થઇ ગયો ત્યારે ઘેર આવવા લાગ્યા, ત્યારે કોઈએ કહ્યું- 'બાબાજી ઘોડી લઈ જાઓ.' તે

બોલ્યા, 'પાછી ઘોડીને મૂકવા કોણ આવશે ?' 'એને છોડી મૂકશો તો તે પોતાની મેળે પાછી આવી જશે.' બાબાજી ઘોડી ઉપર બેસીને પોતાને ઘેર આવ્યા, અને પાછા ઘોડીને મૂકવા એને ગામ ગયા અને તે પોતે પગે ચાલીને પાછા આવ્યા.

શ્રી પં. દૌલતરામજી કહેતા હતા કે, એકસોવીસ વરસની ઉંમરે માથાના, દાઢીના અને મૂછોના વાળ જે સફેદ હતા તે કાળા થઈ ગયા. વૃદ્ધાવસ્થાના દાંત પડી ગયા અને બીજા નવા દાંત આવ્યા હતા, અને નવયુવાન જેવા બની ગયા હતા. એટલી ઉંમરે પણ ચાલવાની ગતિ તેજ હતી, સામાન્ય માનવી તેમની સાથે ચાલી શકે નહિ.

પં. ગણપતિ શર્મા કહેતા હતા કે-શાસ્ત્રોનું જે રહસ્ય અને મર્મ મારા સમજવામાં આવતું નહોતું, તો તેમની પાસે જઈને સંશયોનું નિરાકરણ કરતો હતો. બાબાજી નૈષ્ઠિક બ્રહ્મચારી હતા. તેઓ પોતાના જપ-ધ્યાનના અભ્યાસમાં એટલા લીન રહેતા હતા કે, સોળ વરસની ઉંમરથી એકસોઅઠ્ઠાવીસ વરસની આયુ સુધી કોઈવાર નિદ્રા લીધી નહિ. (ડોકટરો ધ્યાન આપે) જીવનમાં કોઈ રોગ થયો નહિ. મૃત્યુ પહેલા એક દિવસ અગાઉ તાવ આવ્યો અને તે જ દિવસે ઉતરી ગયો, ત્યારે બોલ્યા કે, 'અકાલ પુરુષ'નો હુકમ આવ્યો છે, હવે ચાલશું (જઈશું).

"બાબાજી થોડા દિવસ વધારે રહો" તો કહે, "ઘણા દિવસ રહ્યા. (સૂર્ય તરફ આંગળી કરીને) કહે કે એનું કામ પ્રતિદિન

ઉદય અને અસ્ત થવાનું જ છે, થોડા દિવસ વધારે રહ્યા તો પણ જવાનું નિશ્ચિંત જ છે ”

બાબાજી કયાં જશો ? કહેતા કે, ‘ અકાલ પુરુષની પાસે.’ ગામના તલાટીને (જે તેમનો ભક્ત હતો) કહે કે, “ કાલે પ્રાતઃકાલે પુરુષનો હુકમ છે–તમે જલદી આવજો. ”

તલાટીએ જાણ્યું કે. અમસ્થા બોલતા હશે. અને સાચું માન્યું નહિ, અને સવારે ગયા પણ નહિ,–પરંતુ બાબાજી તો પરલોક ચાલ્યા ગયા. **તલાટીને** શું ખબર કે, યોગીઓના મરણ કેટલી સરળતાથી થાય છે ? પાછળથી તેને ઘણો પશ્ચાત્તાપ થયો, પણ તે શા કામનો ?

અંતમાં, મહાત્માજીનો જીવનને સફલ બનાવનાર અમૂલ્ય ઉપદેશ વાચકોની સેવામાં સમર્પણ કરીને આ નિબંધને સમાપ્ત કરશું.

જ્યારે કોઈ પૂછતું કે, ‘ બાબાજી, આ યોગ તમને કોણે શીખડાવ્યો ?” તો કહેતા કે, “ બેટા ! કોઈ મહાત્માએ શીખડાવ્યા.”

બાબાજી ‘ પહેલા પહેલા શું બતાવ્યું હતું ?’ તો કહેતા કે, “ બેટા ! સાધુએ કહ્યું હતું કે, “ સોઽહમ્ સોઽહમ્ ”નો જપ કરતા રહો, અને અમે એ પ્રમાણે કર્યું.”

બાબાજી, પછી આગળ શું થયું ? તો કહેતા કે, શરૂ કરી દીઓ, સોઽહમ્‌નો જપ કરવા મંડી જાઓ–એ માર્ગમાં ચાલવા લાગો, તો આગળ રસ્તો પોતાની મેળે મળી જશે, જાણવામાં

આવશે. તમારા હૃદયમાં બિરાજમાન પરમાત્મા સ્વયં તમારો માર્ગદર્શક બની માર્ગ બતાવશે.

ૐ શાંતિ શાંતિ શાંતિ.

સોડહમ્ ચમત્કાર

એક જૈન સાધ્વીજી જેમનું નામ સ્વર્ણપ્રભાશ્રી હતું. તેઓએ યોગાભ્યાસની શરૂઆત કરી ત્યારે ધ્યાન સહ અઢીસો સોડહમ્ મંત્રની માળાનો પણ જપ ચાલુ કરેલો. આ અભ્યાસ કરતાં, કરતાં લગભગ નવ વર્ષ ઉપરાંતનો સમય વ્યતીત થઈ ગયો હશે. તે સમયે તેઓએ પોતાના શરીર માટે પ્રાકૃતિક ચિકિત્સા પ્રારંભ કરી. તેમાં પ્રથમ દિવસ કેવલ ગરમ પાણી પીને ઉપવાસ કરેલ. પાણી ગરમ અમુક માત્રામાં પીવાથી તેમને લગભગ બારથી એકના સુમારે દિવસના ઊલટીઓ વગેરે થવા લાગી અને સાંજ પડતા, પડતા તો તબિયત બહુ જ ખરાબ થઈ ગઈ. હાથ-પગની નાડીઓ તૂટતી હોય એવો અનુભવ થવા લાગ્યો અને છાતીમાં અસહ્ય વેદના થવા સાથે પ્રાણાંત કષ્ટ થવા લાગ્યું. હાથ-પગની નાડીઓને માલિશ કરે તો જ જરા સારું લાગે નહિતર વેદના સહન થાય નહિ. જેમ જેમ રાત વધતી ગઈ તેમ તેમ પરિસ્થિતિ વધારે બગડતી ગઈ. જનતા બધી એકત્ર થઈ ગઈ. બધાએ ધારી લીધું કે મૃત્યુ ક્ષણે, ક્ષણે નીકટ આવી રહ્યું છે અને કઈ ક્ષણે પ્રાણને લઈને ચાલ્યું જશે તે કહી શકાય નહિ. ભાન પણ જેવું જોઈએ તેવું નહોતું. જૈન સાધુ-સાધ્વી રાત્રીના સમયે અન્ન પાણી કે બીજી કોઈ વસ્તુ ખાઈ કે પી શકે નહિ તેનો તેમણે

ત્યાગ કરેલો હોય છે, તેથી બીજો કોઈ ઉપાય ભક્તજનો કરી શકે તેમ હતું નહિ. આવી અસહ્ય પીડાના સમયે સાધ્વીજીએ એકાએક જોરજોરથી 'સોઽહમ્....સોઽહમ્'નું ઉચ્ચારણ કરવા માંડ્યું. ત્યાં રહેલ વૈદ્ય વગેરેએ કહ્યું, તેમને બોલતા રોકો. પણ દર્દીનું તો પોતાની અર્ધ જાગ્રત ચેતનામાં 'સોઽહમ્ સોઽહમ્'નું રટણ ચાલુ જ હતું. તે પણ ધીમે, ધીમે નહિ. જોર-જોરથી. ન માલૂમ આવું રટણ કેટલીવાર ચાલ્યું હશે અને તે જ રટણ કરતાં, કરતાં એક અદ્ભુત ચમત્કાર સર્જાયો. એવી અસહ્ય વેદનાની પીડામાં તરફડતા સાધ્વીજી જપમાં એવાં લીન બની ગયા કે થોડીવારમાં જ તેમને સુખરૂપ નિદ્રા આવી ગઈ અને બધા ભક્તજનોને પણ શાંતિ થઈ.

એ નિદ્રામાં અમુક સમય પસાર થતાં, અને જાગ્રત થતા દર્દીનું બધું દર્દ અલોપ થઈ ગયું. જાણે દર્દ, વેદના હતી જ નહિ. આ છે મંત્રનો ચમત્કાર. દવા જે ન કરી શકે તે કામ આ મંત્રશક્તિએ કર્યું. એને જડીબુટ્ટી કહો અગર જે કહો તે આ મંત્રશક્તિનો પ્રભાવ છે. આપણા બધા જ દુ:ખો, દર્દો, સંકટો, વિપત્તિઓ વગેરેને દૂર કરવાનું સામર્થ્ય આ મંત્રશક્તિમાં છે, જરૂરત છે માત્ર વિશ્વાસપૂર્વક અનુષ્ઠાન કરવાની. ઘણા મનુષ્યો દર્દ માટે, દુ:ખો માટે, રાત દિવસ હાય હાય કરે છે અને ચિંતાતુર રહે છે અને તેઓના જીવનમાં રસ રહેતો નથી. રસહીન જીવન, પામર જીવન, મરવાને વાંકે જીવતા ઘણા મનુષ્યો હોય છે. તેઓએ આ અમૃત સંજીવની મંત્રરૂપ ઔષધિનું પાન કરી અમર આનંદમય જીવન જીવવા માટે ખાસ ભલામણ કરવામાં આવે છે, કે એક-

વાર આ મંત્રરૂપ ચિંતામણિનો જીવનમાં પ્રયોગ કરી તમારા સર્વ સંકટોથી મુક્ત થઈને આનંદમય જીવન જીવો. એકવાર મંત્ર પર વિશ્વાસ રાખીને મંત્રનું અનુષ્ઠાન કરીને તો જુઓ? હાથકંકણ આરસીની શું જરૂરત?

વિશેષ શું લખવું? આ તો અનુભવનો વિષય છે, **અનુભવ** કરો અને અમૃતના પાન કરો.

ભવ્યો! જાગ્રત થાઓ અને તમારી આત્મશક્તિમાં વિશ્વાસ કરો. બસ, એ જ શુભ કામના સહ વિરમું છું.

એક જૈન મહિલાનો અનુભવ

એક મુંબઈ નિવાસી જૈન યુવતી જેનું નામ અમરકુમારી હતું તે પોતાના ઉચ્ચ આદર્શને લક્ષમાં રાખી સાધુ–સાધ્વીઓના દર્શન કરવા અર્થે રાજસ્થાન, પંજાબ વગેરે સ્થળે ગયેલ. એમ અનેક સ્થળે દર્શન, સત્સંગનો લાભ લેતા, લેતા અને ફરતા, ફરતા દિલ્હી શહેરમાં દર્શન કરવા માટે ગઈ. પંજાબમાંથી મુનિઓના રહેઠાણ વગેરે જાણી લીધું હતું. દિલ્હીમાં તે જ્યારે સ્ટેશન પર ઊતરી ત્યારે લગભગ રાત્રીના નવનો સુમાર હતો. તે યુવતીએ સ્ટેશનથી બહાર નીકળીને એક ઘોડાગાડી ભાડે કરી અને ગાડીવાળાને કહ્યું કે, "બારાદરીમાં લઇ જા." દિલ્હીની અંદર બારાદરી નામનો એક રસ્તો હતો. અને મુનિઓ જે સ્થળે નિવાસ કરતા હતા તે મકાનનું નામ પણ બારાદરી હતું. બારાદરી નામનો રસ્તો છે એ વાતથી યુવતી અજાણ હતી. ઘોડાગાડીવાળાએ જ્યાં બારાદરી નામનો રસ્તો હતો ત્યાં આવીને, તે યુવતીને કહ્યું: "આ બારાદરી આવી

ગઈ. અહીંઆ ઉતરી જાઓ. તમે જે સ્થળે લાવવાનું કહેલ ત્યાં લાવ્યો છું. મારું ભાડું આપી દો." યુવતી ગાડીમાંથી ઊતરી ગઈ અને ભાડું પણ આપી દીધું. પણ આ અજાણ્યો પ્રદેશ, રાત્રીનો સમય અને ત્યાંની ભાષા શુદ્ધ હિંદી તે પણ યુવતી જાણે નહિ. ત્યાંના લોકોનો વેશ પણ મુસલમાન જેવો અને પોતે એકાકી. સામાન તો વિશેષ હતો નહિ, એક થેલી હતી તે હાથમાં લઇને ત્યાં ઘૂમવા માંડયું. અને રસ્તે ચાલતા માણસોને બારાદરી કયાં છે તે પૂછે પણ કોઈ ઉત્તર બરાબર આપે નહિ. અને કંઈ જ પત્તો લાગે નહિ. યુવતી ગભરાઈ ગઇ. રાત્રીનો સમય અને દિલ્હી જેવું મોટું શહેર શું કરવું ? એવે વખતે તેણે પોતાના ઈષ્ટમંત્ર નમસ્કારમંત્રનું મનોમન એકચિત્તે સ્મરણ કરવા માંડયું. હે પ્રભો ! અત્યારે આપનો જ એક આધાર છે. અને મંત્રનો જપ સતત મનમાં ચાલુ રાખ્યો. બધા લોકોને પૂછે પણ યુવતીની ભાષામાં તે લોકો બરાબર સમજે નહિ તેથી તેઓ ઉત્તર પણ બરાબર કયાંથી આપે ? પણ યુવતીએ તો શ્રદ્ધાપૂર્વક મંત્રનો જપ કરવો ચાલુ રાખ્યો. હવે યુવતી સતત મંત્રજપ કરતી હતી તેના પ્રભાવે ત્યાં ચમત્કાર થયો. શાસ્ત્રોમાં વર્ણન આવે છે કે સંકટ નિવારણ કરવા દેવો, આવતા તેજ પ્રમાણે એક દેવ કહો કે સજ્જન પુરુષ કહો, જે હોય તે ખરું ! તે દૈવીપુરુષ ત્યાં આવીને તે યુવતીના પૂછયા સિવાય જ કહેવા લાગ્યો : કહો બહેન, શી વાત છે ? યુવતીએ તેને સર્વ હકીક્ત કહી. તે સજ્જન પુરુષ માનવરૂપે સાચેસાચ દેવ જ હતો, યુવતીના હાથમાંથી થેલી (કોથળી) પોતે લઈ લીધી અને

પોતે આગળ ચાલ્યો અને પાછળ, પાછળ તે યુવતી ચાલી. યુવતીનો મંત્રજપ તો હજુ ચાલુ જ હતો, તે દેવીપુરુષ, બજારમાં દુકાનો પર તથા માનવોને બારાદરી કયાં છે તે વિશે પૂછે, પણ પત્તો લાગતો નહોતો. લગભગ આવી રીતે ફરતાં ત્રણેક કલાકે મુનિઓનું રહેઠાણ સાંપડયું પણ બાર વાગતા સુધી કોણ જાગ્રત હોય? ત્યાં જઈને તેમને જાગ્રત કર્યા અને ત્યાંનો સેવક પછી સાધ્વીઓના મુકામે બહેનને લઈ ગયો. તે દેવપુરુષે જાતે બધી વ્યવસ્થા કરી અને પછી અદૃશ્ય થઈ ગયો. કહેવાનો મતલબ એ છે કે–ઈષ્ટ મંત્રમાં કેટલી શક્તિ છે, તેનો પ્રત્યક્ષ પરિચય આવા સંકટને સમયે જ થાય છે. આવી નિરાધાર પરિસ્થિતિમાં મંત્રપ્રભાવે દેવપુરુષો સહાયક બને છે. તે દેવીપુરુષ કોણ હશે? તે વાચક બંધુ તું સ્વયં વિચારજે. બાકી આ બધો મંત્રનો જ પ્રભાવ હતો. આજકાલ લોકોને જેટલો ડૉકટરો ઉપર વિશ્વાસ છે તેટલો જો પ્રભુ ઉપર હોય તો કેટલું સારું? ધર્મ ઉપર, ઇશ્વર ઉપર કે મંત્ર પર જો શ્રદ્ધા હોય તો તે અવશ્ય ફળદાતા થાય છે જ. શાસ્ત્રમાં આ વાત પર ઘણું લખેલ છે, પરંતુ અત્યારનો માનવી ભણતર માત્ર પૈસા પ્રાપ્ત કરવા ખાતર જ ભણે છે. માનવનું લક્ષ અનિત્ય એવા ધન, વૈભવની વૃદ્ધિ તરફ જ છે પણ જીવન રૂપી ધન જે છે તેનું સંરક્ષણ વૃદ્ધિ વગેરે તરફ લક્ષ જ નથી, આ કેટલા ખેદનો વિષય છે. ભવ્યો! જાગ્રત થાઓ, ઊઠો, તમારી જીવન શક્તિ જાગ્રત કરનાર તમારા આત્મવિશ્વાસને પ્રગટ કરનાર, ફકત ઈશ્વરીશ્રદ્ધા, ધર્મશ્રદ્ધા અને મંત્રશક્તિ જ છે. તે ન ભૂલશો. મંત્રમાં મહાન શક્તિ છુપાયેલી છે, પણ તે શક્તિ પોતાનો પ્રભાવ

ક્યારે બતાવે જ્યારે મંત્ર પર અટલ શ્રદ્ધા હોય ત્યારે જ. **મંત્રમાં તો આજ પણ એ જ શક્તિ છે જે પૂર્વે હતી. ફક્ત વર્તમાન કાળે માનવોની તે પ્રત્યે પ્રીતિ, રુચિ અને વિશ્વાસ નથી. માટે શ્રદ્ધાને જાગ્રત કરવાની પરમાવશ્યક્તા છે.**

મુનીશ્રી જયપદ્મવિજય મહારાજનો સ્વાનુભવ

શ્રી નમસ્કાર મહામંત્રના પ્રભાવે ભયંકર ધડાકામાં અજબ બચાવ?

સને ૧૯૪૪ના મુંબઈમાં ગોદીના ભયંકર ધડાકા વખતે હું ગૃહસ્થપણામાં માંડવીમાં એક પેઢીમાં બેઠો હતો ત્યારે, એક વિમાન ગોદી ઉપર જઈને તરત જ પાછું ફર્યું. અને પહેલો ભયંકર ધડાકો થયો, અને મકાન ધ્રૂજી ઊઠ્યું, બારીના કાચ વગેરેના ભૂક્કા થઈ ગયા.

હું શ્રી નમસ્કાર મહામંત્ર ગણતો હતો, તેથી તર્ક કરીને બધાને સલાહ આપી, મામલો ગંભીર દેખાય છે, માટે જોખમ વગેરે લઈને દુકાન બંધ કરીને, પરામાં ચાલ્યા જવું. પરંતુ કોઈએ માન્યું નહિ. તમારે જવું હોય તો જાઓ. બધાને સંકટમાં મૂકીને એકલા જવાથી કાંઈ થાય તો, શું જવાબ આપવો?

જે થવાનું હશે તે થશે. નમસ્કારમંત્ર ગણવાનું ચાલુ હતું, એના પ્રભાવે (એટલામાં બીજો ધડાકો થયો, તે વખતે

મોટી તીજોરી પાછળ ઊભો હતો) બાજુમાંથી ભયંકર અગ્નિની જ્વાળા પસાર થવા છતાં રક્ષા થઈ. ઠેકઠેકાણે આગો લાગી. પછી કડક થઈને બધાંને ફરજીયાત તરત રવાના કર્યા. એ ભયંકર ધડાકામાં હજારો મૃત્યુ પામ્યા. ૮ દિવસ અને રાત્રી સુધી આગ ચાલુ રહી અને કરોડોનું નુકશાન થયું તે પ્રસિદ્ધ છે. એવી ભયંકર આપત્તિ વખતે મહામંત્ર સિવાય કોણ બચાવે?

શ્રી અનંતનાથજીનું જૈન દેરાસર સાવ સહિસલામત બચી ગયું અને તેના પ્રભાવે ઘી બજાર વગેરે બચી ગયા. તે ચમત્કાર જોઈને તે વખતના વાયસરોય લોર્ડ વેવેલ સાહેબે દેરાસરમાં આવીને પ્રભુજીની પાસે ટોપી ઉતારીને નમસ્કાર કર્યા. 'તમારા ભગવાન ખરા છે, બંદરમાં ભયંકર નુકશાન થયું, પરંતુ વચમા દેરાસરજી સેફ છે?'

સર્પનું ઝેર ઉતરે છે!

૨૦૦૩ના જેઠ મહિનાના દિવસો છે. સેજકપુરથી ધાંધલપુર તરફ વિહાર કરતાં ભવિતવ્યતાના યોગે, શ્રાવકે ભૂલથી બે રસ્તા ફંટાતા હતાં, ત્યાંથી ડાબા હાથને રસ્તે જવા કહ્યું. ત્યાં પહોંચ્યા ત્યારે ડાબા હાથના રસ્તે જવું અવ્યવહારુ લાગ્યું, જેથી સાથેના મુનિરાજને કીધું. તેમણે જેમ શ્રાવકે કીધું તેમ ચાલવા કહ્યું. તે રસ્તે ૧૫૦–૨૦૦ પગલાં જતાં તે ભાઈને ભૂલ સમજાઈ. તરત જ દોડતા બૂમ મારી ડાબે નહિ પણ જમણી બાજુ જવાનું છે એટલે અમે પાછા વળ્યા.

પાછા વળતાં ઝાડીમાંથી એક હાથનો પીળા રંગનો સર્પ (પડકું) રસ્તા ઉપર આવ્યો. એને ચૂકવવા મેં એના ઉપરથી

ફૂદકો માર્યો, પણ પાછળથી દોટ મૂકીને પગમાં પાછળના ભાગમાં કરડયું અને ઊંધું પડયું (જેથી ઝેર બરાબર ચડે) પછી એકદમ ભાગ્યું. મેં વિચાર કર્યો કે પૂર્વભવનું કંઈ માંગતો હશે તે લઈ ગયો. ઝેર ચડવા માંડયું. પગે કસીને પાટો બાંધી દીધો.

શ્રી નમસ્કાર મહામંત્ર અને ઉવસગ્ગહરં સ્તોત્ર ગણતાં, ગણતાં ધીમે, ધીમે ધાંધલપુર તરફ ચાલવા માંડયું, અને મુશ્કેલીથી ત્યાં પહોંચ્યા. ત્યાં બેઠો તે પછી બે દિવસ તો ઊઠી શકાયુ નહિ, પગ પર સોજા ચડી ગયા. લોકો જોઈને આશ્ચર્ય પામી કહેવા લાગ્યા કે તમે પાંચ માઈલ કેવી રીતે ચાલી શકયા? કોઈને કરડે એટલે ગાડામાં નાખીને લઈ જાય અને ઇચ્છિત સ્થળે પહોંચે એટલામાં તો ખલાસ થઈ જાય. અગર કોઇક જ બચે. મેં તો કહ્યું કે, દેવગુરુના પસાયથી અને શ્રીનમસ્કાર મહામંત્રના તથા ઉવસગ્ગહરં સ્તોત્રના પ્રભાવે બચી ગયો છું.

રેલ્વે પુલ ઉપર ચમત્કારિક બચાવ!

સં. ૨૦૦૮ના જેઠ મહિનામાં એક નાના સ્ટેશનથી નડિયાદ જતાં મોટો પુલ છે તેમાં માણસો માટે જુદો રસ્તો હતો તેથી પુલ ઓળંગવા માંડયો. એકાદ-બે ફૂટ બાકી હશે, ત્યાં પાછળથી ટ્રેન પુલ ઉપર ચડી જેથી આખો પુલ ધણધણવા લાગ્યો. હું જરા પણ આગળ વધી શકયો નહિ. શ્રીનમસ્કાર મંત્ર અને શ્રી શંખેશ્વર પાર્શ્વનાથ નમઃનું સ્મરણ કરવા લાગ્યો, અને સામી દિશામાં મોઢું રાખી ઊભો રહ્યો. એટલામાં નજીકના ફાટકનો વાવટાવાળો માણસ બૂમો મારતો મારી

સામે દોડતો આવ્યો, એટલામાં ટ્રેન પસાર થઈ ગઈ. તે કહેવા લાગ્યો કે, 'આ પુલ ઉપર ઘણા બાવા–ભિખારીઓ મૃત્યુ પામ્યા છે.' ડબાનો કોઈ દરવાજો ખુલ્લો હોય તો તે લાગે અને મૃત્યુ પામે. પરંતુ આપ સાહેબ નસીબદાર કે ગુડઝ ટ્રેન હતી, અને તેના બે ત્રણ દરવાજા ખુલ્લા હોવા છતાં વચમાં ન હતા. પરંતુ ફીટ હતા. જેથી બચી ગયા છો. આ પ્રભાવ બન્ને મંત્રોનો તથા શ્રીવર્ધમાન ઓળીનો! ગૃહસ્થાશ્રમમાં હું મુંબઈમાં રહેતો હતો. મહામંત્રના પ્રભાવે ટ્રામ, ટ્રેન, મોટર વગેરેના અકસ્માતથી જરામાં બચી જતો, તેમ જ હૂંડીપત્ર, બેન્ક વગેરેમાં ૨૫ હજારથી લાખ સુધી ખિસ્સામાં જોખમ રહેતું પરંતુ મહામંત્રના પ્રભાવે કોઈ દિવસ ચોર વગેરેનો ભય નડયો નહિ.

તપસ્વીશ્રી જયપદ્મવિજયજીના આ સ્વાનુભવો વાંચનારને નમસ્કારમંત્ર તરફ ભક્તિ, શ્રદ્ધા અને પ્રેમ પ્રગટાવનાર બનો.

નવકારમંત્રનો અદ્‌ભુત પ્રભાવ

ગુજરાત સમાચારમાં તા. ૧૬–૭–૭૨ ના જે લેખ આવેલ તે નીચે મુજબ છે.

જીવનની જળોજથામાં આજના માનવીને જગત નિયંતાનો વિચાર કરવાની ફુરસદ નથી, ત્યાં વળી મંત્રની ભાવપૂર્ણ ઉપાસના કેવી? પરંતુ વિદ્વાન મુનિશ્રી અમરેન્દ્રવિજયજી પોતાના પુસ્તક અચિંત્ય ચિંતામણિ નવકારમાં નવકારમંત્રના સામર્થ્યને બતાવી આપ્યું છે. વિજ્ઞાન અને ધર્મ ઉભયને જાણનારા મુનિરાજે

શ્રીગુલાબચંદભાઈનો એક અનુભવ આપ્યો છે. આ અનુભવ કરનાર વ્યક્તિનું સરનામું છે—શ્રી ગુલાબચંદ ખીમચંદ માસ્તર, નેમીશ્વરના દેરાસર સામે, આંબલીફળી, જામનગર. તો અહીં આપણે જોઈએ એમનો વિરલ છતાં સત્ય અનુભવ.

મંત્રની શક્તિ અમાપ છે. એની તાકાત અસીમ છે. એનું ક્ષેત્ર અપરિમેય (અમર્યાદિત) છે. આવો એક મંત્ર છે નવકાર મંત્ર, એ અચિંત્ય ચિંતામણિ છે. લઘુ નમસ્કાર સ્તોત્રમાં એનું વર્ણન કરતાં લખ્યું છે કે—

'શું એ મહારત્ન છે? કે શું એ ચિંતામણિ છે? કે એ કલ્પવૃક્ષ સમાન છે? ના, ના, નવકાર તો ચિંતામણિ અને કલ્પવૃક્ષ કરતાં પણ અધિક છે.'

પણ મૂળ વાત ઉપાસનાની રીત છે. સાધકની શ્રદ્ધાની, સજ્જનતાની છે. એના અનુષ્ઠાન પાછળ વ્યાપક અને ઉદાત્ત ભાવના ધરાવવાની છે.

આ નવકારની તાકાતના ઘણા અનુભવો જામનગરના શ્રી ગુલાબચંદભાઈને થયા છે. નવકારના બળ આગળ એમનું જીવલેણ દર્દ પાછું પડી ગયું. આજથી સત્તાવીશ વર્ષ અગાઉ બનેલી એ ઘટના વિશે ગુલાબચંદભાઈ કહે છે—મને કેન્સરનું જીવલેણ દર્દ થયું. એની પહેલાં છ માસથી માથામાં ઘણો દુઃખાવો હતો. ડૉકટરોને પણ મેં બતાવેલ, પણ રોગ કોઈ કળી શકયું નહીં. એક દિવસ કફમાં લોહી દેખાયું. મારા ફેમિલી ડૉકટરને વાત કરી. એમણે તપાસીને કેન્સર હોવાનું કહ્યું. એ પછી ડૉ. કુપરને દેખાડયું, ત્યારે એમણે કહ્યું કે, 'હમણાં

પેનિસિલિનનાં ઈન્જેકશનનો કોર્સ લો, એ પહેલાં કંઈ જ ઉપચાર કરી શકાય તેમ નથી.' ગળું અંદરથી તેમ જ બહારથી સૂજી ગયું હતું. આ પહેલાં ખોરાક તો ઓછો થઇ જ ગયેલો. રોટલી પણ પાણીના ઘૂંટડા સાથે મુશ્કેલીથી ઊતરતી. હવે ગળું એકદમ સંકોચાયું.

બીજે દિવસે અમે ડૉ. કે. પી. મોદીનું એપોઈન્ટમેન્ટ લીધું. એમણે તપાસીને કહ્યું કે દર્દ ઘણું જ વધી ગયું છે. ટ્રીટમેન્ટની વાત તો બાજુએ રાખો, પણ અંદરથી કટકી કાપીને તપાસ-બાયોપ્સી કરી શકાય એવી સ્થિતિ પણ નથી રહી. એમણે મારા ફેમિલી ડૉકટરને બાજુએ લઈને કહી દીધું કે એક બે દિવસનો હું મહેમાન છું. અને, શાંતિથી આયુ પૂર્ણ થાય તે માટે, ઘેનનાં ઈન્જેકશન આપવા જણાવ્યું. અમે નિરાશ થઈ પાછા ફર્યા.

છેલ્લાં ચાર-પાંચ દિવસથી પાણી પણ ઊતરતું ન હતું. તરસ તો એવી લાગી હતી કે જાણે માટલે માટલાં પાણી પી જાઉં! મેં મારા ફેમિલી ડૉકટરને કહ્યું કે, 'બીજું ભલે કંઈ ન થાય, પણ હું પાણી પી શકું એવું કંઈક કરો.' એમણે આશ્વાસન આપ્યું: 'આજની રાત કાઢી નાખો, કાલ સવારે એ માટેનો પ્રબંધ કરીશ. નળીથી તમને પાણી આપીશ.'

હું ઘેર આવ્યો. તરસની પીડા અસહ્ય બની હતી. પહેલાં કહ્યું તેમ, એ સમયે એકાએક નવકાર મહામંત્રનું સ્મરણ કરવાની મને સ્ફુરણા થઈ.

ત્યારે સાંજના લગભગ સાડાસાત વાગ્યા હશે. મેં બહારથી કોઈ આવે નહીં, કંઈ ડખલ ન થાય, એટલા માટે ઘરનાં બારણાં બંધ કરાવ્યાં કુટુંબીઓને એકઠાં કરી સૌની સાથે મેં ખમત ખામણાં કર્યાં. જીવન દરમિયાન થયેલ વૈરવિરોધ માટે સૌની સાથે માફીની લેવડદેવડ કરી લીધી. અને સાથે જગતના સર્વ જીવોને ખમાવી અંતઃકરણપૂર્વક મૈત્રીભાવની ઉદ્ઘોષણા કરી :

"खामेमि सव्वे जीवा, सव्वे जीवा खमंतु मे,
मित्ति मे सव्व भूएसु, वेरमज्झ न केणई."

અને ભાવના ભાવી કે, 'જગતના સર્વ જીવો સુખી થાઓ, સુખી થાઓ; જગતના સર્વ જીવો નીરોગી બનો, નીરોગી બનો, નીરોગી બનો, સર્વ જીવોનું કલ્યાણ થાઓ, કોઈ પાપ ન આચરો, કોઈ દુઃખ ન પામો, જગતના સર્વ જીવો કર્મથી મુક્ત બનો, મુક્ત બનો.'

અંતઃકરણના ઊંડાણમાંથી આ ભાવના કરી હું નવકારના ધ્યાનમાં લાગી ગયો.

'રખેને મારી દુર્ગતિ થઈ જાય' એ ભયથી, ખૂબ જ જાગૃતિ-પૂર્વક હું નવકારમંત્રમાં લીન બન્યો. હવે મારે બીજું કંઈ જોઈતું ન હતું. મને ધૂન લાગી હતી સદ્ગતિની. સદ્ગતિ થાય એ માટે હું નવકાર અને ભાવનામાં-વીસ પચીસ નવકાર અને ફરી સર્વ જીવો પ્રત્યે મૈત્રીની પૂર્વોક્ત ભાવનામાં લાગી ગયો. એમાં ચિત્ત પરોવવાથી હું વેદનાને થોડી ભૂલ્યો. અગિયાર વાગે મને જબરજસ્ત ઊલટી થઈ આખું તપેલું ભરાઈ ગયું! હું બેહોશ થઈ ગયો. ઘરના માણસો સમજ્યા કે આ છેલ્લો ચાળો

છે. રડારોળ કરવા લાગ્યા. થોડીવારે હું ભાનમાં આવ્યો. મને કંઈક સારું લાગ્યું. મેં પાણી માગ્યું, બે ત્રણ લોટા પાણી પી ગયો! પણ મને હજી એ જ ધૂન હતી કે સદ્ગતિ ન ચૂકું. નવકાર અને ભાવના ચાલુ રાખ્યા. મારી બા કહે, 'થોડું દૂધ લેવાશે?' મેં કહ્યું: 'જોઉં લાવો!' મેં એક કપ દૂધ પણ પીધું. આ પહેલાં પાંચેક દિવસથી પાણીનું ટીપું પણ ગળાની નીચે જતું ન હતું નવકાર અને ભાવના તો ચાલુ જ હતાં.

રાત્રે મને ઊંઘ આવી ગઈ. છેલ્લા છ દિવસથી ઊંઘ નહોતી આવી. પાચ-છ કલાક હું ઘસઘસાટ ઊંઘ્યો. ઘરનાં માણસો તો હજુ એમ જ માનતાં હતાં કે હું બે-ચાર ઘડીનો મહેમાન છું. સવારે હું ઊઠયો ત્યારે સ્ફૂર્તિ જણાઈ-જાણે નવજીવન ન મળ્યું હોય! મેં ચા-પાણી લીધાં, હું ભાવના અને નવકાર મૂકતો ન હતો.

ધીરે, ધીરે હું દૂધ, રાબડી વગેરે પ્રવાહી ખોરાક લેવા માંડયો. દૂધની કેવળ મલાઈ વગેરે પૌષ્ટિક ખોરાક મને આપવા લાગ્યા. એક અઠવાડિયામાં તો હું શીરો વગેરે લેવા લાગ્યો!

અમારા ફેમિલી ડૉકટરને સાથે લઈ અમે મોટા ડૉકટરને બતાવવા ગયા. મને જોઈને એમને ઘણું આશ્ચર્ય થયું. બધી વાત કરી. એ કહે: 'તમે છેલ્લાં ચાર-પાંચ દિવસથી ખાધું ન હતું, ઊલટી શાથી થઈ? ગળું શાથી ખૂલી ગયું? તમે શું શું ઉપચાર કર્યા હતા? કોઈ દવા લીધી હતી? વૈદ્યાદિકની પણ કોઈ દવા કરી હોય તો તે કહો, જેથી બીજા દરદીઓ ઉપર તે અજમાવી શકાય.'

મેં કહ્યું કે, 'મે કોઈ દવા લીધી નથી, પ્રભુનું નામ લીધું છે.' મેં કોઈ ઉપચાર કર્યો હોય તે કઢાવવા ડૉકટરે ઘણા પ્રશ્નો પૂછયા, પણ મારી પાસે બીજું કંઈ જ કહેવાનું હતું નહિ. ડૉકટરને લાગ્યું કે હવે કંઈક ટ્રીટમેન્ટ કરવી જોઈએ.. એમણે લાઈટ લેવાનું કહ્યું. મેં લાઈટ લેવાનું નક્કી કર્યું. અઠાવીસ સીટિંગ લાઈટ લીધી. પણ મને તો હવે ખાતરી થઈ ગઈ હતી કે નવકારથી જ બધું મટી જશે. એટલે લાઈટ લેવા જતાં રસ્તામાં, બસમાં, ઘેરથી નીકળતાં બધે જ ઠેકાણે હું નવકારનું રટણ ચાલુ રાખતો.

'આરાધના માટે આ થોડો સમય મળી ગયો છે, હું હવે ચાર–છ મહિના કાઢીશ' એમ મને લાગ્યું. તેથી હવે સદ્ગતિ ચૂકી ન જવાય એટલા માટે નવકાર અને ભાવનાનો કાર્યક્રમ મેં ચાલુ જ રાખ્યો હતો. વચ્ચે વચ્ચે મનનું ચેકિંગ (નિરીક્ષણ) કરતો કે શું વિચાર ચાલે છે? 'બીજો કોઈ વિચાર મનમાં ઘૂસી જશે, તો સદ્ગતિ અટકી જશે.' એ બીકે મન પર પાકો ચોકી પહેરો રાખતો.

જેમ ઘરમાં કોઈ ચોર–ડાકુ પેસી ન જાય તે માટે દરવાજે પહેરેગીર હોય છે, તેમ મનમાં કોઈ ખરાબ વિચાર પેસી ન જાય, તે માટે મેં મન ઉપર આત્મજાગૃતિની ચોકી મૂકી દીધી. થોડા વખતમાં મને તદ્દન સારું થઈ ગયું. આજે એ વાતને પંદર વર્ષ વીતી ગયાં છે.

મને તો કેન્સરે લાભ કર્યો. કેન્સર ન થયું હોત તો કદાચ હું ધર્મમાં ન જોડાયો હોત. મને જિવાડનાર નવકાર છે એમ હું માનું છું. તેથી નવકાર એ મારે મન સર્વસ્વ છે.

સામે મોત પંજો ઉગામીને વાટ જોતું હતું. ઘડી–બે ઘડીનો આ દુનિયાનો મહેમાન સહુની વિદાય વેળાએ ક્ષમા માગતો હતો, ગળાના કેન્સરનું જીવલેણ દર્દ વધુ ને વધુ પ્રસરતું હતું. ખાવાનું બંધ થયું. પાણી લેવાનું અશક્ય બન્યું. માટલાં–માટલાં પાણી પી જવાની તરસ લાગે અને ગળામાંથી એક ટીપું પાણી ન ઉતરે.

મરણની આ કપરી વેળાએ ગુલાબચંદભાઈએ પવિત્ર નવકાર-મંત્રનું સ્મરણ કર્યું. ધીરે, ધીરે પાણી લેવાતું થયું. થોડે દિવસે ખાવા પણ માંડ્યું. મોટા–મોટા ડૉક્ટરોએ હાથ ધોઈ નાંખ્યા હતા, એ કેસ ચમત્કારિક રીતે સુધરવા લાગ્યો. પ્રભુનામનો ઉપચાર સહુથી કારગત નીવડ્યો. આજે એ જીવલેણ વ્યાધિ મટ્યાને સત્તાવીશ વર્ષ થઈ ગયાં. હજી ગુલાબચંદભાઈ રોગ-મુક્ત તંદુરસ્ત જીવન જીવી રહ્યા છે. ધર્મધ્યાનની અવગણના કરનારના જીવનને ધર્મધ્યાને બચાવી લીધું. એ પછી તો દૃઢ શ્રદ્ધાથી ગુલાબચંદભાઈ નવકારમંત્રની ઉપાસના કરવા લાગ્યા. એમના ભૌતિક અને અધ્યાત્મિક જીવનમાં અવનવું પરિવર્તન થતું ચાલ્યું. એનો સિલસિલાબંધ ઈતિહાસ આલેખતાં તેઓ કહે છે—

'મારો રોગ ગયો એટલું જ નહિ, મારી આર્થિક સ્થિતિ પણ સુધરી, માનસિક વિકાસ થયો અને શરીર પણ ઘણું જ સારું થઈ ગયું. અમુક મુદતે હૉસ્પિટલમાં શરીર બતાવવા જતો.'

એક વખત વજન કરવાના કાંટા ઉપર નવો માણસ આવેલો. વજન કરાવવા મારું નામ પોકારાયું.

'ગુલાબચંદભાઈ........'

હું જઈને ઊભો રહ્યો. મને જોઈને એણે કહ્યું કે, 'તુમ કયોં આયા? પેશન્ટ (દરદી) કો ખડા કરો.' મારે કહેવું પડયું કે, 'મેં હી પેશન્ટ હું.'

હું દરદી હોઈશ એવી કલ્પનાય ન આવે, એવું મારું શરીર થઈ ગયું હતું. આજે હું બધો જ ખોરાક લઈ શકું છું. કોઈ પરેજી પાળતો નથી. હું સંપૂર્ણ તંદુરસ્ત છું.

મારી આર્થિક સ્થિતિમાં ઘણો જ સુધારો થઈ ગયો છે અને માનસિક વિકાસ થયેલ પણ અનુભવાય છે. આજે હું બે હજારની સભામાં માઈક ઉપર નીડરતાથી બોલી શકું છું. અને મારા વિચારો સભાને ઠસાવી શકું છું. મારો અભ્યાસ બહુ ઓછો છે અને આજ સુધી સભામાં કેમ બોલવું એનો કોઈ અભ્યાસ મેં કર્યો નથી કે નથી કોઈ પાસે માર્ગદર્શન લીધું; છતાં એવા એક-બે પ્રસંગ ઉપસ્થિત થયા ત્યારે હું બે હજાર માણસોની સભા સમક્ષ સારી રીતે બોલી શકયો હતો.

વળી 'મને અંદરથી એમ થાય કે અમુક વ્યક્તિને ઘણા દિવસથી મળાયું નથી. મળવું છે,' તો હું ઘેરથી બહાર નીકળું, દાદર ઊતરું, ત્યાં એ વ્યક્તિ સામી મળી જાય છે! કામમાં કોઈ ગૂંચ પડી હોય, કંઈ સૂઝતું ન હોય કે આમાં શું કરવું? તો હું ત્રણ નવકાર ગણીને વિચારું ને એમાં મને યોગ્ય માર્ગદર્શન મળી જાય છે! આર્થિક પરિસ્થિતિમાં એમ લાગે કે આટલી જરૂર છે, તો સામેથી કોઈ પાર્ટી મળી જાય કે,

'હમણાં અમારાં આટલાં નાણાં સાચવજો!' કેટલીક વાર સ્ફુરણાઓ થાય છે કે અમુક કાર્યમાં અમુક રીતે વર્તવું. એક-વાર મને વિચાર આવ્યો કે મૂળજી જેઠા મારકેટમાં દુકાન લઈએ. મારા ભાઈઓ કહે કે, 'પચાસ હજાર પાઘડીના આપતાં પણ મૂળજી જેઠા મારકેટમાં દુકાન મળવી મુશ્કેલ છે. વળી, ત્યાં દુકાન ખોલીએ તો એકાદ લાખની મૂડી જોઈએ. એટલે એ અશક્ય લાગે છે.' થોડા દિવસમાં મારી ધારણા મુજબ બન્યું. દુકાન મળી ગઈ! થોડા મહિના ઉપર અમે મુંબઈના પરામાં રહેઠાણ માટે મકાનની શોધમાં હતા. અમને એક જણે વાત કરી કે એક જૈન ભાઈને એક મકાન ભાડે આપવું છે. અમે અરજી કરી. ત્રણસો અરજીમાંથી અમારી અરજી પાસ થઈ. સારી સગવડવાળું નવું મકાન વગર પાઘડીએ મળી ગયું! બે મિનિટનો સ્ટેશનનો રસ્તો અને પાંચ મિનિટે દેરાસર પહોંચી જવાય એવા અનુકૂળ સ્થળે મકાન મળ્યું.

મને આવા નાના–મોટા ઘણા અનુભવો થતા રહે છે. મારાં બહેનને દમનો વ્યાધિ થયેલ. મુંબઈમાં ડૉ. કોહિયાજી વગેરે પાસે ટ્રીટમેન્ટ કરાવી મીરજ લઈ ગયા. પણ કંઈ ફાયદો નહિ થયેલો. વ્યાધિ એટલો બધો કે આખી રાત આરામખુરશી પર બેઠાં બેઠાં કાઢવી પડે, જરા પણ સૂઈ ન શકાય. મારી પાસે તો દવા તરીકે આ ભાવના હતી. મેં એમને આ ભાવના બતાવી અને હું પોતે સવારે, 'બધા જીવો નીરોગ બનો.' એ ભાવના કરતી વખતે, એમના ઉપર ખાસ લક્ષ્ય આપતો; એમનું નામ લઈને એ નીરોગી બને એવી ભાવના

કરતો. થોડા વખતમાં એમને સુધારો થયો. આજે તેમને તદ્દન સારું થઈ ગયું છે.

આમાં મને મનના નિયમની ખૂબ મહત્તા દેખાઈ છે. એટલા માટે હું બને તેટલું ઓછું બોલું છું. છતાં કોઈ પ્રસંગે કોઈને બે શબ્દો કહેવાઈ ગયા હોય કે કોઈનું મન દુઃખી થયું હોય તો મારી ભાવનાનો રસ ઊડી જાય છે.

સવારના ભાવના માટે બેસું, પણ કામ આગળ ચાલતું જ નથી. વચ્ચે વચ્ચે જાણે એ વ્યક્તિ મનોભૂમિકામાં આવ્યા જ કરે છે. હું સામી વ્યક્તિ પાસે જઈને ક્ષમાપના કરું. પછી જ કામ સરળતાથી ચાલે. એક દાખલો આપું. એકવાર મેં એક વોરાની દુકાને ફોટા મઢાવવા આપેલ. બિલ સાડાસાત રૂપિયા કર્યું. મેં કહ્યું : 'આટલા હોય? સાત રૂપિયા બરોબર છે.' 'ના, શેઠ! જે કહ્યું છે, તે વ્યાજબી છે. મુંબઈમાં તમે આ કામ કરાવ્યું હોત તો આના કરતાં વધુ ખર્ચ થાત.' છતાં સાત રૂપિયા આપી હું ઘેર ગયો. બીજે દિવસે સવારે ભાવના કરવા બેઠો, ત્યારે ભાવના મન એકાગ્રતાપૂર્વક થાય જ નહિ, અને મન સ્થિર વિનાની ભાવના શા કામની? ત્યારે મેં આત્મનિરીક્ષણ કર્યું કે જરૂર કંઈક ભૂલ થઈ છે. વોરાની દુકાને જઈ મેં વોરાને કહ્યું : 'અલીબાબા, તમે કાલે સાચી વાત કરેલી, તમે કામ ઘણું સરસ કર્યું છે. આ એક રૂપિયો લો!' એ ખુશ થઈ ગયો. એ પછી જ મારી ભાવના બરાબર ચાલી. કોઈવાર દેરાસરમાં પૂજારી સાથે બે અક્ષર બોલાઈ જાય તોયે કામ અટકી પડતું. પછી ચાહીને દેરાસરે દર્શન

કરવા જાઉં, ચાર આઠ આના પૂજારીને આપી એને ખુશ કરું અને ક્ષમાપના કરું, પછી જ મારું સાધનાનું કામ બરાબર થાય. મારે પ્રવૃત્તિ બહુ ઓછી છે, એટલે બહારનાઓ સાથે મારે પ્રસંગ જ ઓછો પડે અને કુટુંબીઓ તો ખૂબ જ અનુકૂળ બની ગયા છે. બધાને હું આ ભાવના બતાવું છું. એમને હું કહું છું કે, 'તમારે સુખ જોઈતું હોય તો સુખ વાવો; બીજાને સુખ આપો, બીજા સુખી થાય એવી ભાવના કરો.' આથી મન બગડવાનાં નિમિત્તો મારે ઘણાં ઓછાં રહે છે. છતાં હું મનનું નિરીક્ષણ સતત કર્યા કરું છું: વચમાં વચમાં હું તપાસ કરતો રહું છું કે મનમાં શું વિચાર ચાલે છે? અને અશુદ્ધ, અશુભ વિચાર આવેલા હોય તો તેને તરત દૂર કરી શુભ ભાવનાને ત્યાં સ્થાન આપું છું. હું કોઈને મળું છું કે વાતચીત કરું છું ત્યારે પણ વચ્ચે વચ્ચે આ તપાસ ચાલુ રાખું છું. સર્વ જીવોને સુખી જોવાની ભાવનાનું પરિણામ એ આવ્યું છે કે આખું જગત આજે મારું મિત્ર બની ગયું છે. હું કોઈ અજાણ્યા સ્થળે જાઉં છું તો ત્યાં પણ મારી સાથે ખૂબ જ મિત્રતા દાખવે છે. તેમને મારા પ્રત્યે પ્રેમ ઉત્પન્ન થાય છે અને મને ફરી મળવાની ઈચ્છા તેમના મનમાં રહ્યા કરે છે.

એક વખત હું સવારે ઊઠયો ત્યાં પગે કોઈ જંતુ હોય તેમ લાગ્યું. મને થયું, કોઈ મોટું જીવડું છે. અંધારું હતું. હું રાતે ફાનસ કે લાઈટ રાખતો નથી. મારો ઊઠવાનો સમય થઈ ગયો હતો. તેથી, બેડિંગ વાળી લઈને હું ભાવના કરવા બેસી ગયો. ભાવના ને નવકારનો કાર્યક્રમ પૂરો થતાં હું ઊઠયો.

બેડિંગ ઉપાડીને મૂકવા જાઉં છું ત્યાં બ્લેંકટમાંથી એક મોટો વીંછી નીકળીને સડસડાટ ચાલ્યો ગયો. જાણે એ પણ મારી મૈત્રીભાવના સાંભળવા બેસી ન ગયો હોય, તેમ વૈરવિરોધ ભૂલી બે કલાક સુધી બેસી રહ્યો! મને થયું કે જો આપણી અલ્પ શુભ ભાવનાથી આવું પરિણામ નીપજતું હોય તો પ્રકૃષ્ટ મૈત્રીના કેન્દ્રસમા શ્રી તીર્થંકર દેવો જ્યાં બિરાજતા હોય તે સમવસરણમાં નિત્ય વૈરી પશુ–પંખીઓ પણ જાતિવૈર ભૂલી જઈ સાથે બેસી તેમની વાણીનું પાન કરે એમાં શી નવાઈ?

આપણી ભાવનાનું બિંદુ શ્રી તીર્થંકર પરમાત્માની ભાવનાના સિંધુમાં ભળી જાય તો અક્ષય બની જાય. આ હેતુથી હું નિત્ય આ ભાવના પણ કરું છું: શ્રી તીર્થંકર પરમાત્માની 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના સફળ બનો.

સર્વના સુખની અને કલ્યાણની ભાવના સાથે કરેલ નવકારમંત્રના જાપથી મનનું ઉર્ધ્વીકરણ થાય છે, જીવનના સંઘર્ષોમાં યોગ્ય માર્ગદર્શન પ્રાપ્ત થાય છે. અને આપત્તિને ધૈર્ય સાથે વધાવી લેવાનું બળ મળે છે; એટલું જ નહિ, એનાથી આજે મારો સર્વાંગી વિકાસ થતો હું અનુભવી શકું છું. મને જેમ, જેમ સારું થતું ગયું તેમ, તેમ ધીરે, ધીરે હું ધર્મમાં પણ આગળ વધતો ગયો, ને વ્રત–નિયમ લઈને સંયમી જીવન જીવતા શીખ્યો.

સંવત ૧૯૬૬ પૂર્વેનું મારું જીવન ધર્મશૂન્ય હતું. રાત્રિભોજન, ફીચરનો ધંધો, મોડી રાત સુધી ઉજાગરા, બીજાનું સારું જોઈને નારાજ થવું–એ બધું તો મારા જીવનમાં

સામાન્ય હતું. તે વખતે મેં કોઈનું સારું ઇચ્છયું ન હતું. ઊલટું, બીજાનું બગડે કેમ એ જ વિચાર રહેતો. આમ આર્ત્ત અને રૌદ્રધ્યાનના કેન્દ્રમાં હું જીવન વીતાવતો હતો. એ સમયે મને એક કલ્યાણમિત્ર મળી ગયો. એણે મને વ્યાખ્યાનમાં આવવા પ્રેરણા કરી. હું વ્યાખ્યાન સાંભળતો થયો, જેમાંથી મને ઘણું માર્ગદર્શન મળ્યું છે. અને બરાબર અણીને ટાંકણે વ્યાખ્યાનમાં સાંભળેલ ઉપરોક્ત વચનો યાદ આવ્યાં

આમ બન્ને રીતે-દ્રવ્યથી અને ભાવથી-નવકારે મને નવજીવન આપ્યું છે. મારો બધો વિકાસ એને આભારી છે. એથી હું નવકારને મારું સર્વસ્વ ગણું છું અને સવારે, ભાવના કરતાં પહેલાં, નવકારને ઉદ્દેશીને એક શ્લોક બોલી નવકાર પ્રત્યેનો મારો આ ભાવ હું રોજ વ્યક્ત કરું છું.

આ રહ્યો એ શ્લોક :—

त्वमेव माता श्च पिता त्वमेव,
त्वमेव बंधु श्च सखा त्वमेव ।
त्वमेव बिद्या द्रविणं त्वमेव,
त्वमेव सर्वं मम देव देव ॥

અર્થ :-મારે તમે જ માતા, પિતા, ભાઈ, મિત્ર, વિદ્યા, ધન-એ બધું જ તું જ છો; અર્થાત્ એ બધાં મળીને માણસની જે **અપેક્ષાઓ** સંતોષે છે એ મારી બધી જ **અપેક્ષાઓ** એક તારા દ્વારા જ સંતોષાઈ જાય છે. ગયા ભાદરવા માસમાં અમારે ત્યાં શ્રીનવકારમંત્રનો એક લાખનો જાપ અને શ્રીવર્ધમાન તપના પાયાનો કાર્યક્રમ મહારાજશ્રીએ ગોઠવ્યો હતો. તે વખતે

મેં વર્ધમાન તપનો પાયો પણ નાંખ્યો. કેન્સરના દર્દ સાથે આ દુનિયામાંથી વિદાય લેવા તૈયાર થયેલો હું લાગટ વીસ દિવસ સુધી આયંબિલ (એક વખત રૂક્ષ આહાર કરવો) અને વચ્ચે ઉપવાસની આરાધના કરી શકયો! મને એથી ખૂબ જ સંતોષ થયો છે. મારા જીવનમાં કોઈ અજબ શાંતિ પસરી રહી છે.

મંત્રશક્તિથી વિશાળ લીમડો અદૃશ્ય થઈ ગયો

સ્વાર્થ અને પરમાર્થ મનુષ્ય જીવનના આ બે પ્રકાર છે. કોઈ જીવન જીવે છે સ્વાર્થ માટે, કોઈ જીવનને ઘસી નાખે છે. પરમાર્થ કાજે.

જેવું જીવનનું એવું જ મંત્ર આરાધનાનું. કોઈ અંગત, ભૌતિક લાભ ખાતર કે અચરજ પમાડે તેવા ચમત્કાર ખાતર મંત્રશક્તિ વેડફી નાખે છે. તો વળી કોઈ જપ, તપ અને યોગથી મેળવેલી શક્તિનો પારકાની આધિ, વ્યાધિ અને ઉપાધિ દૂર કરવા માટે તેનો ઉપયોગ કરે છે!

કેટલાક મંત્ર સામાન્ય માનવીની નજરે મોટી બાબત સમી ભૌતિક સિદ્ધિ આપીને અટકી જાય છે.

જ્યારે કોઈ આ જગતને ઓળંગીને દિવ્ય પ્રદેશનાં દર્શન કરાવે છે. ઋષિમંડલસ્તોત્ર એ આવો પરમાર્થી મંત્ર છે. સાક્ષાત્કારી મંત્ર છે. દિવ્ય ચેતનાનો અનુભવ કરાવનારો વિરલ મંત્ર છે! સાચો મંત્રવિદ્ સદાય પરહિત કાજે જ મંત્રશક્તિનો ઉપયોગ કરે છે. આજ સુધી વિધર્મી કે અધર્મી રાજાઓને

સાચો રાહ બતાવવા જૈન યતિઓએ આવા ચમત્કારી મંત્રની શક્તિનો ઉપયોગ કર્યો છે. સ્વધર્મના રક્ષણ કે ગૌરવનો એમાં હેતુ હોય છે.

કેટલાક માનવો માને છે કે આ કલિકાલમાં મંત્ર-તંત્ર ફળદાયી થતા નથી. પરંતુ આ માન્યતા ભૂલભરેલી છે. મંત્રો અને મંત્રોનો પ્રભાવ આજે પણ એવો જ છે. માત્ર એની યોગ્ય ભાવે આરાધના થતી નથી, શક્તિ છે શક્તિના એકનિષ્ઠ સાધકોની ઉણપ છે. જૈન યતિઓએ ઋષિમંડલસ્તોત્રથી સર્જેલા ચમત્કારોની ઘણી કથાઓ પ્રચલિત છે. સ્વધર્મનાં ગૌરવ કાજે આ મંત્રના પ્રયોગની બે કથાઓ અવિસ્મરણીય છે.

સૌરાષ્ટ્રના એક ગામમાં જૈન મુનિ પધાર્યા. તેમના થોડા સમાગમથી સહુ જાણી શકયા કે તેઓ મંત્રવિદ્યાના જાણકાર છે. રાત્રે ગામલોકો એમને એક વિનંતી કરવા આવ્યા. સાહેબ, અમે મોટી મૂંઝવણમાં ફસાયા છીએ. આ ઉપાશ્રયના પ્રાંગણમાં એક મોટો લીમડો છે. એની વિસ્તાર પામેલી ડાળીઓ બાજુમાં જાય છે. ડાળી પર પક્ષીઓ બેસે છે. બાજુમાં આવેલા હોજના પાણીને બગાડે છે. એમણે કહ્યું કે, લીમડો કાપી નાખો. અમે કહ્યું કે, 'આટલો મોટો લીમડો કેવી રીતે કપાય?' વાત મમતે ચડી. સરકારમાં ફરિયાદ થઈ. કાલે સરકારી પંચ આવશે. આ લીમડો કાપવાનું કહેશે, તો અમારું નાક કપાશે. આપ આ પરિસ્થિતિનો કંઈ તોડ લાવો. મુનિશ્રીએ કહ્યું, 'ચિંતા કરો નહિ. બધાં સારા વાનાં થશે.' બીજે દિવસે સરકારી પંચ આવ્યું, પણ લીમડો જ ન મળે! પંચની બે વ્યક્તિ તો આ સ્થાનથી પરિચિત હતી. તેઓ લીમડો અમુક

જગ્યાએ હતો એમ જાણતા હતા, એમને તો ભારે આશ્ચર્ય થયું. આખરે તપાસ કરતાં ખબર પડી. ઉપાશ્રયમાં કોઈ જૈન મુનિ આવ્યા છે, તેઓ ચમત્કારી મંત્રોના જ્ઞાતા છે.

પંચના સભ્યો તેમની પાસે ગયા. વંદન કરીને સામે બેઠા. તેઓએ કહ્યું, 'આપ કૃપા કરીને અમને કહો કે અહીં જે વિશાળ લીમડો હતો, તે કયાં અદૃશ્ય થઈ ગયો !' મુનિશ્રીએ કહ્યું, 'તમારે લીમડો જોવો છે ને ?' પંચની તમામ વ્યક્તિઓએ હકારમાં માથું ધૂણાવ્યું.

મુનિશ્રીએ કહ્યું કે, 'જો તમો લીમડો ન કાપો તો તે બતાવું.' પંચની બધી વ્યક્તિઓએ તે વાત કબૂલ કરી. ત્યારે મુનિએ મંત્ર ભણીને એક માટીની કુંડી ઊંધી વાળી હતી. એમણે એ સીધી કરી અને કહ્યું, 'જુઓ, હવે તમને લીમડો દેખાશે'

પંચે બારીમાંથી જોયું તો લીમડો એ જ સ્થાને હતો. હવામાં એની ડાળીઓ ઝૂમી રહી હતી !

મંત્રશકિતનો એક બીજો કિસ્સો પણ જાણવા મળે છે. જામનગરના એક જામબાપુના ચાકરે નિર્બળ બનેલા અઢાર ઘોડા આ કસાઈને વેચ્યા. શ્રાવકોએ આ વાત જાણી એટલે વિમાસણમાં પડયા યતિશ્રી પાસે પહોંચ્યા અને કાકલૂદીભરી વિનંતી કરી. યતિશ્રીએ કહ્યું, 'આ ઘોડાઓ અહીંઆથી જ નીકળવાના. તમે એને વાળી લો. બાકીનું બધું હું સંભાળી લઈશ.'

કસાઈઓ અઢાર ઘોડા લઈને નીકળ્યા, યુવાનોએ વાળી લીધા, યતિજીની સૂચના મુજબ એક ડેલામાં બાંધી દીધા.

કસાઈઓ જામબાપુ પાસે પહોંચ્યા. ન્યાય માટે ધા નાંખી. બાપુ પણ ગુસ્સે થયા. એકેએક વણિકના ઘરની જડતી લેવાનો હુકમ કર્યો. ઘોડા સંઘરનારને પકડી લાવવા ફરમાન કર્યું. રાજસેવકો અને સિપાઈઓ તપાસ કરવા લાગ્યા. બધેથી એક જ જવાબ મળે, 'અમે કંઈ જાણતા નથી. તમને મુદ્દામાલ મળે, ત્યાંથી શોધી લો.'

રાજસેવકો અને સિપાઈઓએ બધા ઘરની અને જગાઓની જડતી લીધી. નિરાશ થઈને પાછા ફર્યા. ક્યાંય ઘોડા મળ્યા નહીં.

બાપુએ કહ્યું, 'ક્યાંક બીજે છૂપાવ્યા હશે, આખા નગરમાં તપાસ કરો. આપણા ચોકિયાતોને પૂછો કે તેમણે ઘોડાઓને જતા–આવતા જોયા છે ખરા ?'

આજ્ઞાનો અમલ થયો, પરંતુ પરિણામ એ જ આવ્યું. જામબાપુને લાગ્યું કે જરૂર આમાં કંઈ કરામત છે. એમણે મહાજન ભેગું કર્યું અને કહ્યું.

'તમારી લાગણી હું સમજું છું. તમે ઘોડા વાળ્યા હોય તો તમારો ગુનો માફ છે. હવે એ ઘોડા કસાઈને ત્યાં નહીં જાય, એની ખાતરી રાખજો. પણ એ ઘોડા ક્યાં છે એ મને બતાવો.'

આગેવાનો યતિજી પાસે ગયા, સહુ નજીકના ડેલામાં ગયા. જોયું તો અઢારે ઘોડા બાંધેલા હતા !

જામબાપુએ તરત જ સાથેના સેવકો તથા સિપાઈઓને પૂછ્યું. 'શું તમે આ જગ્યાની જડતી લીધી હતી ખરી?'

સિપાઈઓએ કહ્યું, 'હા બાપુ, અમે બે વખત આ જગ્યાની જડતી લીધી હતી. અમને અહીં કંઈ દેખાયું નહોતું આખી જગ્યા ખાલીખમ હતી.'

આ સાંભળીને જામબાપુ હસી પડયા, યતિજી તરફ ઈશારો કરતાં બોલ્યા.

'આ તમારી કરામત લાગે છે. હજી પણ તમારામાં આવી વિદ્યા રહેલી છે, એ જોઇને હું ઘણો જ ખુશ થયો છું. આ ઘોડાઓને બરાબર જાળવીશ. મારા તરફથી એમને અભયદાન છે.'

આમ, મંત્રશક્તિ કામયાબ છે, માત્ર એની સાચી રીતે આરાધના થવી જોઈએ.

*

સર્વ પ્રકારનું કલ્યાણ કરનાર યંત્ર

કચ્છ બીજડા ગામની વાત. એક ફેરીવાળો આખો દિવસ ચીજવસ્તુ વેચે. માંડ ત્રણ છોકરાં ને પતિ–પત્નીનું પૂરું થાય.

દુકાળમાં અધિક માસ આવ્યો. ફેરીવાળાને કંઈ વળગાડ થયો. આખો દિવસ ભીંત સાથે માથું પછાડે. ફેરી કરવા જાય, ફેરી બાજુએ રહે અને રસ્તા પર નાચવા લાગે.

ખાવા બેસે તો ચાર-પાંચ માણસ જેટલું સામટું ભોજન ખાય. રડવા લાગે તો ઘરવાળીનો સાડલો ઓઢીને પોક મૂકે! રડે તો એવું ભયંકર કે ભલભલાના હાથમાં કોળિયો રહી જાય.

એક યોગીને શરણે ગયા. ફેરીવાળાની પત્નીએ ઘણી, ઘણી આજીજી કરી. યોગીએ સર્વતોભદ્ર યંત્રની ઉપાસના કરી.

પહેલી પાટી પીવડાવી કે ફેરીવાળો માંડયો ઠેકડા મારવા. વચ્ચે હોંકારા કરતો જાય કે, 'અલ્યા, ભૂખ ભેગો કરીશ. ફૂટપાટ પર સૂવડાવીશ.'

યોગી નિર્ભય હતા. એમણે હિંમતભેર અનુષ્ઠાન ચાલુ રાખ્યું. નવવાર પાટી પીવડાવી. ફેરીવાળો સાજો-તાજો થઈ ગયો. નખમાંય રોગ રહ્યો નહીં. આવી કફોડી દશા થઈ હશે, એનો સહેજે ખ્યાલ આવે નહીં. આ જૈન મંત્ર છે. એનું નામ સર્વતોભદ્ર યંત્ર છે. એની ખૂબી એ છે કે-

			હ્રીઁ			
	૨૫	૮૦	ક્ષી	૧૫	૫૦	
	૨૦	૪૫	૫	૩૦	૭૫	
બ્લુઁ	ક્ષી	૫	ૐ	સ્વા	હા	ઑઁ
	૭૦	૩૫	સ્વા	૬૦	૫	
	૫૫	૧૦	હા	૬૫	૪૦	
			ક્લીઁ			

એને આડી કે ઊભી રીતે ગણો, તો એનો સરવાળો એકસો ને સીત્તેરનો થશે. મંત્રાક્ષરોની વચ્ચેના ચાર ચોરસમાં પણ પ્રત્યેકનો સરવાળો એકસો ને સીત્તેર જ થશે.

"દરેક મંત્રની પેઠે આની ઉપાસના ગુરુગમ છે. ગુરુ પાસેથી તે મેળવીને તેમની આજ્ઞા મુજબ તેની ઉપાસના કરવી જોઈએ. જો કોઈ સમજ્યા વિના અથવા ગુરુને પૂછયા વિના એમ ને એમ જ એની ઉપાસના કરે, તો ઘણીવાર એને કંઈ જ લાભ થતો નથી. એની મહેનત અને સમયની બરબાદી જ થાય છે."

આ યંત્રની ત્રણ રીતે ઉપાસના કરવામાં આવે છે.

'એક તો તામ્રપત્ર પર આ યંત્ર બનાવીને એની માનસ પૂજા અને દર્શન કરવા.'

'બીજી રીતમાં એનું વિધિ વિધાન ગુરુ પાસેથી સમજીને નવ દિવસનો પાઠ કરવો. આ પાઠ કરવામાં આવે તો નવરાત્રીનો અખંડ પાઠ કહેવાય.'

'ત્રીજી રીતમાં ભોજપત્ર પર આ યંત્ર આલેખીને હાથ પર બાંધવામાં આવે છે.'

'આ યંત્ર એ કલ્યાણકારી શક્તિ ધરાવતું હોવાથી અનિષ્ટની સત્વર નાબૂદી કરે છે. વળી એની કલ્યાણકારક તાકાતને કારણે અન્ય બાબતો માટે એ એટલું જ સમર્થ ને સચોટ પુરવાર થયું છે.'

*

પ્રભુનો વિશ્વાસ

શેઠ રામલાલજી વણિક જાતિના હતા. તે પ્રથમ ગરીબ હતા. પરંતુ ત્યાર બાદ કોઈ મહાત્માના ઉપદેશ તથા તેમના સંગથી

તેમનું જીવન ભક્તિ તથા જપ પરાયણ બન્યું એના પ્રભાવથી એમને અપાર ધનની પ્રાપ્તિ થઈ હતી. એમને ત્યાં સદા અનાથોને, દુઃખીઓને, દરિદ્રીઓને ભોજન વસ્ત્રાદિ આપવામાં આવતા. અનેક દુઃખીઓને ગુપ્ત સહાયતા કરી તેઓના દુઃખોને દૂર કર્યાં હતા. એના બેસવાના રૂમમાં ખીંટી પર માળાઓ લટકતી રહેતી હતી. કોઈ મળવા આવે કે અભ્યસ્થ આવે તો તેઓને માળાથી જપ કરવાનું કહેવામાં આવતું. વ્યર્થની વાતો કરવાવાળા એમને ત્યાં કોઇ આવતા નહિ. તેઓ વિશેષ ભણેલા પણ ન હતા.

તેજપુર ગામમાં એક પંડિતજી રહેતા હતા. તેઓ ઈશ્વર ભક્ત હતા. એ ગામમાં એક જાનકી નામનો ડાકુ (ચોર) રહેતો હતો. એની ઇચ્છા પંડિતજીને મારીને તેના ધનમાલને લૂંટી લેવાની હતી. એક દિવસ જયારે પંડિતજી પ્રભુપૂજામાં લીન હતા, ત્યારે તે ચોર પોતાના સાથીઓ સહિત ત્યાં આવ્યો. પંડિતજી તો ઈશ્વરભક્તિમાં લીન હતા. તેઓને પ્રભુ પર અટલ વિશ્વાસ હતો, તેથી તેઓ પૂજા કરતા જ બેસી રહ્યા, પણ ઊઠયા નહિ કે ગભરાયા પણ નહિ. પરંતુ બેઠા, બેઠા પોતાના પુત્રને બોલાવીને કહ્યું કે, એ લોકો તડકામાંથી આવ્યા છે, માટે એમને શરબત પીવરાવો.' એ લોકોએ પણ જાણ્યું કે સારો અવસર છે, ફકત પિતા અને પુત્ર આ બે જ વ્યક્તિ છે, એને મારીને કાર્યનો વિજય કરવો જોઈએ. એ લોકો શરબત પીતા હતા, ત્યાં જ એક માણસ બૂમો પાડતો, પાડતો આવ્યો, દોડો, દોડો, જાનકીના છોકરાને બળદ મારી નાંખે છે. આ સાંભળીને બધા લોકો દોડતા, દોડતા જાનકીને ઘેર આવ્યા અને ત્યાં જઈને જોયું તો છોકરાને મરેલો જોયો. જાનકીની

સ્ત્રી રોતા, રોતા વિલાપ કરીને કહેવા લાગી કે, ‘ હું તો પહેલાં જ કહેતી હતી કે બ્રાહ્મણને ન સતાવો, એને ત્યાં ન જાઓ.’ મારું ન માન્યું એનું આ ફળ મળ્યું. આ સાંભળીને બધાને ખબર પડી કે તે ત્યાં ચોરી કરવાના ઇરાદાથી ગયો હતો. આવા અનેક દૃષ્ટાંતો છે, જેનાથી માલૂમ થાય છે કે, જપ તથા પ્રભુ-ભક્તિથી સર્વ પ્રકારના અનિષ્ટોનું નિવારણ થાય છે, તથા મનોકામનાઓ ફળીભૂત થાય છે. આ બધું જાણીને, સાંભળીને પણ જો જપ, ભક્તિ વગેરેમાં વિશ્વાસ ન કરતા, કહે કે જપ કરવો બિલકુલ વ્યર્થ છે, એ લોકોની બુદ્ધિની બલિહારી છે.

મંત્ર પ્રભાવે માનસિક દુ:ખની મુક્તિ

બરાર પ્રાંતના આકોલા જિલ્લાના એક નાના ગામમાં એક જૈન બહેન રહેતી હતી, તેનું નામ સુંદરદેવી હતું. તે માન-સિક દુ:ખથી પીડિત હતી. તેના કારણે તે ઘણીવાર આત્મહત્યા કરવાના વિચારો પણ કરતી હતી. વળી માનસિક વિકૃતિને કારણે શરીર પણ વ્યાધિગ્રસ્ત રહેતું હતું. એ અરસામાં તેને લેખકનો સમાગમ થયો. તેણે પોતાના દુ:ખની રામકહાણી કહી સંભળાવી. તેને બનતું આશ્વાસન તથા ઉપદેશ આપ્યો. અને તેને જપ તથા ધ્યાનનું સાધન બતાવ્યું. થોડા જ સમયમાં જપ-ધ્યાનના પ્રભાવે તેનો માનસિક તાપ, વ્યાધિ દૂર થયા અને તે આનંદ-મય જીવન જીવવા લાગી અને દુ:ખ દૂર થયું.

બીજી એક બહેન મહારાષ્ટ્ર પ્રાંતના સોલાપુર જિલ્લાના એક ગામમાં રહેતી હતી, તેનું નામ જયદેવી હતું. તેને પોતાના

પતિ સાથે અણબનાવ હતો. તેથી તે બહુ જ ઉદાસ અને ચિંતાતુર રહેતી અને આત્મહત્યા કરવાના વિચારો વારંવાર કર્યા કરતી હતી. તેને પણ લેખકનો સમાગમ થયો. તેને કેટલોક ઉપદેશ આપ્યો અને જપ-ધ્યાન કરવાની સાધના બતાવી. થોડા સમયની સાધનાના પ્રભાવે પતિપત્નીમાં સ્નેહભાવની વૃદ્ધિ થઈ તેમ જ તે બહેન સાધના રત રહેવા લાગી; જેથી તેનું મનોદુઃખ અને તાપ એ બધા નષ્ટ થયાં અને પોતે આનંદમય જીવન જીવવા લાગી.

આમ પ્રભુના સ્મરણ અને ધ્યાન દ્વારા, દુઃખો, દર્દો દૂર થાય છે અને આત્મિક સુખસહ જ્ઞાન પ્રગટે છે જેથી માનવ સુખી થાય છે. સુખ બાહ્ય વસ્તુ પર નિર્ભર નથી પણ મનોભાવ પર જ નિર્ભર છે. જેમ કે-એક શહેરને છેડે રાજમાર્ગથી દૂર એક નાની-શી ઝૂંપડી, એમાં એક ડોશી રહે. મુખ પર કરચલી. માંડ માંડ ચાલે. આંખના તેજ પણ ઓછાં થયાં. રાત્રે ડોશી સીવવા બેઠાં. અંધારી ઝૂંપડી અને સાવ ઝાંખો દીવો, સોયમાં દોરો પરોવે. મહેનત ઘણી કરે, પણ સોયના કાણામાં દોરો જાય નહિ.

આમ કરતાં, કરતાં સોય હાથમાંથી પડી ગઈ. બહુ શોધી પણ જડી નહિ. હવે શું કરવું ? એક તો અંધારું, બીજું આંખે ઓછું દેખાય, એમાં વળી સોય શોધવાની !!

દૂર રાજમાર્ગ પર દીવા ઝળહળે. ડોશી તો દીવાના પ્રકાશમાં દોડી, જઈને ત્યાં સોય શોધવા લાગ્યાં પણ ત્યાં હોય તો જડે ને? કોઈએ આવીને પૂછયું, 'ડોશી શું ખોવાયું

છે?' જવાબ આપ્યો 'સોય'. રાહદારીએ પૂછ્યું, 'માજી, એ લગભગ ક્યાં પડી છે? તમે બરાબર ક્યાં બેઠાં હતાં?' ડોશી કહે, 'ભાઈ, સોય તો મારી ઝૂંપડીમાં ખોવાઈ છે. પણ અહીંયા પ્રકાશ હોવાથી અહીં ખોળું છું.'

'રાહદારી કહે, અહીં સોય શોધે, કંઈ નહીં વળે. ઝૂંપડીમાં પ્રકાશ કરો તો મળે!'

કહેવાનો મતલબ એ છે કે સોયની જેમ સુખ ક્યાં છે અને માનવબંધુઓ તેને શોધે છે ક્યાં? સોય ઝૂંપડીમાં પડી હતી અને તેની શોધ બહાર થતી હતી. તેમ જ સુખ માત્ર પોતાના આત્મામાં છે અને તે આત્માભિમુખ થવાથી મળે તેમ છે છતાં લોકો ડોશીમાની જેમ સુખની શોધ જગતમાં કરી રહ્યા છે તે કેવી રીતે સાંપડે? ન જ મળે. તેની શોધ અંતરમાં કરવાની છે, જેનું સાધન સાધ્યસિદ્ધિ માટે જપ અને ધ્યાન છે. ઊઠો વીરો, જાગૃત થાઓ અને સત્યના પંથિક બનો, અસ્તુ.

પ્રભુ નામની ધૂન દરેક વિપત્તિમાંથી મુક્ત કરે છે

પ્રભુનામની ધૂન દરેક 'આપત્તિમાંથી' અમને ઉગારતી રહી! ઈશ્વરમાં કે કુદરતમાં તમે માનતા હો કે ન પણ માનતા હો; તમારી વૈજ્ઞાનિક બુદ્ધિ તમને પ્રભુની હસ્તી માટે શંકા પ્રેરતી હોય તો ભલે, પરંતુ નીચેનો મારો સ્વાનુભવ વાંચ્યા પછી કંઈ નહિ તોય તમે એટલું તો માનતા થશો જ કે જગતમાં એવું અદૃશ્ય અલૌકિક બળ અથવા શક્તિ કામ કરી

રહી છે ખરી, જે સંકટ સમયે આજના માનવીને એ કુદરતી શક્તિ સમીપ લઈ જાય છે.

યુગાન્ડાના ઈદી અમીને આઠમી ઓગસ્ટને ૧૯૭૨ ના રોજ વટહુકમ બહાર પાડયો કે નેવું દિવસની અંદર યુગાન્ડાના તમામ બીન નાગરિક એશિયનો દેશ છોડી જાય. ત્યાર પછી કેવી કરુણતા સર્જાઈ એનો ઇતિહાસ તો લાંબો છે. પરંતુ હું મારું કુટુંબ લઈને સોળમી ઓકટોબરના દિવસે મારું શહેર છોડીને કંપાલા આવવા નીકળ્યો. એકસો ને સાઠ માઈલના એ લાંબા રસ્તા પર નવ ઠેકાણે મિલિટરી ચેકિંગ હતાં. ચેક પોઈન્ટ નજીક આવે કે તરત જ મારી પત્ની અને બાળકો 'કારમાં' રામધૂન શરૂ કરી દે, કારણ કે મોટા ભાગના ચેક પોઈન્ટ પર એશિયનો લૂંટાતા હતા. એમના માલસામાનમાંથી ઘણી બધી ચીજો મિલિટરી આંચકી લેતા હતા. અને સ્ત્રીઓના શરીર પરના દાગીના ઉતારી લેતા હતા. કયાંક કયાંક તો મારઝૂડ કે ધોલધપાટ પણ થતી હતી. આ બધામાંથી બચીને અમે કંપાલા તો સહીસલામત પહોંચી ગયા. અમારું મુંબઈ જનારું પ્લેન ઓગણીસમીને બપોરે અઢી વાગે ઉપડવાનું હતું. અમે સવારના આઠ વાગે સેન્ટલ એરપોર્ટ જવા ઊપડી ગયાં. ફક્ત એશિયનોની હકાલપટી માટે ત્યાં એક 'ટેમ્પરરી' ખાસ શેડ બાંધવામાં આવ્યો હતો અને અમારે સૌએ અમારા રોજિંદા કાર્યો વગેરે ત્યાં જ પતાવવાના હતા. મેઈન ઈન્ટરનેશનલ એરપોર્ટ અમારે માટે ન હતું. કસ્ટમ એકદમ ચાલુ થયું. અમે પાંચ ટિકિટ ઉપર સો કિલો વજન લઈ જઈ શકીએ. પણ મારી પાસે એકસો ને ચોપન કિલો વજન હતું. ત્રણ અધિકારીઓએ

આ વધારાના વજન માટે મને ચૌદસો શિલિંગ ભરવા જણાવ્યું. મારી પાસે પાંચસો શિલિંગ હતા તે તો લૂંટાઈ ગયા હતા અને ફક્ત પાંચ શિલિંની નોટ જ બચી હતી. મેં પૈસા ભરવાની અશકિત જાહેર કરી એટલે એણે મારો સામાન ખસેડી નાખ્યો અને બીજા પેસેન્જરોની પતાવટમાં પડયો.

આ તરફ મારી પત્નીએ સૂચવ્યું કે, 'આપણે ચોપન કિલો જે વધારાનું વજન થયું તે કાઢી નાંખી અહીં જ રહેવા દઈએ, જેને જોઈએ તે ભલે ઉપાડી જાય.' આમ વિચારી અમે જે કાઢી નાખવાનું હતું તે નક્કી કરી લીધું. પછી હું કસ્ટમ અધિકારીઓ પાસે ગયો અને વાત કરી, પણ એણે તો મને કહી દીધું, 'તમારી પાસે વધારે પડતું વજન છે. તમે નહિ જઈ શકો.' મેં એને ઘણો સમજાવ્યો કે વાધરાનું તમામ વજન હું અહીં છોડવા તૈયાર છું. પણ એણે માન્યું જ નહિ. કેવળ એક જ રટણ એણે કર્યા કર્યું: 'તમારી પાસે વધારે પડતું વજન છે.' અઢી વાગ્યાનું પ્લેન ઊપડી ગયું. એવડા મોટા વિશાળ 'શેડમાં' અમે પાંચ જ બાકી રહ્યા. હું, મારી પત્ની અને ત્રણ બાળકો તથા એ બંદૂકધારી ભયંકર મિલિટરી વાળા અને છ આફ્રિકન પોર્ટરો. આ સૌની ભૂખી અને ભયાનક નજરો અમને વીંધતી રહી. આજુંબાજુ નિર્જન અને ભયકર વગડો. મને થયું કે આજે આપણા આયુષ્ય પૂરાં થવાનાં, સામાન બધો લૂંટાઈ જવાની શકયતા. પત્ની અને દીકરીઓને ઉપાડી જાય તેમ પણ બને, કારણ ત્યાં તો મેં ઉપર જણાવ્યા એ સિવાય કાળો કાગડો ય ન હતો. હું એટલો તો ગભરાઈ ગયો હતો કે મારાથી કંઈ જ બોલી શકાતું ન હતું. સવારે

પીધેલા ચાના પ્યાલા સિવાય કંઈ જ પેટમાં ગયું ન હતું. છેવટે અમે પાંચ ખુરશીઓ ભેગી લાવીને કુંડાળે બેસી ગયાં. જલારામ અને દત્ત બાબાની ધૂન શરૂ કરી દીધી. જ્યાં બુદ્ધિ બહેર મારી જાય ત્યાં શ્રદ્ધા કામ કરી જાય. મારી પત્નીને પૂર્ણ શ્રદ્ધા હતી કે આપણો વાળ પણ વાંકો થવાનો નથી. ધૂન ચાલુ રહી. સાડાચાર વાગ્યા. અને ન માની શકાય તેમ ચમત્કાર સર્જાયો. પેલા ત્રણ કસ્ટમ અધિકારીઓ જે યુગાન્ડાના હતા. એમની ડ્યૂટી પૂરી થઈ અને એમની જગ્યાએ કેન્યાના ત્રણ અધિકારીઓ ફરજ પર આવ્યા. ફરતાં, ફરતાં અમારા 'શેડ' માં આવી ચડયા. અમારા હાવભાવ જોઈને એને લાગ્યું કે આ લોકો ભગવાનનું ભજન કરે છે. ત્રણે અમારી પાસે આવ્યા. મને કહે કે, 'તમે લોકો સાવ એકલા આવા ભેંકાર 'શેડ' માં કેમ બેસી રહ્યા છો ?' ડૂબતો તરણું ઝાલે તેમ ઝટ દઈને હું ઊભો થઈ ગયો, કરગરી પડયો અને અથથી ઈતિ સુધી મારી વાત રજૂ કરી. એનું દિલ હલી ગયું. મને કહે, 'તમે જરાય ગભરાશો નહીં. આજ રાતના ૧૨ વાગે ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી એક ખાસ ફ્લાઈટ સીધી નોનસ્ટોપ મુંબઈ જવાની છે, એમાં હું ગમે તેમ કરીને તમારી સગવડ કરી આપીશ. હમણાં જ હું એ વ્યવસ્થા કરવા જાઉં છું. દરમિયાન તમે લોકો અહીં જ બેઠા રહો. ઈસ્ટ આફ્રિકન એરવેઝના ખર્ચે તમને હું પાંચ લંચ પેકેટ મોકલું છું. તમે નિરાંતે પહેલાં જમી લો.' આટલું કહી એક ઓફિસર અમારી મધરાતના પ્લેનની જગ્યાઓ કરવા ગયો. બીજો લંચ પેકેટ લેવા ગયો. ત્રીજો અમારા રક્ષણ માટે ત્યાં જ ઊભો. લંચ પેકેટ આવ્યા, અમે જમ્યાં. એ જ

ઓફિસર સાડા પાંચે ચા અને કોફી લઈ આવ્યો. પહેલો ઓફિસર અમારે જવાની વ્યવસ્થા કરીને સાત વાગે પાછો આવ્યો અને મને કહે છે કે, 'મધરાતના પ્લેનમાં તમે પાંચ સૌ પ્રથમ પ્લેનમાં ચડશો અને બીજા પેસેન્જર પાછળ આવશે. એવી વ્યવસ્થા થઈ ગઈ છે અને અહીં બેસવામાં જોખમ છે. માટે મારી સલુન ગાડીમાં બેસી જાવ. હું ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઉતારું. ત્યાં મધરાતના પ્લેનવાળા પેસેન્જરો આવશે. તમારા સામાનમાંથી એક રતલ પણ ઓછું કરવાની જરૂર નથી. હું એને પ્લેન આવે કે તરત જ મારે હાથે ચડાવી દઈશ. આમ કહી અમને એ એની ગાડીમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ ઉપર લઈ ગયો. સાથે અમારો સામાન પણ લીધો. ત્યાં પહોંચીને અમને હાશ થઈ. આરામથી ગાદી ઉપર આડા થયા. નવ વાગે પાછો પહેલો અધિકારી મારી પાસે આવ્યો અને મને પાંચ પાસ આપીને કહે કે, 'તમે લોકો આ પાસ લઈને ડાઈનીંગ હોલમાં જાવ અને ઈસ્ટ આફ્રિકન એરવેઝને ખર્ચે ભોજન લઈ લો. અમે તો ફાટી આંખે એને જોઈ જ રહ્યા. જાણે બ્રહ્મા વિષ્ણુ-સદેહે પૃથ્વી ઉપર ઉતરી આવ્યા હોય એમ લાગ્યું. અમે રાત્રે નવ વાગે ભોજન માટે ગયા. અગિયાર વાગે ખાસ વિમાન આવ્યું એટલે એ ત્રણેય અધિકારીઓ અમારી પાસે આવ્યા અને મને કહે કે, 'તમારો સામાન હું પ્લેનમાં મૂકાવી દઉં છું. અને તમે પાંચ આ ગ્રીનકાર્ડ લઈને પહેલાં ચડી જાવ. અમે પાંચે એટલા ગળગળા થઈ ગયા કે ગળામાંથી શબ્દ જ ન નીકળે. મને ખામોશ જોઈને મારે ખભે હાથ મૂકી એણે પૂછ્યું. 'હવે તમે ખુશ છો ને?' હું 'હા' કે 'ના'

કાંઈ જ ન કહી શકયો. કેવળ ઓફિસરના બંને હાથ પકડીને મેં મારી આંખોએ લગાડી દીધા. મૌનની એક અદ્દભુત ભાષા બે મિનિટ માટે ત્યાં રચાઈ ગઈ.

પ્લેન સામે જ ઊભું હતું. અમારો સામાન ચડી ગયો હતો અને અમે પણ વિદાય લીધી. પ્લેનમાં ચડયા, રાતના બારના ડંકા પડયા. પ્લેનની ઘરરાટી બોલી અને થોડી જ મિનિટમાં તે જમીન પરથી અદ્ધર થયું ત્યારે અમારા અદ્ધર થયેલા જીવ હેઠળ બેઠા.

અમને થયું અમારી પ્રાર્થના સાંભળીને આવેલા પેલા ત્રણ ઓફિસર કોણ હશે? આ અનુભવ યાદ કરીએ છીએ અને થાય છે કે આ જગતમાં સંચાલન કોઈ અદૃશ્ય શક્તિ કરી રહી છે. તમે એને ઈશ્વર કહો તો ઈશ્વર અને અલૌકિક કે અદૃશ્ય શક્તિ ગણો તો તે! માનવ ભલે ઈશ્વરને ભૂલે, તેને ન માને પણ કુદરત આવા સમયે તેને પોતાની યાદી આપી તેની નાસ્તિકતાને દૂર કરીને તેની સુષુપ્ત શ્રદ્ધાને જાગૃત કરે છે તે તેમની અપાર દયા સૂચક છે.

❋

મંત્રપ્રભાવે-યોગમાં સિદ્ધિ

જામનગરમાં એક બહેન જેમનું નામ દિવાળીબહેન હતું. તેમનો જન્મ ૧૯૨૯ ના ભાદરવા સુદ સાતમને દિવસે થયો હતો. તેઓ અગિયાર વર્ષની બાલ્યવયે વિધવા બન્યાં હતાં. તેમના કુટુંબમાં એક ધર્માત્મા બહેન હતાં તેમણે આ દિવાળી-

બહેનને ધર્મમાં સંલગ્ન કરવા માટે પૂરતું ધ્યાન આપ્યું. વળી સાધુસંતોના સમાગમે પણ જ્ઞાનાર્જન કર્યું.

એક વખતે પંડિત લાલનનો સમાગમ પંન્યાસજી મહારાજ કેશરવિજયજી સાથે ખાવડી ગામમાં થયો હતો. ત્યાં જાપ સંબંધી પ્રસંગ નીકળતાં કેટલાક માણસોએ પચાસ, પચાસ લાખનો જાપ કરવાનો નિર્ણય કર્યો. દિવાળીબહેનને પણ જાપ કરવાનો નિયમ આપવામાં આવ્યો હતો. પ્રથમ તો જાપ કરવાનું આ બહેનને મુશ્કેલ લાગ્યું. કેમ કે જેણે ઘણું વાંચ્યું હોય, સાંભળ્યું હોય તેથી તેમની તે આદત પડી ગઈ હોય છે, તેથી તેમને જાપ કરવાનું મુશ્કેલ લાગે છે. વાંચવું તેમાં રસ ઠીક જામે છે, પરંતુ આ તો સ્થિરતાપૂર્વક કલાકો સુધી જાપમાં સંલગ્ન રહેવું પડે તે મુશ્કેલીનો વિષય હતો. પણ ધીમે, ધીમે તેમાં તેમને રસ લાગવા માંડયો. પ્રથમ તેમણે 'ૐ અર્હં નમઃ' નો જાપ શરૂ કરેલ ત્યાર પછી ગુરુદેવની આજ્ઞાથી ૐકારનો જાપ શરૂ કર્યો. આ ટૂંકો જાપ ભ્રુના મધ્ય ભાગમાં આંતરદૃષ્ટિ રાખી તેમણે કલાકોના કલાકો સુધી કરવાની આદત પાડી હાલતાં, ચાલતાં, સૂતાં, બેસતાં પણ તે જાપ ન ભૂલાય તેવી પ્રવૃત્તિ વધારી. પરિણામે તેમને તે સ્થળે લોહચુંબક જેવું આકર્ષણ થવા લાગ્યું, ધીમે, ધીમે ધુમાડા જેવાં કાળાં વાદળો દેખાવા લાગ્યાં, આગળ વધતાં વાદળાં વરસી રહ્યા પછીના શ્વેત વાદળાં જેવો પ્રકાશ દેખાવા લાગ્યો, અને પછી તો તે પ્રકાશમાં પ્રતિદિન વધારો થવા લાગ્યો, તેમાં વૃત્તિની એકાગ્રતા થવા લાગી. પછી તો તેમાં એવો રસ લાગ્યો કે કલાકો સુધી તેઓ જાપમાં સ્થિર રહેવા લાગ્યાં.

અભ્યાસ પરિપકવ થતા તેમની કુંડલિની જાગૃત થઈ. કોઈ દિવ્ય પુરુષ અંતરમાં પ્રેરણા કરતા કે જા, આગળ જા, આગળ જા, હજુ આગળ વધ તેમ, તેમ તેના હૃદયમાં ઉત્સાહ વધવા લાગ્યો.

કુંડલિની જાગૃત થયા પછી તે ઉપર ચઢીને ચક્રોનું ભેદન કરવા લાગી ત્યારે અવનવા અનેક અનુભવો તેમને આંતર-પ્રદેશમાં થવા લાગ્યા. સાથે, સાથે પૂર્વકૃત અશુભ કર્મોદયથી અનેક પ્રકારે તેમની કસોટીનો પ્રસંગ ઉપસ્થિત થયો. પૂર્વ-જન્મના વૈરી મિથ્યાત્વી દેવો આવીને તેને ઉપસર્ગ કરવા લાગ્યા. કોઈ, કોઈ પ્રસંગે એવા ઉપસર્ગો થતાં કે જાણે જીવનનો અંત આવશે. આમ છતાં દિવાળીબહેન કયારે પણ આત્મભાન ભૂલતા નહિ, તેમ જ તે દેવો પર રોષ વગેરે પણ કરતા નહિ. વળી તેમના શુભ પુણ્યોદયે સમ્યગ્દૃષ્ટિ દેવો તેને સહાયતા કરવા માટે પણ આવતા હતા. તેમને ધર્મ પમાડનાર બહેન પણ મરીને સ્વર્ગમાં ગયેલ તે દેવ તો સદંતર તેની સહાયતા કરતા હતા. જ્યારે, જ્યારે મિથ્યાત્વી દેવો ઉપસર્ગ કરતા ત્યારે, ત્યારે તે દેવ તેમને ખૂબ જ સાવધાન રહેવાનું સૂચવતા અને જાગૃતિ આપવા આત્મભાન ન ભૂલાય તે માટે સતત સદ્બોધ આપતા હતા. અંતમાં તેમના અભ્યાસના બળે તેમને જાતિસ્મરણજ્ઞાન થયું હતું. જાતિસ્મરણ દ્વારા તેમણે પોતાના આગળના સાત ભવ જોયા અને આઠમો ભવ તે આ દિવાળીબાઈનો હતો. અને ત્યાર પછી થવાવાળા બે ભવ તેમણે જોયા હતા. અહો! સાધના પ્રભાવે શું અસંભવ છે? અર્થાત્ સર્વ સંભવ છે. તેમને વચન સિદ્ધિ આદિ અનેક શકિતઓ પ્રગટેલ પણ તેમના સહાયક દેવો સિદ્ધિઓની પ્રસિદ્ધિ કરવા માટે ના કહેતા હતા.

કારણ કે તેમ કરવાથી સાધકને આગળ વધવામાં વિઘ્નો ઉપસ્થિત થવાનો સંભવ છે. તેમની બહેનપણી એક વ્યંતર જાતિમાં હતી અને ત્યાં તે બહુ દુઃખી હતી, તેને પોતાની પાસે બોલાવી ત્યારે તે આવી અને તેમને જોઈ ધ્રૂસકે ધ્રૂસકે રડી પડી હતી, પોતાની આ સ્થિતિ માટે તેને બહુ દુઃખ થયું હતું. આ બહેને તેને આશ્વાસન આપ્યું, અને આ ભવમાં જાગૃત થઈ, આગળ વધવા સૂચના કરી. તેને ગુરુદેવ પાસે લઈ જઈ પ્રણવનો જાપ કરવાની પ્રતિજ્ઞા લેવરાવી. બોધિબીજનો બોધ અપાવ્યો અને સવિશેષ પ્રકારે જાગૃત કરી. ત્યાર પછી તે વ્યંતરદેવી કોઈ કોઈ પ્રસંગે તે બહેન પાસે આવતી અને તેને પૂછતાં કે હવે કેમ છે? ત્યારે તે કહેતી કે જાપ કરવાથી મને આનંદ થાય છે. તેને બહેન ભલામણ કરતા કે હવે કાયમ જાપ કરતા રહેશો, વગેરે.

તેની એક બીજી બહેનપણી પણ વ્યંતર જાતિની દેવી હતી, તે સમૃદ્ધિવંત અને સુખી હતી. તેને બોલાવીને ગુરુશ્રી પાસે પ્રણવનો જાપ અને બોધિબીજ સંબંધી વિવેકજ્ઞાન અપાવી તેને ધર્મપરાયણ કરી હતી.

એક પ્રસંગે પાલિતાણાની યાત્રા કોઈ વિવાદને અંગે બંધ થવાની હતી ત્યારે આ બહેને ઘણી મહેનત કરી હતી. પાલિતાણાના પર્વત પર શાસનાધિષ્ઠાત ચક્રેશ્વરીદેવીની મૂર્તિની સન્મુખ લગભગ અરધો કલાક બેઠાં હશે, તેટલામાં દેવીએ પ્રત્યક્ષ થઈ દર્શન આપી ઊભાં રહ્યાં. બહેને યાત્રાબંધ ન થાય તે માટે પ્રાર્થના કરી પણ જવાબ આપ્યા વિના ચાલ્યાં

ગયાં. ફરીવાર પોતાના મુકામે ધ્યાન કરીને બોલાવ્યાં, તરત આવ્યાં, પણ જરા હસીને ચાલ્યાં ગયાં. થોડા દિવસ પછી ફરી બોલાવ્યાં, 'જવાબ કેમ આપતા નથી?' ઉત્તરમાં કહ્યું: 'બહેન! ઉતાવળ ન કરો, ધીમે, ધીમે સારું થશે, સત્કર્મો કરવાની લોકોને પ્રેરણા કરો.' વગેરે કહીને ચાલ્યાં ગયાં. ત્યાર પછી અઠવાડિયામાં એકવાર ચક્રેશ્વરી દેવી તથા એકવાર સરસ્વતીદેવીને જ્યારે યાદ કરતાં ત્યારે આવતાં, પણ તેમણે પોતાના સ્વાર્થની માંગણી ક્યારે પણ કરી નહોતી.

આ બહેનના વિકાસનાં અનેક કારણો છે. બ્રહ્મચર્યની દઢતા જેમાં સ્વપ્ને પણ કોઈ દોષ લાગ્યો ન હતો. બીજું વ્રત લીધા પછી નવકારસી પ્રત્યાખ્યાન અને ત્રીજો રાત્રીનો ચોવીહાર એ બધા નિયમો જીવન સુધીના હતા, અને કોઈ પણ પ્રસંગે તેમાં અપવાદ સેવ્યો ન હતો. આ સિવાય બાઈની આત્મશ્રદ્ધા અડોલ હતી. મરણાન્ત ઉપસર્ગોમાં પણ હું આત્મા છું એ ભાન તેઓ ભૂલતા નહિ. ગુરુ ઉપરની શ્રદ્ધા અને આજ્ઞાની આરાધકતા પણ તેટલી જ દઢ હતી. કોઈ તેને કહે કે દિવાળી બહેન! અમુક સ્થળે એક યોગી મહારાજ છે તેની પાસે ઘણું જાણવાનું મળશે. તેના જવાબમાં તેઓ કહેતાં કે, તમે બધા તેમની પાસેથી મેળવો, 'મારે તો મારા ગુરુ છે તેની પાસેથી મળે છે અને જોશે ત્યારે મળશે. જ્યારે, જ્યારે હું તેમની પાસે જાઉં છું ત્યારે, ત્યારે નવીન કાંઈક લઈને જ આવું છું. માટે મારે બીજે જવાની જરૂર નથી.'

ગુરુઆજ્ઞા પાલન કરવામાં તેઓ ઘણા જ દક્ષ હતા. તેને જે કંઈ સાધન બતાવવામાં આવતું તે તેઓ હજાર

કામ પડતા મૂકીને કરતાં હતાં અને સાધનની સિદ્ધિ કર્યે જ રહેતાં. કોઈ વખત તેને મદદ કરનાર દેવના વચનનો અનાદાર કરતાં ત્યારે તેઓ શાંત રહેતાં અને ગુરુ દ્વારા તે તેમને કહેવડાવીને પછી તે તેનું પાલન કરતાં. તેમને મન ગુરુ જ પ્રભુ અને દેવ સમાન હતા. ગુરુ પરની આ શ્રદ્ધાથી જ તેઓનો વિકાસ થયો હતો.

તેઓ આવા સંયમ અને આજ્ઞાપાલન સાથે જાપનો અભ્યાસ કરતાં હતાં. અનેક ઉપસર્ગો અને રોગોના પ્રસંગમાં પણ તેણે પોતાનો અભ્યાસ બંધ કર્યો ન હતો. જપ, ધ્યાન કરવામાં જરા પણ પ્રમાદ સેવતાં નહિ. બધા લોકો જ્યારે શાન્તિથી નિદ્રા લેતા હોય ત્યારે આ બહેન તે વખતે પણ સાધનામાં રત રહેતા. રાત્રીમાં ભાગ્યે જ એક કલાક ઊંઘતાં તે પણ ધ્યાનાવસ્થામાં જ નિદ્રિત થઈ જતાં, તે પણ તેના વિકાસનું કારણ છે.

માનવ શ્રદ્ધા, પ્રેમ સહિત અને ગુરુઆજ્ઞા સહ સંયમી જીવનની સાથે જાપ અને ધ્યાનનો અભ્યાસ કરે તો તે આ બહેનની જેમ કેટલો વિકાસ સાધી શકે. માટે વીરો ઊઠો અને જીવનને સફળ કરવા કટિબદ્ધ થાઓ. દિવાળીબહેને જાપ અને ધ્યાન દ્વારા વર્તમાનકાળે કેટલો વિકાસ કર્યો તેમાં સમય કંઈ જ વિઘ્ન કરી શકતો નથી કેવલ સ્વપુરુષાર્થથી સિદ્ધિ અવશ્ય સાંપડે છે.

ભાવપૂર્વક જપ કરનાર જીવનના અંતને જાણી અને માણી શકે છે.

થોડા વખત પહેલાંની બનેલી સત્ય ઘટના

ઉજ્જૈનમાં એક વૈશ્ય કુટુંબ રહેતું હતું. તેમાં બે પુરુષો, એક સ્ત્રી અને બે તેનાં બાળકો હતાં. એક ભાઈ અવિવાહિત હતો અને બીજા ભાઈને બે પુત્રો હતા. એ કુટુંબનો નિર્વાહ એક નાની દુકાન પર થતો હતો. ઘરનો મુખ્ય માલિક રાત્રીમાં નિવૃત્તિના સમયે શાંત ચિત્તે એકાગ્રમનથી મંત્રજપ કરતો હતો. એક દિવસ તેનો પુત્ર રાતે ઊઠયો ત્યારે તેણે જોયું કે પિતા હાથમાં માળા લઈને કોઈ મંત્રજપ કરી રહ્યા છે. એ વખતે તો તેણે એમને કંઈ પૂછયું નહિ પણ સવારમાં પ્રશ્ન કર્યો કે, 'તમો રાતે શેનો જપ કરતા હતા?'

પિતાએ કહ્યું—'ભાઈ! હું કાંઈ વધારે ભણેલો નથી. બધા લોકો રામનામનો જપ કરે છે. એટલે હું પણ રામનામનો જપ કરું છું.'

પુત્ર સમજ્યો કે આ તો સહુના કલ્યાણનું કારણ છે. એટલે તેણે વિશેષ પૂછપરછ કરી નહિ. કેટલાક સમય પછી એ ગૃહપતિને સ્વપ્નમાં એક મહાત્માના દર્શન થયાં તેમણે તેને કહ્યું—

'પરમ દિવસે તમને લઈ જઈશું સાવધાન રહેજો.' આથી ગૃહપતિ સમજી ગયા કે પરમ દિવસે રાતે મારો અંતસમય છે. તેની પત્ની બાજુમાં સૂતી હતી તેને ઊઠાડી સ્વપ્નની વાત

કહી અને પોતે વિદાયની તૈયારી કરવા માંડી. તેમને જે દાન-પુણ્ય કરવું હતું તથા સગાસંબધીઓ સાથે જે વાતચીત કરવી હતી તે કરી લીધી પછી પવિત્ર ભાવપૂર્વક હાથમાં માળા લઈને જપ કરવા બેઠા.

પોતાના કુટુંબીજનોને પણ આજ રીતે જપ કરવા બેસાડયા. આ વખતે તેની સ્ત્રીએ કહ્યું, ‘મને મૂકીને કેમ જાઓ છો?’

ગૃહપતિએ કહ્યું : “એક વર્ષ પછી તું પણ આવીશ.”

તેના નાના ભાઈએ પણ એવો જ પ્રશ્ન કર્યો, તેને ગૃહ-પતિએ કહ્યું : “તારી ભાભી પછી એક વર્ષે તારો વારો છે.”

હરિજનોમાં સવા ભગતની ખ્યાતિ ખૂબ છે. તેમણે પોતાનો અંતસમય અગાઉથી જાણી લીધો હતો.

અંતસમય આવી પહોંચતા તેમણે સગાવહાલાં તથા નાતીલાઓને પોતાને ઘેર બોલાવી હરિકીર્તન શરૂ કર્યું હતું. તેઓ પોતાના કપાળમાં કુંકુમનું તિલક કરી હાથમાં શ્રીફળ લઈ સહુની વચ્ચે બેઠા હતા અને હરિકીર્તનમાં ભાગ લેતા હતા. વિદાયનો સમય થતાં ભગતે કહ્યું :

“વૈકુંઠમાંથી વિમાન આવી ગયું છે. હવે અમે જઈએ છીએ. સહુને રામરામ.” પછી તેમણે આંખો મીંચીને ધ્યાન ધરતાં તેમનો આત્મા દેહ છોડી ગયો.

આજે આવાં ધન્ય મૃત્યુ કેટલા પામી શકે છે? તે વિચારવાનું છે. ડૉકટરોના ડોઝ પીતાં, પીતાં કે ઈન્જેકશનોની

સોયો ખાતાં, ખાતાં સાનભાન રહિત સ્થિતિમાં આ જગતમાંથી વિદાય થવું એ ધન્ય મૃત્યુ તો નથી જ.

ભગવાનના કોઈ પણ નામનો પ્રેમ, ભક્તિ અને શ્રદ્ધાપૂર્વક જપ કરવાથી શારીરિક રોગો દૂર થાય છે. મંત્ર-જપ કરવાથી શરીરની કાંતિ વધે છે. લક્ષ્મીમાત્ર ધનની દેવી નથી, સૌંદર્યની પણ દેવી છે. તાત્પર્ય એ છે કે શરીર સ્વસ્થ અને સુદૃઢ બનાવવામાં જપ સાધન ઉપયોગી છે. માનસિક રોગોનું નિવારણ ભગવાનના નામના જપથી થાય છે. વચનની શક્તિ સરસ્વતીના મંત્ર-જપથી ખીલે છે અને શીઘ્ર કાવ્યો રચવા જેટલી શક્તિ સાંપડે છે.

શ્રી રમણ મહર્ષિએ ઉપદેશસારમાં કહ્યું છે કે :—

'વાણી દ્વારા સ્તવન-સ્તોત્ર બોલીએ તેના કરતાં મનમાં જપ કરવો અને ધ્યાન ધરવું એ શ્રેષ્ઠ છે.

શ્રી શિવાનંદ સરસ્વતીએ જપયોગમાં કહ્યું છે કે :-

'જપ વિષયો તરફ જતા વિચાર પ્રવાહના બળને અટકાવે છે. તે મનને ઈશ્વર તરફ શાશ્વત સુખની પ્રાપ્તિ તરફ વાળવા ફરજ પાડે છે. પરિણામે તે ઈશ્વરદર્શન કરવામાં મદદ કરે છે. જપ મનને પાશવતામાંથી પવિત્રતામાં, રજસ્‌માંથી સત્ત્વમાં ફેરવી નાંખે છે. તે મનને શાંત અને મજબૂત કરે છે. તે મનને અંતર્મુખ કરે છે. તે મનની બહાર ફેલાયેલી વૃત્તિઓને અટકાવે છે. તે નિશ્ચય અને તપબળને પ્રબળ બનાવે છે. પરિણામે તે ઈષ્ટદેવ અગર ઈશ્વર સાક્ષાત્કારના સીધા દર્શન તરફ લઈ જાય છે. શ્રી મોટા એક આધ્યાત્મિક પુરુષ તરીકે

આજે ગુજરાતમાં વિખ્યાત છે. તેમણે સર્વોપયોગી જપ સાધના ગ્રંથની પ્રસ્તાવનામાં કહ્યું છે કે : જપ એક અમોઘ દૈવી શક્તિ છે.

તંત્ર સારમાં એમ કહ્યું છે કે :—

"યક્ષો, રાક્ષસો, પિશાચો, દુષ્ટ ગ્રહો તથા ભયંકર સર્પો અત્યંત ભય પામીને મંત્રજપ કરનારાઓની પાસે જતા નથી, જઈ શકતા નથી." તાત્પર્ય કે મનુષ્યો આ બધાના ભયોમાંથી રક્ષણ મેળવવા ઇચ્છે તેમને તે મળી રહે છે. જન્મસ્થાનમાં પડેલા દુષ્ટ ગ્રહો મનુષ્યને અનેક રીતે પીડા ઉપજાવે છે તથા ભયંકર સર્પોની સાથે પાનારા પડયાં તો એ આણો જાન લીધા વિના રહેતા નથી. એટલે તેના ભયમાંથી બચવું આવશ્યક છે. નિત્ય નિયમિત મંત્રજપ કરવાથી તેમના ભયમાંથી બચી શકાય છે. થોડા સમય પહેલાં એક દિગમ્બર મુનિ એકાંતમાં બેસી મંત્રજપ કરતા હતા.

એવામાં એક ભયંકર સર્પ ફુંફાડા મારતો, મારતો આવ્યો અને તેમના સ્થાનમાં દાખલ થયો. લોકો આ દૃશ્ય જોઈ રહ્યા અને હવે શું થશે? તેની ચિંતા કરવા લાગ્યા. પણ એ સર્પ અંદર જતાં જ શાંત થઈ ગયો અને મુનિથી થોડે દૂર પોતાની ફેણ વિસ્તારી તેમને નમન કરવા લાગ્યો. આ જોઈ લોકોના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. આ ઘટના વર્તમાનપત્રોમાં પ્રગટ થયેલી છે.

સ્વામી વિવેકાનંદે એક સ્થળે કહ્યું છે કે : 'પવિત્ર નામને ફરી ફરી બોલવું એનું નામ જપ છે. એ જપ દ્વારા જ ભક્ત ઊંચે અનંતને પહોંચે છે.'

મહાત્મા ગાંધીએ રામનામના પુસ્તકમાં કહ્યું છે કે :– "જે મંત્રનો જપ કર્યા જ કરશે, તે અંતે વિજયને મેળવશે એમાં મને જરા શંકા નથી. એ મંત્ર એની જીવાદોરી થશે અને બધાં સંકટોમાંથી બચાવશે."

મોત, નાગ અને મંત્ર

બાવીસ વર્ષની સ્વરૂપવાન સરલાનો ઈલાજ કરનારા ડૉ. બાજપેયીને એ જીવી શકે તેવી કોઈ આશા નહોતી. સરલાના પતિ પંકજે ફરૂખાબાદ જિલ્લાના એક સાપ્તાહિકના સંપાદક અને મંત્રોની સિદ્ધિ ધરાવનારા લક્ષ્મીનારાયણને બોલાવ્યા. લક્ષ્મીનારાયણે મંત્રોચ્ચાર શરૂ કર્યા કે સરલાના શરીરમાંથી કોઈ પુરુષનો અવાજ લક્ષ્મીનારાયણને પડકારવા લાગ્યો. હિંમતવાન લક્ષ્મીનારાયણે સરલાના શરીરમાંથી આવતા અવાજને પડકાર કર્યો અને પૂછ્યું, 'બોલ, તારે શું જોઈએ છે?'

બીમાર સરલાએ જોશભેર પોતાનું માથું ઊંચું કર્યું અને વિચિત્ર રીતે પુરુષના અવાજમાં બોલી, 'અમે આને લઈ જવા માગીએ છીએ.'

મંત્રવિદ્ લક્ષ્મીનારાયણે પ્રબળ અવાજે પૂછ્યું, 'તમે લઈ જવા માગો છો, પણ કોને?'

'આ છોકરીને! આટલુંય તમે સમજતા નથી?' સરલાએ વિચિત્ર એવા પુરુષના અવાજમાં જવાબ વાળ્યો.

લક્ષ્મીનારાયણે પૂછ્યું, 'એ છોકરી છે કોણ? જે વાત હોય તે સ્પષ્ટ કહો.'

જવાબ મળ્યો, 'સરલા.'

લક્ષ્મીનારાયણે ફરી પ્રશ્ન કર્યો કે, 'તો તમે સરલા નથી?'

'ના.'

'તો પછી તમે છો કોણ?'

'હું પ્રભુ દયાળ છું,' સરલાએ જવાબ વાળ્યો.

'તમારા સાથીઓ ક્યાં ગયા?'

'એની તમારે શી પંચાત?'

"એની ખબર તો હવે પડશે," એમ બોલીને લક્ષ્મીનારાયણ ગંભીર બની ગયા.

સરલા વિચિત્ર અવાજે બબડતી હતી, 'અરે! જોયા, જોયા, તમને જોયા. તમારા જેવા તો કેટલાય મારા ખિસ્સામાં છે અને જાણી લે કે સત્તાવીસમી તારીખે રાતના બાર વાગે અને ૮ મિનિટે અમે આને લઈ જઈશું, હિંમત હોય તો રોકજે.'

લક્ષ્મીનારાયણે કહ્યું, 'અરે કાલની વાત જવા દે. હવે પછીની મિનિટે શું થવાનું છે, એનીયે ક્યાં કોઈને ખબર છે? સત્તાવીસમી તારીખની નહી પણ આજની વાત કર. આજે જરા મારી તાકાત તો જોઈ લે. પછી મને પડકારવાનો વિચાર કરજે.'

'અરે! તારામાં તે વળી શી તાકાત છે?' સરલા અટ્ટહાસ્ય કરતાં બોલી.

લક્ષ્મીનારાયણે પીવાનું પાણી માગ્યું. ગ્લાસમાં પાણી લાવવામાં આવ્યું. એમણે સરલાને પાણી પીવા માટે આગ્રહ કર્યો, પરંતુ સરલા પાણી પીવા કોઈ પણ સંજોગોમાં તૈયાર ન થઈ. ફરીવાર લક્ષ્મીનારાયણે હુકમ કરતા હોય તેમ પાણી પીવા કહ્યું. પરંતુ સરલાએ ઝનૂનપૂર્વક અસ્વીકાર કર્યો. જોશભેર ના પાડવા જતાં સરલાની આંખો સંપાદક લક્ષ્મીનારાયણની આંખો સાથે ટકરાઈ. બંને થોડા સમય સુધી એકબીજાને તાકી તાકીને જોઈ રહ્યા.

'ચાલ, પાણી પી જા.' લક્ષ્મીનારાયણ એટલા જોરથી બોલ્યા કે ખંડની દીવાલો કાંપવા લાગી. ઝનૂનથી ભરેલી અને વિચિત્ર વર્તન કરતી સરલા લક્ષ્મીનારાયણના આ આદેશનો ઈન્કાર કરી શકી નહીં. સરલાએ પાણી પીધું અને પવિત્ર જીવન ગાળતા લક્ષ્મીનારાયણના મુખ પર મલકાટ પ્રગટયો. એમણે સરલા ભણી મંડાયેલી એમની નજર બાજુએ વાળતાં કહ્યું, 'મારામાં ભલે તાકાત ન હોય, તારામાં જો હોય તો જરૂર તારી તાકાત બતાવ.'

સરલાએ પલંગ પરથી કૂદીને નાસી જવાનો પ્રયત્ન કર્યો. પરંતુ એને એવું લાગ્યું કે જાણે એને કોઈએ બાંધીને બેસાડી દીધી હોય.

સરલા બોલી, 'અરે! તમે તો ભારે દગાબાજ છો.' આમ બોલીને એ લક્ષ્મીનારાયણ સામે ઘૂરકીને જોવા લાગી.

લક્ષ્મીનારાયણે હળવાશથી પૂછ્યું, 'અરે, મેં શો દગો કર્યો?'

'તમે! તમે શો દગો કર્યો? તમે પાણી પીવડાવીને મને બાંધી લીધી છે.'

'ખોટું શા માટે બોલે છે? અરે, પાણી પીવડાવીને તો કોઈને બાંધી શકાતા હશે?'

'મને બાંધીને તમે તમારા મોતને નિમંત્રણ આપ્યું છે.' આમ બોલતી સરલાનો ચહેરો ઘણો ભયાનક થઈ ગયો.

લક્ષ્મીનારાયણે નીડરતાથી કહ્યું, 'મોત! મોત તો સદાય મારા માથે સવાર હોય છે. મને આશ્ચર્ય એ વાતનું છે કે હું કેમ મરી જતો નથી?'

એવામાં એકાએક સરલાના મુખમાંથી મોરલીના જેવો અવાજ નીકળવા લાગ્યો. લક્ષ્મીનારાયણે બૂમ પાડી, 'બધા પોતાના પગ પલંગ પર લઇ લો. ડૉકટર બાજપેયી, તમે પણ તમારા પગ પલંગ પર લઈ લો.'

થોડી જ વારમાં ફૂંફાડાનો અવાજ સંભળાયો. ગભરાઈને જોયું તો એક કાળો નાગ જીભના લબકારા મારતો સરલા સામે જોતો હતો. એમ લાગતું હતું કે, સરલાના મુખમાંથી નીકળતા મોરલીના સૂરમાં મોહિત થઈને એ નાગ એની ફેણ ઉઠાવીને ઝૂમી રહ્યો હતો. સરલાએ વિચિત્ર અવાજે બૂમ પાડી, 'આ દુષ્ટને ડંખ દે.' અને એણે લક્ષ્મીનારાયણ ભણી સંકેત કર્યો.

લક્ષ્મીનારાયણના ચહેરા પર ભયનું કોઈ નિશાન ન હતું. નાગ એમના તરફ સરકયો કે તરત જ તે બોલ્યા, 'નાગદેવતા! તમારી સાથે મારે કોઈ વૈર નથી. બીજાના વેરને કારણે તમે મને

દંશ આપો એમાં તમારી શોભા નથી. જ્યાંથી આવ્યા છો ત્યાં-પાછા ચાલ્યા જાવ.'

અને પળવારમાં નાગ ખંડમાં એક ચક્કર લગાવીને બહાર નીકળી ગયો.

લક્ષ્મીનારાયણે સરલા ભણી જોઈને કહ્યું, "હવે તું મારી તાકાત જો.' આમ કહીને સરલાનો પતિ પંકજ જે શીશી લાવ્યો હતો, એમાં મંત્રોચ્ચાર કરતાં કરતાં લક્ષ્મીનારાયણે પાણીનાં ટીપાં નાખ્યાં. પણ પાણીમાં જેવું ટીપું નાખે છે ત્યાં તો સરલા ચીસ પાડીને બોલી ઊઠી : 'અરે ! એવું ન કરશો ! મને એવું ન કરશો !'

લક્ષ્મીનારાયણે પાંચ વખત શીશીમાં પાણીનાં થોડાં ટીપાં નાખ્યાં અને દરેક વખતે સરલા ચીસ પાડી ઉઠતી હતી, પણ લક્ષ્મીનારાયણે ચીસ પાડતી સરલા ભણી કોઈ ધ્યાન ન આપ્યું. છેલ્લે સરલા બેભાન થઈને પલંગ પર ઢળી પડી. ડૉ. બાજપેયીને મનમાં એવી શંકા હતી કે સરલા મૃત્યુ પામી છે. આથી જ એમણે લક્ષ્મીનારાયણને રોકી રાખ્યા. એ પછી એમણે બેહોશ સરલાની નાડી તપાસી, હૃદયની ગતિ માપી જોયું તો બધું જ બરાબર હતું.

મુખ પર હળવા હાસ્ય સાથે લક્ષ્મીનારાયણે કહ્યું, 'ડોકટર ! ભારતીય ઔષધિ વિજ્ઞાનમાં આધ્યાત્મિક તથ્યસ્થાનની પણ અપેક્ષા રાખવામાં આવી છે. આ છે મંત્રશક્તિનો ચમત્કાર શ્રદ્ધાપૂર્વક અનુભવ કરવાનો છે.'

❋

ટાઈટલના ચિત્રનો પરિચય

અમરકુમારની કથા

મગધ દેશમાં રાજગૃહી નગરી હતી. ત્યાં શ્રેણીક નામે રાજા રાજ્ય કરતો હતો. તે રાજ્ય ઘણું વિશાળ હતું. સમગ્ર મગધનું તે પાટનગર હતું.

સમગ્ર મગધ દેશનો રાજવી શ્રેણીક હતો. તેની સમૃદ્ધિ અપાર હતી પરંતુ જીવની તૃષ્ણા તેથી અપાર હોવાથી તે તૃપ્ત થતી નહતી. આમ હોવાથી શ્રેણીક રાજાને મહેલો અનેક હોવા છતાં તૃષ્ણાવશાત્ એક નવીન અપ-ટુ-ડેટ મહેલ બનાવવાનો વિચાર થયો. પૂર્ણ પુણ્યોદયથી સાધન-સામગ્રી મળેલ હતી જ. પછી ઇચ્છા પ્રમાણે કાર્ય થવામાં વિલંબ શા માટે થાય? તરત જ રાજાએ પોતાની ઇચ્છા મુજબ કાર્ય કરવા માટે કારીગરોને બોલાવી કામની શરૂઆત કરાવી. કામ શરૂ થયું. હજારો કારીગરો કામ કરવા લાગ્યા. પરંતુ ત્યાં એક આશ્ચર્યકારી બનાવ બન્યો. તે પ્રસાદ થોડો તૈયાર થાય અને રાત્રિ કાળે તે જમીનદોસ્ત થઈ જાય. ફરી બીજે દિવસે કામ શરૂ કરે અને રાત્રિ સમયે તે જ હાલ થાય. આમ છ માસ સુધી કાર્ય કર્યું, પરંતુ કામ આગળ વધી જ ન શકે. હવે શું કરવું? આમ છ-છ મહિના સુધી કામ પાર ન પડયું; છતાં રાજાનો નવીન મહેલ બનાવવાનો મોહ દૂર થયો નહિ. તેની ઈચ્છા તો તેથી પણ પ્રબળ થઈ અને ગમે તે ભોગે પ્રસાદ બનાવવો જ, એવું તેણે નક્કી કર્યું. તેથી રાજાએ જ્યોતિષ-જોનાર પંડિતોને બોલાવીને પૂછ્યું કે, "આ પ્રસાદ રાત્રિના સમયે કેમ પડી જાય છે?"

પંડિતોએ પોતાના જ્યોતિષશાસ્ત્રના આધારે કહ્યું કે, "દેવીનો કોપ થયેલ છે. તેને બત્રીસ લક્ષણયુક્ત માનવીનો ભોગ આપો તો તમારો મહેલ જરૂર પૂરો થશે."

મહેલ પૂરો ન થતાં પડી જતો હતો તેનું સાચું કારણ તો પાપોદય જ હતું. પરંતુ અજ્ઞાની જીવો તત્ત્વને ન જાણતા અજ્ઞાનવશ બીજાને વિપરીત સલાહ આપે છે. હિંસા કરવાથી કોઈ સુખી થાય જ નહિ. હિંસા એ જ પાપઃ અને દેવી જો હિંસા કરવાનું કહે તો તે દેવીમાં દેવત્વ કયાં રહ્યું? રાજા પોતાના સુખ માટે અરે! તેને મહેલો તો ઘણા હતા, અને આ એક નવીન મહેલ ન બને તો તેના સુખમાં કોઈ ઉણપ આવવાની હતી જ નહિ. પરંતુ જીવની લાલસા જીવને ગમે તેવા અકાર્ય કરવા પ્રેરે છે. પરંતુ તેનું પરિણામ શું આવશે તે જીવ વિચારી શકતો નથી? તે જ તેની અજ્ઞાનતા અને તેથી સુખભોગની લાલસા આગમી કાળનું દુઃખ ઊભું કરે છે.

રાજાએ પોતાની લાલસાને પૂર્ણ કરવા જ્યોતિષીઓના કહેવા પ્રમાણે બત્રીસ લક્ષણા પુરુષનો ભોગ આપવાનું નક્કી કર્યું. જીવ સુખ ભોગની લાલસાએ કેવાં-કેવાં અકાર્ય કરવા તૈયાર થાય છે? રાજાએ નગરમાં ઉદ્‌ઘોષણા કરાવી કે, "જે કોઈ બત્રીસ લક્ષણા પુરુષને દેવીના ભોગ માટે આપશે, તેને સવાલાખ સોનૈયા આપવામાં આવશે." એ અવસરે રાજગૃહી નગરીમાં એક સોમશર્મા નામે નિર્ધન બ્રાહ્મણ રહેતો હતો. તેને ચાર પુત્રો હતા. તેની સ્ત્રીનું નામ તૃષ્ણાવતી હતું. સર્વથી નાનો પુત્ર જે હતો તેનું નામ અમરકુમાર હતું. તે ઘણો

બુદ્ધિશાળી અને વિચક્ષણ હતો. તે એક વખત જંગલમાં રમવા ગયેલો ત્યાં તેને જૈનમુનિનો સમાગમ થયો. મુનિ મહારાજે તેને પુણ્યશાળી તથા બુદ્ધિમાન જાણી નમસ્કારમહામંત્ર શીખડાવ્યો અને કહ્યું કે, "હંમેશા આ મંત્રનો તારે જાપ કરવો. પરંતુ કોઈ મહાસંકટ કે વિપત્તિ આવે ત્યારે સવિશેષ તેનો જાપ કરવો જેથી તે વિપત્તિનો નાશ થઈ જશે."

તે બાળક દરરોજ નમસ્કારમહામંત્રનો જાપ કરતો હતો. સોમશર્મા બ્રાહ્મણની સ્થિતિ ઘણી જ ખરાબ હતી. કોઈ દિવસ ભોજન પણ તે લોકોને મળતું નહિ. છ માણસો ખાવાવાળા હતા, અને માંગીને જે મળે તેમાં સંતોષ માનવાનો હતો. તેની પરિસ્થિતિ ઘણી જ ખરાબ હતી. અને તેની સ્ત્રી કઠોર સ્વભાવની હતી. તેના દિલમાં કરુણા હતી જ નહિ, માત્ર સુખભોગની લાલસા જ તીવ્ર હતી. પરંતુ પૂર્વના પાપોદયે પરિસ્થિતિ ખરાબ હોવાથી તેની સુખલાલસા પોષાતી ન હતી. એ જ અવસરે રાજાએ ઉદ્‌ઘોષણા કરાવી તે ઉદ્‌ઘોષણા શ્રવણ કરવાથી તૃષ્ણાવતીની તૃષ્ણા સતેજ બની અને તે પોતાના પતિને કહેવા લાગી કે, "આપણે ચાર પુત્રો છે. તેમાં નાનો પુત્ર ઘણો બુદ્ધિમાન છે, તેને રાજાને સોંપો અને સવા લાખ સોનૈયા લાવો, જેથી આપણું દરિદ્રપણું દૂર થાય અને આપણે સુખી બનીએ."

બ્રાહ્મણ પોતાની પત્નીની વાત સાંભળીને વિમાસણમાં પડયો. 'અરે! આ સ્ત્રી કેટલી નિર્દય છે કે પોતાના સુખભોગ માટે પોતાના પુત્રનો ભોગ આપવા તૈયાર થઈ છે!'

મનોમન આમ વિચારી તે બ્રાહ્મણ પોતાની પત્નીને કહેવા લાગ્યો, "હે શાણી પ્રિયા! આ તું શું બોલે છે? આપણા સુખ માટે આ નિર્દોષ બાળકનો તું ભોગ આપવા વિચારે છે, તે શું યુક્ત છે ખરું? તને આવો અશુભ વિચાર કેમ આવ્યો? તું ઉત્તમ એવા બ્રાહ્મણકુળમાં ઉત્પન્ન થયેલ હોવા છતાં આ કષાય જેવો વિચાર તને કેમ આવ્યો?"

ત્યારે તે તૃષ્ણાવતી કહેવા લાગી, "આપણે ચાર પુત્રો છે, તેમાંથી એક ઓછો થાય તો શું બગડી જવાનું છે? આપણા આ દુઃખી દિવસોનો તો અંત આવશે ને? તમારે વધારે બીજા વિચારો કરવાના નથી. જાઓ આ પુત્રને રાજાને સોંપી દો, નહિતર હું જઈને આપી આવીશ."

પોતાની પત્નીનો આવો ઉત્તર શ્રવણ કરવા છતાં બ્રાહ્મણે તેને વિવિધ પ્રકારે સમજાવી; પરંતુ પથ્થર પર પાણી પડે તેમ તેને કંઈ જ અસર થઈ નહિ. તેમજ સ્ત્રીહઠ પાસે તેનું કંઈ ચાલ્યું નહિ. બ્રાહ્મણ તેમ છતાં રાજાને પુત્ર આપવા તૈયાર થયો જ નહિ. ત્યારે તે તૃષ્ણાવતી જ રાજા પાસે જઈને પુત્રને આપી આવી અને સવાલાખ સોનૈયા લઈ આવી. પુત્ર-હત્યા જેવું નિર્દય કાર્ય કરવા છતાં તેને કોઈ દુઃખ થયું નહિ, પરંતુ તે તો ધન મળવાથી આનંદવિભોર બની ગઈ.

આ છે સંસારનું સ્વરૂપ પાપ કરવાથી માનવ દુઃખી થાય છે અને ધર્મપુણ્ય કરવાથી જ માનવ સુખી થાય છે. આવો કુદરતી કાનૂન હોવા છતાં લોકો સુખભોગની લાલચે

તેનો અનાદર કરીને પાપ કરીને સુખી થવા ઇચ્છે છે તે જ તેમનું અજ્ઞાન છે. પાપ કરીને કોઈ સુખી બની શકે જ નહિ. પરંતુ અજ્ઞાની જીવ આ તત્ત્વને જાણી શકતા નથી, એ જ ખેદનો વિષય છે. માતાએ પોતાના સ્વાર્થવશે પુત્રને રાજાને સોંપ્યો.

રાજા પોતાની ઇચ્છા પૂર્ણ કરવા અને વિલાસ-વૈભવ માણવા બાળહત્યા કરવા તૈયાર થયો છે. રાજાએ બાળકને અલંકારો પહેરાવ્યા, સુંદર વસ્ત્રો પરિધાન કરાવ્યા અને ઘોડા પર બેસાડી વરઘોડો કાઢીને દેવીના મંદિરે તેને લઈ ગયા. હજારો માનવમેદની ત્યાં ભેગી થઈ હતી. ઘણા બ્રાહ્મણો ત્યાં આવ્યા હતા. બાળકને સ્નાન કરાવ્યું, ચંદનનું વિલેપન કર્યું. અમરકુમાર ચતુર હતો. તે ભેદ પામી ગયો કે મારો ભોગ આપવા માટે જ મારી માતાએ મને વેચી દીધો છે, અને હવે જરૂર રાજા મારો ભોગ આપશે જ. તેણે રાજાને તથા ત્યાં એકત્ર થયેલા માનવોને "કાલાવાલા-આજીજી કરી કે, મેં તમારો શો ગુનો કર્યો છે કે મને મારી નાંખો છો ?"

તે ઘણું-ઘણું કલ્પાંત કરવા લાગ્યો, ત્યારે નગરજનોએ રાજાને સમજાવવા પ્રયત્નો કર્યા, પરંતુ રાજા તો મોહમૂઢ બનેલો હતો. તેણે કહ્યું, "મારો કોઈ દોષ નથી તેની માતાએ મને આ બાળકને વેચાતો આપેલ છે. મારે તો કાલીમાતાને ભોગ આપવો છે ત્યારે જ મારો મહેલ બને તેમ છે, વગેરે."

રાજા પાસે પ્રજાનું શું જોર ચાલે? આખરે અમરકુમારને

મુનિએ કહેલા વચનો યાદ આવ્યાં અને કોઈની લાચારી કરવાની છોડીને તેણે નમસ્કારમંત્રનું ધ્યાન કરવા માંડયું. તે નમસ્કાર-મંત્રના ધ્યાનમાં એવો તલ્લીન બની ગયો કે બાહ્ય જગતનું તેને ભાન જ રહ્યું નહિ. સામે મૃત્યુ ઊભું છે. અગ્નિનો કુંડ પ્રજ્જવલિત થયેલ છે. બ્રાહ્મણો વેદમંત્રો ભણી રહ્યા છે. આવી ભયંકર પરિસ્થિતિ હોવા છતાં અમરકુમાર તો નમસ્કારમંત્ર પર વિશ્વાસ રાખીને તેને સમર્પિત થઈ ગયો, અને તેના ધ્યાનમાં તદ્દાકાર બની ગયો. આજે માનવોની ફરિયાદ છે કે મન સ્થિર થતું નથી તેનું કારણ તેમની શ્રદ્ધા અટલ હોતી નથી અને તેથી તેઓ સમર્પણ પણ કરી શકતા નથી. ખરું કારણ એ છે કે તેઓ સત્ત્વહીન બની ગયા છે. જ્યારે અમરકુમારમાં કેટલું સત્ત્વ છે કે આવી ભયંકર મૃત્યુ સમ પરિસ્થિતિના સમયે પણ તે નમસ્કારમંત્રમાં તદ્દાકાર બની ગયેલ છે. તાકાત વિના કોઈ કાર્ય સિદ્ધ થતું નથી. સાહસ, સત્ત્વશીલતા વગેરે વિના માનવ કાર્ય સિદ્ધ કરી શકતો નથી.

નિવીર્ય માનવી ધર્મ કરવાને શું લાયક છે ખરો? નહિ જ, અસ્તુ. જે તદ્દાકાર થઈને મંત્ર જાપ કરે તેનો મંત્ર કે ધ્યાન જરૂર સફળ થાય જ છે, એ નિર્વિવાદ સત્ય છે. અમર-કુમારના ધ્યાનના પ્રભાવે શાસનદેવતાઓના આસન કંપાયમાન થયા અને તેમણે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને જોયું તો ધર્માત્મા ઉપર સંકટ આવેલ છે તે જાણ્યું. તરત જ તેઓ તેની સહાયતા કરવા આવ્યા. જ્યાં માનવમેદની મળી હતી ત્યાં અદૃશ્ય રૂપે આવીને સમગ્ર માનવો અને વેદમંત્રોને ભણવાવાળા

બ્રાહ્મણો એ બધાને બેહોશ કરી દીધા. એક રાજાને બેહોશ ન કર્યો. રાજા તો આ ચમત્કાર જોઈને ઘણો જ ગભરાઈ ગયો અને આર્તનાદે, ગદ્‌ગદ્ કંઠે પ્રાર્થના કરવા લાગ્યો, "હે દેવો! દાનવો, મારી જે ભૂલ થઈ હોય તેની હું ક્ષમા માંગુ છું. મને ક્ષમા આપો અને આ બધા નિરપરાધી જનોને મૃત્યુના મુખમાંથી ઉગારી સચેતન કરો." ત્યારે આકાશવાણી થઈ કે હે દુષ્ટ રાજા! તારા ક્ષણિક સુખની લાલસા તૃપ્ત કરવા માટે આવા ધર્માત્મા અને નિર્દોષ બાલકનો હોમમાં ભોગ આપવા તૈયાર થયો તે તારો મહાન ગુનો છે. તને જીવિત રાખવો ઉચિત નથી. તારા જેવા અધર્મી રાજાઓના રાજ્યમાં તો નિર્દોષોનો ભોગ અપાય માટે તને જીવિત રાખી શકાય નહિ જ. ત્યારે રાજા ખૂબ જ કરગરવા લાગ્યો અને પોતાના ગુનાની વારંવાર માફી માંગી, જે દંડ તમો આપો તે સ્વીકારવા તૈયાર છું તેમ કહેવા લાગ્યો. ત્યારે દેવોએ કહ્યું કે, "તારું સમગ્ર મગધ દેશનું રાજ્ય આ અમરકુમારને અર્પણ કર અને તું તેનો દાસ થઈને રહે તો જ તને જીવન-દાન આપવામાં આવે." રાજાને હવે પોતાનો જીવ આપવાનો સમય આવ્યો ત્યારે જ જીવનની કિંમત સમજી શક્યો. પોતા પર વીતે નહિ ત્યાં સુધી જીવને સત્ય સમજાતું નથી. હવે રાજા રાજ્ય કરતા પણ જીવન શ્રેષ્ઠ છે તે સમજી શક્યો અને દેવ આજ્ઞા શિરોધાર્ય કરવા તૈયાર થયો. ત્યારે અમરકુમાર પર દેવોએ પુષ્પની વૃષ્ટિ કરી અને બધા માનવોને સચેતન કર્યા. રાજા અમરકુમારના ચરણમાં નમી પડયો અને તેને સિંહાસન પર બેસાડીને કહેવા લાગ્યો તમે રાજા અને હું તમારો દાસ છું. તમે જે આજ્ઞા ફરમાવો તે કરવા આ દાસ તૈયાર છે.

અમરકુમારને તો વિવેકજ્ઞાન હૃદયમાં પ્રગટેલું જ હતું તેથી જ આવી ભયંકર પરિસ્થિતિમાં ધ્યાનમાં લીન બનેલ હતા. અને તેને પ્રત્યક્ષ અનુભવ થયો હતો કે પૈસા ખાતર પોતાની જનેતાએ પોતાનો ભોગ આપવા મને વેચ્યો, આ ધન જ ખતરનાક છે. જો હું રાજા થાઉં તો આ ધનની લાલસાવશાત્ મ માલૂમ કેવા કેવા પાપ કરવા પડે. એવું રાજ્ય મારે ન જોઈએ. મને જે નમસ્કારમંત્રે જીવનદાન આપ્યું તે ધર્મનું જ મારે શરણુ સ્વીકારવું એ જ શ્રેષ્ઠ માર્ગ છે.

મનોમન એમ વિચારીને રાજાને કહેવા લાગ્યા કે "હે રાજન્! આ ધન અને રાજ્ય તો અનર્થનાં કારણો છે. ધન ખાતર મારી સગી જનેતાએ મારા પ્રાણ લેવા તમોને સોંપ્યો અને તમે રાજ્ય સુખ માણવા માટે મારા પ્રાણ લેવા તૈયાર થયા તેવું રાજ્ય જ મારે જોઈતું નથી. મને જેણે પ્રાણદાન આપ્યું એ ધર્મનું જ મારે તો શરણ છે."

અને અમરકુમાર ત્યાંથી નીકળીને સાધુવેશ ગ્રહણ કરી રાત્રિ કાળે સ્મશાનમાં જઈને ધ્યાન ધરીને ઊભા રહ્યા. ધ્યાનમાં તલ્લીન બનીને તેઓ સ્મશાનમાં ઊભા રહ્યા છે. હવે અહીંઆ એટલે રાજગૃહ નગરમાં આ વાત વાયુવેગે પ્રસરી ગઈ કે અમરકુમાર બચી ગયા અને તેઓ સાધુ બની સ્મશાનમાં ધ્યાન મગ્ન બનીને ઊભા છે. જે બનાવ બનેલો તે સર્વ વાતો નગરમાં પ્રસરી ગઈ. આ વાતની ખબર અમરકુમારની માતાએ પણ જાણી અને તેના મનમાં વિચાર પેદા થયો કે

પુત્ર જીવિત રહેલ છે તેથી રાજાએ મને જે ધન આપેલ છે તે પાછું લઈ જશે. માટે એવો કોઇ ઉપાય કરવો જોઈએ કે ધન રાજા લઈ ન જાય. વિચાર કરતા તેને ઉપાય સૂઝયો કે પુત્ર સ્મશાનમાં ઊભો છે તેનું માથું કાપી નાખું તો રાજા ધન માંગશે તો હું પુત્ર માંગીશ અને તે પુત્ર નહિ આપી શકે! અને ધન મારી પાસે રહેશે, તેના વડે હું સુખભોગ કરી શકીશ.

કેવી છે આ સુખ લાલસા ? માનવને રાક્ષસ બનાવે છે. અને રાક્ષસીવૃત્તિને આધીન થઈ ખુદ પોતાના પુત્રની જ હત્યા કરવા માતા તૈયાર થાય છે. તેથી જ જ્ઞાનીજનો વદે છે કે આ સુખની લાલસા જ બધા પાપોની જન્મદાતા છે. તૃષ્ણાવતી રાત્રીના બાર વાગે હાથમાં તલવાર લઈને પુત્રને મારવા માટે ચાલી. ઘરના બધા માણસો સૂઈ ગયા હતા તેમને આ વાતની કંઈ જ ખબર ન હતી.

તે તૃષ્ણાવતી મનમાં અનેક મનોરથ કરતી અને આવી મધ્યરાત્રીમાં એકલી નિર્ભયતાથી ચાલીને સ્મશાન ભૂમિમાં આવી. ત્યાં અમરમુનિ નમસ્કારમંત્રમાં લીન બનીને આત્માનંદને માણી રહ્યા હતા, ત્યારે માતા દુષ્ટ બુદ્ધિને વશ થઈ, સુખભોગેચ્છાથી પુત્રને મારવા ત્યાં આવી છે. તેણે નિર્દયપણે ધ્યાનસ્થ મુનિના મસ્તક પર તલવાર મારીને ધડ અને મસ્તક જુદા કરી દીધા. અને હર્ષવિભોર બની અનેક પ્રકારના સુખ ભોગવવાના મનોરથ કરતી નિર્ભયપણે વેરાણ જંગલમાં મધ્યરાત્રીએ ચાલી જતી હતી, ત્યાં જ અચાનક વનમાંથી એક ભયંકર સિંહ આવ્યો

અને તૃષ્ણાવતીને ખાઈ ગયો. સુખભોગની લાલસાવશ તે નરકમાં ગઈ. માનવ કેવા-કેવા સુખોની લાલસા કરે છે અને તેને વશ થઈ કેવા ભયંકર પાપો આચરે છે? પરંતુ તે અજ્ઞાની જીવ જાણતો નથી કે, આ જીવન તો નશ્વર છે. તેના માટે હું આવા ઘોર પાતક શા માટે કરું ? સુખ ભોગવ્યા વિના સુખની લાલશાવશ પાપ કરીને તૃષ્ણાવતી નરકમાં ગઈ અને મુનિ ધનનો મોહ ત્યાગી, સંસારને પણ ત્યાગી સાધુ ધર્મ અંગીકાર કરી પ્રભુ-ધ્યાનમાં લીન બની મૃત્યુ પામી સ્વર્ગના સુખના ભોક્તા બન્યા અને પછી મોક્ષસુખના ભોકતા બનશે. આ દૃષ્ટાંત પર હે વાચક-બંધુ ! સુખનો સાચો રાજમાર્ગ કયો છે, તે નક્કી કરીને તને જે યોગ્ય લાગે તે માર્ગે ચાલજે. શ્રેયનો અને પ્રેયનો બન્ને માર્ગ આ દ્દષ્ટાંતમાં વર્ણવેલા છે. જે તને યોગ્ય લાગે તે માર્ગે ચાલીને સુખી અથવા દુઃખી બનવું સ્વાધીન છે. જો તારામાં વિવેક હશે તો જરૂર તું અમરકુમારની જેમ શ્રેયનો માર્ગ જ સ્વીકારીશ.

॥ સુજ્ઞેષુ કિં બહુનામ્ ॥

"મહામંત્રના માંગલ્યે ઝિલમિલાતો જીવન-દીપ" ઝબકી ઊઠયો

[એક રોમાંચક-સત્ય ઘટના]

દૂર-દૂર મહાસાગરોને પેલે પાર ઈંગ્લેન્ડની ધરતી પર લંડન જેવા શહેરમાં પણ નમસ્કાર મહામંત્ર એના આરાધકનાં જીવનમાં કેવો અજબ ચમત્કાર સર્જી જાય છે-એની સ્મૃતિ કરીએ અને ડૉ. શ્રી સુરેશભાઈ ઝવેરી યાદ ન આવે એ બને જ નહિ.

આદર્યાં અધૂરા ન રહેતા હોત તો આ સંસારમાં ઠેર ઠેર પુરુષાર્થની જ પ્રબળતા પધરાયેલી હોત, પ્રારબ્ધની નહિ. આ પ્રારબ્ધ પડદા પાછળ રહીને પુરુષ પાસે પુરુષાર્થ કરાવે છે. એટલે પુરુષ એને પિછાણી શકતો નથી અને આશાના ગીત ગાતો એ પુરુષાર્થ કર્યે જ જાય છે.

આ પ્રારબ્ધનાં પગલાં પિછાણવાની તાકાત એ દહાડામાં ડૉ. ઝવેરી પાસે હોત તો 'M. R. C. P.' ની ડોકટરની ડિગ્રી મેળવવા પાછળ લોહીનું પાણી થઈ જાય તેવો પરિશ્રમ કર્યો ન હોત.

૧૯૬૧ના ફેબ્રુઆરીની ૬ઠ્ઠી તારીખ ડૉ. ઝવેરીના જીવન માટે જીવલેણ નીકળી. તબિયતે એકાએક પલ્ટો ખાધો ને ડૉ. જીવલેણ બીમારીને બિછાને પોઢયા. જાન્યુઆરીની શરૂઆતથી જ સામાન્ય તાવ, કમ્મરનો દુઃખાવો આદિ રોગની અસર તો શરૂ થઈ ગઈ હતી. પણ ફેબ્રુઆરીની ૧૪ મીએ પરીક્ષા શરૂ

થવાની હતી એટલે શ્રમ લીધા વિના ચાલે તેમ ન હતું. અને ભાવીની ભીતરમાં ડોકિયું કરીને કલ્પના પણ કોણ કરી શકે કે આ સામાન્ય બીમારી થોડા દિવસમાં ભયંકર સ્વરૂપ ધારણ કરશે

સાધારણ જણાતી બીમારી અસાધારણ નીવડી. આદર્શો અધૂરા રહ્યા ને ડૉ. ઝવેરીની કાયા જીવલેણ રોગ વચ્ચે આબાદ સપડાઈ ગઈ. ડૉ. ખાનને બોલાવવામાં આવ્યા. રીએકશન લાવતી ટ્રીટમેન્ટ ન થાય એ માટે એમણે પોતાની પત્ની શાંતાબહેનને સૂચના કરી.

ડૉ. ખાનની રાહ જોઈ જોઈને કંટાળી ગયેલાં શાંતાબહેન સ્નાન કરવા ગયાં. અને થોડી જ વારમાં ડૉ. ખાન આવી પહોંચ્યા. દુર્ભાગ્ય બે ડગલા આગળ હતું. એમણે જે ટ્રીટમેન્ટ શરૂ કરી એનું જોરદાર રીએકશન આવ્યું. શરીર તો ઘખી જ રહ્યું હતું. કમ્મર તૂટું તૂટું થઈ રહી હતી. એમાં વળી દવા અવળી પડી અને ઉલટીઓ શરૂ થઈ. શરીરનું રહ્યું-રહ્યું સત્ત્વ નીચોવાઈ જતાં ડૉ. ઝવેરીની હાલત અત્યંત ગંભીર બની ગઈ. તરત જ ડૉ. ગીબ્સનનને બોલાવવામાં આવ્યા.

ગીબ્સનના હાથ નીચે જ ડૉ. ઝવેરી તાલીમ લઈ રહ્યા હતા. ગીબ્સનને આ હિન્દી ડૉ. ઝવેરી માટે ઘણું જ માન હતું. તેઓ તરત જ આવ્યા. ઝવેરીની તબિયત જોતાં જ એ ગભરાઈ ગયા. દર્દ ગંભીર લાગ્યું. ગીબ્સનને થયું કે હેમર-સ્મિથ હોસ્પિટલમાં જો આ કેસ દાખલ કરવામાં આવે તો કદાચ બચી જાય.

ઇંગ્લેંડની સૌથી મોટી અને નામાંકિત હોસ્પિટલ હેમર-સ્મિથ હતી. ગીબ્સને પોતાના પ્રાણ પ્યારા મિત્રનું જીવન બચાવી લેવા માટે દોડા-દોડ શરૂ કરી. ફોન પર ફોન થયા. કંઈક માણસો રવાના થયા પણ હેમર-સ્મિથ હોસ્પિટલમાં એક પણ ખાટલો ખાલી ન હતો.

ગીબ્સન બેબાકળા બની ગયા. તેઓ પોતે જ હોસ્પિટલમાં જઈ પહોંચ્યા. વેઈટીંગ-લીસ્ટ પર એમણે નજર ફેરવી તો દર્દીઓની કતાર ખૂબ જ લાંબી હતી. હવે શું થાય? ગીબ્સન તરત જ હોસ્પિટલના ઉપરી અધિકારી પ્રો સ્કેન્ડિંગ પાસે પહોંચી ગયા. એમણે આખી વાત વિસ્તારથી કહી પછી અંતે કહ્યું આ તો ઇંગ્લેન્ડની ઈમેજ સાચવવાનો પ્રશ્ન છે. હિન્દી ડૉ. ઝવેરીના આશાસ્પદ જીવનની કળી જો આ રીતે ખરી પડશે, તો ઇંગ્લેન્ડની ઈમેજનું શું? માટે કોઈપણ ઉપાય બતાવો અને ઝવેરીનું જીવન મૃત્યુના હાથમાંથી ઊગારી લો.

ગીબ્સનની વાત સાંભળીને પ્રો. સ્કેન્ડિંગ પણ ઝવેરીનું જીવન ઊગારી લેવા થનગની રહ્યા. પરંતુ અંતે એમણે અશક્તિ બતાવી. એ બોલ્યા, "મિત્ર ગીબ્સન! ઝવેરીની કાયા આપણા બન્ને માટે કીમતી છે, પરંતુ મારે માટે એ કાયા કરતાંય અહીંના કાયદા-કાનૂન વધુ કીમતી છે. એક પણ રૂમ કે એક પણ ખાટલો ખાલી નથી. વેઈટીંગ લીસ્ટમાં નામ લખાવોને હું ઝવેરીના જીવન સાથે રમી લેવા માગતો નથી."

મિત્ર ઝવેરીના જીવનને બચાવી લેવાના પ્રયત્નોથી ગીબ્સન

ગળે આવી ગયા હતા. છતાં તેઓ હજુ છેલ્લો દાવ રમીને પણ ઝવેરીને બચાવી લેવા તૈયાર થઈ ગયા.

હેમર-સ્મિથમાં વડાપ્રધાન હેરોલ્ડ મેકમિલન માટે એક રૂમ હંમેશા માટે ખાલી રાખવામાં આવતો. આ રૂમ જો મળી જાય તો ઝવેરીનો ઝિલમિલાતો જીવનદીપ ફરી ઝળહળી ઊઠે એમ હતો.

ગીબ્સન પ્રો. સ્કેન્ડિંગ અને પોતાના બીજા બે-ત્રણ મિત્રોને સાથે લઈને સંસદ-સભ્યને મળ્યા અને સંસદ સભ્યોનો સાથ લઈને સહુ વડાપ્રધાન મેકમિલન સામે ખડા થઈ ગયા. ગીબ્સને આખી વાત જણાવી. કેસની ગંભીરતા સાંભળીને વડાપ્રધાન પણ આ કેસને બચાવી લેવા તૈયાર થયા અને પોતાના માટે રાખવામાં આવેલા સુખસગવડભર્યા રૂમને એમણે ઝવેરી માટે સુપ્રત કરી દીધો. એક હિન્દી નવયુવાનનું જીવન બચાવી લેવા પોતાના વડાપ્રધાને જે ઉદારતા દાખવી એને અભિનંદીને સહુ પાછા ફર્યા.

ડૉ. ઝવેરી અસહ્ય યાતના ભોગવી રહ્યાં હતા. એમને થયું કે બસ ઇંગ્લેન્ડની ધરતી પર જ મારે શ્વાસ છોડવો પડશે કે શું ? ત્યાં તો એમ્બ્યુલન્સ કારનું હોર્ન સંભળાયું ને ઝવેરીના જીવમાં જીવ આવ્યો. બુધવારની છેક સાંજે ઝવેરીને હેમર-સ્મિથમાં પ્રવેશ કરાવીને ગીબ્સન હવે નિદાન કરાવવાની તૈયારીમાં પડયા.

લંડનના નિષ્ણાત ડૉ. ની એક પેનલ ભરાઈ. ઘણી ઘણી ચર્ચા વિચારણાને અંતે ઝવેરીનો કેસ ખૂબ જ ગંભીર જાહેર કરાયો. બન્ને પગે લકવાની ઝડપી અસર જાહેર થતાં જ પરિસ્થિતિ અને વાતાવરણ ગંભીર બની ગયાં.

ડૉ. ઝવેરીની વેદનાનો વેગ વધી રહ્યો. બોકાસા અને બૂમ–બરાડાથી વાતાવરણ દર્દીલું બનતું ચાલ્યું. કલાકે કલાકે ઘેનનું ઇંજેન્કશન મોર્ફિયા આપવા માંડયું.

ગીબ્સન ઝવેરીનું જીવન બચાવવા જહેમત ઊઠાવી રહ્યા હતા તો કુદરત એથી વિપરીત દિશામાં મહેનત લઈ રહી હતી.

બુધવારની સાંજે ઝવેરીની કાર આગલે દરવાજેથી હેમર–સ્મિથમાં પ્રવેશી તો એ જ સમયે સર્વોપરી ડૉ. સર્જન પ્રોફીનાઈટ થોડા દિવસના પર્યટન માટે પાછલા બારણેથી રવાના થયા. આનું નામ જ વિધિના વળાંક.

ડૉ. નાઈટની આશા રાખવી હવે વ્યર્થ હતી. એમના મુખ્ય મદદનીશ ડૉ. રીડને તરત જ ફોન દ્વારા ઝવેરીની ગંભીર તબિયતની જાણ કરવામાં આવી. ડૉ. રીડ હતા તો ખૂબ જ નિષ્ણાત પરંતુ છેલ્લાં વીસ વર્ષથી તેઓ આવા ઈમરજન્સી કેસોમાં માથું મારતા ન હતા.

ડૉ. નિકસલને ફોન ઉપર ફોન કરીને ડૉ. રીડને બોલાવ્યા શનિવારની સવારે સાત વાગ્યે ડૉ. રીડ આવતાં જ આખી હૉસ્પિટલ આ બનાવને આશ્ચર્યની આંખે જોઈ રહી.

ઝવેરીને તપાસ્યા બાદ ડૉ. રીડે કહ્યું, "કેસ તો ગંભીર જ છે. છતાં સવાર સુધી આપણે રાહ જોઈએ."

ઝવેરીની તબિયત વધુ ગંભીરતા ધારણ કરી રહી હતી. શનિવારનો આખો દિવસ 'દર્દ અને ઘેન'માં પસાર થયો. એમની પત્ની પણ આ ગંભીરતા પામી ગયાં, છતાં એમના હૈયામાં હિંમત હતી. ઘેન ઉતરતાં 'હાય-હાય'ની દર્દીલતાથી વાતાવરણ કરુણ બની જતું.

રવિવારની સવાર થઈ હેમર-સ્મિથમાં ભરતી થયાને આજે ચોથો દિવસ હતો. પણ તબિયતમાં હજી કંઈ પણ સુધારો ન હતો. કેસ પળે-પળે વધુ ને વધુ ગંભીર બની રહ્યો હતો. નર્સો અને ડૉકટરોની પળ-પળની ચોકી હતી. છતાં રોગ વધ્યે જ જતો હતો.

પ્રભુની બંદગી કરવાની ખરી પળ આ માંદગી હતી. છતાં ડૉ. ઝવેરીને હજી એ દિશા જડી ન હતી. એમની આંખ સામે તો પોતાનો લીલોછમ સંસાર, ધીકતી પ્રેક્ટીસ, વ્હાલસોયી પત્ની ને પ્રેમાળ બાળક જ તરવરતાં હતા. ડૉકટરો જેટલી ગંભીરતા હજી એ કલ્પી શકયા ન હતા. દર્દમાંથી રાહત મેળવવા ઝવેરીએ પડખું ફેરવ્યું. આ પડખું ફેરવતા જ જે દૃશ્ય દેખાયું. એ દૃશ્યે એમનું હૈયું ચીરી નાખ્યું.

આખા શરીરે ધ્રૂજારી ફરી વળી. તેઓ મનોમન બબડી ઊઠયા : શું હું બે ઘડીનો જ મહેમાન છું ? આ શૈય્યા શું મારે માટે મૃત્યુશૈય્યા બની રહેશે ?

એક નર્સ શાન્તાબ્હેન પાસે 'મૃત્યુ-પત્ર' પર એમની સહી માંગી રહી હતી. 'મૃત્યુ-પત્ર' એટલે મોત બાદ દર્દીને જલાવવાની ક્રિયાનો એકરાર પત્ર.

વીજ પડે ને પર્વત જેવો પર્વત એક ઝાટકે ચીરાઈ જાય તેમ પોતાના મૃત્યુની આગાહી થતાં ડૉ. ઝવેરી સજ્જડ થઈ ગયા. પોતે પણ એક નિષ્ણાત ડૉકટર તરીકે કામ કરી રહ્યા હતા. ને આવા કંઈ 'મૃત્યુ-પત્ર' પર ઘણા દર્દીઓના સ્વજનોની સહી કરાવી હતી. પણ પોતાના મૃત્યુ પર થતી સહી પોતાને સગી આંખે જોવી પડશે, એવું તો એમણે સ્વપ્ને પણ ધાર્યું નહોતું.

વેદના પણ કદીક દર્દીને વિરાગ ભણી લઈ જાય છે અને વેદનામાંથી વિરાગી બનેલા દર્દી માટે સંકલ્પ એક સંજીવનીનું કામ કરી જાય છે. ડૉ. ઝવેરી હવે પીડામાં પ્રભુને સંભારી રહ્યા. ભીતિથી જે પ્રીતિ પ્રગટે છે તેની એકાગ્રતા કોઈ ઓર જ હોય છે. સામે મૃત્યુનો ભય હતો. એ ભયમાંથી અભય ભણી જવા એ દહાડે ને એ ઘડીએ ને એ પળે ડૉ. ઝવેરીએ જે નવકાર સ્મરણ કર્યું એ અજબ હતું, ગજબ હતું એમ ડૉ. ઝવેરી આજે પણ ઘણીવાર કહે છે.

નવકારના આ સ્મરણ પછી અંતરાત્માના અવાજને અનુસરીને ડૉ. ઝવેરીએ પોતાની પત્નીને કહ્યું કે, "જરૂર આ બીમારીમાંથી બચી જવાનો છું. 'મૃત્યુ પત્ર' પર સહી કરવાની કોઈ જરૂર નથી."

ઝવેરીની આંતર દુનિયા પલટાઈ ગઈ. વેદનામાંથી વિરાગ ભણી ગયેલાને આત્મસંકલ્પને બળે વિરાગનો એ ચિરાગ ચેતવી જનારા મહામુનિ અનાથી, રાજર્ષિ નમિ અને શાહ સોદાગર મોતીશાહ શેઠ જેવા કોઈ બડભાગીઓ એમની આંખ આગળથી પસાર થવા માંડયા.

બડભાગીઓની પસાર થતી એ વણઝાર જાણે ઝવેરીને પ્રેરણા દઈ રહી હતી: તું જ મારી દવા છે, તું જ મારી હવા છે, તારા આરોગ્યનો ઘડવૈયો તું પોતે જ છે. ધર્મના ધાવણ પીધા વિના સાચી પુષ્ટિ મળી શકતી નથી. કોઈ પુણ્ય સંકલ્પ કર. કોઈ શુભ ભાવનાથી મનને મંગલ બનાવી દે અને પછી જો તારો રોગ શમી જાય છે કે નહિ? પછી એ પણ જો કે મૃત્યુના પંજામાંથી અને સંકજામાંથી તું મુક્ત થઈ શકે છે કે નહિ?

ઝવેરી કોઈ જુદી જ દુનિયાની સફરે જઈ પહોંચ્યા. એમને થયું કે મૃત્યુ મારાથી હવે દૂર છે. નમસ્કારમંત્રને મેં નમસ્કાર કર્યા પછી મને ભય કેવો? અશરણ છતાં ઝવેરીને નમસ્કારમહામંત્રે શરણ આપ્યું. અસહાય હતું એમનો જીવનધર્મ એમની વહારે ધાયો. ધર્મના આ ધાવણનું ટીપું પીધું ન પીધું ને ઝવેરીને નવું આરોગ્ય સાંપડવા માંડયું. ભાવથી હૈયાના તારેતાર ઝણઝણી ઊઠે એવા ભાવથી ઝવેરી નમસ્કારમહામંત્રનું રટણ કરી રહ્યા. થોડી પળોમાં જ દર્દ શમતું ચાલ્યું. વેદનાનો વેગ ઘટતો ચાલ્યો. ઘેનનાં ઈંજકેશન વિના જ એ દર્દી દેહ મસ્તી માણી રહ્યો. દિવસોથી ખોવાઈ ગયેલી ઊંઘ એ રાતે પાછી ફરી. ઝવેરી શાંતિથી સૂઈ ગયા.

સિસકાર ને હાયવોયથી કરુણ બની ઊઠેલો એ રૂમ શાંત જોઈને નર્સો ને ડૉકટરો દોડી આવ્યા. ઝવેરીને જોયા અને સહુ ગભરાઈ ઊઠયાં : 'રે શું ? કેસ ફેઈલ ? ન વેદના ન ચીસ ? શું ઝવેરી બેભાન થઈને મૃત્યુની લગોલગ પહોંચી ગયા છે ?'

ટેલિફોનના દોરડાં ઝણઝણી ઊઠયા. ઝવેરીના રૂમમાં ડૉ. નિકસન ને ડૉ. રીડ જેવા નિષ્ણાતોની પેનલ રચાઈ. ડૉ. ગિબ્સન પણ ધડકતે હૈયે આવી પહોંચ્યા.

ડૉ. નિકસન ઝવેરીને જોઈ રહ્યા. નાડી ને શ્વાસોચ્છ્વાસ ચાલુ હતાં. એમણે ઝવેરીને ઢંઢોળ્યા. થોડીવારમાં જ ઝવેરીએ આંખ ખોલી. આખું વાતાવરણ આનંદમાં નાચી ઊઠયું. ડૉકટરોએ પૂછ્યું : "કેમ છે ઝવેરી ?"

"ઝવેરી જાણે વર્ષોની નિંદમાંથી જાગ્યા હોય તેમ એમને બધું નવું નવું ભાસવા માંડયું. હું અહીં કયાં છું ? આ ડૉકટરોનો ડાયરો કેમ જામ્યો છે ? મારી તબિયત ખૂબ જ સારી છે. દર્દ ઘણું જ ઓછું છે."

રવિવારની રાત અને સોમવારની સવાર વચ્ચે જ થઈ ગયેલો આ અજબ-ગજબનો પલટો જોઈને સહુ સજ્જડ થઈ ગયા.

નમસ્કારમહામંત્રને શરણે ઝવેરી આવી ગયા હતા. કુદરત પણ એ ચરણોની ચાદર બની ગઈ. હેમર-સ્મિથ હૉસ્પિટલના સર્વોપરી ડૉ. સર જયોફીનાઈટ પર્યટન ટૂંકાવીને આવી ગયા હતા. ઝવેરીના કેસની ગંભીરતા જાણીને એઓ સીધા જ ત્યાં પહોંચી ગયા. એમણે ઝવેરીને તપાસ્યા ને તરત જ

હુકમ કર્યો, "કેસ સુધરી જાય એવો છે, તરત જ ઓપરેશન થિયેટરમાં ઝવેરીને દાખલ કરો."

ઝવેરીને આત્મવિશ્વાસ હતો. પોતાના જીવન માટે એ નિઃશંક હતા. છતાં ઓપરેશનની વાત આવતાં પત્ની ને બાળકો બેબાકળાં બની ગયાં.

ઝવેરીએ કહ્યું : "ગઈ કાલ સાંજથી મારા જીવનમાં એક ચમત્કાર સર્જાયો છે. મૃત્યુ નો હવે મને ભય નથી. નમસ્કાર-મહામંત્રનું સ્મરણ થતાં જ હું અભય બની ગયો છું. તમે મારી કોઈ જાતની ચિંતા ન કરો. હું હસતે મોઢે ઓપરેશન થિયેટરમાં જઈ રહ્યો છું, ત્યારે તમે બધાં નમસ્કારનો જાપ કરવા બેસી જાઓ.

ઓપરેશનની તૈયારી થઈ ગઈ. ડૉ. નાઈટની મદદમાં નિષ્ણાત ડૉકટરો હાજર થઈ ગયા. ઝવેરીએ મહામંત્રનો જાપ શરૂ કર્યો. એક ઈંજેકશન અપાયું : અને 'અરિહંત....અરિહંત' બોલતા ઝવેરી બેહોશ થઈ ગયા.

અગિયારને ટકોરે આરંભાયેલું એ ઓપરેશન ચાર વાગ્યે પૂર્ણ થયું. ચાર કલાક ચાલેલા ઓપરેશન દરમ્યાન સાડા પાંચ હાડકાં અને છ ઔંસ રસી ઝવેરીના દેહમાંથી કાઢી નાંખવામાં આવી. આટલો બધો ખરાબ ભાગ કાઢી નાખ્યા પછી કોઈ ડૉકટરને વિશ્વાસ ન રહ્યો કે કેસ હવે બચશે.

સાડાચાર વાગ્યે ઘેનની અસર ઉતરી જતાં ઝવેરીએ આંખ ખોલી. પોતાની રૂમમાંથી એમણે પોતાની પત્ની સાથે ફોન ઉપર વાતચીત કરી. સહુના આશ્ચર્યનો પાર ન રહ્યો. ડૉકટરોને

સમજ જ નહોતી પડતી કે, 'આ કેસ બચી કેવી રીતે ગયો ને બચી ગયો તોય આટલી બધી શક્તિ એમનામાં કયાંથી આવી ગઈ?'

બીજે દિવસે ઝવેરીએ પોતાની પત્નીને પૂછયું : "ઓપરેશન દરમ્યાન તમે બધાં શું કરતાં હતાં?"

જવાબ મળ્યો : "કેસરીયાદાદાના ફોટા આગળ ધૂપ–દીપ પેટાવીને અમે રડતી આંખે નવકારનો જાપ જપી રહ્યાં હતાં."

થોડા દિવસમાં તો ઝવેરીની તબિયત ઓલ–રાઈટ થઈ ગઈ. ડો. ગીબ્સનના આનંદની અવધિ ન રહી. ઈંગ્લેન્ડની ઈમેજ જળવાઈ રહ્યા બદલ વડાપ્રધાન હેરલ્ડ મેકમિલને હેમરસ્મિથ પર અભિનંદન પાઠવ્યા.

ઝવેરી માનતા કે સંકલ્પના સામર્થ્યથી જ હું બચી ગયો છું. એમણે અફર નિર્ણય કર્યો કે લંડનની પરીક્ષા પાસ કરીને તરત જ હું ભારતમાં જઈશ. મારી માએ મને ધર્મનું જે ધાવણ પાયું હતું એને ઊજાળવા હવે હું ઉદ્યત રહીશ. જીવનમાં જામી ગયેલી નાસ્તિકતાને મારી હઠાવીશ ને હું આદર્શ આસ્તિક બનીશ. નવકારનો જાપ કદી નહિ છોડું. પ્રભુની પૂજા કદી ચૂકીશ નહિ.

થોડા દિવસ પછી એક સભા ભરાઇ ઝવેરીને એમાં હાજર રહેવાની ફરજ પાડવામાં આવી.

ઝવેરીનો ઝિલમિલાઈ ઊઠેલો જીવનદીપ ફરી કેવી રીતે ઝળહળી ઊઠયો ? બધાના મનમાં આશ્ચર્ય જ હતું એ સભામાં

ઈશ્વરમાં ઈતબાર શ્રદ્ધા ધરાવનારા થોડા ડૉકટરો હતા. એમને તો જવાબ મળી ગયો; પ્રભુ બધું જ છે. પણ જેમને ઇશ્વરીય તત્ત્વ પર શ્રદ્ધા નહોતી એ ડૉકટરો જવાબ મેળવ્યા વિના જ પાછા ફર્યા.

મહામંત્ર નમસ્કારની શ્રદ્ધાએ ડૉકટરોના અવિશ્વાસ પર વિજય મેળવ્યો. મંત્રાધિરાજનાં માંગલ્યે આમ ઝિલમિલાતો જીવનદીપ ઝળહળી ઉઠયો.

નવજીવન પામ્યા પછી લંડનની ડૉકટરી ડિગ્રીM. R. C. P. મેળવીને ઝવેરી એક દહાડો ભારતમાં પાછા ફર્યા. જન્મે સ્થાનકવાસી-જૈન ડૉ. ઝવેરી અત્યારે અમદાવાદમાં રહે છે. પણ એમનું જીવન એક આદર્શ જીવન છે પ્રભુપૂજા, મહામંત્રનો જાપ અને અનેકાનેક નિયમો આદિથી જીવતરને એઓ ધન્ય બનાવી રહ્યા છે. સંસાર સ્વીકારના મુદ્દાલેખ સાથે એઓ શ્રાવકનું જીવન જીવીને માએ પાયેલા ધર્મના ધાવણને અત્યારે ઉજાળી રહ્યા છે.

—શ્રી હેમાંશુ
કલ્યાણ

सर्वेऽपि सुखिनः सन्तु
सर्वे सन्तु निरामया
सर्वे भद्राणि पश्यन्तु
मा कश्चित् पापमाचरेत्

ॐ शान्तिः शान्तिः शान्तिः

*

થોડાક અભિપ્રાયો

યોગદર્શન અને યોગસમાધિ

આ પુસ્તકના લેખક શ્રી "**વિશ્વશાન્તિ ચાહક**"

જે જૈન સાહિત્યના ઊંડા અભ્યાસી હોવા સાથે યોગવિદ્યાનું શાસ્ત્રીય જ્ઞાન ધરાવે છે તેમણે યોગવિદ્યા વિષયક કેટલાક પ્રમાણભૂત સંદર્ભ ગ્રંથોની સહાય લઈ, જૈન યોગશાસ્ત્રોના આધારે ઉપરના ગ્રંથનું આયોજન કર્યું છે. યોગ કોને કહેવાય? તેનો પ્રભાવ શું? યોગસમાધિ પર્યંતના આઠ અંગો, ઉપરાંત ભક્તિયોગ, કર્મયોગ, ધ્યાનયોગ, સમાધિયોગ, વિવિધ પ્રકારના પ્રાણાયામો, દરેકની ક્રિયા, પદ્ધતિ અને તેના લાભો વગેરે વિષયો આ પુસ્તકમાં વિશદ રીતે આપવામાં આવેલ છે. યોગના અભ્યાસીઓ તથા સાધકોને આ પુસ્તક ઉપયોગી અને માર્ગદર્શક બની રહેશે.

—**મુંબઈ સમાચાર**

❋

યોગદર્શન અને યોગસમાધિ

વિશ્વ અભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળાનું આ ૧૨ મું પુષ્પ છે. આ પુસ્તકમાં યોગનું મહત્ત્વ. યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા પરમાત્મ દશાનો આનંદ, સુખ ક્યાં રહેલું છે અને જગતના લોકો એને ક્યાં શોધે છે? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ–આનંદ અને સુખ, સમાધિ પ્રાપ્ત કરવાની સાચી સમજ મનુષ્યજન્મની સાર્થકતા શેમાં છે?

વગેરે વિષયોની સુંદર છણાવટ આ પુસ્તકમાં કરવામાં આવી છે. જીવનનો વિકાસ સાધવા ઈચ્છનારા દરેકને આ પુસ્તકના વાંચનથી ઉપયોગી માર્ગદર્શન મળશે.

—જૈન પ્રકાશ

❊

યોગદર્શન અને યોગસમાધિ

લેખક **"વિશ્વશાંતિ ચાહક"** આ લેખકના આ પહેલાં આધ્યાત્મ વિષયના કેટલાંક પુસ્તકો પ્રગટ થયેલ છે તે ઘણાં જ માનનીય અને વિચારણીય સાબિત થયાં છે. કોઈને અધ્યાત્મ વિષયમાં રસ હોય તેમણે તેમનાં બધાં પ્રકાશનો રસપૂર્વક વાંચવા જરૂરી છે. આ પુસ્તકમાં યોગનું મહત્ત્વ યોગથી થતા લાભો, યોગની સર્વોત્કૃષ્ટ ભૂમિકાએ પહોંચ્યા પછી આત્મા–પરમાત્મા દશાનો આનંદ જે જગતના કોઈપણ પદાર્થમાં આપવાની શક્તિ નથી, સુખ ક્યાં રહેલું છે. અને મનુષ્યો ક્યાં શોધે છે? યોગથી મળતી આધ્યાત્મિક શક્તિ વિષે આ ગ્રંથમાં ખૂબ જ વિચારશીલ સામગ્રી આપવામાં આવેલ છે.

દા. ત. (૧) યોગવિજ્ઞાન (૨) યોગવિદ્યાનો પ્રભાવ (૩) ભક્તિયોગ (૪) કર્મયોગ (૫) અષ્ટાંગયોગ–યમ અને નિયમ (૬) આસન, પ્રાણાયામ, (૭) ધ્યાનયોગ (૮) સમાધિયોગ (૯) જડચેતનનો વિવેક (૧૦) સંસારી અને મુક્ત જીવોનું સ્વરૂપ (૧૧) દિવ્ય જીવનની ચાવી વગેરે ૧૬ પ્રકરણો આપેલ છે. ધ્યાન શિબિર એ યોગસાધનાનું એક પરિબળ છે. મન, વચન, કાયામાં યોગને ઉચ્ચતર ભૂમિકાએ લઈ જવા માટે **"યોગ સાધના"** અત્યંત જરૂરી છે. તે જૈનીઝમનું એક વિશિષ્ટ અંગ પણ છે.

લેખકે આમા સ્વાનુભવના ઘણા પ્રસંગો રજૂ કર્યા છે. આ પ્રકાશન દ્વારા લેખકે પ્રકાશકે '**આધ્યાત્મ માર્ગ**'ના આરાધકો માટે સુંદર વિચારણીય સામગ્રી પૂરી પાડી છે તે માટે લેખક મહાશય અભિનંદનના અધિકારી છે.

—સ્થાનકવાસી પત્ર

❀

વિચાર–શક્તિનો અદ્દ્ભુત પ્રભાવ

ભાગ. ૧–૨–૩

પ્રસ્તુત પુસ્તકમાં ચિંતા અને નિરાશાજનક વિચારોની સ્વાસ્થ્ય પર કેવી ખરાબ અસર થાય છે. અને સદ્દ્વિચારોથી અને પ્રસન્નતાથી જીવન કેમ આનંદથી ભરી શકાય છે એ સરળ રીતે બતાવ્યું છે. આપણું ભવિષ્ય સુધારવું કે બગાડવું તે આપણા હાથની જ વાત છે તે લેખકે દાખલા-દલીલો સાથે પુસ્તકોમાં રજૂ કર્યું છે. લેખકની શૈલી ખૂબ જ સરળ અને સચોટ અને સુંદર છે.

—મુંબઈ સમાચાર

❀

વિચાર–શક્તિનો અદ્દ્ભુત પ્રભાવ

સ્વર્ગ યા નરકનું સર્જન કરનાર માનવના વિચાર છે અને જેવા જેના વિચાર છે તેવી જ તેની કાયા અને માયા છે. માનવની ઉન્નતિ કે અધોગતિનું અંતર્ગત રહસ્ય, સબળ કારણ તેના વિચારો જ છે. પ્રસ્તુત પુસ્તકમાં ચિંતા અને નિરાશાજનક વિચારોની સ્વાસ્થ્ય પર કેવી ખરાબ અસર થાય છે અને સદ્-

વિચારોથી અને પ્રસન્નતાથી જીવનને કેમ આનંદથી ભરી શકાય છે એ સરળ રીતે બતાવ્યું છે આપણું ભવિષ્ય સુધારવું કે બગાડવું તે તો આપણા હાથની જ વાત છે તે લેખકે દાખલા-દલીલો સાથે પુસ્તકમાં રજૂ કર્યું છે. શુભ ભાવના અને સત્ સંકલ્પભર્યા સુવિચારો કેવા સુભગ પરિણામો જગાવે છે તે સંખ્યાબંધ દષ્ટાંતો દ્વારા સમજાવ્યું છે.

—ગાયત્રી વિજ્ઞાન
સંપાદક : પ્રો. અવધૂત

★

વિચાર–શક્તિનો અદ્ભુત પ્રભાવ

ભાગ ૧-૨-૩

મનુષ્ય પોતાના વિચારોથી પોતાનું ઉત્થાન અને પતન કરે છે. આપણે જેવા વિચાર કરીએ તેવા બનીએ છીએ ભવિષ્ય સામે પથરાઈને પડયું છે તેને બગાડવું કે સુધારવું એ આપણી ઈચ્છા પર નિર્ભર છે. સતત સદ્‌વિચારોથી ગમે તેવી પરિસ્થિતિ બદલી શકાય છે. જરૂર છે તે દિશામાં પ્રબળ પુરુષાર્થ કરવાની. શારીરિક તેમજ માનસિક રોગો તેમજ દુર્વ્યસનોથી મુક્તિ મેળવી શકાય છે અને ગમે તેવું કનિષ્ટ જીવન પણ સદ્‌વિચારોથી અને દૃઢ સંકલ્પથી ઉન્નત બનાવી શકાય છે તે સરળ સમજૂતી સહિત આ પુસ્તકમાં સમજાવવામાં આપેલ છે. આજકાલ નોવેલો, સામાયિકો વગેરે મનોરંજન સાહિત્ય સારા પ્રમાણમાં વેચાય છે. તેને બદલે આવું ચારિત્ર્ય ઘડતર કરનારું સાહિત્ય યુવાનોએ વધુ વાંચવું જોઈએ. આવાં પુસ્તકો ઘરમાં અવશ્ય વસાવવાં જોઈએ.

—જૈન પ્રકાશ

❋

આ પુસ્તકને **'જીવન સંજીવની'** યાને **'વિચાર રહસ્ય'** એવું નામ ઉચિત રીતે આપવામાં આવ્યું છે તેમાં વિચાર-શક્તિને ખીલવવાનો તથા ઈષ્ટ ધ્યેયને પ્રાપ્ત કરવાનો સરળ માર્ગ બતાવવામાં આવ્યો છે. વિચારોની શક્તિ, સારા-માઠા વિચારોની અસરો, દિવ્ય વિચારોનો જીવન પર પ્રભાવ વગેરે વિષયોની છણાવટ આ પુસ્તકમાં અસરકારક રીતે કરવામાં આવી છે. દુઃખી, નિરાશ અને પતિત માનવીઓના જીવનમાં ચૈતન્યમય જીવનરસ ઉત્પન્ન કરે એવું વિચારરૂપી રસાયણ આ પુસ્તકમાં છે.

—**મુંબઈ સમાચાર**

✽

જીવનસંજીવની (વિચાર રહસ્ય)

ભાગ-૧

જન સાધારણ પોતામાં રહેલ અમૂલ્ય વિચાર-શક્તિને કેવી રીતે ખીલવી શકે અને ક્રમશઃ આધ્યાત્મિક વિકાસ કેવી રીતે સાધી શકે તે સરળ શૈલીમાં સમજાવવામાં આવેલ છે. વિચારોને ઉન્માર્ગે જતાં રોકીને, સન્માર્ગગામી બનાવવાના ઉપાયો તેમજ **'નરમાંથી નારાયણ'** બનવાનો માર્ગ અસરકારક રીતે આ પુસ્તકમાં આલેખાયેલ છે. આ પુસ્તક ખાસ મનન કરવા જેવું છે.

—**જૈન પ્રકાશ**

✽

જીવન સંજીવની

જૈન ધર્મ વિજ્ઞાનમય છે એ દર્શાવનાર આ પુસ્તિકા ભારત વર્ષના સર્વ ગ્રંથોમાં પુણ્યપ્રદ અને શાન્તિપ્રદ અભિગમ છે. વિચાર

એ વિદ્યુત પ્રવાહ છે અને તે પર પી. એચ. ડી. ઉપાધિ પ્રાપ્ત થયા પછી વિજ્ઞાનને આગળ વધવા મોકો મળ્યો ગણક યંત્રના (Computer) યુગમાં આ ગ્રંથ વાંચતાં જીવનજ્યોત અને વિચાર પ્રવાહ સરળ રીતે સમજી શકાય છે. પશ્ચિમના ભૌતિક સંસ્કારોને લીધે તપ્ત માનસને શાંત, સુશીલ અને તૃપ્ત બનાવવા આ ગ્રંથમાંથી પ્રેરણા મળે છે ખરેખર ભારતમાતાની અદ્ભુત વિચારધારાને સમાજોત્થાન માટે, સર્વ વિશ્વ માટે ઉદ્યુક્ત કરવા માટે લેખકશ્રીને અભિનંદન.

શાં. જે. સ્વામિનારાયણ
પ્રાધ્યાપક, ગણિતશાસ્ત્ર
ગુજરાત કૉલેજ
અમદાવાદ-૩૮૦ ૦૦૬

તા. ૧૭-૭-૭૨

*

યત્ન સત્યેન્ દીપયેત્

ભગવતી ચૈતન્ય દૈવી

'જીવન સંજીવની' પુસ્તક માટે આભાર, વિચાર, સમાજમાં તેની ક્રિયાશક્તિ અને કાર્યપદ્ધતિ, તેનું નિયંત્રણ અને પ્રયોગ, તે દ્વારા ભૌતિક, માનસિક અને આધ્યાત્મિક ક્ષેત્રે વિકસિત અને ઉન્નત જીવન પ્રાપ્ત કરવાની સાધના વગેરે અને અત્યંત કઠિન અને ગૂઢ વિષયોને સરસ રીતે રજૂ કરીને સર્વસાધારણ જન તથા સાધક જન ઉભયને ઉપયોગી થઈ પડે તેવી જ્ઞાનસંપત્તિ આ પુસ્તકમાં આલેખાઈ છે. એક ઉત્તમ પુસ્તક એ તો તેજસ્વી આત્માની જીવનને વિકસાવતી શક્તિ હોય છે તથા તે દ્વારા મનુષ્ય નવજીવન પ્રાપ્ત કરી શકે છે. આ પુસ્તક દ્વારા એવું કાર્ય

સફળ રીતે થશે એ જ તેની સિદ્ધિ બનશે આવા લોક–કલ્યાણના કાર્ય માટે અનેક હાર્દિક શુભેચ્છાઓ અને ધન્યવાદ.

સમર્પણ સાધનાલય **ગણેશ પંડયા**
મુ. પો. ગરૂડેશ્વર. બી. એસ. સી.
વાયા રાજપીપળા (જિ. ભરૂચ)

✻

યોગદર્શન અને યોગસમાધિ

'જૈન આગામ સાહિત્ય'ના ઊંડા અભ્યાસી, તત્ત્વજ્ઞ, આધ્યાત્મિક, રસલીન, સર્વવિરતિ, 'વિશ્વશાંતિ ચાહકે' આ ગ્રંથ લખ્યો છે. યોગ જેવા ગહન વિષયને શક્ય તેટલી સરળતાથી રજૂ કરવાનો એમનો પ્રયત્ન અહીં બહુધા સફળ થયો છે.

'ચાર ગતિરૂપ સંસારના દુઃખોથી ભયભીત થયેલા...અને મોક્ષના અક્ષય સુખના ઈચ્છુક... એવા મુમુક્ષુઓ' માટે જ મુખ્યત્વે લખાયેલા આ ગ્રંથમાં ૧૬ પ્રકરણ છે.

'યોગ વિજ્ઞાન' નામના પ્રકરણમાં સરળ અને લોકગમ્ય વાણીમાં ગ્રંથના વિષયની ભૂમિકા આપવામાં આવી છે.

બીજા પ્રકરણમાં યોગવિદ્યાનો પ્રભાવ સચોટ દૃષ્ટાંતો વડે બતાવવામાં આવ્યો છે. ત્યારબાદ ક્રમસર ભક્તિ યોગ, કર્મ યોગ, અષ્ટાંગ–યોગ, યમ–નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન, સમાધિ, સાધક અને સાધનાશક્તિ, જડ ચૈતન્યનો વિવેક મુક્તિ સોપાન, સંસારી અને મુક્ત જીવોનું સ્વરૂપ, દિવ્ય જીવનની ચાવી જેવા વિષયો વિગતવાર અને સદૃષ્ટાંત નિરૂપણ કરવામાં આવ્યું છે. પ્રારંભમાં કહ્યું તેમ યોગ એક ગહન વિષય છે એમ છતાં પરિભાષિક સંજ્ઞાઓ સમજાવી દૃષ્ટાંતો આપી,

લેખકશ્રીએ આ વિષયમાં મુમુક્ષુઓને સરળતાથી અભ્યાસ કરવાની તક ઊભી કરી આપી છે.

મુખ્યત્વે વિવરણ વ્યાખ્યાન અને વાર્તિકનો શૈલીનો ઉપયોગ અહીં થયો છે તે સર્વથા સમુચિત છે.

ઠેર–ઠેર મુકાયેલી દષ્ટાંત કથાઓ વિષયને સુગમ તો બનાવે જ છે, તે સાથે ગહન વિષયના નિરૂપણને રસાવહ પણ બનાવે છે. લેખકશ્રીએ પ્રસ્તાવનામાં નમ્રતાથી કહ્યું છે કે, 'હું સાહિત્યકાર કે દાર્શનિક એમાંથી એક પણ નથી પ્રભુની કૃપાથી તથા સદ્ગુરુની કૃપાથી જે પરમ સત્ય મને સાંપડયું છે તેને મારી ભાષામાં જન સમાજ સમક્ષ મૂકવામાં અંતરાત્માના આદેશથી આ પ્રયત્ન કરું છું.'

આ તો લેખકશ્રીની નમ્રતા છે. દર્શન કે તત્ત્વજ્ઞાન માર્મિકતાથી સમજાવવું એ પણ નાનીસૂની સિદ્ધિ નથી. સમસ્ત જીવો પ્રત્યે કરુણાથી ધબકતું હૃદય અને હૃદયમાં ઓસરી ઊતરી જાય તેવી વાણી તો એમની પાસે છે જ. એ દૃષ્ટિએ આ ગ્રંથનું 'મૂલ્ય આંકીએ એટલું ઓછું છે.' વિશ્વશાંતિ ચાહકનું ઉપનામ આ ગ્રંથની સંપૂર્ણપણે સાર્થક કરે છે.

—જય હિન્દ

❋

કારુણ્ય પ્રભા

પ્રસિદ્ધ બંગાળી લેખકશ્રી અવિનાશ ચંદ્રહાસે મૂળ બંગાળી ભાષામાં લખેલી અને વિદ્વાનોની પ્રશંસા પામેલી 'કુમારી' નામની નવલકથાનો હિન્દીનો અનુવાદ 'પ્રતિભા'ના નામથી

પ્રગટ થયેલ તેના પરથી વિશ્વશાંતિ ચાહકે તૈયાર કરેલું સરળ ગુજરાતી ભાષાંતર ઉપરના પુસ્તકમાં આપવામાં આપેલ છે. તેમાં સદાચાર, ઉન્નત જીવન અને શુદ્ધ પ્રેમના આદર્શોનું દર્શન થાય છે. આ કથા વાંચકોને કર્તવ્યારૂઢ થવાની અને આધ્યાત્મિક જીવન જીવવાની પ્રેરણા આપે છે.

—મુંબઈ સમાચાર

※

નારી શક્તિ

આ પુસ્તકમાં ૪૧ આદર્શ કોટીની આર્ય સન્નારીઓનાં જીવનચરિત્રો આપવામાં આવેલ છે. આર્ય સન્નારીઓમાં કેટલી શક્તિ ભરી છે અને ગમે તેવા વિકટ સંજોગોમાંથી તેમજ કઠિન કસોટીમાંથી આર્ય નારીઓ પોતાના ઉચ્ચ ચરિત્રબળના પ્રભાવે કેવી રીતે અણીશુદ્ધ બહાર નીકળી આવે છે અને જરૂર પડયે પોતાના શીલની પ્રાણના ભોગે પણ રક્ષા કરે છે તેનો યથાયોગ્ય ખ્યાલ આ પુસ્તકના વાંચનથી મળી શકે છે.

આ પુસ્તકના લેખકશ્રી 'વિશ્વશાન્તિ ચાહકે' અત્યાર સુધીમાં પરમાત્મા પ્રકાશ, ઉત્થાન અથવા ભાગ્યનું નવનિર્માણ, જીવન સંજીવની, યોગદર્શન અને યોગસમાધિ, વિચાર શક્તિનો અદ્ભુત પ્રભાવ, મંત્ર વિજ્ઞાન અને સાધના રહસ્ય, આત્મજ્ઞાન પ્રવેશિકા, મોક્ષની કુંચી વગેરે ઉચ્ચ કોટીના આધ્યાત્મિક ગ્રંથો તૈયાર કરેલ છે. તેમાં બહુધા એકાંતપણે લોકસંસર્ગથી દૂર રહી આત્મોત્કર્ષ સાધવામાં સહાયક બને તેવા સાહિત્યનું નિર્માણ કરી રહેલ છે.

આજની નારી આધુનિક રંગે રંગાઈ અસંયમ અને વિલાસના માર્ગે આગળ વધી રહેલ છે ત્યારે પોતાના જીવનને શીલ અને સંયમ વડે ઉજ્જવળ બનાવવા ઈચ્છતી આર્ય સન્નારીઓને આ પુસ્તક પ્રેરણારૂપ અને માર્ગદર્શનરૂપ બનશે તેવી શ્રદ્ધા છે.

—જૈન પ્રકાશ

❋

નારી શકિત

જૈન આગમ સાહિત્યનું ઊંડું જ્ઞાન અને અભ્યાસ ધરાવનાર 'શ્રી વિશ્વશાંતિ ચાહકે' યોગદર્શન, મંત્રવિજ્ઞાન, સમ્યક્-સાધના, વિચારશક્તિનો અદ્‌ભુત પ્રયાસ વગેરે વિષયો સંબંધમાં લખેલાં પુસ્તકો જિજ્ઞાસુ વર્ગમાં સાદર પામ્યા છે. તાજેતરમાં એમણે સંપાદન કરેલુ ઉપરનું ૭૦૦ પાનનું દળદાર પુસ્તક પ્રસિદ્ધ કરવામાં આવ્યું છે. તેમાં ભારતીય સંસ્કૃતિ અને ધર્મના ઉચ્ચ આદર્શોને વરેલી ૪૦ ઉપરાંત સતી સ્ત્રીઓનાં ચરિત્રની રસિક બોધક અને પ્રેરક કથાઓનું આલેખન સરળ ગુજરાતી ભાષામાં રજૂ થયું છે. એમાં મહાસતી શીલવતી, સતી રત્નપ્રભા, સતી જસમા, સતી તોરલદેવી વગેરે પ્રાતઃસ્મરણીય, પવિત્ર અને શીલ-ગુણ સંપન્ન સન્નારીઓની કથા સમાયેલી છે. સ્ત્રી પોતે જ શક્તિ સ્વરૂપ છે. દેવાંશી અને ઐશ્વર્ય સંપન્ન નરવીરો પણ નારીમાંથી જ ઉત્પન્ન થયા છે, સ્ત્રીઓને પવિત્ર જીવન ઘડતરનું સાચું શિક્ષણ મળે તો તેઓમાં સુષુપ્તપણે રહેલી દિવ્ય આત્મ-શક્તિ જાગૃત થાય એવો સંદેશો આ કથાઓમાંથી મળે છે; જે સ્ત્રીઓ ઉજ્જવલ જીવન જીવવાની અભિલાષા રાખતી હોય તેઓને આ પુસ્તક પ્રેરક અને માર્ગદર્શન થઈ પડશે.

—મુંબઈ સમાચાર

નારી શક્તિ

વિશ્વશાંતિ ચાહકે 'નારી શક્તિ' ગ્રંથ દ્વારા સ્વામી વિવેકાનંદ જેમ પ્રયત્ન કર્યો છે. સ્ત્રીમાં રહેલી સુષુપ્ત અસ્મિતા જાગૃત કરવા પ્રયત્ન કર્યો છે, સાચા શિક્ષણનો મહિમા પ્રસ્તાવનામાં જણાવી દીધો છે. પાના નં. ૩, ૨૯, ૩૨, ૬૦, ૬૯, ૧૩૫, ૧૬૫ વગેરેમાં ભારતની નારીએ કેવી રીતે પોતાનું ગૌરવ પાછું પ્રાપ્ત કરવું તે દર્શાવેલ છે. બાળકને વાર્તારૂપે રસ પડે એવું છે. નારીઓનો મહિમા, ગૌરવ, શક્તિ પ્રગટ થાય એવાં વાક્યો વડે વીરત્વ, સંયમ, ત્યાગ, બલિદાન, શિયળરક્ષણ, કુનેહ, વચનપાલન તેમજ રાષ્ટ્રપ્રેમની વાર્તાઓ દ્વારા પોતે ઉચ્ચ બની પોતાના ભાવિ બાળકોને પણ ઉચ્ચ બનાવવા શિક્ષણ પ્રતિ દોરી જાય છે. એક વાર્તાનાં ખાદી દ્વારા સમગ્ર નગરનો ઉત્કર્ષ સધાતો આલેખાયો છે. ગરીબી, બેકારીનો ઉકેલ આલેખાયો છે. પ્રૌઢ નારીઓ આ પુસ્તકના વાંચન દ્વારા વૈરાગ્ય સાધી શકે તેમ છે. પુરુષોને આ પુસ્તકના વાંચન દ્વારા નારીઓ પ્રત્યે કેમ વર્તવું તેનો બોધ થાય છે. સ્ત્રી ગુલામ–દાસી નથી, પરંતુ પુરુષ સમાન સ્વાતંત્ર્યની અધિકારણી છે.

એકંદરે આ પુસ્તકના વાંચન દ્વારા સમગ્ર જનતાને પોતપોતાની રીતે બોધ મળી શકે તેમ છે. દરેક શાળામાં આ પુસ્તક વસાવવા જેવું છે. દરેક ગ્રંથાલયમાં આ પુસ્તક હોવું જોઈએ. લગ્ન પ્રસંગે નવપરિણીતોને આ પુસ્તકની ભેટ આપવી જોઈએ.

વાર્તાઓ દ્વારા યુવાન બહેનોની પ્રગતિ સાધવા માટે જે જે વાર્તાગ્રંથો પ્રગટ થયા છે તેમાં આ ગ્રંથની વિશેષતા હોય એમ જણાય છે.

—હરિપ્રસાદ સ્વામિનારાયણ

કારુણ્યપ્રભા

આ નવલકથામાં અનુવાદકે જણાવેલ છે તેમ ભારતવર્ષની વર્તમાન આવશ્યકતાનું ઘણી જ માર્મિક રીતે વર્ણન કરવામાં આવેલ છે. દેશના સુશિક્ષિત સ્ત્રી–પુરુષોએ પોતાના કર્તવ્યપથ પર કેવી રીતે આરૂઢ થવું તે સરળતાપૂર્વક સમજાવવામાં આવેલ છે વ્યવહારિક જીવનની શુદ્ધિ પર જ આધ્યાત્મિક વિકાસ સાધી શકાય છે. તેનું સાંગોપાંગ નિરુપણ આ પુસ્તકમાં આલેખાયેલું છે.

આજે મનોરંજન અને વિકારી સાહિત્ય પુષ્કળ પ્રમાણમાં વેચાય છે. તેના પ્રમાણમાં સાત્વિક સાહિત્ય પાછળ નિરર્થક ખર્ચ થાય છે. આપણી ભાવી પેઢીને પ્રેરણા મળે જીવન ઉન્નત અને ઊર્ધ્વગામી બને તેવાં પુસ્તકો ઘરમાં વસાવવાં જોઈએ, જેથી તેવા પુસ્તકો ભાવિ પ્રજા વાંચશે તો ધીમે–ધીમે તેમનામાં સાત્વિક સાહિત્ય પ્રતિ રુચિ જાગૃત થશે જીવનને ઊર્ધ્વગામી બનાવનાર આવાં પુસ્તકો લખવા માટે વિશ્વશાંતિ ચાહકને તથા વિશ્વ અભ્યુદય આધ્યાત્મિક ગ્રંથમાળા વતી આવા પુશ્તકો પ્રગટ કરવા માટે કુમારી રંજનદેવી સૌ. શ્રોફને ધન્યવાદ ઘટે છે. આ બંગાલી નવલકથાનો બંગ સાહિત્યમાં સારો મહિમા છે અને બંગાલી જનતામાં તેને સારો આવકાર મળ્યો છે. આ પુસ્તકનો હિંદીમાં પણ અનુવાદ થયેલ છે તેનો લાભ ગુજરાતી જનતા લે એ અનુવાદકની અભિલાષા છે.

—જૈન પ્રકાશ

❋

સુવાકયો

'અહં અને મમ' એ મોહરાજાનો મંત્રાક્ષર છે. જીવાત્મા એ મંત્રનો જાપ કરતો રહે છે. તેથી અજ્ઞાનનો અંધકાર આત્મામાં ગાઢ બનતો જાય છે. એ મંત્રે તો સમગ્ર જગતને આંધળું બનાવી દીધું છે.

★

તમો જો તમારા હિતને જોઈ શકતા નથી, તો સમજવું જોઈએ કે અહમ્-મમનો જાપ ચાલુ છે...તેનાથી દિવ્ય દૃષ્ટિ બંધ થઈ ગઈ છે. જો તમારે દિવ્ય દૃષ્ટિને ખોલવી હોય તો અહમ્-મમના મંત્રાક્ષરને ભૂલી જવો પડશે. અને તેની જગ્યાએ નાહં-નામનો મંત્રાક્ષર જપવો પડશે.

★

"હું નથી, મારું કંઈ નથી" આ વિચારને મનમાં દઢ કરવો પડશે. અહંત્વ અને મમત્વ જ દુઃખદાતા છે. જો સુખી થવું હોય તો તે બંનેને મનમાંથી દૂર કરી દો. ત્યારે જ તમારું જે આત્મિક સુખ છે તે પ્રાપ્ત થશે અને તમે દિવ્યાનંદના ભોક્તા બનશો.

★

આત્મ વિસ્મૃતિ થાય તેવું બોલો નહિ, તેવું આચરો નહિ. કદાચ પ્રમાદવશાત્ એવું બોલી જવાય કે આચરણ થઈ જાય, તો તરત જ આત્મભાનમાં જાગૃત થઈ જાઓ. આત્મપ્રીતિ જ સુખદાતા છે. સંસારની પ્રીતિ જ દુઃખદાતા છે. હે સુખેચ્છુકો! સુખ માટે જ આત્મપ્રીતિ, પ્રભુપ્રીતિ કરવાની જ્ઞાની પુરુષોએ જગત જીવોને ખાસ ભલામણ કરી છે. જે તેની શિક્ષા પ્રમાણે પ્રભુપ્રીતિ, આત્મપ્રીતિ કરીને સંસારની પ્રીતિનો ત્યાગ કરશે તે મહાન આત્માઓ અવિચલ આત્માનંદના ભોક્તા બનશે, અને દુઃખમાત્રથી મુક્ત થઈ જશે. આવો, આવો વીરાત્માઓ! આ સંસારના રાગને ત્યાગો અને પરમપ્રભુ આત્મારામ સાથે સ્નેહનો નાતો જોડો. તે જ સુખ અને શાંતિનો રાજમાર્ગ છે. રખે તમે મોહની ભૂલભુલામણીમાં લલચાઈને જ્ઞાનીની શિક્ષાને ભૂલી ન જજો, એ ખાસ લક્ષમાં રાખશો.

લિ. વિશ્વશાંતિ ચાહક

વિશ્વ અભ્યુદય જ્ઞાનમંદિરના પ્રકાશનો

ક્રમ	નામ	મૂલ્ય રૂા. પૈ.
૧	યોગદર્શન-યોગસમાધિ	૨૪-૦૦
૨	વિચારશક્તિનો અદ્દભુત પ્રભાવ ભાગ ૧-૨-૩	૨૦-૦૦
૩	નારીશક્તિ	૧૯-૦૦
૪	કારુણ્યપ્રભા	૧૨-૦૦
૫	મનનું સ્વરૂપ અને તેને જીતવાના ઉપાયો	(પ્રેસમાં)
૬	મંત્રવિજ્ઞાન અને સાધના રહસ્ય	૧૨-૦૦
૭	આત્મજ્ઞાન પ્રવેશિકા-મોક્ષની કુંચી	૧૦-૦૦
૮	યોગદષ્ટિ સમુચ્ચય	૧૦-૦૦
૯	ઉત્થાન અથવા ભાગ્ય સર્જન નવનિર્માણ (સચિત્ર)	૬-૦૦
૧૦	સંસારમાં સુખ કયાં છે? ભાગ ૧-૨	૬-૦૦
૧૧	નિર્મોહી રાજાનો પરિવાર	૨-૨૫
૧૨	પર્યુષણ આરાધના	૨-૨૫
૧૩	પ્રભુનું મંદિર	૧-૨૫
૧૪	પર્વાધિરાજ સંવત્સરી	૧-૨૫
૧૫	સફળ જીવનની સાધના	૧-૨૫
૧૬	સમ્યક્ સાધના	૬-૦૦
૧૭	માનસિક ચિકિત્સા	૧-૨૫
૧૮	સુખ જ ભયાનક છે	૧-૨૫
૧૯	પરમાત્મા પ્રકાશ	૦-૮૫
૨૦	બંધન મુક્તિ રહસ્ય	૦-૭૦
૨૧	યોગસાર	૦-૫૦
૨૨	યોગસાધનાની સંક્ષેપ રૂપરેખા	૦-૭૫
૨૩	સંસ્કાર સૃષ્ટિ	૦-૫૦
૨૪	દિવ્ય પથનો યાત્રી	૦-૪૦
૨૫	સાધના-વિધિ વિધાન	૦-૪૦
૨૬	પ્રેમ સુધાનું પાન કરો અને રોગમુક્ત બનો	૦-૪૦